# ઉડતી નજરે....

**મે-૨૦૧૧ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...................................................... | ૭,૫૬૫ |
| | | કે જેમાંથી – | |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.............................. ૩૯૭ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................. ૭૮ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ...................................................... ૬ | |
| | (ગ) | સોનોગ્રાફી .................................................................... ૫૪૫ | |
| | (ઘ) | ટી.એમ.ટી....................................................................... ૭ | |
| | (ચ) | બોડી ચેક-અપ ................................................................. ૨૭૮ | |
| | (છ) | અન્ય .......................................................................... ૬,૨૫૪ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................................................ ૨,૪૮૩<br>શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... ૪,૫૬૨<br>શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... ૨,૫૩૧ | ૯,૫૭૬ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................................................ ૯૪૨<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... ૨,૧૨૫ | ૩,૦૬૭ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................................................ ૬૫૫ | ૬૫૫ |
| | | મે-૨૦૧૧ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ...................... | ૨૦,૮૬૩ |


## 'મંગલ મંદિર' નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | કુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| મલ્ટી કલર | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે 'સૌજન્ય'નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


*બીજાઓ દ્વારા સારા કહેવડાવવાની ઈચ્છા મોટી નિર્બળતા છે. કહેવડાવો નહીં, જાતે સારા બનો.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | રવિવાર, તા. ૧૭-૭-૨૦૧૧<br>સવારના ૯.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સમાજની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા. |
| • | ગુરુવાર, તા. ૨૧-૭-૨૦૧૧<br>બપોરના ૪.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | વયસ્ક સમિતિનો કાર્યક્રમ |
| • | સોમવાર, તા. ૧૫-૮-૨૦૧૧<br>સવારના ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | ધ્વજવંદન.<br>'સફારી' મેગેઝિનનાં તંત્રીશ્રી નગેન્દ્ર વિજયભાઈના હસ્તે. |
| • | રવિવાર, તા. ૨૧-૮-૨૦૧૧<br>બપોરના ૩.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સરસ્વતી સન્માન કાર્યક્રમ |
| • | રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧<br>સવારના ૯.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી. | સ્વામિવાત્સલ્ય. |

## ★ 'મંગલ મંદિર'ના લવાજમના દરો ★

- **૧વર્ષના : રૂા. ૧૫૦/-**
- **૩ વર્ષના : રૂા. ૪૦૦/-**
- **૫ વર્ષના : રૂા. ૬૦૦/-**
- **આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** — શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** — લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૪, પ્લોટ નં.-૫૦, સાંઈ લીલાશા કોમ્પ્લેક્સ, લીલાશા નગર, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** — હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** — અશ્વિન તલકશી શાહ, C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** — જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮.
ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** — નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
ફોન : ૦૨૬૫-૨૪૩૯૭૮૪, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** — જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯.
મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** — શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩
- **ઘાટકોપર, મુંબઈ** — રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** — રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** — ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯.
મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

# "મંગલ મંદિર" વિશેષાંકો

"મંગલ મંદિર"ના આગામી નીચે મુજબના અંકો વિશેષાંક રૂપે પ્રકાશિત થશે. જેમાં નામાંકિત લેખકોની કલમ દ્વારા વિવિધ વિષયોના લેખ, માહિતી અને અન્ય સામગ્રીઓથી ભરપૂર રસથાળ પીરસવાની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે.

૧. "મંગલ મંદિર"નો માસ ઓગસ્ટ, ૨૦૧૧નો ૪૦૦મો અંક હશે. તે નિમિત્તે માસ ઓગસ્ટ, ૨૦૧૧ નો અંક એટલે

**"કચ્છ ગઇકાલ.... આજ.... અને આવતીકાલ...."** વિશેષાંક.

ઓગસ્ટ, ૨૦૧૧નો વિશેષાંક કચ્છી જગત માટે એક આદર્શ અંક પુરવાર થાય તેવા અમારા પ્રયાસનો આરંભ થઇ ચૂક્યો છે.

*આ રહી....વિશેષાંકની એક ઝલક...*

★ કચ્છનો રાજકીય ઇતિહાસ
★ કચ્છનો બંદરીય વિકાસ
★ કચ્છની વાહનવ્યવહાર સુવિધાઓનો વિકાસ
★ કચ્છની ભૌગોલિક પરિસ્થિતિ
★ કચ્છમાં પ્રવર્તમાન ધર્મો - વિકાસ અને સમાજ જીવન પર તેની અસર
★ કચ્છનું સાહિત્ય
★ કચ્છની જળસંપદા
★ કચ્છ મ્યુઝિયમ
★ કચ્છમાં ગૌધનનો વિકાસ અને કચ્છનો ડેરી ઉદ્યોગ

આ પ્રકારના અન્ય કેટલાંય રસપ્રદ જાણકારીવાળા'ટાઇટલ્સ'નો તેમાં સમાવેશ થશે.

કચ્છની ભૂમિ વિશિષ્ટ પ્રકારની છે. વર્ષો બાદ, આ ભૂમિ અને તેનાં ધીંગા કચ્છી માડું નવા નવા વિક્રમો સર્જી રહ્યા છે અને અન્ય પ્રજા માટે દીવાદાંડી રૂપ બન્યા છે.

આ સંદર્ભમાં "કચ્છ ગઇકાલ.... આજ.... અને આવતીકાલ...." તરફ એક નજર કરવાનું અનિવાર્ય બન્યું છે. એટલે..."મંગલ મંદિર"ના ઓગસ્ટ, ૨૦૧૧ ના અંકને વિશેષાંક રૂપે આપની સમક્ષ રજૂ કરવા મથી રહ્યા છીએ.

ઉપરોક્ત વિશેષાંક દરેક કચ્છી પરિવારજનને તેમજ અન્ય વાચકવર્ગને પોતાની ઘર લાઇબ્રેરીમાં સંગ્રહ કરી રાખવા પ્રેરશે - તે નિઃશંક બાબત છે.

*લેખ વિભાગના નામાંકિત કસબીઓ :*

સર્વશ્રી હરેશ ધોળકિયા, ડૉ. કાંતિભાઇ ગોર, ડૉ. દર્શના ધોળકિયા, નરેશ અંતાણી, ધનજી ભાનુશાળી, સંજય ઠાકર, ડૉ. યોગેશ જાડેજા, ફતુભા જાડેજા, દિનકર મહેતા, ઉમિયાશંકર અજાણી, હસમુખ પટેલ

વિશિષ્ટ પત્રકાર અને નામાંકિત લેખક શ્રી હંસરાજભાઇ કંસારા આ વિશેષાંકના સલાહકાર છે.

૨. તેવોજ દળદાર વિશેષાંક એટલે તહેવારનો રાજા દીપોત્સવી પર્વ નિમિત્તે ઓક્ટોબર, ૨૦૧૧ વિશેષાંકનું આગમન થશે.

ઓક્ટોબર, ૨૦૧૧માં "મંગલ મંદિર"ના વધુ એક વૈવિધ્યસભર દીપોત્સવી વિશેષાંક સાથે આપની સેવામાં હાજર થઇશું.

## વિજ્ઞાપન દાતાશ્રીઓને આમંત્રણ

આપે હંમેશાં "મંગલ મંદિર" સાથે આત્મીય ઘરોબો જાળવી, સહયોગ આપ્યો છે.

ફરીને, ઉપરોક્ત વિશેષાંકોમાં વિજ્ઞાપન પ્રસિદ્ધ કરવાની ઉજ્જવળ તક પ્રાપ્ત થઇ છે..... ઝડપ કરશો..... આજે જ વિજ્ઞાપન અંગેની માહિતી મોકલાવી આપવા વિનંતી છે.

ઉપરોક્ત વિશેષાંકોમાં જાહેરાતના દરો (પ્રતિ વિશેષાંક) નીચે પ્રમાણે છે.

| વિગત | આખુ પાનું | અડધું પાનું | ૧/૪ પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| ★ મલ્ટી કલર | રૂા. ૧૦,૦૦૦/- | રૂા. ૬,૦૦૦/- | રૂા. ૩,૫૦૦/- | — |
| ★ સીંગલ કલર | રૂા. ૭,૫૦૦/- | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૨,૫૦૦/- | — |
| ★ બ્લેક એન્ડ વ્હાઇટ | રૂા. ૫,૦૦૦/- | રૂા. ૩,૦૦૦/- | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૫૦૦/- |

*— તંત્રી મંડળ, 'મંગલ મંદિર'*

*સતત પોતાના હિતની ચિંતા કરનારા ગણતરીબાજ હોય છે.*

## જ્યોત સે જ્યોત જગાતે ચલો.... દાન કી ગંગા બહાતે ચલો....
## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ મધ્યે શ્રી જલારામ અન્નક્ષેત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ ખાતે તા. ૧-૧૨-૨૦૧૦થી "શ્રી જલારામ અન્નક્ષેત્ર"થી શરૂ છે. આ યોજનાના મુખ્ય હેતુ અનુસાર તબીબી સારવાર અર્થે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગમાં કચ્છથી પધારતા જરૂરિયાતવાળા દર્દીઓ તથા તેમની સંભાળ અર્થે સાથે રહેનાર સગાં-સંબંધીઓને વિના મૂલ્યે દરરોજ નાસ્તા તેમજ બંને સમય ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

હાલના સમયે આ યોજના અંતર્ગત દૈનિક ૩૫ જેવા લાભાર્થીઓ હોય છે. જેનો અંદાજિત ખર્ચ પ્રતિદિન રૂા. ૩,૦૦૦/-ની આસપાસ રહે છે.

આ યોજનાની 'મંગલ મંદિર'માં વારંવારની અપીલના કારણે તેમજ શ્રી બંસીલાલ મગનલાલ ગડા (નાના ભાડિયા - મુંબઈ) અને શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ (તુંબડી - અમદાવાદ)ના પ્રશંસનીય પ્રયાસોના પગલે દાનની ગંગા વહેતી રહી છે.

આ પ્રકારની ખૂબ જ જરૂરિયાતવાળી સેવાકીય પ્રવૃત્તિ નિરંતર ચાલુ રહી શકે તે માટે દાનવીર જનતાને આ યોજનામાં પોતાનો આર્થિક સહયોગ મોકલાવી આપવા 'મંગલ મંદિર'ના માધ્યમથી વારંવાર અપીલ થઈ રહી છે... તેનાં પરિણામ સ્વરૂપે... ઇસ યોજનામેં દાનકી ગંગા બહેતી હૈ.....

આ યોજનામાં નીચે પ્રમાણે વધુ દાન પ્રાપ્ત થયા છે :

| | | | |
|---|---|---|---|
| ● **શ્રી શાંતિલાલ રાવલ - માધાપર, કચ્છ** | **રૂા.** | **૧,૦૦૦/-** | **૧૯-૫-૨૦૧૧** |
| ● **શ્રી કે.ડી. નાકડાણી - સુરત** | **રૂા.** | **૬,૦૦૦/-** | **૩૦-૫-૨૦૧૧** |
| ● **શ્રી મુકુંદભાઈ જાની - અમદાવાદ** | **રૂા.** | **૧,૦૦૦/-** | **૩૦-૫-૨૦૧૧** |
| ● **શ્રી મહેશ ચંદ્રકાંત ગાંધી - અંકલેશ્વર** | **રૂા.** | **૨,૦૦૧/-** | **૩૦-૫-૨૦૧૧** |
| ● **શ્રી જગદીશ એન. ગૂર્જર - લીંબોઈ અને શ્રી ઉદયભાઈ પટેલ - કરાડ (બંને મળીને)** | **રૂા.** | **૧,૦૦૦/-** | **૪-૬-૨૦૧૧** |

*સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.*

અષાઢી બીજ એટલે કે કચ્છી નૂતન વર્ષે અન્ય દાનવીર વ્યક્તિઓને ખાસ અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ યોજનામાં રસ દાખવીને "ફૂલ નહીં તો ફૂલની પાંખડી" સ્વરૂપે પોતાનાથી શક્ય દાનની રકમ મોકલાવી આપે. જેથી ભંડોળના અભાવે આ સેવાકીય પ્રવૃત્તિ અટકી જાય નહીં.

*"વહેતું ધન માનવ ધર્મ સમાન છે."*

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

### શ્રી કચ્છી વિશ્રામગૃહમાં આવનાર દર્દીઓ માટે વિજ્ઞપ્તિ

તબીબી સારવાર અર્થે કચ્છથી અમદાવાદ શ્રી કચ્છી વિશ્રામગૃહ, શાહીબાગમાં પધારતા જરૂરિયાતવાળા દર્દીઓને હોસ્પિટલની કામગીરી અથવા તે સંબંધી માર્ગદર્શન માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિ શ્રી સમીરભાઈ કચ્છી વિશ્રામ ગૃહમાં સારી કામગીરી બજાવી રહ્યા છે. તેની ફળશ્રુતિ રૂપે સમાજ અને તેની પ્રવૃત્તિઓની પ્રશંસા કરતા પત્રો પણ અત્રે પ્રાપ્ત થાય છે. ઉલ્લેખનીય છે કે, આ સમાજ તેનાં ચોક્કસ ધ્યેય સાથે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહેલ છે. તેના એક હિસ્સા તરીકે ઉપરોક્ત કામગીરી કરે છે અને તેની ગુણવત્તામાં ઉત્તરોત્તર વધારો થાય તેવા પ્રયાસો સૌના સહયોગ દ્વારા સતત કરી રહ્યું છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત શાહીબાગ ખાતેના શ્રી કચ્છી વિશ્રામગૃહમાં પધારતા દર્દીઓને ઉપરોક્ત કામગીરી માટે શ્રી સમીરભાઈ (૯૨૨૭૮ ૮૭૮૧૪) અને શ્રી બચુભાઈ રાંભિયા (૯૨૨૭૨ ૧૩૩૫૧)નો સંપર્ક કરવા વિનંતી છે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

### લેખકશ્રીઓને આમંત્રણ

*'મંગલ મંદિર'ના આગામી વિશેષાંકોને અનુરૂપ લેખ વગેરે સમયસર મોકલાવવા લેખકશ્રીઓને ખાસ આમંત્રિત કરીએ છીએ.*

*આપશ્રીની કૃતિ - લેખ સાથે આપનો ટૂંક પરિચય અને પાસપોર્ટ સાઈઝનો ફોટો અને પૂરું સરનામું પણ મોકલાવવા વિનંતી છે.*

**● વિશેષાંકો ●**

**૧. ઓગસ્ટ-૨૦૧૧ :**
**"કચ્છ – ગઈકાલ, આજ અને આવતીકાલ"**
**૨. ઓક્ટોબર-૨૦૧૧ : દીપોત્સવી**

***– તંત્રી મંડળ, મંગલ મંદિર***

*ખુશી કંઈ માત્ર બાહ્ય સંજોગોમાંથી જ નથી આવતી. એનો મુખ્ય સ્રોત આપણો આંતરિક અભિગમ છે. - દલાઈ લામા*

# કચ્છ મ્યુઝિયમ

શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે "કચ્છ મ્યુઝિયમ"નું કામ તડામાર ચાલી રહેલ છે અને આવતા બે મહિનામાં તેને પ્રજા માટે લોકાર્પણની ગણના રાખવામાં આવેલ છે.

આ મ્યુઝિયમમાં કચ્છના પાષાણયુગથી રાજાશાહી યુગ અને રાજાશાહી યુગથી અત્યાર સુધીના અનેક પ્રકારના કલેક્શન દ્વારા વિવિધ પ્રકારની ઝલક દાખવવામાં આવનાર છે.

આ મ્યુઝિયમમાં કચ્છની સાંસ્કૃતિક સમાન ભરતકામ, રોગાન કામ, છાપકામ, હુન્નર ઉદ્યોગ, નકશીકામ વગેરેની માહિતી મળી શકશે.

કચ્છી કલા, સંસ્કૃતિ, પહેરવેશ, વગેરે વિષયે પણ માહિતી મળી શકશે.

કચ્છ પ્રદેશની સ્થાનિકે મુલાકાત લેવા આ મ્યુઝિયમ ખૂબજ માહિતીપ્રદ બની રહેશે.

આ પ્રકારના ભાતીગળ કચ્છ મ્યુઝિયમમાં વિવિધ વિભાગોમાં પોતાના નામની તકતી મૂકાવવા, એક નકરાની યોજના વિચારવામાં આવેલ છે. દીર્ઘદૃષ્ટિ ધરાવનાર તેમજ આ પ્રકારના કાર્યક્ષેત્રમાં રસ દાખવનાર કોઈપણ વ્યક્તિને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. નકરાની વિગત નીચે મુજબ રહેશે.

- ★ **મુખ્ય નામની તકતી સામે ........................ રૂા. ૨૧.૦૦ લાખ**
- ★ **ડોરેમો પર નામની તકતી લગાવવા સામે (૬ નંગ) દરેકના ........................ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વહાણવટા કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ........................ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વાઇલ્ડ લાઇફ કોર્નર પર નામની તક્તી લગાવવા સામે ........................ રૂા. ૨.૫૧ લાખ**
- ★ **વિંગ (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ) દરેકના ........................ રૂા. ૨.૫૧ લાખ**

વહેલા તે પહેલાના ધોરણે ઑફરો સ્વીકારવામાં આવશે.

નિયમાનુસાર જ તકતી મૂકી શકાશે.

વિકાસોન્મુખ દરેકને ઉપરની યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની સામાજિક સેવાનો વ્યાપ વધારેલ છે....

**<u>એક નજર</u> :**

(૧) ગીતામંદિર બસ સ્ટેન્ડ ખાતેના અતિથિ ભવન (શ્રી કચ્છી જૈન સેવા ભવન) અમદાવાદનો લાભ હવેથી કોઈપણ કચ્છી પરિવારજનને મળી શકશે.

(૨) બહારગામના નોંધાયેલા સભ્યોને પણ હવેથી મેડિકલ કાર્ડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

ઉપરોક્ત બંને વિષય પરત્વે વિગત 'મંગલ મંદિર'ના જૂન-૨૦૧૧નાં અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવી છે.

આ વિષયે સંબંધિત વ્યક્તિઓને તે વિગત જોઈ લેવા ફરીથી વિનંતી કરવામાં આવે છે.

*અજાણતાં થયેલી ભૂલને માફ કરતા શીખો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## સુવર્ણ જયંતી વર્ષ
## ૧૯૬૩થી ૨૦૧૨

• પ્રતાપ નારાણજી દંડ •

**સમય ક્યાં પસાર થઇ જાય છે તેની કોઇનેય સમજ પડતી નથી. હજી ગઇકાલની જ જાણે વાત છે તેવું લાગતું હોય છે. પાંચ દાયકાની શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની વિકાસયાત્રા...**

અનેક સંસ્થાની સફળતાના અહેવાલો આ સમાજ તેના માસિક મુખપત્ર "મંગલ મંદિર"માં પ્રસિદ્ધ કરતું હોય ત્યારે તે સમાજને પોતાની જ સિદ્ધિ વિશે લખવાનું હોય ત્યારે કલમ ક્ષોભ અનુભવે તે સ્વાભાવિક છે.

પ્રબળ પુરુષાર્થ જેનાં પાયામાં રહેલો છે એ સમાજ ૧૪-૪-૨૦૧૨થી શરૂ થઇ ૧૩-૪-૨૦૧૩ સુધીનું આખું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવણી કરવા વિચારે છે. એ મંગળ પ્રસંગની ઉજવણી કેવા સ્વરૂપમાં કરવી? તેનું આયોજન વિચારણા માંગી લે છે. પરંતુ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ એ આ પાંચ દાયકામાં સમગ્ર પરિવારજનમાં જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તેની પાછળ રહેલા પુરુષાર્થ અને પરિશ્રમ, દૃષ્ટિ અને દૂરંદેશીનો ઉલ્લેખ કરવો જ રહ્યો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની સિદ્ધિ-પ્રગતિ માત્ર બે-ચાર વ્યક્તિઓના પ્રદાનનું પરિણામ નથી. પાંચ-પાંચ દાયકાથી થયેલા આ સમાજના ઘડતરમાં અનેક વ્યક્તિઓએ નિષ્ઠા અને ભાવનાપૂર્વક રીતે પોતપોતાનું યોગદાન આપ્યું છે. એટલે આ વિકાસયાત્રા માત્ર સમાજની જ ન રહેતાં, તેનાં સર્જન અને ઘડતરમાં ફાળો અને સથવારો આપનાર સમગ્ર પરિવારજનોની વિકાસયાત્રા બની રહે છે. આ રીતે, આજે સમાજે જે કંઇ પણ સિદ્ધ કર્યું છે, તે તેની વિકાસયાત્રામાં ફાળો આપનાર સર્વેને આભારી છે.

સમાજ તેના પ્રિય પરિવારજનોની સાથે સહયાત્રાના પાંચ દાયકા પૂર્ણ કરવાના કિનારે છે ત્યારે આ માત્ર આનંદનો ઉત્સવ નથી આત્મપરીક્ષણ અને નિરીક્ષણ કરવાનો પણ તે અવસર બની રહે છે. ભૂતકાળની સમીક્ષા કરીને ભવિષ્યની કેડી કંડારવાનો એ સમય છે.

પાંચ દાયકાની યાત્રા દરમિયાન સમાજ અનુભવ, સમૃદ્ધ અને પરિપક્વ બન્યું છે. તે સમયમાં સિદ્ધિના નવા નવા શિખરો સર કરીને જોમ, ઉત્સાહ અને તરવરાટભર્યા પ્રસંગો અનુભવ્યા છે, જે એક આનંદની વાત છે. અત્રે નોંધનીય છે કે, સમયના વહેણ સાથે સંસ્થાની શક્તિ વધુ સ્વસ્થ, તીવ્ર અને વ્યાપક બને છે.

સમાજને વરેલી સફળતા રાતોરાત મળી નથી. કોઇ અલાઉદ્દીનનું જાદુઇ ચિરાગ નથી. આની પાછળ વર્ષોની કામગીરી, કર્તવ્યનિષ્ઠા અને કટિબદ્ધતા છે. વર્ષોની જહેમત બાદ જ આ સફળતા સાંપડેલ છે.

આજે સમાજ એવા સ્તરે આવ્યું છે કે, દરેક પરિવારજન માને છે કે સમાજ અમારો છે, પોતાનો છે. આ સ્તર ટકાવી રાખવો એ પણ જબરદસ્ત કુનેહ માંગી લે છે.

ટૂંક સમયમાં સમાજનો સુવર્ણ જયંતી એટલે ૫૦મા વર્ષમાં પ્રવેશ થશે. આપણી આ સંસ્થા પ્રવૃત્તિમય, પ્રગતિમય રહીને સુવર્ણજયંતી વર્ષના સોપાન પર કદમ માંડશે.

સુવર્ણજયંતી વર્ષ પ્રત્યેક પરિવારજનમાં નવી આશા, નવા ઉમંગ, નવી જાગૃતિ લાવનારું બની રહે.. અને તે પૂરા વર્ષની ઉજવણી આગવી રીતે કરવાની ધગશ અને ઉજવણી જરા હટકે હો.... એવી જુસ્તજુ સાથે રંગારંગ રીતે કરીએ.. તો કેવું? સૌની પ્રેમાળ હૂંફ અને સ્નેહાળ લાગણીના સથવારે આ પૂરા થતાં પાંચ દાયકાને પોતાના પરિવારમાં જેમ શુભ પ્રસંગ હોય તે રીતે ઉત્સવની જેમ ઉજવવા ઉત્સુક રહીએ.

આ ઉત્સવની ઉજવણીનો ઉદ્દેશ મેળાની ભીડ નહીં પરંતુ મનનો મેળાપ હોય.

*'ચાલ પરિવારજન દિલ લઈને આજ આનંદ અવસરની વેળામાં,*
*જ્યાં દિલદાર દિલદારને મળે તેવા ઉત્સવમાં....'*

આ ભવ્ય ઉત્સવની ઉજવણીનો કાર્યક્રમ સમાજ દ્વારા સત્તાવાર રીતે જે થાય તે.. પરંતુ આપનો શું મત છે? આ પ્રસંગની ઉજવણી કઇ રીતે થઇ શકે? આપનો અભિપ્રાય..વિચાર...સૂચન જણાવવા નિવેદન કરીએ છીએ....

*સંક્ષેપ એ જ પ્રતિભા અને બુદ્ધિમત્તાનો આત્મા છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : કેટલીક યાદગાર તવારીખ

| | | |
|---|---|---|
| • **સંસ્થાની સ્થાપના** | **તા. ૧૪-૪-૧૯૬૩** | **શ્રી ક.વી.ઓ. મિત્રમંડળ** સ્વરૂપે અમદાવાદમાં સ્થાપના. |
| • સંસ્થાનું વિસ્તૃતિકરણ | એપ્રિલ-૧૯૭૦ | શ્રી ક.વી.ઓ. મિત્ર મંડળને **"શ્રી કચ્છી જૈન સમાજ"**માં રૂપાંતરીત કરવામાં આવ્યું. |
| • સંસ્થાનું મુખપત્ર | **વર્ષ ૧૯૭૫** | **"પ્રેરણા"**ના નામથી પ્રકાશન શરૂ. |
| | જાન્યુઆરી ૧૯૭૭ | "પ્રેરણા"ના નામને રજિસ્ટ્રેશન ના મળતા મુખપત્રનું નામાભિધાન **"મંગલ મંદિર"** કરવામાં આવ્યું. |
| • સંસ્થાને રજિ. સંસ્થામાં ફેરવવામાં આવી | તા. ૨૫-૧૦-૧૯૮૫ | **"શ્રી કચ્છી જૈન સેવા સમાજ"** સ્વરૂપે |
| | તા. ૪-૧-૧૯૮૬ | શ્રી ક.જૈ.સે.સમાજનું રજિસ્ટ્રેશન મેળવવામાં આવ્યું. |
| • **સંસ્થાનું પ્રથમ સોપાન** | **તા. ૧૫-૫-૧૯૮૬** | અમદાવાદમાં ગીતા મંદિર વિસ્તારમાં **"સેવા ભવન"** |
| • **સંસ્થાનું દ્વિતીય સોપાન** | તા. ૨૪-૨-૧૯૯૪ | અમદાવાદમાં પાલડી ખાતે "શ્રી કચ્છી જૈન ભવન"નું ખાતમુહૂર્ત |
| | **તા. ૨૬-૧-૧૯૯૭** | **શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન** |
| | તા. ૨૬-૧-૧૯૯૮ | શ્રી કચ્છી જૈન ભવનની નામકરણ વિધિ. |
| • **સંસ્થાનું તૃતીય સોપાન** | તા. ૧૩-૨-૨૦૦૦ | અમદાવાદમાં શાહીબાગ ખાતે "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ"નું ભૂમિપૂજન. |
| | **તા. ૬-૧-૨૦૦૨** | **શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું ઉદ્‌ઘાટન.** |
| • વર્ષ ૨૦૦૧ના ભૂકંપ પછીનું રાહતકાર્ય | તા. ૨૮-૧-૨૦૦૧થી | અંદાજિત રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની કચ્છમાં ઠેર ઠેર રાહત કામગીરી. |
| • ઔદ્યોગિક સેમિનાર | તા. ૫-૧-૨૦૦૨ | "કચ્છનો ઔદ્યોગિક વિકાસ - ભૂકંપ બાદ"ના પ્રશ્ને અમદાવાદ ખાતે સેમિનાર |
| • કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર | તા. ૫-૯-૨૦૦૪ | "કચ્છના વિકાસના પ્રશ્નો" વિશે મુંબઈ ખાતે સેમિનાર |
| • કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ | તા. ૫-૯-૨૦૦૪ | "કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ"ની રચનાની જાહેરાત. |
| • કચ્છના ઔદ્યોગિક પ્રશ્ને સેમિનાર | તા. ૨૩-૯-૨૦૦૫ | KDCના નેજા હેઠળ ઔદ્યોગિક પ્રશ્ને ગાંધીધામ ખાતે સેમિનાર. |
| • કચ્છના સિંચાઈના પાણીના પ્રશ્ને સેમિનાર | તા. ૨૨-૧૨-૨૦૦૫ | KDCના નેજા હેઠળ કચ્છના સિંચાઈ માટેના નર્મદા નદીના પાણીના પ્રશ્ને અમદાવાદ ખાતે સેમિનાર. |
| • મિનરલ બેઝ તથા એગ્રીકલ્ચરલ બેઝના સેમિનારો | વર્ષ ૨૦૦૨થી ૨૦૦૫ | કચ્છમાં વિવિધ સ્થળે મિનરલ બેઝ તથા એગ્રીકલ્ચરલ બેઝના સેમિનારો. |
| • શૈક્ષણિક પ્રશ્ને ચિંતન શિબિર | તા. ૨૨-૯-૨૦૦૭ | KDCના નેજા હેઠળ અમદાવાદ ખાતે કચ્છની શૈક્ષણિક બાબતે ચિંતન શિબિર. |
| • **સંસ્થાનું ચતુર્થ સોપાન** | વર્ષ ૨૦૦૭ | મુંબઈ ખાતે **"અતિથિ ભવન"**ના મંડાણ. |
| | તા. ૨૭-૧૦-૨૦૦૭ | મુંબઈ - અતિથિ ભવનના અનુસંધાને સાયન - મુંબઈ ખાતે સ્નેહમિલન સમારંભ. |

*સાધુ તો ગમે તે બની શકે પણ સંત કોઈક જ થઈ શકે.*

| | | |
|---|---|---|
| • **સંસ્થાનું પાંચમું સોપાન** | તા. ૩૦-૩-૨૦૦૮ | અમદાવાદ ખાતે આવાસ યોજનાનું ભૂમિપૂજન. |
| | **તા. ૨૬-૧-૨૦૧૦** | **અમદાવાદ ખાતેની આવાસ યોજનાનું ઉદ્‌ઘાટન.** |
| • કચ્છનું સર્વાંગપણે ઇતિહાસ આલેખન | વર્ષ ૨૦૦૯ | KDCના માધ્યમ દ્વારા "કચ્છના સર્વાંગપણે ઇતિહાસ આલેખન"ની શરૂઆત. |
| • કચ્છના ગેઝેટ્સનું દસ્તાવેજીકરણ | વર્ષ ૨૦૧૦ | કચ્છના પુરાણા તથા જર્જરીત ગેઝેટ્સના ૬૦ જેટલા વોલ્યુમનું સી.ડી. સ્વરૂપે કાયમી દસ્તાવેજીકરણ. |
| • કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજ | વર્ષ ૨૦૧૧ | KDCના માધ્યમ દ્વારા કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજ માટે જમીન સંપાદન. |
| • જલારામ અન્નક્ષેત્ર | વર્ષ ૨૦૧૧ | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ ખાતે "જલારામ અન્નક્ષેત્ર"ની શરૂઆત. |
| • વિઝન ૨૦૨૦ | વર્ષ ૨૦૧૧ | ચર્ચા-વિચારણા બાદ વિઝન-૨૦૨૦ને અંતિમ સ્વરૂપ. |
| • કચ્છ મ્યુઝિયમ | વર્ષ ૨૦૧૧ | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે સૂચિત "કચ્છ મ્યુઝિયમ"ની કામગીરી શરૂ. |

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## 'મંગલ મંદિર' અષાઢી બીજ વિશેષાંક

અત્રે જણાવેલ નોંધ મુજબ સર્વેનો આભાર માનીએ છીએ... આપ સર્વેના સાથ-સહકારથી આ વિશેષાંક પ્રસિદ્ધ કરવા શક્તિમાન થયા છીએ.

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી મંડળ અને કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ

★ માનનીય દરેક લેખકશ્રીઓનો, અન્ય લખાણ અને કૃતિઓ મોકલનાર દરેકનો.

★ મંગલ મંદિરમાં નિયમિત વિભાગો સંભાળનાર સર્વેનો.

★ મંગલ મંદિરના ટાઈટલ્સ તૈયાર કરવામાં સહયોગ આપનાર શ્રી પ્રદીપ મહેતાનો.

★ કચ્છ દર્શનના ફોટોગ્રાફ્સ માટે તસવીરકાર શ્રી વિવેકભાઈ દેસાઈનો.

★ વિજ્ઞાપન આપનાર સર્વેનો.

★ સમાજના સ્ટાફ સભ્ય શ્રી પરાગકુમાર તેમજ અન્ય સર્વે કર્મચારીઓનો.

★ મુદ્રા પ્રિન્ટર્સના શ્રી જયેશ શાહ અને તેમના સ્ટાફ સભ્યોનો.

***અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષે કચ્છ અને કચ્છ બહાર વસતા સર્વે કચ્છીઓને અભિનંદન સાથે હાર્દિક શુભકામના.***

***– તંત્રી મંડળ, મંગલ મંદિર***







*નક્કી તમારે કરવાનું છે કે ત્રણસો ચારસો રૂપિયા બગાડીને "રણ" જોવું છે કે... "ડુંગળી-બટાટા"નું શાક - થેપલાંનું જમણ જમવું...*

છેલ્લા ૩૬ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી

મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)

સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

**શબ્દ રમત**

સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**

ચંદ્રા મહેન્દ્ર શાહ

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*


- તંત્રી લેખ : કચ્છી નૂતન વર્ષે સાથે રહી નિર્ધાર કરીએ ........ અશોક મહેતા ...... ૧૫

*લેખ વિભાગ :*

## કચ્છ

- કચ્છી નવા વર્ષનું મહત્ત્વ ........ આચાર્ય રમેશચંદ્ર વિશ્વનાથ જોશી ...... ૧૭
- સંતુલિત શહેરી વિકાસ ........ નલિન ઉપાધ્યાય ...... ૧૯
- કચ્છનું માંડવી બંદર જ્યાં છે એક અદ્‌ભુત દરિયા કિનારો ........ સંકલન : ભવાનજી શિવજી નાંગલપુરવાલા ...... ૨૩
- ભુજની ઐતિહાસિક અને ધાર્મિક – "મોટીપોશાળ જાગીર" ........ વિજય રતિલાલ લાલકા ...... ૨૫
- અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ ........ સૂરજલાલ મહેતા - દિનેશ મહેતા ...... ૨૬

## વિચાર-મંથન

- દીકરી પ્રત્યે વેરની ગરજ સારતા માવતરના વહાલ ........ દિનેશ પાંચાલ ...... ૨૭
- ધર્મશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર (ભાગ–૨) ........ મુરજી ગડા ...... ૨૮
- સર્જનહાર! ........ જયસુખ પારેખ "સુમન" ...... ૩૦
- વૃધ્ધાશ્રમવાસી મા-બાપની વેદનાભરી વાતનું વીલ ........ કુલીનકાંત ચાંપશી લુહિયા ...... ૩૧
- જન્માક્ષર અને રાશિ ........ શાંતિલાલ સંઘવી ...... ૩૩

## વિચાર-વિમર્શ

- વાનપ્રસ્થાશ્રમ ........ ડૉ. કેશુભાઈ દેસાઈ ...... ૩૫
- એક જ દે ચિનગારી ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૩૭
- સમજણ ........ ડૉ. આઈ.કે. વીજળીવાલા ...... ૩૮
- તમારા જીવનનું મહત્ત્વ ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૪૦
- સાધુ-સાધ્વીજીના વિહાર દરમ્યાનના સાવચેતીના સૂર ........ પ્રભુલાલ સંઘવી ...... ૪૧

## માહિતી

- કચ્છમાં વસતિ, વિકાસ અને શિક્ષણની ગઈકાલ, આજ અને આવતીકાલ ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ...... ૪૨
- સહિયારા ધોરણે સામૂહિક રહેણાંકના સંસ્કાર અપનાવીએ ........ લાલ રાંભિયા ...... ૪૩
- ભૂકંપ પહેલાનું કચ્છ : એક સર્વાંગી દૃષ્ટિપાત ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૪૪
- ૩૧મી જુલાઈએ પુણ્યતિથિ નિમિત્તે રફી સા'બ... સલામ! ........ દિનેશ આર. મહેતા ...... ૪૫
- કેન્સર – મારો અનુભવ ........ હરખચંદ સાવલા ...... ૪૭
- હમીરસર – કચ્છ ભુજનો શણગાર ........ દિનેશચંદ્ર જગજીવન શાહ ...... ૪૯

## તંદુરસ્તી

- આત્મહત્યા : મનની બીમારી – (૧) ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૫૩
- અળશી ખાવામાં આળસ હોય? ........ માણેક એમ. સંગોઈ ...... ૫૫

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## પ્રવાસ વર્ણન

● અમારો ફિનલેન્ડ અને રશિયાનો પ્રવાસ ........ દામજી માણેક ગડા ...... ૫૭
● ગેંગટોકમાં ગરમી?! ........ ચિત્રસેન શાહ ...... ૫૯

## હળવાશની ક્ષણોમાં

● કચ્છી કહેવતો : હાસ્યના ભંડાર ........ ડૉ. વિશન નાગડા ...... ૬૧
● બાલુડેં જ્યું ગાલિયું ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૪

## ઇતિહાસ

● કચ્છ અને સિંધના એ યુદ્ધે સિંધનો નકશો બદલ્યો ........ નરેશ અંતાણી - ભુજ ...... ૬૫

## મહિલા વિશ્વ

● રેસિપી – જૈન વાનગી માટે : માઈક્રોવેવ ........ સુરભિ નીરવ વસા ...... ૬૬

## સાહિત્ય આચમન

● અદશ્ય પાત્રો ........ હરેશ ધોળકિયા ...... ૬૭
● સત્ય ઘટના : હું કલંકિની નથી ........ પદ્મા ફડિયા ...... ૭૨
● કચ્છી એકાક્ષરી ભાષાની કમાલ ........ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૪

## નિયમિત વિભાગો

● આંજો કાગર ........ ૭૫
● અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૭
● મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૭૮
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૭૯
● 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી ........ ૭૯
● સાર સમાચાર ........ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૮૧
● જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૨
● શબ્દ રમત-૬૨ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૩
● સુડોકુ – ૧૦૧૯ ........ રજનીકાંત ધરમશી પારેખ ...... ૮૫
● વલોવતન ........ સંકલન : રજનીકાંત ધરમશી પારેખ ...... ૮૭
● સમાજ દર્પણ ........ ૯૩
● સંસ્થા સમાચાર ........ ૯૫
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૧૦૦

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## કચ્છી નૂતન વર્ષે સાથે રહી નિર્ધાર કરીએ

***– અશોક મહેતા***

વિ.સં. ૨૦૬૭, અષાઢ સુદ બીજ, રવિવાર તા. ૩ જુલાઈ-૨૦૧૧ નું કચ્છી નૂતન વર્ષ સહુને મુબારક હો. 'કચ્છી નયે સાલજી વધામણી.' શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ તરફથી અને મંગલ મંદિર તરફથી મંગલ મંદિરજે દરેક વાચક વર્ગકે.

કચ્છીઓ ભારત દેશમાં તો સર્વત્ર પોતાનો વસવાટ કરે છે પરંતુ સાથે સાથે દુનિયાના દરેક દેશમાં પણ તેઓનો વસવાટ સ્થિર થયેલ છે. કદાચ ઓછી-વત્તી સંખ્યામાં તેઓનો વસવાટ હશે પરંતુ કચ્છીઓએ વિવિધ દેશોને પણ પોતાની કર્મભૂમિ તો બનાવી દીધેલ જ છે.

ભારત દેશની વાત કરીએ તો દેશનું કોઇ રાજ્ય, કોઇ જિલ્લો કે કોઇ પણ શહેર ભાગ્યે જ એવું હશે કે જ્યાં કચ્છી કુટુંબ પહોંચ્યું નહીં હોય! તે શહેરને પોતાની કર્મભૂમિ બનાવી નહીં હોય!

એક જમાનો એવો હતો કે રોજી-રોટી માટે કચ્છમાં કોઇ ધંધા-રોજગારી ન હોવાથી પોતાના જીવન નિર્વાહ માટે અનેક કુટુંબોને કચ્છ બહાર નીકળવું પડતું. ખડતલ પ્રદેશના કારણે અહીંની પ્રજા સ્વાભાવિકપણે ખડતલ બનતી ગઇ અને દરિયો ખેડીને સાહસ આચરવા લાગી. આજે પરિસ્થિતિ બદલાઇ ગયેલ છે. શક્ય છે કે આવતા ૨૦-૨૫ વર્ષ સુધીમાં એવી પરિસ્થિતિ આવી શકે કે હવે પછી નવા કુટુંબો કચ્છમાં જ સ્થાયી થયેલ હોય. તેઓએ રોજી-રોટી માટે કચ્છ બહાર કદમ મૂકવાની કદાચ જરૂરત જ ઊભી ન થાય.

આ પરિસ્થિતિમાં કચ્છ બહારના કચ્છીઓ જે સ્થળે વસવાટ કરે છે, તે સ્થળને માત્ર પોતાની કર્મભૂમિ નહીં પરંતુ પોતાની સેવાભૂમિ પણ બનાવવી જોઇએ અને તે પ્રદેશમાં વસવાટ કરતા લોકોના જીવનમાં ઓતપ્રોત થઇ, જે રીતે દૂધમાં સાકર ભળી જાય એ રીતે ત્યાંની પ્રજામાં ભળી જઇ, એ પ્રજાના સુખ-દુઃખમાં સહભાગી બની રહેવા પ્રયાસ કરવા જોઇએ.

આપણે અમદાવાદની પરિસ્થિતિનો વિચાર કરીએ. આજે અહીં રહેવાના મકાન ખૂબજ મોંઘા થતા જાય છે. આર્થિક રીતે બે પાસાં સરખા કરતા કુટુંબોને પણ 'ઘરનું ઘર' વસાવવું દોહ્યલું પડે છે. એક કે બે બેડ રૂમના ઘરની કિંમત સહેજે રૂા. ૩૦ લાખથી રૂા. ૫૦ લાખ થઇ ગયેલ છે. કદાચ કોઇ દૂરના કે નબળા વિસ્તારમાં એ કિંમત રૂા. ૨૦ લાખથી રૂા. ૨૫ લાખ પણ હોઇ શકે. પરંતુ આ રકમ મધ્યમ વર્ગ માટે તો ખૂબજ મોટી અને પહોંચ બહારની છે અને તે તેનાથી શક્ય પણ નથી.

આ પરિસ્થિતિમાં સામાજિક સંસ્થાઓ બહાર આવી શકે. પરદેશ કે અન્યત્ર વસવાટ કરતા અથવા સુખી-સંપન્ન કુટુંબોને જમીનના અનુદાન માટે અપીલ કરી શકાય, કે જે શહેરના કોઇપણ વિસ્તારમાં આવેલ હોય. સ્થાનિક વર્તમાનપત્રમાં યોગ્ય જાહેરાત આપ્યા બાદ, એ જમીન સંપાદિત થઇ શકે તો તેના પર એક રૂમ, રસોડા, સંડાસ-બાથરૂમના ૪૦૦ થી ૫૦૦ ચો. ફૂટના સસ્તી કિંમતના મકાન તૈયાર કરી શકાય. રૂા. ૬૦૦/- ચો. ફૂટના ભાવથી ૪૦૦ ચો. ફૂટના મકાનની કિંમત રૂા. ૨.૪૦ લાખ અને ૫૦૦ ચો. ફૂટના મકાનની કિંમત રૂા. ૩.૦૦ લાખ જેટલી નીચી આવી શકે અને એ કિંમતે વિતરણ પણ કરી શકાય. મકાનના ખર્ચની સામે પણ જો દાતા મળી શકે તો તે કિંમતમાં પણ ફેરફાર થઇ શકે. અમદાવાદના સુખી-સંપન્ન નાગરિકો આવા ઉમદા કૃત્ય માટે સહકાર આપવા પાછીપાની ન કરે એવો આ શહેરનો ભૂતકાળનો ઇતિહાસ કહે છે. પ્રશ્ન માત્ર છે આ કામ હાથ પર લેનાર સંસ્થાની વિશ્વસનિયતાનો.

આ પ્રકારના અનેક કાર્યો પોતાની કર્મભૂમિ માટે પરિપૂર્ણ કરી શકાય. અહીં તો માત્ર ઉદાહરણ જ આપેલ છે.

કચ્છી નૂતન વર્ષે અમદાવાદ સ્થિત દરેક સમર્થ કચ્છી અગર નિર્ધાર કરે કે મારે મારી કર્મભૂમિ માટે કોઇ ઉમદા કાર્ય કરવું છે તો તે અભિનંદનીય રહેશે.

આ પ્રકારે ભારતના દરેક શહેરમાં વસવાટ કરતા કચ્છીઓ પોતાની કર્મભૂમિના વિકાસ માટે કચ્છી નૂતન વર્ષે યોગ્ય નિર્ધાર કરી શકે.

અન્ય દેશોમાં વસવાટ કરતા કચ્છીઓ પણ આવાજ પ્રકારના નિર્ધાર કરી શકે.

કચ્છી નૂતન વર્ષે દરેક કચ્છી કોઇ યોગ્ય નિર્ધાર કરે તેવી મંગલ મંદિરની શુભેચ્છા.

જય કચ્છ, જય ગુજરાત, જય ભારત, જય વિશ્વ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*શીખવું સૌથી, સાંભળો સૌનું, કરો તમારી બુદ્ધિથી. બુદ્ધિનું માનો, મનનું માનશો નહીં.*

કચ્છ

# કચ્છી નવા વર્ષનું મહત્ત્વ

• આચાર્ય રમેશચંદ્ર વિશ્વનાથ જોશી •

પ્રાચીન વૈદિક કાળથી અને ત્યારબાદ પૌરાણિક કાળથી આપણાં બૃહત્ ભારતમાં નવા વર્ષનો પ્રારંભ આષાઢ સુદ ૧ (એકમ)થી જ થતો આવ્યો છે. અને આ પરંપરા કેવળ કચ્છનાં લોકોએ જ ટકાવી રાખી છે એ આપણાં માટે ગૌરવ લેવા જેવી વાત છે.

બાકી બધા જ પ્રદેશો નવા વર્ષની ઉજવણીમાં અલગ થલગ થઇ ગયા છે. એનું કારણ ગુલામી છે. જે જે પ્રદેશો ઉપર જે જે ચક્રવર્તી રાજાઓની આણ વર્તાતી તે ગુલામ થઇ તે રાજાનાં નામથી તે દિવસથી વર્ષ પ્રારંભ કરી વિજયોત્સવ મનાવતા. જેમાં વિક્રમ સંવત, શાલિવાહનશક તેમજ ધાર્મિક સંપ્રદાયોનાં આધિપત્યરૂપે મહાવીર સંવતનો પણ આંશિક પ્રભાવ રહ્યો છે.

મહાભારત કાળમાં યુધિષ્ઠિર સંવત પણ આષાઢ શુક્લ પ્રતિપદા થી જ પ્રારંભ થતો. ગુજરાત રાજ્યમાં કાર્તિક શુક્લ પ્રતિપદાથી અને મહારાષ્ટ્રમાં ચૈત્ર પ્રતિપદાથી વર્ષનો પ્રારંભ થાય છે. દાક્ષિણાત્ય પ્રદેશોમાં પોંગલરૂપે મકરસંક્રાંતિથી પ્રારંભ થાય છે. હિન્દીભાષી પ્રદેશોમાં હોળી, ધુળેટીથી નવવર્ષ ગણાય છે. બંગાળ, આસામ, રાજસ્થાન, બિહાર, નેપાળ વગેરે રાજ્યો પણ નવા વર્ષની અલગ અલગ ઉજવણી પોતાની ગણતરી મુજબ કરતા આવ્યા છે.

આ બધાજ પ્રાચીન વૈદિક પરંપરાની એકતાથી વિખૂટા પડતા ગયા. પરિણામે એકતા તૂટી અને સમગ્ર ભારતમાં એકજ નવા વર્ષની ઉજવણી અને હિસાબી વર્ષમાં અનેકતા આવી ગઇ. તેથી પોતાનાં જ દેશમાં લોકો પોતાનાં નવા નવા વર્ષને ભૂલીને એને બદલે હવે અંગ્રેજી વર્ષને જ નવું વર્ષ માની અંગ્રેજીની ગુલામીને ગૌરવભેર ઉજવવા લાગ્યા છે એ જોઇને આપણા દેશની જનતાની માનસિકતા ઉપર દયા અને ગુસ્સો પણ આવે છે.

પણ આપણો કચ્છડો આ બાબતમાં અજેય રહી રંગ રાખ્યો છે, એટલે એણે કોઇની ગુલામીને કારણે કે અન્ય સાંપ્રદાયિક, ધાર્મિક કે ભૌગોલિક કારણોસર પરંપરા તોડી નથી, તેથી આ અષાઢી વર્ષની ઉજવણીનો કચ્છીમાડુઓ માટે ગૌરવાન્વિત પરંપરાગત મહત્ત્વ છે.

વર્ષ શબ્દને વર્ષા શબ્દ સાથે મૂળથી સંબંધ છે. તેથી વર્ષાનાં દિવસથી જ વર્ષની શરૂઆત થતી, કારણકે આપણાં ખેતી પ્રધાન દેશમાં સારી વર્ષાથી જ સારા વર્ષની ઉજવણીનું મહત્ત્વ અંકાતુ.

આપણાં પૂર્વજો સાગરખેડૂઓ હતા. વર્ષનાં દસ મહિનાઓ સુધી દેશ-વિદેશમાં વ્યાપાર ધંધાર્થે મહાસાગર ખેડવા જતા અને ચોમાસાનાં પ્રારંભ સમયે અષાઢ સુદ ૧ (એકમ)નાં સ્વદેશે કુશળતાથી ઘણું ધન કમાવીને ચાંચિયાગિરીથી બચી હેમક્ષેમ પાછા વળી આવતા ત્યારે એમનાં કુટુંબીજનો સગાંઓ, મિત્રો, શુભેચ્છકો અને ગ્રામજનો સપરિવાર ઉત્સાહ અને ઉમંગભેર એ શેઠ શાહુકારોનો ઢોલ-ત્રાંસા શરણાઇ વાજિંત્રોથી સાગરખેડૂઓનો સાગરકિનારે સામૈયું કરી એમને વધાવતા. હેતથી ભીની આંખે ભેટતા અને તે દિવસે ઘેર ઘેર મીઠોભાત, ખીર રાંધતા. મિષ્ટાન્ન જમાડતા. દરેકની પ્રેમથી પાંપણો ભીંજાતી જોઇને આસમાની કુદરત પણ હેત વરસાવતાં દ્રવી ઊઠતી. દરિયાદિલી કચ્છડો હિલોરે ચડતો. આ વાતની મહાકવિ શ્રી કાલીદાસે પણ પોતાનાં ખંડકાવ્ય ''મેઘદૂત''નાં પ્રારંભે

**''आषाढस्य प्रथम दिवसे मेघमाश्लिष्टसानुम''** આમ કહીને નોંધ લીધી છે.

આ અષાઢી બીજનાં દિવસે આખા વર્ષનો હિસાબ કિતાબ સરવૈયું જમા-ઉધારથી ખતવણી-ચુકવણી થતી અને બધાજ માલંમાલ થઇ જતા. આવી રીતે આર્થિક વિનિમયનો દિવસ એટલે અષાઢી બીજ.

વ્યાપારીઓ ચોમાસાનાં દોઢ બે મહિનાં દેશમાં ગાળી ફરી નાળિયેરી પૂનમનાં વરુણદેવની પૂજા કરી, નાળિયેર વધેરી, ફરી પાછા વિદેશની સફરે ઉપડી જતા. ત્યારે કચ્છમાં મેળાઓ ભરાતા. આ મેળાઓ વેપારી બજારુ કેન્દ્ર બનતા. આ મેળાની મોસમમાં આર્થિક લેવડ દેવડ છૂટથી થતી, સારી કમાણી થતી અને કચ્છડો બારેમાસ લીલોછમ રહેતો.

પણ ત્યારપછી ભૌગોલિક પરિસ્થિતિઓએ કચ્છની કમર ભાંગી નાંખી. કચ્છડાએ કોઇ દિવસ વિદેશી હુમલાવરોની ગુલામી ન ભોગવી પણ કુદરતની ગુલામી પ્રસાદી રૂપે માથે ચડાવી. કચ્છ ભાંગતો ગયો, દુષ્કાળો પડતા ગયા, વાવાઝોડા, ભૂકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ જેવી કુદરતી આફતોએ કચ્છની કેડ ભાંગી નાંખી. છતાં કચ્છની ધીંગી ધરાનાં ધીંગા સાહસી સપૂતો હાર્યા નહીં, મહેનતમાં પાછા ન પડ્યા. કચ્છી માડુઓ વિદેશોમાં નીકળી ગયા અને ત્યાં પણ સ્થિર અને સદ્ધર થઇને કચ્છને ન ભૂલ્યા-

*ભલે વિંઓં પરદેશ તિતે પણ જનમભોમ કે જાધ કર્યું ।*
*વડલેંજી મૂડી ન વિઞાયું, જીંજો જીજો હિત દાન કર્યું ॥*

અને આવા માતૃભૂમિનાં પ્રેમને કારણે કચ્છ સૂકો છતાં હેત અને ખંતથી લીલોછમ થયો છે.

અષાઢી બીજથી વર્ષાનો અને વર્ષનો પ્રારંભ થાય છે તેથી કહેવત પડે કે-

''આષાઢી બીજ કાં વાદળ કાં વીજ''

આષાઢી બીજનાં ચંદ્ર દર્શનનું મહત્ત્વ છે. તે દિવસે કુળદેવતા અને ખેતરપાળને પૂજી, નૈવેદ્ય ધરાવી ઋણમુક્તિ મેળવવા માટે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

*આપણાં નાનાં નાનાં કાર્યો પર પણ ધ્યાન આપવું. કાર્યને નાનું માની ઉપેક્ષા ન કરવી.*

# સંતુલિત શહેરી વિકાસ

• નલિન ઉપાધ્યાય •

એક શહેર એટલે એક પ્રવાહિત સમાજ. જે અનેક માન્યતા ધરાવતા જૂથોનો સમુદાય છે. પરંતુ સમાજ હોય કે જૂથ, એનું અંતિમ એકમ છે વ્યક્તિ. તેથીજ એક સારા જૂથ, સમાજ કે શહેરના નિર્માણ પાછળનું વાસ્તવિક પરિબળ તો વ્યક્તિ નિર્માણ જ છે. આથી સંતુલિત શહેરી વિકાસ = સંતુલિત સમાજ વિકાસ = સંતુલિત વ્યક્તિ વિકાસ મૂકી દેવામાં આવે તો એ વ્યાખ્યા મહદઅંશે સ્વીકાર્ય જ બની રહેશે.

એક શહેરના સંતુલિત વિકાસમાં આર્થિક, સામાજિક અને શૈક્ષણિક પાસાંઓને કેન્દ્રમાં રાખી આગળ વધવું પડશે. તેમ છતાં કોઈપણ શહેરનો નાગરિક જેટલો જાગૃત રહી પોતાના હક્કો મેળવતો હશે અને ફરજો બજાવતો હશે એ પોતાના શહેરને જેટલી ઉત્કટતાથી ચાહી પ્રવૃત્તિ કરતો હશે તેટલું જ તે શહેર આગળ વધી શકશે.

ભુજ શહેરને કેન્દ્રમાં રાખી ૨૦૨૫ની સાલ સુધી સંતુલિત શહેરી વિકાસ માટે શું શું કરવું જોઈએ તેનો વિચાર અને ચિંતન વિશદતાથી હાથ ધરાવો જોઈએ. આ માટે ભુજ શહેરનું પરંપરાગત માળખું હવે ટાઉન પ્લાનિંગના અમલીકરણ સાથે શો બદલાવ અનુભવી રહ્યું છે અને રહેશે એ પ્રથમ સમજવું જરૂરી છે.

હાલે ભુજના વિસ્તારને ત્રણ ચોક્કસ લોક વસવાટમાં જોઈ શકાય છે : (૧) ભુજનો કોટ વિસ્તાર, (૨) ભુજનો કોટ બહારનો વિસ્તાર, અને (૩) ભુજની ઝૂંપડપટ્ટીઓ.

ભુજ શહેર એક પરંપરાગત શહેર છે જેનો ઇતિહાસ ૪૫૦ વર્ષથીય આગળ જાય છે. કુદરતના ઓરમાન સંતાન જેવા કચ્છના આ પાટનગરમાં અનેક સમુદાયના લોકો એક અતૂટ કોમી એખલાસ સાથે વર્ષોથી સાથે વસી રહ્યા છે. એક રીતે કહી શકાય કે ભારતીય સંસ્કૃતિની "સર્વધર્મ સમભાવ"ની વિભાવના ભુજ શહેરમાં સૌથી વધારે ઉપસી આવે છે.

આ કોમી એખલાસ જળવાઈ રહે તથા તેનું સંરક્ષણ અને સંવર્ધન થાય એ એટલા માટે જરૂરી છે કે કોઈપણ પ્રદેશનો વિકાસ ત્યાં પ્રવર્તતી શાંતિ પર આધારિત છે. શાંતિ, એ કોઈપણ શહેરના વિકાસ માટેની પૂર્વશરત છે. આથી ભુજનું આ જે બળ છે કોમી એખલાસનું, તેનું દ્રઢીકરણ કરવું જરૂરી છે.

આ માટે પાયાના સામાજિક એકમની શોધ કરીએ તો તે છે ભુજના ફળિયાઓ અને ભુજની ફળિયા સંસ્કૃતિ. ભુજનો કોટ વિસ્તાર એટલે અનેક ફળિયાઓનો સમૂહ. આ દરેક ફળિયામાં અનેક વિવિધ કોમના લોકો વર્ષોથી પ્રેમભાવથી સાથે સાથે વસવાટ કરી રહ્યા છે. આથીજ ભુજ શહેરનો સંતુલિત વિકાસ કરવો હશે તો તેનું એકમ આ ફળિયાઓથી જ બનશે તેવું પહેલી જ નજરે જણાય છે.

## • લાઇફ સેન્ટર્સ (જીવન કેન્દ્રો) :

આ માટે મારા મનમાં એક વિચાર આવે છે કે નવું ભુજ આઠ ટી.પી. સ્કીમ, ચાર રિલોકેશન સાઇટ તથા બહારના સોસાયટી વિસ્તારનું હવે બન્યું છે ત્યારે આ દરેકે દરેક વિસ્તારને વિઝન-ભાવિદષ્ટિ આપવા માટે દરેકે દરેક ટી.પી. અને રિલોકેશન સાઇટ પર "લાઇફ સેન્ટર, જીવન કેન્દ્રો" ઊભાં થવાં જોઇએ.

લાઇફ સેન્ટરને વિસ્તૃત રીતે વ્યાખ્યાબદ્ધ કરીએ તો એવા કેન્દ્રો કે જે જીવનના દરેક પાસાંઓને સ્પર્શતા હોય. જીવનના દરેક પડકારો અને પ્રશ્નોનો અભ્યાસ કરી તે એ એ વિસ્તારને "સર્જનાત્મક વ્યવહારુ ઉકેલ" પૂરા પાડતા હોય. જેમકે લાઇફ સેન્ટરમાં મહિલાઓ માટે ભરત ગૂંથણથી માંડી વિવિધ પ્રવૃત્તિઓ થતી હોય, વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટરથી માંડી અન્ય કોચિંગ ક્લાસ ચાલતા હોય, ત્યાં નાનું વાંચનાલય પણ હોય, નાની લાઇબ્રેરી પણ હોય, માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર હોય અને સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે લાઇફ સેન્ટર એક જીવંત મંચ પણ હોય.

દરેકે દરેક ટી.પી. તથા રિલોકેશન સાઇટ પર આવા લાઇફ સેન્ટર બને અને જે તે ટી.પી. સ્કીમમાં આવેલી ફળિયા સમિતિઓ આની મેમ્બર હોય. આમ દરેક લાઇફ સેન્ટર એક ધબકતું, ચેતનવંતુ વૃક્ષ હોય જેની લીલીછમ ડાળીઓ ફળિયા સમિતિઓ હોય અને વ્યક્તિઓ તેના પાંદડા હોય.

હવે પ્રશ્ન એ રહ્યો કે આ દરેક લાઇફ સેન્ટરને એક એક સાથે જોડી જીવંત કોમ્યુનિકેશન નેટવર્ક ઊભું કરવું પડશે. જેથી કરીને પોતાના પ્રશ્નો તથા અનુભવોની સતત આપ-લે થાય અને શહેરનો વિકાસ સધાય. આ કઇ રીતે બને?

આનો જવાબ છે "ભુજ શહેર વિકાસ સમિતિ." આ સમિતિ કે કાઉન્સિલ જૂની સમિતિઓ જેવી માત્ર નામની ન બની રહે તે માટે આપણે એનું નવું મોડેલ વિકસાવવું પડશે. કઇ રીતે?

"ભુજ શહેર સમિતિ" એ ભુજના સર્વાંગી વિકાસની ખેવના રાખતી સમિતિ હશે જેના સભ્યો દરેક ટી.પી.ના લાઇફ સેન્ટરના પ્રમુખ સેક્રેટરી આપોઆપજ બની જાય. એમાં રિલોકેશન સાઇટના પ્રમુખ પણ જોડાય અને ઝૂંપડપટ્ટીના પ્રમુખ પણ જોડાય. આમ "ભુજ શહેર સમિતિ" સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવતી થઇ જાય. પરંતુ આનું નવું મોડેલ કેવું હોવું જોઇએ? આનું એક નવું મોડેલ બન્યું છે પરંતુ આપણું ધ્યાન એ તરફ નથી ખેંચાયું. એ

*જ્યારે સમય નથી રોકાતો તો આપણે યોગ્ય સમય માટે કેમ રોકાઈએ?*

મોડેલ છે "હમીરસર પુનઃનિર્માણ સમિતિ" આ સમિતિની વિશિષ્ટતા વિચારો. આ સમિતિમાં ભુજના સ્થાનિક લોકો છે જે ભુજના લોકોના હૃદયની ભાવનાને સમજે છે અને રજૂ કરે છે. પરંતુ તે સાથે આ સમિતિને "Professional Backup" છે એનાથી શું થયું? અત્યાર સુધીની સમિતિઓ માત્ર વિચાર જ રજૂ કરતી હતી એના પર પ્રોગ્રામ બનાવી અમલીકરણ ન થતું. કારણકે સમિતિઓ જોડે "નિષ્ણાત જૂથ" નહોતું. જે પ્રશ્નોને સમજી, કાર્યક્રમની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી તેના પર અમલ કરાવે.

'હમીરસર પુનઃનિર્માણ સમિતિ"માં બધું સમેસુતર કેમ પાર પડ્યું? એકતો હમીરસર માટે શું કરવું જોઈએ એને લગતા વિશદ સૂચનો હતા. ત્યારબાદ "અભિયાન" દ્વારા ઇજનેરોએ તેનો વ્યવસ્થિત પ્લાન બનાવી તેનું અમલીકરણ કર્યું. દરેક વખતે સમિતિના સભ્યો કાર્યશીલ રહ્યા. સમિતિનાં વહીવટ તથા હિસાબ પારદર્શી રહ્યા. જેના પરિણામ સ્વરૂપ પહેલી વખત યોજનામાં થયેલ ખર્ચની વિગતોના બે બોર્ડ સમિતિએ હિસાબ સહિત તળાવ પર મૂક્યા. જેને જબ્બર પ્રતિસાદ મળ્યો.

આ મોડેલ ઘણું કહી જાય છે. "ભુજ શહેર વિકાસ સમિતિ" પણ આજ રીતે ચાલશે તો સફળતાને પામશે. મતલબ કે સમિતિમાં શહેરના પ્રશ્નોને સમાજના નિષ્ઠાવાન ને પ્રામાણિક લોકો હોય, તેનો વહીવટ તથા નિર્ણયો પારદર્શી હોય તથા તેમાં બિલકુલ ભ્રષ્ટાચાર ન હોય તથા તેને સલાહ આપી, યોજના તૈયાર કરી અમલ કરાવનારું પ્રોફેશનલ ગ્રૂપ હોય. આટલું હોય તો જરૂર "ભુજ શહેર વિકાસ સમિતિ" સરસ કામ કરી શકશે.

"ભુજ શહેર વિકાસ સમિતિ"ને એક "થીન્ક ટેન્ક" (ઋષિમંડળ)ની જરૂરત પડશે. આને ગુજરાતીમાં ઋષિમંડળ કહીએ અને અંગ્રેજીમાં સ્ટડી એન્ડ એક્શન ગ્રૂપ - ભુજ કહીએ. આ મંડળમાં જુદા જુદા ક્ષેત્રના વિદ્વાન લોકો હશે જે શહેરને તેજસ્વી વિચારો આપ્યા કરશે "ભુજ શહેર વિકાસ સમિતિ"ના માધ્યમ દ્વારા.

### ● "ઋષિ મંડળ"નું કાર્ય :

ઋષિમંડળ એ માત્ર કોઇને ન મળતાં અને અભ્યાસ ખંડોમાં પૂરાઇ કામ કરતાં વિદ્વાનોનું નહિં હોય પરંતુ એના હાથમાં વ્યાવહારિક કાર્યસૂચિ પણ હશે. શી હશે એ કાર્યસૂચિ?

એતો સ્વાભાવિક જ વાત છે કે ૨૦૨૫નું ભુજ આજ બાલમંદિર તથા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના હાથમાં જશે. આ વિદ્યાર્થીવર્ગ ભાવિ ભુજ માટે નિષ્ઠાપૂર્વક કામ કરે તે માટે તેને આજથી જ આપણે કેળવવો પડશે. એ માટે શું કરવું?

આ કાર્યસૂચિ "ઋષિમંડળ" આપશે. નવી પેઢી કોઇપણ શહેર માટે કાર્ય ક્યારે કરશે જ્યારે એ પોતાના શહેરની અસ્મિતાથી પોતાનું મન-હૃદય ભરશે ત્યારે. આ માટે ૨૦૨૫ના ભુજ વિઝન માટે આપણે હાલે જે પ્રશ્નો લીધા છે તેની સમજ લઇ ઋષિમંડળના સભ્યોએ શાળા કોલેજોમાં અવિરત વ્યાખ્યાનો અને કાર્યશાળાઓ કરવી પડશે. આખા વર્ષ દરમ્યાન ઋષિમંડળે એક વ્યાખ્યાતા મંડળ બનાવવું પડશે જે અવિરત વિદ્યાર્થીઓમાં આ શહેર માટે અસ્મિતા જગવશે તથા શહેરના પ્રશ્નો અંગે વિદ્યાર્થીઓને અવગત કરશે. ત્યારબાદ આ પ્રશ્નો પર "વર્કશોપો"નું આયોજન પણ ઋષિમંડળ કરશે જેમાં વિદ્યાર્થીઓ તથા ઋષિમંડળ સાથે મળી સર્જનાત્મક કર્મ કરી પ્રશ્નોના સર્જનાત્મક ઉકેલો (creative solutions) આપશે.

### ● ઋષિમંડળને કેમ જાળવશું?

ભારત દેશ ઋષિ સંસ્કૃતિનો દેશ કહેવાય છે વિચારીએ કે ઉપનિષદ કાળમાં ભવ્ય જ્ઞાન અને ભવ્ય સમાજ કઇ રીતે ઊભો થયો કે જેના સામે આજે પણ જગત નતમસ્તક થઇ જાય છે?

આનું હાર્દ છે "ઋષિ આદર." જૂના સમયને તપાસો. ઋષિ એટલે એવા પુરુષો કે વ્યક્તિત્વો જે પોતાના નીજી જીવનની ભૌતિક ઉપલબ્ધિઓને બાજુએ મૂકી સમગ્ર જીવન દ્વારા જગત કલ્યાણ માટે ચિંતન કરે અને તેનાથી જે જ્ઞાન મળે તે આચારયુક્ત જીવન દ્વારા સમાજને વહેંચે. આ ઋષિઓ ત્યારે સમાજમાં અતિ આદર પામતા. ચક્રવર્તી સમ્રાટોના મુકુટ મંડિત શીશ પણ આ ઋષિ ચરણોમાં શીશ નમાવતા ગૌરવ અનુભવતા. હજારોની સંખ્યા ધરાવતા વિદ્યાર્થીઓ ત્યારે ગુરુકુળોમાં અભ્યાસ કરતાં આ ગુરુકુળોને સમાજ તે રાજયને આશ્રય હતો પરંતુ સમાજ અને રાજાએ આશ્રય આપવાની તક આપવા માટે ઋષિઓનો ઋણી રહેતો. પોતાને ધન્ય ભાગ્ય સમજતો.

આ સ્થિતિ આપણે પણ આપણા "ઋષિમંડળ" માટે નિર્માણ કરવી પડશે. જે લોકોના હૃદય કલ્યાણની ભાવનાથી પરિપૂર્ણ છે તેવા ઋષિતુલ્ય વ્યક્તિત્વોનો આર્થિક ભાર ભુજ શહેર વિકાસ સમિતિએ પ્રેમથી ઉઠાવવો પડશે. કારણકે સમાજનું નિર્માણ તેજસ્વી વિચારો દ્વારા થાય છે અને તેજસ્વી વિચારો ઋષિઓ દ્વારા જ આવે છે.

વ્યવહારિક રીતે આવા કલ્યાણસર, વિચાર અને જ્ઞાન સાધક ઋષિઓની જીવનની આર્થિક વ્યવસ્થા ઉદાર રીતે કરવી પડશે, કંજૂસાઈથી નહીં. આ માટે દાતાઓના હૃદયમાં વિશિષ્ટ અભિગમ જન્માવવો પડશે કે ભવ્ય ભવનોની - હોસ્પિટલો કે શાળાઓ કે બીજું- પ્રાણ પ્રતિષ્ઠા ઋષિઓના વિચારથી જ થશે. માટે ઋષિઓ પાસે નતમસ્તકે જાવ.

આ માટે આપણે વિદેશ વસતા ભારતીય મૂળના લોકોને આપણા ઋષિમંડળના વિચારથી વાકેફ કરવા પડશે. વિદેશ વસતા ભારતીયો ભારત માટે મોટું અનુદાન આપતા હોય છે. આ લોકો શિક્ષિત હોવાથી આ વિચારને સારી રીતે સમજશે. આ માટે 'ભુજ શહેર વિકાસ સમિતિ' પાસે સારી એવી રકમનું 'ઋષિ ફાઉન્ડેશન ટ્રસ્ટ" બનાવવું પડશે જેમાંથી ઋષિ વિચારને વરેલા લોકોનો આદરપૂર્વક જીવન નિભાવ ખર્ચ ઉદારતાથી આજીવન અપાશે.

### ● ટોટલ ક્રિએટિવિટી સેન્ટર :

આ ઉપરાંત શહેરમાં રહેલા સર્જનાત્મક બળોને પોષણ આપી તેનું સંવર્ધન કરી તેને યોગ્ય વિકાસની દિશા આપવા માટે ભુજ શહેરમાં એક ટોટલ ક્રિએટિવિટી સેન્ટર ઊભું કરવું પડશે.

ટોટલ ક્રીએટિવિટી સેન્ટર એક એવું વિશાળ સંકુલ હશે જેમાં ભુજ શહેરની કોઇપણ વ્યક્તિ પોતાની મનગમતી સર્જનાત્મક પ્રવૃત્તિ કરી શકશે. આ સેન્ટરમાં બધીજ ફાઇન

*જ્યાં સુધી બને ત્યાં સુધી બીજાઓની આશાઓ પૂરી કરવાનો પ્રયાસ કરો, પણ બીજાઓની આશા નહીં રાખો.*

આર્ટસ, પેઇન્ટિંગ, સ્કલ્પચર, મ્યુઝિક, ડ્રામા, ડાન્સ વગેરેના પ્રયોગો માટે અવકાશ હશે. ત્યાં નાના મોટા પ્રદર્શનો તથા પ્રોગ્રામો પણ આયોજિત કરી શકાશે. રેફરન્સ માટે એક સુંદર લાઈબ્રેરી પણ ત્યાં હશે પરંતુ ખાસ તો કોફી હાઉસ જેવું ત્યાં મુક્ત વાતાવરણ હશે. જ્યાં દરેક વયની વ્યક્તિઓ પોતપોતાના અનુભવોનું આદાનપ્રદાન કરી શકશે. ભારત તથા વિશ્વભરના વિદ્વાનો આ ટોટલ ક્રીએટિવિટી સેન્ટરમાં આવી પોતાના અનુભવો ભુજ શહેરમાં વહેંચતા રહેશે. એમ આપણું આ ભુજ શહેર વૈશ્વિક ચેતના પ્રવાહોને ઝીલી સદા નવયુવાન રહી શકશે. સેન્ટરમાં વિશ્વની તથા ભારતની કોઇપણ ભાષા શીખવા માટે 'લેન્ગવેજ ઇન્સ્ટિટ્યૂટ' હોવી જોઇએ.

● **નોલેજ પાર્ક :**

ભુજ શહેરમાં અનેક શાળાઓ આવેલી છે જેમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વિદ્યાર્થીઓમાં સર્વ સામાન્ય ગુણ છે વિસ્મય. આ વિસ્મય પ્રશ્નો જન્માવે છે જેની તૃપ્તિ જ્ઞાન દ્વારા થાય છે. આથી જ ભુજમાં વિજ્ઞાન તથા અન્ય જ્ઞાનના સમુહ જેવો નોલેજ પાર્ક હોવો જોઇએ જ્યાં વિદ્યાર્થી સમાજ મુક્ત રીતે મનગમતા પ્રયોગ કરી શકે.

નોલેજ પાર્કમાં પ્લેનેટોરિયમ, સમુદ્ર સંપદા, ખનિજ, રણ વૈશિષ્ટયથી માંડી કોમ્યુનિકેશન મીડિયમને લગતી કોઇપણ વસ્તુ કે વિષય સમાહિત કરી શકાય.

● **ટ્રેડિશનલ બિલ્ડિંગ ક્રાફ્ટ સેન્ટર:**

ભૂકંપ બાદ જબરદસ્ત હાનિ થઇ છે કચ્છના વર્ષો જૂના ટ્રેડિશનલ આર્કિટેક્ચરને વિસારવાની. જૂના કચ્છ હાઉસીસ અદ્‌ભુત રીતે ઇકો ફ્રેન્ડલી હતા જે આજે વિસારાયા છે. ખરેખર તો જ્યારે હજારોની સંખ્યામાં આવાસ બંધાઈ રહ્યા છે ત્યારે કચ્છના વાતાવરણને અનુરૂપ અને અનુકૂળ, ઋતુઓ પ્રત્યે વૈજ્ઞાનિક અનુકૂલન ધરાવતું 'કચ્છી હાઉસ' વ્યાખ્યાબદ્ધ કરવું જોઇતું હતું કારણ કે કચ્છમાં દિવસ અને રાતના ટેમ્પરેચર વચ્ચે બહુ મોટો ગાળો રહે છે.

જૂના બે ઓરડા, ઓસરી, રસોડું, સ્ટોર, પૂજા રૂમ તથા આગળ અને પાછળના કોર્ટયાર્ડ વાળા ઘરો સદીઓથી નીપજેલા ઘરો છે. ઘરમાંનું ગાર માટીનું લીંપણ પણ આપણા વાતાવરણને અનુકૂળ છે તેમજ દેશી નળિયાવાળા ઘરો શ્વાસ લેતાં ઘરો હતાં. આથી વહેલામાં વહેલી તકે કચ્છી ઘરને વ્યાખ્યાબદ્ધ કરવું જોઇએ.

આ સિવાય ઘરોમાં બહુ સારા ગોખલા, પાણિયારાઓ, જાળીઓ, લીન્ટલ તથા પ્લીંથ લેવલે પથ્થરોની હારમાળા, કબાટને ફરતાં સુશોભનો વગેરે વપરાતા હતા. ડેલીઓમાં સુંદર કમાડો વપરાતા હતા. ઊભા પથ્થરના તુલસી ક્યારાઓ પણ હતા. આ બધાજ ટ્રેડિશનલ બ્યુટી યુનિટને નવા ઘરોમાં કેમ વાપરવા તેનાં અભ્યાસ કરી આ યુનિટનું ખાસ પ્રોડક્શન કરતું ટ્રેડિશનલ બિલ્ડિંગ ક્રાફ્ટ સેન્ટર બનાવવું જોઇએ.

આ સેન્ટર માટે જૂના સલાટ તથા મિસ્ત્રી લોકો પાસે પડેલા વારસાનો ઉપયોગ થવો જોઇએ. નહિતર સદીઓનું એ જ્ઞાન લુપ્ત થઇ જવાનું. નવા ઘરોમાં ઊલટભેર આ પરંપરાગત બાંધકામ એકમોનો ઉપયોગ થાય એ માટેના જરૂરી પગલાંઓ પણ તાત્કાલિક અસરથી લેવાવા જોઇએ.

● **ઝૂંપડપટ્ટી સુધારણા :**

અત્યારે ભૂકંપને લઇને ભુજ શહેરને ઝૂંપડપટ્ટી સુધારણા માટે અનુપમ અવસર સાંપડ્યો છે.

આ કામ કરવા માટે "વ્યવહારુ લોકભાગીદારી" ઊભી કરવી પડશે. વ્યવહારુ લોક ભાગીદારી એટલે ભુજના પ્રબુદ્ધ નાગરિકો, ઝૂંપડપટ્ટીના આગેવાનો તથા સરકારી પ્રતિનિધિઓનો ત્રિવેણી સંગમ. આ ત્રણેના નિષ્ઠાવાન સભ્યોને લઇને "સ્લમ અપગ્રેડેશન કાઉન્સિલ"ની રચના કરવી જોઇએ.

આ કાઉન્સિલ દ્વારા પહેલા ઝૂંપડપટ્ટી સુધારણાના પગલાંઓની માસ્ટર કાર્ય સૂચિ તૈયાર કરાવી જોઇએ. પછી એ પગલાં લાગુ પાડવા ટેક્નિકલ વિંગ ઊભી કરાય.

આ માટે સૌથી પ્રથમ જરૂરિયાત છે સ્લમ માટે જરૂરી હાઉસ ડિઝાઇન. જણાય એવું છે કે "રો-હાઉસીસ સાથેનું ક્લસ્ટર પ્લાનિંગ" સ્લમ માટે આદર્શ બનશે. આ ઉપરાંત સ્લમમાંથી શહેરના મુખ્ય માર્ગો પસાર થવા જોઇએ. જેથી ઝૂંપડપટ્ટીનું અસ્તિત્વ શહેરથી અલગ ન રહે પરંતુ તે શહેરનો જ એક ભાગ બની રહે.

ઝૂંપટપટ્ટીમાં રસ્તાઓ, ગટર, પાણી તથા ઇલેક્ટ્રિસિટીનું સુદૃઢ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોવું જોઇએ. આ સિવાય વ્યાપક પ્રમાણમાં વૃક્ષ વાવેતર પણ હાથ ધરવું જોઇએ. પૂરતા પ્રમાણમાં બાગબગીચા તથા રમત ગમતના મેદાનો પણ સ્લમમાં હોવા જોઇએ. આ ઉપરાંત નિશાળો પણ હોય.

આ સિવાય મોટાભાગનાં શહેરનો શ્રમજીવી વર્ગ સ્લમમાંથી આવતો હોય છે જે અથડાઇ કૂટાઇને કડિયાથી માંડી અન્ય વ્યવસાયો શીખ્યો હોય છે. સ્લમનો અભ્યાસ કરી તેમાં લોકો શા શા વ્યવસાય કરે છે તેનો Database પહેલાં તૈયાર કરી ત્યારબાદ તેમના વ્યવસાયોમાં તેઓ વધારે સારું કામ કરી શકે. વધુ રોજ મેળવી શકે તે માટેની ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટ વ્યવહારુ સ્વરૂપની ઝૂંપડપટ્ટીમાં જ કરવી જોઇએ. આ ટ્રેઇનિંગ ઇન્સ્ટિટ્યૂટમાં કડિયા, સુથાર, લોહાર, ઇલેક્ટ્રિશિયન, ગેસ રિપેરર, વણકર વગેરે પ્રકારના વ્યવસાયોની વ્યવહારુ તાલીમ આપવાથી ઝૂંપડપટ્ટીના નિવાસીઓનું આર્થિક ધોરણ ઊંચુ આવશે જેથી જીવન ધોરણ સુધરતાં ઝૂંપડપટ્ટીઓના આવાસો સુધરતા જશે.

● **સોસાયટી વિસ્તાર :**

એક રીતે જોઇએ તો સોસાયટી વિસ્તાર અત્યારના સંજોગોમાં સૌથી વિશેષ દિશા વિહીન વિસ્તાર છે. સોસાયટીઓ મોટા ભાગે બિલ્ડર્સ દ્વારા ઊભી થઇ છે અને બિલ્ડરનું ધ્યેય વધારેમાં વધારે નફો મેળવવાનો હોય છે. આને કારણે જ સોસાયટીમાં પ્લોટોની સંરચના સંવેદનહીન છે. તેમાં વ્યક્તિ કે કુટુંબના જીવનને વધુ બહેતર બનાવવાની કોઇ વિભાવના નથી. આથીજ સોસાયટી વિસ્તારમાં બહુજ પાંગળુ, પરાણે આપેલું આંતરમાળખું રસ્તા, ગટર, પાણીનું જોવા મળે છે. પ્લોટની રચનામાં ભુજ શહેરમાં જમીનના ભાવો આસમાને રહેલા હોવાથી એફ.એસ.આઇ.

*હું પ્રથમ રહું તેનું નામ સ્પર્ધા અને મારો હરીફ પાછળ રહી જાય એનું નામ ઇર્ષ્યા. - ભગવદ્ ગીતા*

ઉલ્લંઘન સ્થાનિક સંસ્થાઓના સભ્યોના સહકારથી ભુજમાં ખૂબ થયેલા છે. આ માટે એપાર્ટમેન્ટનો અભ્યાસ જ બસ થઇ પડશે.

બીજું કેઇસ સ્ટડી તરીકે ભુજનો સૌથી મોટો સોસાયટી વિસ્તાર સંસ્કાર નગર જ લઇએ. અહીં અનેક બિલ્ડરોએ સ્કીમો કરી છે. આનાથી અનેક સોસાયટીઓ અસ્તિત્વમાં આવી. પરંતુ આ દરેક સોસાયટી અલગ અસ્તિત્વ ધરાવે છે. જુદી જુદી સોસાયટીઓ વચ્ચે ઇન્ટર કનેકશન ન હોવું એ સોસાયટીનો મુખ્ય પ્રશ્ન છે. આને કારણે સોસાયટીમાં વસતી વ્યક્તિ અને કુટુંબ અલગતાનો શિકાર બને છે. આ પ્રક્રિયા માટે એટલે જ "સોસાયટી કલ્ચર" શબ્દ વપરાશમાં આવ્યો છે.

આથી મુખ્ય પ્રશ્ન એ છે કે સોસાયટી વિસ્તારમાં પરસ્પર આદાન-પ્રદાન કેમ ઊભું કરશું?

આનો વ્યવહારિક ઉકેલ એ જણાય છે કે ભુજના જુદા જુદા વિસ્તારોનો અભ્યાસ કરી તેમાં સોસાયટીઓના જૂથો ભૌગોલિક તથા સાંસ્કૃતિક અભ્યાસ કરી ઊભા કરવા જેમ કે શક્તિનગર, સંસ્કાર નગર-૧, સંસ્કાર નગર-૨, ગાયત્રી મંદિર સામેની મોતીલાલ નહેરુ વ્યાયામ શાળાની આગળ આવેલ સોસાયટીનું જૂથ તથા પાછળનું જૂથ, જ્યુબિલી + આનંદ + ઓરિયેન્ટ કોલોની વગેરે.

હવે આના વચ્ચે ઇન્ટર કનેક્શન ઊભું કરવું હશે તો આના પણ ફળિયા સમિતિ જેવા મંડળો ઊભા કરી, ઉત્સવો વગેરે સંયુક્ત રીતે ઉજવતાં થવું પડશે. સંગીત-નાટક-નૃત્ય જેવી સામાજિક પ્રવૃત્તિઓ પણ કરી શકાય, આ માટે એક કોમન "કોમ્યુનિટી હોલ" જો ઊભો થાય તો ઘણી સહેલાઇ પડે.

નવા સોસાયટીના પ્લોટ ફોર્મેશનમાં અભિયાને જે જી.આઇ.ડી.સી.માં ક્લસ્ટર પ્લાનિંગ કર્યું છે તે બિલ્ડરોએ અપનાવવું જોઇએ જેથી ભવિષ્યમાં સોસાયટી કલ્ચર વધુ ન વિસ્તૃત થાય. આ માટે આર્કિટેક્ટ એન્જિનિયરે બિલ્ડિંગમાં "લે આઉટ" પર ખૂબ ધ્યાન આપવું પડશે. જે અત્યારે નથી અપાતું. કારણ લે આઉટ ઓફ પ્લોટમાંથી જીવનરીતિ જન્મ પામે છે.

હવે શહેર માટે લાંબા અને ટૂંકા ગાળાના પ્રશ્નો તથા તેના ઉપાયો ટૂંકમાં જોઇ જઇએ.

**૧. જળસ્રોતોની જાળવણી :**

અત્યારે દેશભરમાં જળસ્રોતો પર દબાણ અને જળની ગંદકી મુખ્ય પ્રશ્ન બન્યા છે ત્યારે ભુજના નાનાથી માંડી મોટા જળસ્રોતોને અંકિત કરી, તેમાંથી ભરાવો દૂર કરી, તેની સ્વચ્છતા માટે લાંબા ગાળાનું આયોજન કરવું પડશે.

વાવ, કૂવા, તળાવડી, તળાવ બધાને ગણી ગણીને જાળવવા પડશે. ખાસ કરીને કચ્છ જેવા સૂકા પ્રદેશમાં જળસ્રોતો જ જીવનદાતા છે. ભુજમાં અસંખ્ય કૂવાઓ આવેલા છે તેનું રિ-ચાર્જિંગ મોટા સ્તરે હાથ ધરવું જોઇએ.

**૨. હરિયાળું ભુજ :**

ભુજની વસતિ સરાસરી બે લાખની ધારીએ અને વ્યક્તિદીઠ આવતા ૧૦ વર્ષોમાં ૧૦ વૃક્ષ વાવેતરનું લક્ષ રાખીએ તો એ એક વ્યવહારિક લક્ષ્ય બની રહેશે. એનો અર્થ ૧૦ વર્ષમાં ૨૦ લાખ વૃક્ષો વાવવાના છે.

**૩. ફળિયાઓમાં વાંચનાલય :**

સમગ્ર ભુજના દરેક ફળિયામાં લાઇબ્રેરી થાય તો બહુ જ સારું પરંતુ એ ન કરી શકાય તો કમસેકમ વાંચનાલય તો હોવા જ જોઇએ. આ માટે બસસ્ટેન્ડો પાસે વેઇટિંગ સ્પેસ પર પણ વર્તમાનપત્રો મૂકી શકાય.

**૪. ગરીબ ચોકો :**

ભુજ માટે નવરાત્રી ચોકો અતિ મહત્ત્વના છે. નવા શહેરમાં ફરીથી ગરબી ચોકો આરક્ષિત કરી લેવા જોઇએ જેથી નવરાત્રીનો લોકોત્સવ લોકો પ્રેમથી માણી શકે.

**૫. પાર્કિંગ :**

સમગ્ર શહેરમાં લાંબા ગાળા માટે પાર્કિંગનું આયોજન કરવા માટે ખાસ કરીને "લોક ભાગીદારી" અતિ જરૂરી છે કારણકે લોકોને ખબર પડશે પાર્કિંગ ક્યાં ક્યાં જોઇશે?

**૬. યુરિનલ - ટોઇલેટ :**

સમગ્ર શહેરમાં યુરિનલ ટોઇલેટ ખુલ્લી શૌચાલયો અત્યારથી નક્કી કરવા જોઇએ. મહિલાઓ માટે ખાસ અલાયદી વ્યવસ્થા મૂકાય કારણ મહિલાઓ માટે કોઇ વ્યવસ્થા નથી હોતી. આને પેમેન્ટ સીસ્ટમથી ચલાવાય તોજ સ્વચ્છતા જળવાશે.

**૭. ગુજરી બજાર :**

કચ્છમાં અનેક એન્ટીક આઇટમો મળે છે. તેની ખૂબ ડિમાન્ડ પણ છે. આ માટે સરપટના નાકા પર એક ગુજરી બજાર બનાવવી જોઇએ. ગુજરી બજાર શહેરનો એક સુંદર આયનો છે. જેમાં શહેરની વિશિષ્ટતા જોઇ શકાય. ગુજરી બજાર વિસ્મય માટે પણ અદ્‌ભુત સ્થાન છે.

**૮. ખાણીપીણી બજાર :**

ભુજના લોકો લારી ગલ્લા પર ખાવાના અતિ શોખીન છે. એને વૈજ્ઞાનિક રૂપ આપીએ તો એમાં કાંઇ ખોટુંય નથી. આ માટે ખાણીપીણી બજાર વિચારી શકાય. આનું કુદરતી સ્થાન "મહાદેવ ગેટ" છે. ક્યાં હોવી જોઇએ? લેકવ્યુ પાસે? ખેંગારપાર્કની લૉનને ખાણીપીણી બજારમાં ફેરવી શકાય?

**૯. સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને રમતગમતના મેદાનો :**

આ પ્રવૃત્તિ શહેર કાઉન્સિલ નગરપાલિકાના સહકારથી કરી શકે. દરેક વિસ્તારને રમત-ગમતનું મેદાન એ આપણું સૂત્ર બને. ભુજમાં અદ્યતન સ્પોર્ટસ કોમ્પલેક્સ બનવાનું છે. તેમાં "લોકભાગીદારી" જોઇએ.

**૧૦. કચ્છ યુનિવર્સિટી :**

આના માટે કચ્છની વિશિષ્ટતાને ધ્યાનમાં લઇને કચ્છ યુનિવર્સિટીની જમીન તૈયાર કરવી પડશે. આમાં પણ "લોક ભાગીદારી" મહત્ત્વની બનશે.

**૧૧. હેરિટેજના સ્થાનોનું પુનઃનિર્માણ:**

આને લગતી ઇમારતોની સૂચિ તૈયાર છે. ભુજમાં હેરિટેજ સોસાયટીની સ્થાપના પણ થઇ છે. હેરિટેજની જાળવણીથી શહેરની અસ્મિતા ટકે છે તથા એની ઓળખ "હેરિટેજ વોક"થી થાય. આથી 'હેરિટેજ વોક' ગોઠવવો જોઇએ. આની સાથે ટૂરિઝમને સુચારુ રીતે સાંકળી શકાય. ભુજિયા ડુંગર પરના કિલ્લાને

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)

*જીવનમાં વધુ પડતી લાલચ પણ ચેપી રોગની બીમારી જેવી હોય છે.*

# કચ્છનું માંડવી બંદર જ્યાં છે એક અદ્‌ભુત દરિયા કિનારો!

• સંકલન : ભવાનજી શિવજી નાંગલપુરવાલા •

ભારતમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવનાર ગુજરાત રાજ્ય છે અને એમાં પણ ૩૨૫ કિલોમીટર લાંબો સાગર કાંઠો ધરાવનાર કચ્છ જિલ્લો છે. કચ્છના લાંબા સાગરકાંઠામાં લખપત, કોટેશ્વર, જખૌ, માંડવી, મુંદ્રા, તુણા, કંડલા, જંગી, ખારી ટકોર, ભદ્રેશ્વર, શિકારપુર એ બધાજ પ્રાચીન અર્વાચીન બંદરોના નામ છે. તેમાંના ઘણા લુપ્ત થઇ ગયા છે પણ આજે કંડલા અને મુંદ્રા ભારતનાં સૌથી વધુ વ્યસ્ત મહાબંદર બનેલ છે.

આટલો લાંબો સાગર કિનારો હોવા છતાં જ્યાં માણસો હરીફરી શકે મોજ માણી શકે તેવો દરિયા કિનારો ફક્ત કચ્છ માંડવીમાં જ છે. અરબી સમુદ્રની કચ્છની ખાડીના કિનારા પર આવેલ માંડવી બંદરનો દરિયા કિનારો કદાચ ભારતનાં શ્રેષ્ઠતમ દરિયાઇ તટોમાંનો એક છે. માખણ જેવી મુલાયમ અને ચાંદી જેવી ચમકતી સ્વચ્છ રેતી, વિશાળ અર્ધચંદ્રાકાર દરિયાનાં કિનારાનાં અને ચોમાસા દરમિયાન આભલામાંના ગોખમાં ખિલતી અને આથમતી સંધ્યાના અદ્‌ભુત રંગોની રંગોળી જેના હૃદયમાં પૂરાયેલી છે તેવાં માંડવી નગરનાં નિવાસીને ખ્યાલ છે કે દરિયાને દેવ શા માટે કહેવામાં આવે છે. માંડવી નિવાસીઓનો સ્વભાવ મોજીલો હોવાનું એક કારણ આ દરિયા દેવનાં અદ્‌ભુત સૌંદર્યના તેઓ માલિક છે તેવી વિશાળ ભાવના તેમના હૃદયમાં રહેલી છે. જે કોઇ સૌંદર્ય પ્રેમીએ માંડવીના દરિયાકિનારાની મોજ એકવાર માણી હોય તે જીવનભર તેના સંસ્મરણોમાં રહે છે. શાંત પ્રકૃતિ ધરાવતો આ કુદરતી માંડવીનો બીચ તેની વિશાળતા, સ્વચ્છતા તથા રમણીયતામાં ભારતનાં અનેક સાગરના કિનારાઓને ક્યાંય પાછળ મૂકી દે છે. વિજયવિલાસ પેલેસ પાછળ ભૂતકાળમાં વિકસાવેલા નાળિયેરના બગીચામાંથી દરિયાદેવનું દર્શન કરતી વખતે કેરળના બેક વોટર્સના સૌંદર્યને પણ ભૂલી જવાય છે.

જગતનાં મશહૂર દરિયા કિનારાઓ પૈકી કેલિફોર્નિયા, ઓસ્ટ્રેલિયા, પટાયા, રિયા-ડી જાનેરોના દરિયા કિનારાની મોજ માણી આવેલ વિદેશી પ્રવાસીઓ પણ અહીં આવીને જુએ છે ત્યારે ખુશ થઇ જાય છે. માંડવીનો દરિયા કિનારો ત્સુનામી અને વાવાઝોડાં જેવી કુદરતી આફતો સામે કુદરતી રીતે રક્ષાયેલો છે. અહીં દરિયાઇ જીવો પણ મર્યાદિત હોઇ પ્રકૃતિ પ્રેમી પર્યટકની મોજમાં ખલેલ પહોંચાડતા નથી. સફેદ રંગના સીગલ નામના પક્ષી અહીં વધુ પ્રમાણમાં જોવા મળે છે.

આજે જેવી રીતે ઇંગ્લેન્ડનો કિનારો નજરે ચડતાં જ બિગબેન ટાવર તેમજ લંડન બ્રિજ દેખતાં જ લંડન પહોંચ્યાની લાગણી થાય છે. એવી જ રીતે ઝાંઝીબાર, દુબઇ કે આફ્રિકાના પ્રવાસેથી પાછા ફરતા મુસાફરોને કચ્છ માંડવીનો રૂકમાવતી પુલ, બાંધકામના અદ્‌ભુત નમૂનાવાળી ધર્મશાળા તથા દીવાદાંડીના દર્શન થતાં આપણે કચ્છ માંડવી પહોંચ્યા છીએ તેવો અહેસાસ થાય છે. માંડવીના દરિયા કિનારાની પટ્ટી મુંબઇનાં મરીન ડ્રાઇવની માફક અર્ધચંદ્રાકાર ગોઠવાયેલી છે. ભરતીનો દરિયો શાંત-સરોવર જેવો કુદરતી દેખાય છે. શરદપૂનમ, હોળી, અષાઢી બીજ જેવા તહેવારો દરમ્યાન આ દરિયાકાંઠો માનવ દરિયો બની જાય છે. દરેક પ્રકારના મોજ મસ્તી પિકનિક પ્રેમી, પ્રકૃતિ પ્રેમી અને ઉત્સવ પ્રેમી લોકો અહીં મેળાનો માહોલ ઊભો કરે છે. રવિવારના દિવસે આ કાયમી મેળાનું સ્થાન છે. ખારવાઓની રવાડી વખતે આ કિનારો જીવંત બની જાય છે. સાગર સ્નાન માટે આ કિનારો હકીકતમાં અદ્‌ભુત છે. કલાકોનાં કલાકો સુધી પાણીમાંથી બહાર નીકળવાનું મન ન થાય એવો કુદરતી કિનારો છે. જો કે અહીંનો દરિયો બળવાળો હોવાથી ભરતી-ઓટ વખતે ખૂબ સાવચેતી પણ રાખવી જરૂરી છે. અહીંની ઝીણી મુલાયમ રેતી પાણીના પ્રવાહના કારણે સરતી રહેતી હોવાથી પગ નીચેથી ધરતી ખસતી હોય એવો અનુભવ થાય છે. અનુભવી તરવૈયા સિવાય દરિયામાં જવાનું જરાપણ જોખમ લેવું નહીં. જુલાઇ મહિના દરમિયાન 'વાળા' નામના વાદળી રંગના જંતુઓનો વિશેષ ઉપદ્રવ હોય છે અને તે ડંખ મારતા હોય છે.

માંડવીનું મહત્ત્વ કચ્છનાં રાજાઓ માટે તથા દિલ્હી પર રાજ કરતા ભારતના રાજાઓ માટે ખૂબ જ અગત્યનું રહેલ છે. દિલ્હીથી સૌથી નજીક તથા સગવડો ધરાવતું બંદર હોવાના કારણે અહીં હંમેશાં વેપાર ધમધોકાર રહેલ છે. આ કારણસર અહીંના લોકોમાં પણ એ ધંધામાં આકર્ષણ થતાં ઘણાં લોકો પોતાના મૂળ ધંધા તરીકે વહાણવટાને અપનાવેલ છે. આના કારણે માંડવીએ ઘણાં સાહસિક સાગરખેડૂઓ તૈયાર કરેલ છે. જૂના જમાનામાં ભારતનાં મોટા ભાગનાં બંદરો પર યુરોપિયનો અને ખાસ કરીને પોર્ટુગીઝોએ કબજો જમાવ્યો હતો. વિદેશ જોડે તેઓની અવર જવર ચાલુ રહે તે માટે બંદરો પર કબજો જમાવવો જરૂરી હતો. ધીમે ધીમે અંતરિયાળ પ્રદેશોમાં અમુક પ્રજાએ કબજો જમાવ્યો અને બાકીના પાછા ચાલ્યા ગયા. દિલ્હીનાં તખ્ત પર બેઠેલા મોગલો પણ કચ્છનાં મહારાઓને ઊંચું સ્થાન આપતા. કેમકે એમના આયાત નિકાસ વેપાર અને મક્કા મદીના જવા માટે માંડવી બંદરનો ઉપયોગ કરતા. વાસ્કો-ડી-ગામા પણ ભારતનો રસ્તો શોધવા નીકળ્યો હતો ત્યારે ઝાંઝીબારથી ભારતનો રસ્તો માંડવીના કાનજી માલમે જ એને દેખાડ્યો હતો અને તેને ભારતના કિનારે લઇ આવેલ હતો. આ બધાને કારણે માંડવીની નગર વ્યવસ્થા પણ ખૂબ સુંદર રાખવામાં

*મોટા લક્ષ્ય ખાતર અંગત સ્વાર્થ છોડી દેવો જોઈએ.*

આવેલ અને ભુજની જેમજ અહીં પણ રાજસ્વી બાંધકામો અને મહાલયો બન્યાં. જૂના માંડવીમાં આઠ મીટર ઊંચાઇનો કિલ્લો હતો. જેમાં ઘણાં દરવાજા હતા તથા પચીસ જેટલા મોટા થાંભલા હતા. આજે આ કિલ્લાનો મોટાભાગનો વિસ્તાર નાશ પામેલ છે. દક્ષિણ તરફનો સૌથી મોટો થાંભલો દીવાદાંડી તરીકે ઉપયોગમાં લેવાય છે.

૧૯૮૬માં અહીંના દરિયા કિનારે વિન્ડફાર્મની પવનચક્કીઓ ઊભી કરવામાં આવી જે ૧.૬ મેગાવોટ ગ્રીડ ક્વોલિટીની વિદ્યુત ઊર્જા પૂરી પાડે છે. કુદરતી વાતાવરણ ધરાવતો આ દરિયા કિનારો પર્યટન વિભાગ અને ગુજરાત સરકારના પ્રયત્નોને કારણે ટૂંક સમયમાં સારો એવો વિકાસ પામશે એવી આશા છે.

છેલ્લા કેટલાંક વરસોથી વધુને વધુ વિદેશીઓ કચ્છ માંડવી બંદરની મુલાકાતે આવે છે. એમાંના એક જગલુર વેઇનનાં અનુભવોને જોઇએ. એના કહેવા મુજબ વળાંકવાળો સફેદ રેતીનો કિનારો, એ કચ્છ માંડવીના દરિયાની ખાસિયત છે. માંડવી બીચ એ જાતે અનુભવવાં જેવું રમણીય સ્થળ છે. ભુજથી તમે નીકળો એટલે રસ્તાની બન્ને બાજુએ રણપ્રદેશનાં જંગલી બાવળ જ વધારે પ્રમાણમાં દેખાય છે. પછી જેમ જેમ તમે માંડવીની નજીક પહોંચો છો તેમ તેમ તમને અહેસાસ થાય છે કે તમે કોઇક દરિયા કિનારાની નજીક જઇ રહ્યા છો. ધીમે ધીમે નાળિયેરી તેમજ તાડની સંખ્યા વધતી જાય છે અને હવામાં ભેજ ભળે છે. માંડવીની નજીક પહોંચતા જ દરિયાઇ રેતીની સુગંધ તમને એક અલગ અનુભૂતિ કરાવે છે.

વિદેશીઓને આકર્ષવા માંડવીના મુખ્ય બીચથી થોડેક દૂર ઉત્તર પશ્ચિમ દિશામાં એક અન્ય બીચને ડેવલપ કરવામાં આવેલ છે. આ બીચ વિજય વિલાસ પેલેસનો ખાનગી બીચ છે જેનો ઉપયોગ અગાઉના વખતમાં રાજવી કુટુંબો કરતા. આ દરિયાકિનારા પર એક “બીચ કેમ્પ” બનાવવામાં આવેલ છે. એમાં ૧૦ લકઝુરિયસ ટેન્ટ, સંપૂર્ણ સગવડતાઓ, વરંડા સાથે ઊભા કરાયેલ છે. અહીંયાં રહેવાની અને ખાવા-પીવાની બધીજ સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રાગસરની પ્રાઇવેટ શાહી પરિવારની સેન્ચુરીની સફરમાં મગર, કાચબા, બગલાઓ તથા ક્યારેક ફ્લેમિંગો, ગોડવીટસ, સેન્ડ પાઇપર કે ગલ્સ જેવા પક્ષીઓ પણ જોવા મળે છે. અહીં દરિયા કિનારે રેતીમાં ઊંટ તથા ઘોડેસવારી પણ કરી શકાય છે. નજીક આવેલા નાની રાયણમાં સિંધુકાલીન સંસ્કૃતિની નિશાનીઓ પણ મળી આવેલ છે. માંડવી બંદરથી અન્ય બંદરોની ફેરી સર્વિસ, ક્રુઝ લકઝરી લાઇનર જેવી સેવાઓ, દરિયાઇ જીવોના દર્શન માટેની વ્યવસ્થા, દરિયાઇ સ્કૂટર, સ્પીડ બોટ, ગ્લાઇડર જેવી દરિયાઇ સ્પોર્ટસની સુવિધા, દરિયા કિનારે મનોરંજનના સાધનો, આધુનિક સગવડતાવાળી હોટલો, દરિયા કિનારે પહોંચવા માટેના સારા રસ્તાઓ વગેરે બાબતો પર પૂરતું ધ્યાન આપી માંડવીનો યોગ્ય રીતે વિકાસ થાય તો ફરી એક વખત માંડવીની જાહોજલાલી અન્ય પર્યટન સ્થળો જેવી રમણીય બની શકે છે.

*સાંતાક્રુઝ (વેસ્ટ) મુંબઇ-૪૦૦ ૦૫૫.*

## સંતુલિત શહેરી વિકાસ

**(અનુસંધાન : પાના નં.-૨૨ ઉપરથી ચાલુ)**

પણ પુનઃનિર્મિત કરવો જ પડશે.

**૧૨. એન.આર.આઇ. રિસોર્ટ :**

કચ્છીઓનો બહુ મોટો ભાગ વિદેશ વસે છે. ભૂકંપ બાદ અનેક એન.આર.આઇ.ને નવું ભુજ જોવા ઇચ્છા થશે. આ લોકો મનગમતા વાતાવરણમાં રહી ભુજ શહેરમાં જેટલો સમય રહેવું હોય તેટલો સમય પ્રેમપૂર્વક રહી શકે એ માટે “રિસોર્ટ” કે એન.આર.આઇ. ભવન નિર્માણની રચના દૂરંદેશીભરી થઇ રહેશે. કારણકે એ ભુજ શહેર તથા બિન નિવાસી કચ્છીઓ વચ્ચેનો સેતૂ બની શકશે.

● **સમાપન :**

અનેક વિચારો આ શહેર વિશે કરી શકાય. પરંતુ બધીજ વસ્તુનું એક હાર્દ હોય છે. એને ઉદ્દેશવાથી બધું જ પાર પડી જતું હોય છે.

અત્યારે જાગૃત નાગરિકનો આ શહેરમાં જબરદસ્ત અભાવ વર્તાય છે. જેના પરિણામ સ્વરૂપ નાગરિક બિચારો બન્યો છે અને સરકાર તથા વહીવટીતંત્ર સર્વેસર્વા બન્યા છે. એક ધૂળનો ઢગલો હટાવવો હોય તો આપણે “ભાડા” પાસે દોડી જઇએ.

સુરાજ્ય એ છે જેમાં સરકારનું ઓછામાં ઓછું શાસન હોય અને જ્યાં નાગરિક અભિપ્રાયનું જબરદસ્ત વજન હોય. કારણકે નાગરિક જ શહેરનો શહેનશાહ છે, વહીવટીતંત્ર નહિ. વહીવટીતંત્ર તો એક કામ કરવાની વ્યવસ્થા છે જેણે શહેરના નાગરિકોની ઇચ્છા મુજબ કામ કરવાનું છે. આ ત્યારે સિદ્ધ થશે જ્યારે પોતાના હક્ક સમજતો અને ફરજ બજાવતો નાગરિક પેદા થશે. ત્યારે અને ત્યારે જ માત્ર શહેર પ્રત્યેની આપણી ભાવનાઓ કાર્યમાં પરિવર્તિત થઇ ફળીભૂત થતી દેખાશે. આના માટેનું ધ્યેય છે “લોક સ્વરાજ્ય” અને આના માટેનું સાધન છે “લોક જાગૃતિ.” જે કોઇ પણ રીતે કેળવવી જ રહી. તોજ શહેરમાં હંમેશને માટે સૂર્યોદય થાય, સર્વોદય થાય.■

## કચ્છી નવા વર્ષનું મહત્ત્વ

**(અનુસંધાન : પાના નં.-૧૭ ઉપરથી ચાલુ)**

મહત્ત્વનો દિવસ છે.

આ રીતે આખા ભારત દેશમાં કેવળ કચ્છ અને હાલારનાં લોકોએ જ અષાઢી બીજનાં નવા વર્ષની પ્રાચીન વૈદિક પરંપરાને જાળવીને રાખી છે. એજ આપણાં સહુને માટે ગૌરવની વાત છે અને આવી રીતે દર વર્ષે આપણે અષાઢી બીજ અને તે દિવસથી શરૂ થતું નવું વર્ષ ગૌરવપૂર્ણ રીતે ઉજવતા રહીએ એવી આશા રાખું છું અને છેલ્લે ઓધવ અબડેજી ભૂમિ કે પાંજા સદાયે નમન નમન

*સતી સંતેંજી ઈ તપોભૂમિ, કચ્છજી ગાથા પાં કર્યો શ્રવણ*
*કચ્છડો અસાંજો વ્હાલો વતન, મામોમજા હિત બહુ રતન*
*ઈનલા ન્યોછાવર તન મન ધન, ઈનજો સદા પાં કર્યું જતન*
*ઈનજો સદા પાં કર્યું જતન*

આ હૃદયોદ્‌ગાર સાથે વિરમું છું.

*૪૦૨, શ્રીનાથ કોમ્પ્લેક્સ, જીવનજ્યોત સિનેમા સામે, ઉધના મેઇન રોડ, ઉધના, સુરત.*
*મો. ૯૮૨૫૪ ૪૬૫૮૩*

*ક્રમમાં જીવન હશે તો શાંતિ અને સફળતા મળશે.*

# ભુજની ઐતિહાસિક અને ધાર્મિક "મોટીપોશાળ જાગીર"

• વિજય રતિલાલ લાલકા •

આજની ચર્ચા ભુજની ધાર્મિક અને ઐતિહાસિક જાગીર એવી મોટીપોશાળ જાગીરની કરશું.

મોટીપોશાળમાં જ્યાં આરાસુરી માતાજી, સરસ્વતી, શિવ અને તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથજીનું દેરાસર આવેલું છે.

જ્યારે ખેંગારજી છછરબુટા સાથે અમદાવાદ જતા હતા ત્યારે જૈન સાધુ માણેકમેરજીએ આપેલી સાંગ (ભાલો) આ બધી ઐતિહાસિક કથા ટૂંકમાં જોઈએ.

"જો ખેંગારજી માણેકમેરજીને ન મળ્યા હોત તો કચ્છનો ઇતિહાસ અલગ હોત."

**• માણેકમેરજીનું મિલન :**

જામનગરના જામરાવળે હમીરજીનું દગો કરી ઘાત કર્યો અને એના વંશનો નાશ કરવા હમીરજીના કુંવરો ખેંગારજી તથા સાહેબજી પાછળ જામરાવળનાં લશ્કર પડ્યા. ત્યાં હમીરજીના સેવક છછર બુટો અને તેના મિત્ર ભીંયા કકલે વફાદારી કરી, બન્ને કુંવરોની જાનની રક્ષા કરી કચ્છનાં રણને પાર કરવા મદદ કરી.

ખેંગારજી આગળ જતાં આજના રાજકોટ જિલ્લાના મોરબી તાલુકાના ચરાવડા ગામે રોકાયેલાં. જ્યાં જ્યોતિષ સામુદ્રિકશાસ્ત્રના મહાન વ્યક્તિ માણેકમેરજી જેઓ અચલગચ્છનાં મોરપીંછ સમાન સાધુ સાથે - મેળાપ થયો.

કિશોર ખેંગારજીની પગની રેખાઓ જોઇ તેમણે ભવિષ્યની આગાહીઓ કરેલી. અને આ બાળક રાજા થશે એવી આગાહી પણ કરેલ.

યતિ શ્રી માણેકમેરજીએ એ સમયે આસો નવરાત્રી હોવાથી હોમ કરાવ્યા અને માતાજી પાસેથી કચ્છ રાજકુંવરો માટે સહાય માંગી. એવી દંતકથા છે કે, માતાજીએ તેમને યજ્ઞકુંડમાંથી હાથોહાથ સાંગ આપેલી અને ભવિષ્ય કથન કરેલ કે આ સાંગથી તમારો વિજય થશે.

(*નોંધ :* આજ પણ વિજયાદશમીનાં રોજ માણેકમેરજીનાં વંશજો આ સાંગને શસ્ત્રપૂજન માટે લઇ જાય છે.)

ત્યારબાદ ખેંગારજી (પહેલાં) અમદાવાદ આવ્યા, તે સમયે અમદાવાદ પર મહંમદ બેગડો રાજ કરતા હતાં તે જ્યારે શિકારે નીકળેલ ત્યારે સિંહે તેમનાં પર હુમલો કર્યો ત્યારે ખેંગારજીએ માણેકમેરજીની આપેલ સાંગ વડે સિંહને માર્યો અને બેગડાની જાન બચાવી. તેથી રાજા ખુશ થયા. તેથી તેમની લશ્કરી સહાય લઇ જામ રાવળને કચ્છમાંથી દૂર કરી ખેંગારજીએ કચ્છ પર વિજય મેળવ્યો.

**• શુભ ભાવ લાગણી :**

માણેકમેરજી ગુજરાતના ઇતિહાસમાં હેમચંદ્રાચાર્યની સરખામણીએ છે. કચ્છ રાજપરિવાર રાજસત્તા સાથે તેમનું નામ આજે પણ અમર છે.

યતિ માણેકમેરજીની આ રાજસેવાની નોંધ કચ્છના ઇતિહાસને લગતા તમામ પુસ્તકોમાં લેવાયેલ છે. અંગ્રેજી લેખક વિલિયમ રસબ્રૂકે "બ્લેક હિલ્સ"માં પણ તેમની નોંધ પાના નં. ૧૦૮ પર લીધેલ છે.

કચ્છના પ્રથમ રાજવી બનેલા ખેંગારજી (સન ૧૫૧૦/૮૬) ગાદીએ આવ્યા બાદ આપત્તિકાળમાં પોતાને મદદનાં બદલા રૂપે, ગોરજી માણેકમેરજીને કચ્છ બોલાવી રાજગુરુ તરીકે બેસાડેલ અને તેમને રહેઠાણ માટે મોટીપોશાળ જાગીર (જે આજે પણ ઇતિહાસની કડીરૂપ અડીખમ ઊભેલ છે) બનાવી આપેલ, અને તેમનાં નિભાવાર્થે ગામ લખી આપેલ. રાજ્યમાં એમને વંશ-પરંપરાગત દરજ્જો આપી માન આપી "ઉપાધ્યાય"ની પદવી પણ આપેલ.

**• પોશાળના ગોરજી :**

ગોરજી હંમેશાં ખુલ્લે માથે રહેતા. પણ કચેરી (રાજદરબાર)માં ઉઘાડે માથે ન બેસાય. તેથી તેમના માટે ખાસ પ્રકારની ટોપી બનાવવામાં આવેલી. રાવ શ્રી ખેંગારજીએ સાંગ વડે સિંહને માર્યો તેની યાદગીરી તરીકે સિંહના બે કાન અને યુદ્ધની નિશાનીવાળી મખમલની ટોપીઓ ગોરજી પહેરતા હતા. તેમજ ભુજ નગરમાં રાવ દેશળજી બીજા (૧૮૧૯) નો દરબાર નવરત્નો વડે શોભતો હતો. એમાં અંજાર, માંડવી, ભુજનાં જૈન યતિઓની ગણતરી થતી હતી. તેમાં ભુજનાં મોટીપોશાળ જાગીરનાં ગોરજીનો સમાવેશ થતો હતો.

મોટીપોશાળ જાગીરનાં અધ્યક્ષશ્રી માણેકમેરજી ગોરજી તેમના અત્યારે (વર્તમાન) ગાદીપતિ પ્રવીણ મેરજી છે. તેમના અનુગામી જતીન મેરજી, દેવ મેરજી છે. ગોરજીનાં નામ પાછળ મેરજી પ્રત્યય બતાવે છે કે તેઓ મૂળે અચલગચ્છની "મેરૂ" શાખાના હતા. મેરૂનું રૂઢ વપરાશ મેરજી થઇ ગયેલ છે. ગોરજી જ્યોતિષ તંત્ર-મંત્રના જાણકાર હતા.

અત્યારના ગાદીપતિ પ્રવીણમેરજી જ્યોતિષ, યોગ, તંત્ર, મંત્ર તમામ વિદ્યાના જાણકાર છે.

**• ચાર ધાર્મિક સ્થાનનું સંગમ :**

જૂના શાક માર્કેટ પાસે ચાર રસ્તાથી આગળ ડાંડા બજાર આવે છે. ત્યાંથી ભુજનો આશાપુરા - રિંગરોડ પસાર થાય છે. તે રિંગરોડ પર "મોટીપોશાળ જાગીર" આજ પણ ઇતિહાસની કડીની યાદ અપાવે છે. સ્થાનકમાં પ્રવેશતા સામે રાજાશાહી સમયને યાદ અપાવતું કમાન સાથે અંબાજીનો ફોટો.

જાગીરમાં દક્ષિણે નાનું સરસ્વતીનું મંદિર છે. ભૂતકાળમાં કચ્છના કુંવરો અક્ષરજ્ઞાનની શરૂઆત અહીંથી કરતા અને તે સમયે જાગીરનાં ગાદીપતિ "ૐ નમઃ સિધ્ધાય"નો મંત્ર કાનમાં કહેતા.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)**

*મૂડીવાદ કોઇ ખરાબ કે અનૈતિક વસ્તુ નથી. આપણી સમસ્યા એ છે કે આપણે ત્યાં મૂલ્યવિહીન મૂડીવાદ છે.*

# અષાઢી બીજ - કચ્છી નવું વર્ષ

• સૂરજલાલ મહેતા - દિનેશ મહેતા •

*આય વલો અસાંજો વતન,*
*મુંજી માતૃભૂમિ કે નમન...*

સૌને 'કચ્છી નયેં વરેજી વધાઇયું', કચ્છી નવા વર્ષ નિમિત્તે હાર્દિક અને ભીની ભીની શુભેચ્છાઓ.

કચ્છ એટલે કચ્છી માડુઓની ભાતિગળ ભૂમિ. અષાઢી બીજ- કચ્છી માડુઓના નૂતન વર્ષનો એક અનોખો દિવસ. અષાઢી બીજના સમગ્ર કચ્છીજનોનું હૈયું હેલે ચડે. દેશ-વિદેશમાં કચ્છી માડુ એકબીજાને અષાઢી બીજના પ્રસંગે 'ભાવરેં કે નયેં વરેજા સાલ મુબારક' કહીને સર્વે શુભેચ્છા પાઠવતા હોય છે. આ રીતે, ચારે તરફ સૌ, આશાઓ અને નવી ચેતનાના પ્રેરક દિવસ તરીકે અષાઢી બીજને દિલના ઉમંગથી વધાવતા હોય છે.

બૃહદ કચ્છમાં આ પ્રસંગની જોશભેર ઉજવણી થતી હોય છે. તે સિવાય, અમદાવાદ, મુંબઇ, હૈદ્રાબાદ, ચેન્નઇ, મદુરાઇ, કોલકત્તા અને જ્યાં જ્યાં કચ્છવાસીઓ વસ્યા છે ત્યાં કચ્છનો માહોલ ઊભો કરીને આ દિવસે અચૂક ઉજવણી કરે છે. વતનથી સેંકડો માઇલ દૂર કચ્છીયતને ઉજાગર કરીને નવા વર્ષને પરસ્પર મિલન અને શુભેચ્છાઓની આપ-લેનું કચ્છીઓ એક નિમિત્ત બનાવે છે. કેટલાંક વર્ષથી કચ્છ-માંડવીમાં અષાઢી બીજનાં દિવસે દરિયાલાલનો ભવ્ય મેળો રંગ જમાવતો હોય છે ત્યાં દરિયા કિનારે પૂજા-અર્ચના દિલના ભાવથી કરવામાં આવે છે. કચ્છના ગામડાંઓમાં પણ આ દિવસે આનંદથી ઉજવણી કરવાની પ્રથા આજે પણ મોજૂદ છે.

ભૌગોલિક રીતે કચ્છ પ્રદેશ એક સિમાડે હોતાં, તેનાં અમુક પહેરવેશ, સંસ્કૃતિ વગેરેમાં આગવી છાપ ઉપસતી જોવા મળે છે. ઘણાં વર્ષો અગાઉ કચ્છ વિસ્તારની મુલાકાત લઇ ચૂકેલાં સાધુ-સંતોએ જણાવ્યું હતું કે કચ્છ પ્રદેશના લોકો અને અશ્વો ઉત્તમ કક્ષાના છે અને ત્યાંના હવા-પાણી દરેકને સ્વસ્થ રાખે તેવા છે. ત્યાંના લોકો મીઠી વાણી અને લાગણીમય સ્વભાવના છે. આવી ભૂમિ માત્ર કચ્છ જ છે, તેવી બીજે ક્યાંય જોવા મળશે નહીં. આ રીતે, કચ્છની ધીંગી ધરાના દર્શન કરવા તે પણ એક અનેરો લહાવો છે, તેમ અન્યત્ર કહેવાઇ રહ્યું છે તેમાં કાંઇ અતિશયોક્તિ નથી.

કચ્છવાસીઓ માટે અષાઢી બીજનું ઘણી રીતે મહત્ત્વ છે. અષાઢી બીજના દિવસે સૌ કચ્છીઓની મીટ આકાશ તરફ મંડાતી હોય છે. 'અષાઢી બીજ, કાં વાદળ કાં વીજ...' વાળી પંક્તિ મુજબ, તે દિવસે કચ્છી માડુ મેઘરાજાનો વર્તારો નક્કી કરતા હોય છે. વરસાદના એંધાણ પારખવાની કોશિશ કરતા હોય છે. વર્ષ દરમિયાન, સમગ્ર કચ્છ પ્રદેશમાં સારો વરસાદ થશે તેવો હર્ષોલ્લાસ અગાઉથી જ એટલે કે આ અષાઢી બીજના દિવસે વ્યક્ત કરી લેતા હોય છે. બીજા અર્થમાં, શ્રધ્ધા અને ઉમંગનો દિવસ એટલે અષાઢી બીજનો દિવસ. આ દિવસે, હંસાપીરદાદા જેવા સ્થળોએ ઉમંગભેર રીતે આખી રાત્રિ ઉર્સ-મેળાનું આયોજન થતું હોય છે.

કચ્છમાં અષાઢી બીજથી શરૂ થતા નવા વર્ષની શરૂઆત ક્યારથી અને કેવી રીતે થઇ હશે, તે બાબતે જુદા જુદા અભિપ્રાયો અને માન્યતાઓ પ્રવર્તે છે. આ સંબંધમાં અનેક દંતકથાઓ પ્રચલિત છે.

કચ્છી નવા વર્ષનો સીધો સંબંધ કચ્છના દરિયાઇ, ખાસ કરીને વિદેશ વેપાર સાથે રહેલો છે. વેપાર અર્થે કચ્છના માંડવી બંદરનો વિશ્વના ઘણાં દેશો સાથે સદીઓ સુધી અગત્યનો હિસ્સો હતો. તે સિવાય, કચ્છના અન્ય નાના બંદરો પણ વેપાર ક્ષેત્રે સક્રિય હતા. ખાસ કરીને, કચ્છનો દરિયાઇ વિદેશ વેપાર રાતા સમુદ્રના દેશો સાથે વિશેષ પ્રમાણમાં રહેતો હતો. આ રીતે, વેપારના હેતુસર દિવસ-રાત દરિયો ખૂંદતા લોકો દરિયાની ખાસ પૂજા-અર્ચના અષાઢી બીજના દિવસે ભાવપૂર્વક કરતા હતા. ખારવા લોકો પોતાના વહાણોને શણગારીને ઉત્સવને માણતા હતા. જે પ્રથા પાછળથી પણ ચાલુ રહી હતી. અન્ય એક ઉલ્લેખ મુજબ, જે-તે સમયના રાજાઓએ એક અથવા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા હાંસલ કરી હોવાથી તે દિવસને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

રાજાશાહીના સમયમાં કચ્છના રાજ દરબારમાં અષાઢી બીજની ઉજવણી ખૂબ જ ઠાઠમાઠથી થતી હતી. તે દિવસે રાજાના મહેલમાં દરબાર ભરવાનું આયોજન કરીને રાજા અને પ્રજાનું સ્નેહમિલન થતું હતું. શુકનરૂપે અષાઢી બીજનાં દિવસે સ્થાનિક ચલણ કોરીના સિક્કા બહાર પાડવામાં આવતા હતા. રાજાશાહી જવાથી આ બધી પરંપરા લુપ્ત થતી ગઇ છે. તેમ છતાં, નાળિયેર અને સાકર હાથમાં લઇને ચંદ્રદર્શન કર્યા બાદ, વડીલોને પગે લાગવાની પ્રથા થોડે ઘણે અંશે આજે પણ જળવાઇ રહી છે.

નોંધનીય છે કે, ભારતમાં અનેક સ્થળે નવા વર્ષની ઉજવણી કારતક અથવા ચૈત્ર માસમાં થતી હોય છે. માત્ર કચ્છ એક એવો પ્રદેશ છે કે જ્યાં નવા વર્ષની ઉજવણી ચોમાસાના અંતે નહીં પરંતુ શરૂઆતમાં એટલે કે અષાઢી બીજના રોજ થાય છે.

આજે પણ અષાઢી બીજના દિવસે મંદિરોમાં દર્શન કરવા જવાનું તેમજ વડીલો અને સ્નેહીઓને મળીને શુભેચ્છા પાઠવવાનો રિવાજ લોકોના અમુક વર્ગમાં ચાલુ છે. તે દિવસે પરિવારજનો મીઠાઇ ખાઇને અષાઢી બીજની માનભેર ઉજવણી આજે પણ કરે છે.

સમસ્ત કચ્છી પ્રજાને અષાઢી બીજની હાર્દિક વધાઇ.

તે સાથે, અષાઢી બીજના પાવન દિવસે ધરતીકંપની હોનારતનો ભોગ બનેલા આપણાં ભાંડુઓને નત મસ્તકે શ્રદ્ધાંજલિ અર્પીએ....■

*જે માણસ 'હું' અને 'મારું' થી બચી જાય છે, તેના માટે પૃથ્વી સ્વર્ગ સમાન બની જાય છે.*

વિચાર મંથન

# દીકરી પ્રત્યે વેરની ગરજ સારતા માવતરના વહાલ

• દિનેશ પાંચાલ •

અમારા એક મિત્રની નાની દીકરીનું નામ આયુષી. એની ખાસિયત એવી કે એને કોઇ અન્ય ખવડાવે તે ના ગમે. એ પોતે જ સ્વહસ્તે ભોજન આરોગે. મને આયુષીનું એ સ્વાવલંબન ગમ્યું. હરણીના બચ્ચાને ચાલવા માટે ચાલણગાડીની જરૂર પડતી નથી. કોયલના બચ્ચાને ટહુકો શીખવા માટે સંગીત શાળામાં જવું પડતું નથી. પણ માણસને બધું શીખવવું પડે છે. જોકે કેટલીક આવડતો માનવીમાં ઈનબિલ્ટ હોય છે. જન્મેલા બાળકને ધાવવાનું શીખવવું પડતું નથી. ઉંમર વધતી જાય તેમ બાળક બધું સ્વયં શીખી લે છે. પરંતુ મેં એવી માતાઓ જોઇ છે જે પોતાના આઠ નવ વર્ષના સંતાનોને પોતાના હાથે ખવડાવે છે. આવી પ્રક્રિયામાં માતાનું વહાલ પ્રગટ થતું હોય છે. પરંતુ એ વહાલ ભેગું, નરી આંખે ન દેખાય એવું અહિત પણ થતું હોય છે.

થોડા વર્ષો પૂર્વે અમે એક સોસાયટીમાં ભાડેના મકાનમાં રહેતા હતા. ત્યાં મેં એક એવા માણસને જોયો હતો જે પોતાના દસ બાર વર્ષના પુત્રને રેઈનકોટ પહેરાવી આપે, બટન મારી આપે અને સાઈકલના પાછલા કેરિયર પર દફતર પણ ગોઠવી આપે. એક અન્ય પાડોશી તો વળી એમની આઠ વર્ષની બેબીને સવારે દાંત પર ટુથબ્રશ ઘસી આપતા. વાલીઓએ સ્નેહને નામે સંતાનો સાથેની આવી અબૌદ્ધિક પરવરિશ બંધ કરવી જોઇએ. એક ચિંતકે કહ્યું છે, ‘બાળકને માછલી ખાવાનું શીખવવા કરતાં માછલી પકડવાનું શીખવો તે વધુ ઉપયોગી છે.’ વાત સાચી છે. ખાવાનું કામ કોઇને શીખવવું પડે એવું નથી. પરંતુ માછલી પકડવામાં કુનેહની જરૂર પડે છે. રોટલો બનાવવા કરતાં કમાવાનું કામ અઘરું હોય છે. બાળકનો યોગ્ય વિકાસ ઇચ્છતા માવતરે જીવનનાં સહેલાં કામો નહીં, અઘરાં કામો તેને શીખવવા જોઇએ.

જો કે આપણો વિષય બાળ ઉછેરનો નહીં, કન્યા ઉછેરનો છે. વીસ બાવીસ વર્ષ સુધી માબાપ સાથે જીવ્યા બાદ દીકરીઓએ સાસરે જવાનું હોય છે. લગ્ન, કન્યા માટે એક નવો અવતાર ગણાય છે. સ્ત્રીઓની સાચી મંજિલ તેમનું સાસરું હોય છે. સાસરામાં નવો માહોલ હોય છે. નવી જીવન વ્યવસ્થા હોય છે. ત્યાંના રિવાજો, ત્યાંના માણસો બધું જ નવું હોય છે. એ બધામાં પ્રત્યેક દીકરીને થોડી મુશ્કેલી પડે છે. પરંતુ પિયરમાં દીકરીનો ઉછેર ઠીક રીતે થયો હોય તો સાસરામાં તેને તકલીફ પડતી નથી. ઘરેણાના બોક્સમાં સોનાનો હાર ઠીક રીતે ફીટ થઇ જાય છે તે રીતે ટ્રેઇન થયેલી દીકરી સાસરામાં સેટ થઇ જાય છે.

વર્ષો પૂર્વે એક વાર્તા વાંચી હતી. તેમાં એક સાવકી મા કેવી અનોખી રીતે તેની સાવકી દીકરીનું અહિત કરે છે તેનું નિરુપણ છે. એ પોતાની સગી દીકરીને ઘરના બધાં કામો શીખવે છે. કચરા પોતાં, વાસણ, પાણી, રસોઇ, સીવણ, ભરત અને ઘરની સાફસફાઇથી માંડી ઘર ચલાવવાની બધી જવાબદારી તેણે દીકરીને માથે નાખી દીધી હતી. એ કારણે થયું એવું કે પોતાની દીકરી ઘરગૃહસ્થીના કામમાં ખૂબ હોંશિયાર બની શકી. પરંતુ સાવકી દીકરીને તેણે ઘરનું એકે કામ કરવા દીધું નહોતું. બલકે તે દીકરીને તેણે હીંચકે ઝૂલવાની સગવડ કરી આપી હતી. તે આખો દિવસ હીંચકે ઝૂલ્યા કરતી. બન્ને દીકરીના લગ્ન થયા ત્યારે પોતાની દીકરી સાસરામાં ઝડપથી સેટ થઇ જાય છે. પરંતુ સાવકી દીકરીને ઘરના કોઇ કામ આવડતા ન હોવાથી તેણે રોજ મહેણા ટોણા સાંભળવા પડે છે. તે દુઃખી દુઃખી થઇ જાય છે.

દીકરીઓના માવતર માટે આ વાર્તા બોધપાઠરૂપ છે. ઘણી માતાઓ દીકરીને માથે હથેળીના છાંયડા કરે છે પણ તેને ઘરના કામો શીખવતી નથી. એવા વહાલ ભવિષ્યમાં વેરની ગરજ સારે છે. બુદ્ધિ વિહોણા વહાલપમાં ઉછરેલી દીકરીઓ સાસરામાં વહુ તરીકે નિષ્ફળ જાય છે. બંદૂક ચલાવતાં ન શીખેલા સૈનિકને યુદ્ધ મેદાનમાં જે તકલીફ પડે છે તેવી તકલીફ અણશીખાવ દીકરીને સાસરિયામાં પડે છે.

અમારા એક મિત્રના જીવનની વાત છે. તેને પલ્લવી નામની ચૌદ વર્ષની દીકરી છે. ઘરમાં સાસુ વહુને જરાય બને નહીં. વહુ અબૌદ્ધિક અને ઝઘડાખોર. આખો દિવસ સાસુ પાસે બધાં કામો કરાવ્યે રાખે. લાચાર સાસુ ઘરડી ઉંમરે પણ ઘરનો બધો ઢસરડો કરે. ક્યારેક થાકેલી સાસુ પલ્લવીને કોઇ કામ સોંપે તો વહુ કડકાઇથી તેને અટકાવી દે. સાસુએ એક દિવસ કહ્યું, ‘પલ્લવી દહાડે દહાડે મોટી થતી જાય છે. એને ઘરના થોડાં ઘણાં કામો શીખવા દે નહીંતર સાસરામાં એને ખૂબ તકલીફ પડશે.’ સાસુની વાત સાચી હતી. પરંતુ વહુ પોતાની દીકરી પ્રત્યેના વહાલને કારણે (અને ખરું તો સાસુ પર જુલમ ગુજારવાના હેતુથી) દીકરીને કોઇ કામ કરવા દેતી નહોતી. જરા કલ્પના કરો, ઉપર્યુક્ત વાર્તામાંની સાવકી માતા જેવું જ વલણ આ સગી માતા નથી અપનાવતી શું? ફરક એટલો, વાર્તામાં સાવકી મા દીકરીની દુશ્મન બને છે. અહીં સગી માતા એ ભૂમિકા ભજવે છે.

ઉત્તમ તો એજ કે દીકરી પ્રત્યે જેટલું વધારે વહાલ હોય તેટલી કડક ટ્રેનિંગ આપી તેને પારકા ઘર માટે તૈયાર કરવી જોઇએ. જેથી દીકરી સાસરે જઇને સ્વયં પણ સુખી રહે અને સાસરિયાઓને પણ સુખી કરે. દીકરી સાસરામાં દુઃખી હોય તો માબાપની ઊંઘ હરામ થઇ જાય છે. યાદ રહે, હજી સુધી એવા સાસરિયાઓ પાક્યા નથી જેઓ ડફોળ વહુ પામીને દુઃખી ના થયા હોય! અને એવા માવતર પણ પાક્યા નથી જેને સાસરામાં દુઃખી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૦ ઉપર)**

***જે વ્યક્તિ જોખી તોળીને બોલે છે, તેણે કદી કઠોર વાત સાંભળવી પડતી નથી.***

# સમાજશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર (ભાગ-૨)

• મુરજી ગડા •

આ લેખમાળાના ગયા અંકમાં સમાજશાસ્ત્રની વાત કરતી વેળા દૈવી ન્યાયની વાસ્તવિકતા વિષે પ્રશ્ન કર્યો હતો. શ્રી શાંતિલાલભાઇ સંઘવીએ એમના ''માનસિક ઉત્ક્રાંતિના વિવિધ તબક્કા'' લેખમાં દૈવી હસ્તક્ષેપની (ન્યાયની) શક્યતાને ચોખ્ખા શબ્દોમાં નકારી, બધું કુદરતના નિયમો પ્રમાણે થાય છે એવું પ્રતિપાદિત કર્યું છે. મારો મુદ્દો પણ એ જ હોવાથી એમનો એ લેખ મારી લેખમાળાનો પૂરક બની જાય છે. આ વાત ધ્યાનમાં રાખી આ લેખ આગળ વધે છે.

સાવ સરળ શબ્દોમાં કહીએ તો સમાજશાસ્ત્ર એટલે સમાજમાં વ્યવસ્થા સ્થાપવાનું શાસ્ત્ર. એના નિયમ રાજકીય, ધાર્મિક કે સ્થાનિક સત્તાકેન્દ્રો તરફથી આવ્યા હોય છે. માનવ સંસ્કૃતિનું આ સૌથી પહેલું શાસ્ત્ર છે. એ વિસ્તારથી ભલે મોડું લખાયું હોય, એને શાસ્ત્રનો દરજ્જો માણસ સમુદ્રમાં રહેતો થયો ત્યારથી જ મળી ગયો છે.

(''ફેરો'' તરીકે ઓળખાતા પ્રાચીન ઈજિપ્તના રાજા જ્યારે પણ કોઇ આદેશ આપતા ત્યારે એના અંતે કહેતા, "So it shall be written, so it shall be done." રાજાઓ દ્વારા બનાવાતા સમાજ વ્યવસ્થાના નિયમ ૪૦૦૦ વરસ પહેલાં પણ લખાતા હતા એનો આ એક પુરાવો છે. ઋગ્વેદ દુનિયાનો પ્રથમ ગ્રંથ છે એવું આપણે માનીએ છીએ. લાંબા સમય માટે તે કંઠસ્થ રખાતો હતો. લગભગ ૨૫૦૦ વરસ પહેલાં તે લખાયો હોવાનું એ વિષયના નિષ્ણાતોનું માનવું છે.)

પ્રકૃતિગત રીતે માણસ સ્વાર્થી, હિંસક, પરિગ્રહી અને બીજા પર અંકુશ મેળવવાની વૃત્તિવાળો છે. એટલે બધાના હિતમાં બનાવાયેલ નિયમ પણ અમુક લોકોને સ્વીકાર્ય નહોતા. તે ઉપરાંત સત્તાકેન્દ્રો દ્વારા લોકો પર લદાયેલ કેટલાક નિયમો, એ બનાવનારના લાભ માટે હોવાથી ગેરવાજબી હતા. જેથી જનસમુદાયને તે મંજૂર નહોતા. આવા કારણોસર સમાજ વ્યવસ્થા જળવાતી નહોતી. વધારેમાં જુદા જુદા સમાજો કે રાજ્યો વચ્ચે અવારનવાર અથડામણો થતી હતી, જેના પર કોઇનું નિયંત્રણ નહોતું.

માણસો પર લદાયેલ આવા બાહ્ય નિયંત્રણોની નિષ્ફળતા જોઇ કેટલાક વિદ્વાન વિચારવંત મહાપુરુષોએ અરાજકતાને દૂર કરી સમાજ વ્યવસ્થા સુધારવા બાહ્ય નહીં પણ આંતરિક નિયંત્રણોની વાત કરી. આ આંતરિક નિયંત્રણો પ્રમાણે દરેકે પોતાના ક્રોધ, લોભ, ઈર્ષા, અભિમાન જેવી લાગણીઓ પર કાબૂ મેળવવાનો હતો તેમજ બીજાઓ સાથેના વ્યવહારમાં ક્ષમા, ઉદારતા, કર્તવ્યનિષ્ઠા, સહકાર જેવી ભાવનાઓ વિકસાવવાની હતી. આ બધું સ્વેચ્છાએ સ્વીકારી આચરવાનું હતું.

માનવ સંસ્કૃતિના વિકાસનું આ એક અતિ મહત્ત્વનું પગથિયું હતું. સમાજને સંસ્કારી બનાવતા પહેલાં દરેકે પોતાને સંસ્કારી બનાવવું જરૂરી હતું. આવું કહેનાર આ મહાપુરુષો ખરા અર્થમાં સમાજ સુધારક હતા. નોંધપાત્ર બાબત એ છે કે આવા મહાપુરુષો કોઇ એક દેશમાં નહીં પણ દરેક દેશમાં / માનવ સમુદાયમાં સમયાંતરે ઉભરી આવ્યા છે.

આ સમાજ સુધારકોની બધી વાતો (ઉપદેશ) સાચી અને સમાજોપયોગી હતી. જોકે એનો અમલ સ્વૈચ્છિક હોવાથી એનો મર્યાદિત સ્વીકાર થયો. કેટલાક લોકોએ પોતાની સગવડ પ્રમાણે અમુક વાતો સ્વીકારી ખરી પણ બધાજ લોકો બધું સ્વીકારે એવી અપેક્ષા રાખવી વધારે પડતી હતી. પરિણામે સમાજ વ્યવસ્થાના પ્રશ્નો ઉકેલાયા વગર એમના એમજ રહ્યા.

બાહ્ય તેમજ આંતરિક નિયંત્રણોની મર્યાદિત સફળતા જોયા પછી કેટલાક વહેવારુ અને ચાલાક સમાજના હિતેચ્છુઓએ વધારે સારી સમાજ વ્યવસ્થા માટે એક નવો ઉકેલ શોધ્યો. એમણે માણસમાં જન્મજાત રહેલી ભય અને લાલચની વૃત્તિનો લાભ લઇ સ્વર્ગ, નરક, પુનર્જન્મ જેવી માન્યતાઓ ફેલાવી. પાપ-પુણ્યનો ખ્યાલ ઊભો કર્યો. એની સાથે પાપ-પુણ્યનો હિસાબ રાખનાર ઈશ્વરનો પણ ખ્યાલ ઉમેર્યો. આ રીતે પરલોકની એક નવી જ દુનિયા લોકો સામે ઊભી કરી દીધી.

આની ધારી અસર થઇ. કુદરતી ઘટનાઓ પાછળના કારણ ન સમજાતાં એનાથી ડરતા લોકોને આ બધું સહેલાઇથી ગળે ઉતર્યું. સમાજનો બહોળો વર્ગ આંતરિક નિયંત્રણો પોતપોતાની સમજ પ્રમાણે સ્વીકારવા લાગ્યો. આ નિયંત્રણો માત્ર સમુદાય માટે નહિ પણ દરેક વ્યક્તિ માટે પણ એટલા જ ઉપયોગી છે એ પણ લોકોને સમજાવા લાગ્યું. આ વ્યવસ્થાને ''ધર્મ'' નામ અપાયું.

સારી સમાજવ્યવસ્થા માટે શરૂ થયેલ નીતિનિયમોમાં સમયાંતરે પરલોકની એટલી બધી વાતો અને માન્યતાઓ ઉમેરાવા લાગી કે ધર્મના આ વટવૃક્ષની ઘેઘૂર ઘટા અને વડવાઇઓએ (સંપ્રદાયોએ) મૂળ સમાજશાસ્ત્રના થડને સંપૂર્ણપણે આવરી લીધું. એટલે સુધી કે

સમાજશાસ્ત્રનું અસ્તિત્વ જ જોખમાયું. ધર્મની વધતી લોકપ્રિયતા જોઇ બીજા સ્વતંત્ર વિષયો (શાસ્ત્રો) પણ એમાં ભળવા લાગ્યા. ઇતિહાસ, ખગોળ વગેરે ધર્મના ભાગ બની ગયા.

આ સ્વીકારવું અઘરું છે એટલે બે-ત્રણ દાખલા આપવા જરૂરી લાગે છે. ધારોકે કોઇ માણસ માનવ સમુદાયથી દૂર કોઇ જંગલમાં અથવા તો નિર્જન ટાપુ પર એકલો પહોંચી જાય, ક્યારે પણ બીજા કોઇ માણસના સંપર્કમાં ન આવે તો એના માટે ક્રોધ, લોભ, માયા, અભિમાન જેવી નકારાત્મક લાગણીઓ તેમજ ક્ષમા, ઉદારતા, સહકાર જેવી સકારાત્મક વૃત્તિઓ બધી અર્થહીન બની જાય છે. એની મુખ્ય પ્રવૃત્તિ અને ધ્યેય માત્ર પોતાની જાતને ટકાવી રાખવાની હશે. પરલોકનો વિચાર એના માટે ગૌણ બની જશે, કે પછી આવશેજ નહીં. આ આદિ માનવની વાત નથી. આજનો માણસ પણ આવી પરિસ્થિતિમાં આવી જાય તો એની વૃત્તિ પણ આવી જ હશે.

જે કોઇ અપહરણકર્તા દ્વારા બંધક બની જાય, કોઇ મોટા અકસ્માતનો ભોગ બને કે જીવલેણ માંદગીમાં સપડાય એને પણ જીવ બચાવી આવી પરિસ્થિતિમાંથી જલદી છૂટી પોતાના સંસારમાં પાછા ફરવાની અદમ્ય ઇચ્છા હશે. જલદી મરીને સ્વર્ગમાં જવા મળશે એનો આનંદ કોઇને નહીં હોય.

પાયાનો મુદ્દો એ છે કે ધર્મમાં જે સદ્‌ગુણો અને સંસ્કારોની વાતો કરી છે તે ભલે આત્માના કલ્યાણના નામે કરવામાં આવતી હોય, વાસ્તવમાં તે સારી સમાજવ્યવસ્થા સ્થાપવા જરૂરી વર્તન માટે છે. લોકો એને સ્વીકારે એટલા માટે એનું પેકેજિંગ અને માર્કેટિંગ ધર્મના નામે કરવામાં આવ્યું છે. આગળ લખ્યું તે પ્રમાણે સમાજશાસ્ત્રમાં પરલોકની વાતો ઉમેરવાથી તે ધર્મ બની ગયો. જો પરલોકના મૃગજળની પેલે પાર જોવામાં આવે તો ધર્મ અને સમાજશાસ્ત્રનું સ્વરૂપ સરખુંજ દેખાશે. પ્રાચીન ગ્રંથોમાં ક્ષત્રિય ધર્મ, રાજધર્મ, પત્નીધર્મ જેવા શબ્દો છૂટથી વપરાયા છે. ત્યાં ધર્મનો અર્થ ફરજ કે કર્તવ્ય કરવામાં આવ્યો છે, જે આજના ધર્મના પ્રચલિત અર્થથી અલગ અને સમાજશાસ્ત્રના ત્યારના નિયમના અર્થમાં છે.

લોકો ત્રણ કારણસર ખોટું કરતા અચકાય છે. ઇશ્વર અને પરલોકના ભયથી, કાયદો અને સજાના ડરથી, તેમજ જાતે કેળવેલ સાચા-ખોટાની સમજ સાથે એને આચરણમાં મુકવાની સ્વ-શિસ્તને લીધે. દુનિયામાં આજે ઘણા માનવ સમુદાય છે જે પરલોકમાં માનતા નથી. તેઓના વાણી વર્તન વ્યવહાર વગેરે બધું સુવ્યવસ્થિત સમાજને ધ્યાનમાં રાખીને કેળવેલી સ્વશિસ્તને લીધે હોય છે. દેશના કાયદાનું પાલન પણ આમાં અગત્યનો ભાગ ભજવે છે.

ભારતના સંદર્ભમાં કહીએ તો આજ સુધી અજ્ઞાની ભોળા લોકોને પરલોકનો ભય અને લાલચ બતાવી ''સારા'' (આજ્ઞાંકિત, ડરપોક) નાગરિક બનાવી શકાયા હતા. હવે સમય બદલાયો છે. લોકો હવે એટલા ભોળા નથી રહ્યા. પરલોકની પોકળ વાતોનો ડર હવે ઓછો થઇ રહ્યો છે અને કાયદાનો ડર હજી પેઠો નથી. આંતરિક શિસ્ત જેવો ખ્યાલ હજી માંડ ક્ષિતિજ પર દેખાય છે. એટલે ખોટું કરતા ભાગ્યે જ કોઇ અચકાય છે. આજની અરાજકતા અને વ્યાપક ભ્રષ્ટાચારનું મુખ્ય કારણ આ જણાય છે.

આ બાબતમાં આપણો દેશ આજે માનસિક ઉત્ક્રાંતિની કિશોરાવસ્થામાંથી પસાર થઇ રહ્યો છે. એને પોતાના હક્ક જોઇએ છે પણ હક્ક સાથે આવતી જવાબદારીઓ નભાવવી નથી. એટલું જ નહીં, તે બીજાના વાજબી હક્કને પણ સદંતર અવગણે છે. સમાજના દરેક ક્ષેત્રમાં પ્રસરેલા આ સડાના જેટલા દાખલા અપાય એટલા ઓછા છે.

માણસની બૌદ્ધિક/માનસિક ઉત્ક્રાંતિ સાથે આ થવું સ્વાભાવિક છે. એના માટે કળીયુગ, પશ્ચિમી સંસ્કૃતિ કે વિજ્ઞાનને દોષ દેવો વાજબી નથી. અજ્ઞાનતાના અંધારામાં પાછા જવું હવે શક્ય નથી. જે વાસ્તવિકતા છે એને સ્વીકાર્યા વિના છૂટકો નથી.

આપણા દેશની ખાડે ગયેલ સમાજ વ્યવસ્થાની અનેક જટિલ સમસ્યાઓ છે. એનો ઉકેલ હવે ધાર્મિક ઉપદેશથી આવવો શક્ય નથી, કારણ કે સદીઓથી આવો ઉપદેશ સાંભળ્યા છતાં પણ આપણું સમાજ જીવન આટલું કથળ્યું છે. એકમાત્ર ઉપાય (વિસ્તૃત અર્થમાં વર્ણવાયેલ) સમાજ વ્યવસ્થામાં જરૂરી ફેરફાર અને કાયદાઓનો કડક અમલ છે. ઘણા દેશ આ માર્ગે સફળ થયા છે. એના ઊંડાણમાં જવું એ વિષયાંતર થશે. હાલ ચાલી રહેલ ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશ આ દિશામાં લીધેલ એક જરૂરી અને અગત્યનું પગલું માત્ર છે, સંપૂર્ણ ઉકેલ નથી.

પરલોકના અસ્તિત્વને સ્વીકારવાથી આપણી આસપાસ બનતા કેટલાક ન સમજાતા બનાવોના ઉત્તર મળતા હતા. પરલોકની માન્યતાને કાલ્પનિક ગણવાથી આવા પ્રશ્નો અનુત્તર રહે છે. આનો સરળ ખુલાસો એ છે કે બધું પ્રકૃતિના નિયમો અનુસાર થાય છે. આ નિયમો અચળ છે, નિઃસ્પૃહ છે. કોઇની ઇચ્છાથી બદલાતા નથી. આપણી મર્યાદા એ છે કે આપણે હજી કુદરતના બધા નિયમ જાણતા નથી. કુદરતને સમજવાની શરૂઆત થોડી સદીઓ પહેલાં જ થઇ છે. માણસ જ્યારે પ્રકૃતિને સારી રીતે સમજતો થશે ત્યારે ઘણાખરાં પ્રશ્નોના ઉત્તર મળી જશે.

માનવ સંસ્કૃતિના શરૂઆતના હજારો વરસ માણસ પ્રકૃતિપૂજક હતો. એ દિશામાં પાછા વળવાનો સમય આવી ગયો છે. ફરક માત્ર એટલો કે પ્રકૃતિપૂજકને બદલે પ્રકૃતિને સાચા અર્થમાં સમજી પ્રકૃતિ રક્ષક બનવાનું છે.

આ લેખ સાથે આ પ્રકારના સંવેદનશીલ અને વિવાદાસ્પદ લેખોનો અંત આવે છે. છતાંયે જરૂર પ્રમાણે પ્રશ્નોત્તરના રૂપમાં આ વિષયો ચર્ચાતા રહેશે.

આવા લેખોને કાપકૂપ વગર મંગલ મંદિરમાં સ્થાન આપવા માટે તંત્રીઓનો ખૂબ આભાર.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

# સર્જનહાર!

• જયસુખ પારેખ "સુમન" •

*કવિતા એ ઊંચી છે જગમાં સૌથી, ન હો નામ નીચે લખનારનું જ્યાં*
*આ ફૂલો, આ પર્વત, આ ચંદર, શું સુંદર! છતાં નામ નીચે રચનારનું ક્યાં?*

આટલી મહાન કુદરત કે સર્જનહારો જેણે સૃષ્ટિની રચના કરી, આખા જગતનું જે સંચાલન કરે

વરસાદમાં ભીંજાવું, ગુલાબ કે ફૂલોના સુગંધ, ચંદ્રની ચાંદની, હજારો-લાખો વખત માણ્યા કે અહેસાસ કર્યા બાદ પણ ક્યારેય ન ગમે તેવું બને ખરું!

તેની બેહિસાબ કરામતો, બીજમાંથી વૃક્ષ, પર્વત, ઝરણાં, વગેરે...વગેરે... કેટલો મહાન સર્જનહાર છતાં ક્યાંય ગુલાબના ફૂલ નીચે તેની સહી ખરી? ચંદ્રમાં તેનો લોગો ખરો? પર્વતમાં તેનો સિક્કો ખરો?

તો છાશવારે માત્ર પ્રશંસા અને પ્રસિદ્ધિ માટે વલખાં મારતા આપણે! મીડિયાનો વિડિયો કે છાપાના ફોટામાં સમાઈ જવા માટે જાણે સ્વર્ગ માટેની ફ્રેમ હોય તેમ કેવા ઘૂસી જઇએ!

ઓલા મહાન સર્જનહાર સામે આપણે કઇ વાડીની મૂળી?

શા માટે માત્ર દંભ કે નામ માટે આટલી હુંસાતુંસી, અફડા તફડી, ક્યાંક સહી કરવાનો મોકો મળે (હમણાં તો છાશવારે મળે) તો જાણે રિઝર્વ બેંકના ગર્વનર હોઇએ ને ચલણી નોટમાં સહી છપાવાની હોય તેમ અટપટી ને મહાન વ્યક્તિ હોઇએ તેવી સહી કરીએ પણ ઓલી કુદરત આગળ આપણી હેસિયત કઇ?

(મારો) એક ઉર્દૂનો શેર યાદ આવ્યો

''સબ સમજતેં હૈ ખુદ કો સબકા ખુદા,

માંજરા સબકા, આઇના જાને.''

એટલે કે સૌ પોતાને બધાથી મહાન લેખે છે પણ જ્યારે અરીસા સામે ઊભે છે પોતાની જાતને પૂછે છે અથવા અરીસો તેને પૂછે છે કે ભાઇ ખરેખર કેટલામાં!

ત્યારે પોતાની હેસિયતનો ખ્યાલ આવે છે.

આ માનવ સ્વભાવ છે પણ

ક્યારેક,

નામ વગર દાન કે નામ વગર સત્કામ કે નામ વગર સર્જન કરી જોજો. ને તેનો અલૌકિક આનંદ આત્મસંતોષ તો થશે જ પણ મજા ત્યારે આવશે જ્યારે કોઇ અજાણી વ્યક્તિ તમારા કામ, ધન કે સર્જનનાં નિર્મળભાવે વખાણ કરતી હશે કે વાહ! ક્યા બાત! ને તેને કલ્પના પણ નહીં હોય કે સર્જક સામે જ ઊભો છે!

(દરેક સમાજ કે દેશ બેહિસાબ કાર્યકરો, સમાજસેવકો અને દાનવીરોથી જ મહાન છે. તેમને હૃદયપૂર્વકના વંદન કારણ કે તેમણે ખૂબજ તકલીફો વેઠી મહેનત કરીને કાર્યો કરેલ છે. લેખકનો ઇશારો માત્ર પ્રશંસા, પ્રસિદ્ધિ અને પૈસા માટે દેખાવ કરતા દંભી વ્યક્તિઓ તરફ છે.)

*સુમન રેમેડીઝ, સી-૧૭, આર.ટી.ઓ. રિલોકેશન સાઇટ, ભુજ, કચ્છ. ફોન : ૨૫૦૨૨૮, મો. ૯૮૨૫૨ ૨૫૪૫૨*

## દીકરી પ્રત્યે વેરની ગરજ સારતા માવતરના વહાલ

**(અનુસંધાન : પાના નં.-૨૭ ઉપરથી ચાલુ)**

થતી દીકરીની ચિંતા ના થતી હોય. દીકરીની રાઇના દાણા જેવી ભૂલો સાસરિયાઓને તડબૂચ જેવી મોટી દેખાતી હોય છે. દીકરીને ખૂબ પ્રેમ કરતી દરેક માતાએ આ ભયસ્થાન સમજી રાખવા જેવું છે.

અમારી સોસાયટીની એક વૃદ્ધાએ કાને ધરવા જેવી વાત કહી. આઝાદીની ચળવળમાં આગળ પડતો ભાગ લેનાર એ સન્નારીએ કહ્યું, 'દીકરીઓને તેના માબાપે આર્મીના જવાનો જેવી ટ્રેઇનિંગ આપવી જોઇએ. આર્મીમાં યુદ્ધમોરચે પડનારી તમામ સંભવિત તકલીફોમાંથી કેવી રીતે પસાર થવું તેની સંપૂર્ણ તાલીમ આપવામાં આવે છે. દીકરી માટે એનું સાસરિયું પણ યુદ્ધનું મેદાન છે. એ સંસાર સંગ્રામમાં એવી દીકરીઓ જ જીતી શકે જેને પિયરમાં તમામ પ્રકારની ટ્રેઇનિંગ મળી હોય.

હમણાં એમ.કોમ.માં ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવેલી એક દીકરીને ગોલ્ડ મેડલ મળ્યો. એના લગ્ન થયા. સાસરે એને ઠીક રીતે રોટલી વણતા ના આવડ્યું. સાસુએ મહેણું માર્યું, 'તારી માએ પરણાવતા પહેલાં તને રોટલી વણતા શીખવ્યું'તું કે નહીં? મને તો શક છે તારી માને પણ રોટલી વણતા આવડતું હશે કે કેમ? રસોઇનું એકે કામ તું ઠીક રીતે કરી શકતી ના હોય તો તારા ગોલ્ડમેડલને શું મારે ભાણામાં પીરસવાનો છે?' તાત્પર્ય એટલું જ દીકરીને ગોલ્ડ મેડલ મળ્યો હોય તો પણ સાસરામાં આવી લોખંડી મેડમનો સામનો કરવાનો આવે છે ત્યાં ગોલ્ડમેડલ લાચાર બની જાય છે. એથી દીકરીને સાસરામાં કોઇ તકલીફ ના પડે તે માટે શાણી માતાઓ તેને અભ્યાસની સાથોસાથ બધું જ ઘરકામ શીખવે છે.

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૪૫. ફોન : (૦૨૬૩૭) ૨૪૨૦૯૮, મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

*જે મહેનત નથી કરતો તેના પર ભગવાન મહેરબાન નથી બનતા.*

# વૃધ્ધાશ્રમવાસી મા-બાપની વેદનાભરી વાતનું વીલ

## "અમને બાળી મુકશો પણ તેમને કહેશો નહીં"

• કુલીનકાંત ચાંપશી લુઠિયા •

એક વૃદ્ધાશ્રમની મુલાકાતના સમયે વૃદ્ધાશ્રમવાસી એક કાકા સાથે વાતચીત કરવાની તક મળી. તે દરમિયાન તેમણે જણાવ્યું કે, "સાહેબ, હું અને મારી પત્ની અમે બન્ને જણાં છેલ્લા દસેક વર્ષથી અમારી પાનખર અહીંના લોકો સાથે હસીખુશીથી કાઢીએ છીએ. બીજી પળમાં જ તેમની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા અને ગળગળા થઇ કહેવા લાગ્યા, ભાઇ, અમારી તો કહાની જ નોંખી છે. મેં તો હાલમાં જ અહીં આ વૃદ્ધાશ્રમના ટ્રસ્ટીને અમારું વીલ બનાવી આપી દીધું છે. મારે તમને પણ કોપી વંચાવવા આપવી છે. મારી સ્પેર કોપી રફ શબ્દોમાં છે, તે તમને આપું?" હું સહાનુભૂતિપૂર્વક તેમની સાથે સહમત થયો અને હકારમાં મેં માથુ ધુણાવ્યું.

સામાન્ય રીતે કોઇનું વીલ હોય તો એમાં ઊંડે ઊતરતાં પહેલાં એટલો અંદાજ કોઇપણ બાંધે કે સામેવાળી વ્યક્તિ કેટલીક પ્રોપર્ટીનો માલિક હશે, અને સગાંસંબંધીઓને તે મિલકત આપવાનું પોતાના વીલમાં જણાવ્યું હશે. પરંતુ તે વીલમાં એવું કંઇ જણાયું નહીં. તેમાં માત્ર માનવીય લાગણીની વિખરાયેલી અનેક બાબતોનો નિર્દેશ હતો.

*એમાં લખેલું હતું :*

"અમારા મૃત્યુના સમાચાર અમારા સંતાનોને ભૂલેચૂકે પણ મોકલતાં નહીં.

આશ્રમવાસી ભાઇઓ અને બહેનોની હાજરીમાં જ અમને બાળી નાંખશો. એમાં અમારી રાજીખુશી હશે.

અમારા બર્થ ડે શું, મેરેજ ડે પણ હવે અમે વિસરી ગયા છીએ. વાર તહેવારે અને સારા પ્રસંગે દાતા લોકો, પોતાના સંતાનો અને પરિવાર સાથે આવીને મિષ્ટાનના ભોજનો અમને આપી જાય છે, અને કોઇ સમયે આગ્રહપૂર્વક જાતે પીરસીને ખવડાવે છે. અરે! ક્યારેક તો તેમનાં સંતાનો મોઢામાં કોળિયો પણ ભરાવે છે ત્યારે સારા ભોજનના રસાસ્વાદ સાથે અમારા ખુદના સંતાનોને યાદ કરતાં કરતાં આસુંનાં ટીપાં પણ તે સમયે અમારા ભોજનમાં જતા રહે છે.

અમારા બન્ને સંતાનોને ખૂબ જ સારી રીતે ઊછેર્યા, મોટા કર્યા અને સારી રીતે ભણાવ્યા. કરજ કરી લગ્ન કરાવ્યા. એમની સારી દેખભાળ કરી દરેક પ્રકારની પરવરિશ કરી, પણ બધુંય ફોકટમાં. અપેક્ષા હતી એક મલકાટની, મુસ્કુરાહટની અને હસતા મોઢાની પણ તેમનાં મુખેથી સદાય તિરસ્કારના બાણ જ છૂટતાં, તેમને પરણાવ્યા પછીની જિંદગીમાં કદીય મલકાટથી કોઇએ અમારી સાથે વાત જ ન કરી. સદાય નાની મોટી બાબતમાં પોતાનો કક્કો ખરો કર્યો. અમે તો સદાય ખોટાના ખોટા જ રહ્યા!

વહુએ પણ કદીય અમને અપનાવ્યા નહીં. બન્ને વહુઓ સંપીને અમને અમારા જ ઘરમાંથી હાંકી કાંઢવાની બધીય રમતો રમતી. ખોટી કાન ભંભેરણી કરતી. વહુઓ ડગલે ને પગલે તેમની સાસુનો વાંક કાઢી, છોકરાઓ મારફત વઢાવવાનું કામ કરતી. પૌત્ર પૌત્રીઓની પણ અમોએ સારી પરવરિશ કરી પ્રેમ આપ્યો પણ વળતરમાં કાંઇજ નહીં. અમારા હૃદયમાં સદાય શૂન્યાવકાશ જ રહ્યો.

જિંદગીની થોડી બચતની મૂડીમાંથી તેમના માટે સારી બર્થ ડે ગિફ્ટ આપતાં; પણ એતો રાત ગઇ અને વાત ગઇ. બીજા દિવસનો સૂરજ અમારા માટે તો જેવો હતો તેવો ને તેવો જ. કોઇ વાતચીત નહીં ત્યાં વળી પ્રેમની તો ક્યાં આપ-લે થાય?

અમે છેલ્લા દસ વર્ષથી અહીં આનંદ પ્રમોદથી રહ્યા એ જ અમારી જિંદગીનું બોનસ છે. બાકી તો અન્યના સંતાનોને જોઇ અમને હૃદયમાં ધબકારો થઇ જાય કે અમારી વિદાય પછી અમારા સંતાનો અખબારોમાં અમારા ફોટોવાળી મોટી જાહેર ખબરો આપશે. "શ્રદ્ધાંજલિ" આપશે, દેખાડો કરશે, દંભ કરશે, રડવાના ધતિંગ પણ કરશે અને અમારી મોટી ખોટ પડી છે તેવો દુન્યવી દેખાડો કરશે. અમારા ગયા પછી અમારા સંતાનો પોતાના સ્ટેટસ મુજબ મોટા પાયે પ્રાર્થના સભાનું આયોજન કરશે. માતાપિતાની અચાનક વિદાય પછી દુઃખી દુઃખી થઇ ગયા છીએ તેવો દેખાડો કરશે. પડખે ઊભા રહ્યા તે માટે હાથ જોડી સૌ કોઇનો ઋણ સ્વીકારશે હકીકતમાં ક્યારેય પણ તેમનાં પડખે આવવા જ ન દીધાં.

આ વૃદ્ધાશ્રમ અમને સંકટ સમયની સાંકળ પુરવાર થયું છે અને મરવાના વાંકે જીવતા ડોસલા ડોસલીને નવું જીવન બક્ષ્યું છે. અહીં મસ્ત માનસિક શાંતિ છે. કોઇ તનાવ નથી, કોઇ સંઘર્ષ નથી. બસ, આનંદ પ્રમોદથી અન્ય સમવયસ્કો વચ્ચે ખુશીથી જીવીએ છીએ. ખાઇ-પીને આનંદથી રહીએ છીએ. કોઇ સમસ્યા હવે રહી નથી. આ સંસ્થા નાના મોટા પાયે અમને મદદરૂપ બને છે. માંદગીમાં જોઇતી દવાઓ ટ્રસ્ટી મહાશયો જાતે લાવીને આપી દે છે અને ડોક્ટરી સલાહ મુજબ સમયસર દવાના ડોઝ પણ જાતે ખવડાવે છે. તેમની નિઃસ્વાર્થ ભાવનાનો અણસાર પળે પળે થાય છે.

વહુની ચઢામણીથી સંતાનોએ મોટી દીવાલ ખડી કરી નાંખી હતી. સંયુક્ત કુટુંબની વર્ષો જૂની ઈમારત હચમચી ગઇ હતી. લાગે છે કે અમે લોકો તેમને ભારે પડતાં હતાં, તેમની દૂષિત મનોવૃત્તિને નહીં પણ અમે અમારા નસીબને દોષી ગણતા હતા.

આખું આયખું સંતાનોના પ્રેમને ઝંખ્યું પણ મળ્યું માત્ર શૂન્ય જ. એકલા ને એકલા તેમનાં પ્રેમને ઝંખતા રહ્યા- ડોસા ડોસીની ચાકરી કોણ કરે? હતાશા, ડિપ્રેશન, ચિત્તભ્રમ અને માનસિક તનાવ સતત રહ્યા.

ખુદ અમારામાં દોષિતપણાનો ભાવ ઊભો થઇ ગયો. વહુઓમાં ધનસંચયની

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)

*કઠોર માણસ માત્ર પોતાના માટે જીવે છે, દયાળુ માણસ બીજા માટે જીવે છે.*

# જન્માક્ષર અને રાશિ

• શાંતિલાલ સંઘવી •

મને ચોક્કસ ખાતરી છે કે આકાશમાં રહેલ એકેય ગ્રહ મારું આ લખાણ વાંચવાનો નથી અને તેથી મને એમાંનાં એકેય તરફથી કોઇ ખતરો નથી!

આપણે ત્યાં લગભગ કુટુંબોમાં એવી પ્રણાલિકા છે કે બાળક જન્મે ત્યારે તેની જન્મકુંડળી બનાવડાવવી અને તેની જન્મરાશિ મુજબ બાળકનું નામ પાડવું. અત્રે આજે એક 'રાશિ' અને બીજું 'જન્માક્ષર' એમ બે પ્રણાલિકાઓ અંગે થોડું વિચારવાનો ઇરાદો છે. કોઇપણ ભારતીય પ્રણાલિકાના મૂળમાં જવું હોય તો શરૂઆત વેદ-ઉપનિષદથી કરવી પડે.

'રાશિ' શબ્દ આપણી ભાષાનો, ભારતીય મૂળનો નથી. આપણા પૂર્વજો- આર્યોને- રાશિનું બિલકુલ જ્ઞાન ન હતું. વેદમાં અને ઉપનિષદોમાં અનેક ઋષિ-મુનિઓનાં નામ છે. આ તમામ ઋષિઓનાં નામ 'રાશિ' ઉપર નથી. રામાયણ ઉપર આવીએ તો દશરથ, રામ-લક્ષ્મણ-ભરત-શત્રુઘ્ન, સીતા સહિતના બધા પાત્રોના નામ જન્મરાશિ પરથી પાડવામાં આવ્યા ન હતા. મહાભારતની વાત કરીએ તો રાજા શાંતનુથી શરૂ થતી પૂરી છ પેઢીની કથા છે અને અનેક પાત્રો છે. તેમાંથી એકેયનું નામ 'રાશિ' જોઇને પાડવામાં આવેલ નથી. કૃષ્ણ-બલરામ-નંદ-યશોદા વગેરે કોઇ કહેતાં કોઇનાં નામ રાશિ પરથી નથી. હજુ આ વાત થોડી લંબાઇ શકે છે પણ આટલામાં વાતનો સાર આવી જાય છે. તો પ્રશ્ન એ છે કે આ 'રાશિ' ક્યાંથી આવી? કોણ લાવ્યું? વિદ્વાન સંશોધકોનો એવો મત છે કે આ શબ્દ આપણને સેમેટિક વંશના લોકો એટલે કોકેશિયન તથા અસીરિયા વિસ્તારના લોકો પાસેથી મળેલો છે. અગિયારમી સદીથી આ શબ્દ અને એની વિભાવના આપણા સમાજમાં સ્વીકાર પામી છે. રાશિ અને નામ વચ્ચે કાર્યકારણ જેવો કોઇ સંબંધ નથી.

હવે વાત લઇએ 'જન્માક્ષર' તથા 'જન્મકુંડળી'ની. આ 'કુંડળી' વાળી વાત જરા વિચિત્ર છે. ઉપર જણાવ્યા મુજબ વેદ-ઉપનિષદના ઋષિઓ, બે-ચાર અપવાદને બાદ કરતાં, બધા સંસારી ગૃહસ્થ હતા. કેટલાકને એકથી વધારે પત્નીઓ હતી. એકેયના લગ્ન 'કુંડળી' મેળવીને થયા ન હતા.

રામાયણમાં દશરથની પ્રથમ કૌશલ્યા અને છેલ્લી કૈકેયી વચ્ચે ૩૫૦ રાણીઓ હતી (એમ વાલ્મીકિએ લખેલ છે). રામ-લક્ષ્મણ-ભરત-શત્રુઘ્નના લગ્ન સીતા-ઊર્મિલા-માંડવી-શ્રુતકીર્તિ સાથે થયા તે તમામમાં જન્માક્ષર મેળવવામાં આવ્યા ન હતા. મહાભારતમાં ઘણા પાત્રો છે. બધાના નામ અને તેમના લગ્નની વિગત લખવામાં તો લખાણ ઘણું લાંબું થાય. શરૂથી શાંતનુથી છઠ્ઠી પેઢીએ પરિક્ષીત સુધીના અનેક પાત્રોમાંથી એકેયના લગ્ન જન્માક્ષર જોઇને થયા ન હતા.

અહીં એક નાનકડી વાતની નોંધ લઇએ. પાંડવોને સહિયારી પત્ની દ્રૌપદી ઉપરાંત પાંચેયને પોતપોતાની આગવી પત્નીઓ હતી. યુધિષ્ઠિરને બે, ભીમને બે, અર્જુનને ત્રણ, નકુલને બે, સહદેવને એક પત્નીઓ હતી જેમનાં નામ મહાભારતમાં વ્યાસજીએ આપેલ છે. વાત ટુંકાવવા અત્રે બધાના નામ લખેલ નથી. બીજી રસિક વાત એ છે કે કૃષ્ણના દીકરા સામ્બના લગ્ન દુર્યોધનની દીકરી સાથે થયેલા. આ રીતે કૃષ્ણ અને દુર્યોધન વેવાઇ થાય. પણ આપણી મૂળ વાત એ છે કે કોઇ કહેતાં કોઇના લગ્ન જન્મકુંડળી મેળવીને થયા ન હતા. શ્રીકૃષ્ણના આઠ લગ્નો તથા શ્રીકૃષ્ણના પિતાજી વસુદેવના સોળ લગ્નો જન્માક્ષર મેળવ્યા વગર જ થયા હતા. ગૌતમ બુદ્ધ અને તીર્થંકર મહાવીરના લગ્ન કુંડળી મેળવીને થયા એવો કોઇજ ઉલ્લેખ બૌદ્ધ ગ્રંથોમાં તથા જૈન આગમોમાં મળતો નથી.

અને આપણે બધા જ જાણીએ છીએ કે ભૂદેવે સર્ટિફાઇ કરેલા, જન્માક્ષર મેળવીને કરેલા લગ્નો તથા એક જ દિવસે એકજ શુભ મૂરતે કરેલા લગ્નોમાં કેટલાક સુખી થાય છે તો કેટલાક દુઃખી થાય છે તો કેટલાક છૂટાછેડા લઇ લે છે. આમ જન્માક્ષરને, ગ્રહદશા બતાવનાર કુંડળીને અને મનુષ્યના લગ્નજીવનના સુખદુઃખ કે સફળતા-નિષ્ફળતા સાથે કશો જ સંબંધ નથી.

રાશિને કે ગ્રહદશાને મનુષ્યના ભવિષ્ય સાથે કશોજ સંબંધ નથી. 'જ્યોતિષ' એ વેદનો એક ઉપવેદ છે પણ વેદમાં તેનો અર્થ "ગ્રહોની તથા તારાઓ અને નક્ષત્રોની ગતિ, અંતર, મહત્ત્વ અને ફેરફાર જાણવાની વિદ્યા" એવો અર્થ આપેલ છે. એમાં ક્યાંય 'ફળ જ્યોતિષ'ની વાત નથી. તેમાં મનુષ્યના સારા-નરસા ભાવિના ભેદ જાણવાની વાતનો સમાવેશ થતો નથી. તમામ પ્રાચીન ગ્રંથોમાંથી એકેયમાં 'ફળજ્યોતિષ' ના વિશે એકાદ શબ્દ પણ નથી. જૈન આગમ સાહિત્યમાં 'જોઈસંગવિઊ' એવો શબ્દ મળે છે જેનો અર્થ 'ખગોળવિદ' એવો થાય છે. યજુર્વેદમાં 'નક્ષત્રદર્શક' એવો શબ્દ છે. ઉપરાંત એકપણ ગ્રંથમાં 'વાર' તથા 'ચોઘડિયા'નો ઉલ્લેખ નથી (વર્ષ તથા માસના ઉલ્લેખ છે) ઉપરાંત એની સાથે જોડવામાં આવેલ વિધિઓ કે વ્રતોની વાત પણ ક્યાંય લખેલ નથી.

તો ક્યાંથી આવી આ 'ફળ જ્યોતિષ' અને 'ભવિષ્યકથન'ની વાત? મારો અંગત અભિપ્રાય એવો છે કે આ આખીય વાત આપણે ત્યાં ગ્રીકો મારફતે આવી છે. સિકંદરના સરદાર મિનેન્ડરે બૌદ્ધ ધર્મ

*બુદ્ધિશાળી વ્યક્તિ અત્યંત જરૂરી હોય તો પણ કડવાં વેણ બોલતા નથી.*

સ્વીકારીને તે 'મિલિન્દ' બની ગયો. તેણે ગ્રીસથી ઉત્તમ કલાકારો અને કારીગરોને બોલાવીને બુદ્ધની મૂર્તિઓ બનાવવાની શરૂઆત કરી. એને જોઇને પછી અન્ય ધર્મીઓએ પણ પોતપોતાના ભગવાનો અને દેવ-દેવીઓની મૂર્તિઓ બનાવવાની શરૂઆત કરી.

ગ્રીસની પુરાણકથાઓ - માઇથોલોજીમાં આપણી જેમજ અસંખ્ય દેવી દેવતાઓ અને તેમના સારાં-નરસાં કામોની કથાઓ ભરપૂર માત્રામાં છે. ગ્રીસમાં ત્યાંના 'ડેલ્ફી' (DELFI)ના દેવળમાં ભવિષ્યકથન કરાવવામાં આવતું અને એ પ્રણાલિકા મુજબ મિલિન્દે હિન્દમાં પણ ભવિષ્યકથન કરાવ્યું. સ્વાભાવિક રીતે જ લોકોને ભવિષ્ય જાણવામાં ઘણો રસ હોય જ. એટલે જોતજોતામાં આ પ્રણાલિકા લોકપ્રિય થઇ અને લોક સ્વીકાર પામી. આમ 'રાશિ' અને 'ભવિષ્યકથન' એ બન્ને બાબતો ભારતીય મૂળની નથી, આયાત થયેલી છે.

અન્ય સૌએ તો પોતાને જે ઠીક લાગ્યું તે કર્યું. સવાલ આપણો છે. આપણે કેમ 'રાશિ'માં અને 'ફળજ્યોતિષ'માં ફસાયા? કુંડળીની માયાજાળમાં કેમ ફસાયા? આપણે એટલોય વિચાર કેમ નથી કરતા કે ખુદ પરમાત્મા પણ જે કામ નથી કરી શકતા તે કામ આ માટીના નિર્જીવ ઢેફાં કરી બતાવશે? દક્ષિણાના લાલચુ ભૂદેવોની વાતમાં આપણે કેવી રીતે ફસાઇ ગયા?

આથી સાબિત એ થાય છે કે આપણામાં જ આત્મવિશ્વાસ અને ખુમારી નથી. આપણે ડરપોક છીએ અને સૌથી મોટી વાત એ કે આપણને ભગવાનમાં ખુદમાં શ્રદ્ધા જ નથી. આપણે વાતો ગમે તેટલી કરીએ પણ આપણે ધાર્મિક પણ નથી, શ્રદ્ધાળુ પણ નથી અને આસ્તિક પણ નથી.

જે સાચો આસ્તિક હોય તે પરમાત્મા કરતાં પણ વધુ શક્તિશાળી કોઇ તત્ત્વ હોય, એવી વાતનો કદી પણ સ્વીકાર કરી શકે નહીં.

શું કહ્યું? તમે ડરપોક નથી?

તો હે જુવાનડાઓ, જુવાનડીઓ, કહો ભૂદેવને કે તેના ટીપણામાંથી જે ખરાબમાં ખરાબ મૂરત હોય તે કાઢી આપે અને એવા ખરાબ (ભયંકર!) મૂરતે લગ્ન કરવા છો તૈયાર? છે હિંમત? તમને ભલે ખબર ન હોય પણ મને ખબર છે કે અત્યારે તમે ગમે તેટલી બહાદુરી બતાવો પણ ખરે ટાણે તમે પાણીમાં બેસી જવાના.

શું કહ્યું? ખરે વખતે પાણીમાં નહીં બેસી જાવ? તો પછી રંગ છે તમને! ખુમારીથી કહો કે 'હમ જમાને કે પીછે નહીં ચલતે, જમાના હમારે પીછે ચલતા હૈ.''

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

---

**વૃદ્ધાશ્રમવાસી મા-બાપની વેદનાભરી વાતનું વીલ**

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

લોલુપતાએ તો અમારી ઊંઘ જ હરામ કરી નાંખી હતી.

સંતાનો સાથે રહેવામાં માનવીય સંવેદના સાવ જ મરી ગઈ હતી. લોહી ઉકળતું. ઉપરછલ્લા આવકારની કૃત્રિમ ઔપચારિકતાથી તંગ બની ગયા હતાં. નફરતની આગમાં મરતો અજીબોગરીબ કિસ્સો હતો અમારો.''

''નવી પેઢી પાસે સહન કરવાની શક્તિ ખૂટી પડી છે. કોઈને પરિણામોની પરવાહ નથી. ''ઈન્ટેલિજન્ટ'' વહુએ છેતરપિંડી, વિશ્વાસઘાત અને દહેજ ઉત્પીડન અંગેની જુદી જુદી કલમો હેઠળ ગુના નોંધાવી પોલીસ કાર્યવાહી પણ કરાવેલી. એમને અંદાજ નથી કે તેમની વિચિત્ર વર્તણૂકને કારણે અમારે કેટલું સહન કરવું પડ્યું છે. કેટલા ઘા ઝીલ્યા છે. અમે ભારોભાર લાચારી અનુભવતા સેન્ટિમેન્ટલ બની જતા. અવાજમાં વેદનાનો વલોપાત ઉભરાતો હતો.

વિસ્તરતી દુનિયાના સંકોચાતા દિલની કહાની છે. ધણીધોરી કે હક્કદાર કોઈ નથી. એ યાતના, એ દર્દ, એ આક્રંદ વહુઘેલા દીકરાઓ અમને પારકા માનતા થયા હતા. નાની નાની બાબતોમાં હંગામો મચાવી અમારી જિંદગી જીવવાનું મુશ્કેલ બનાવ્યું હતું. (અમોએ તેમના બળવાખોર મિજાજ પ્રત્યે હંમેશાં સહિષ્ણુ વલણ અપનાવેલું.)

અક્કડ વલણ અને નમતું નહીં જોખવાની વૃત્તિ રાખી વર્તાવમાં કડકાઈ સાથે મારઝૂડ કરી અમારી લાચારી અને કાયરતાનો પૂરો લાભ લેતા તેઓ પોતેજ બેફામ ફિજુલ ખર્ચો કરતા. જાતે ઉપરછલ્લો દેખાડો કરી પોતાનામાં રચ્યા પચ્યા રહેતા. બાપ દીકરા વચ્ચે ઘર્ષણ ઊભા કરી પડદા પાછળ રહી તમાશો જોવાનો તેમનો નિત્યક્રમ થઈ ગયેલો.''

ઉપરોક્ત ઘટના આપણને ઘણું ઘણું કહી જાય છે. બાપ દીકરા વચ્ચે સંઘર્ષ થાય તેટલી હદે સંબંધો બગડે અને તેને કોઇ મલમપટ્ટી લગાડી ઘાને રૂઝવવા પ્રયત્ન ન થાય તો છેલ્લે બળુકા સંતાનો મા-બાપને આશ્રમ તરફ વિના સંકોચે ધકેલે અને પછી સ્નાન સૂતક ન હોય તેવો વ્યવહાર કરે.

નવી જનરેશન સાથે તાલ મિલાવી ન ચાલીએ તો એ ખાઈ ઊંડી ને ઊંડી થતી જાય અને આવા વિચિત્ર વીલ લખવાનો વારો આવે.

*'માનવ જ્યોત',*
*નિત્યાનંદ બિલ્ડિંગ, ડો. આર.પી. રોડ,*
*મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*

---

## ભુજની ઐતિહાસિક અને ધાર્મિક મોટીપોશાળ જાગીર

**(અનુસંધાન : પાના નં.-૨૫ ઉપરથી ચાલુ)**

તે મંદિરની સાથે પૂર્વાભિમુખ ''આરાસુરી માતાજી''ની સ્ફટિક મણિની ભવ્ય મૂર્તિ આવેલ છે. તેની આજ ૪૬૪ વર્ષથી આદરપૂર્વક પૂજા થાય છે અને ઉત્તરાર્ધ મુખે સુપાર્શ્વનાથજીનું દેરાસર આવેલું છે. તેની પાસે શિવ-મંદિર આવેલું. જેથી તેને શિવપારસ કહેવામાં આવે છે.

- **સાંગ પૂજનની પરંપરા :**

ઐતિહાસિક અને ધાર્મિક માતાજીની એ સાંગ માણેકમેરજીની પણ યાદ અપાવે છે. નવરાત્રી દરમ્યાન તેની વિશિષ્ટ પૂજા થાય છે. મહારાષ્ટ્રના લોકો જેમ શિવાજીની ભવાનીની તલવાર માને છે તેમ કચ્છના લોકો પણ આ માતાજીની તલવાર ''સાંગ'' છે એવું માને છે.

ભૂકંપ બાદ નવા વાઘા-નવા લૂક સાથે મોટીપોશાળ જાગીર આપને ઐતિહાસિક સ્મરણ યાદ અપાવતી ઈમારત છે. જેનો લોકોએ જરૂર લાભ લેવો જોઈએ.

*એસ.બી.એક્સ.-૫૧,*
*આદિપુર, કચ્છ.*

*જે વ્યક્તિ વહેંચીને ખાય છે, તેની પાસે ભૂખ ભૂલથી પણ ભટકતી નથી.*

વિચાર વિમર્શ

# વાનપ્રસ્થાશ્રમ

• ડૉ. કેશુભાઈ દેસાઈ •

શાંતાબહેનને ગાંધીનગરમાં અતડું અતડું લાગે છે. અહીં રહેવા નહોતાં આવ્યાં, ત્યાં સુધી અહીંનું જબરું આકર્ષણ હતું. ગુણવંત શાહ વારંવાર ગાંધીનગરને ગંદુ શહેર કહીને ઉતારી પાડતા રહ્યા છે. મને ગંદકી તરફ નફરત જરૂર છે, પણ ગંદા માનવી પ્રત્યે એટલી જ અનુકંપા પણ છે. ગાંધીનગરની ગંદકી જરા જુદી ભાતની છે. એ કદાચ ક્યારેય દૂર ન થઇ શકે એવી હઠીલી ગંદકી છે. 'યુનિવર્સલ ફિનોમિના' છે- વિશ્વવ્યાપી પાપ છે. પણ આવા પાપીઓ પેદા કોણે કર્યા? જરા ઊંડા ઊતરીને આ સવાલ આપણે આપણી જાતને પૂછવા જેવો ખરો. ગાંધીજી અને ગુણવંત શાહ સાથે શાંતાબહેનનું કયું સામ્ય છે? ગ.શ.સ. કુંભ રાશિના અક્ષર છે. એ ન્યાયે ગંદકી અને સ્વચ્છતા બેઉ એક જ રાશિના શબ્દો છે. શાંતાબહેનને જે ગંદકી ખટકી તે માનવીના હૈયે પડેલા દુકાળથી સરજાયેલી ગંદકી હતી. એમને તો એમનાં લોકો વચ્ચે ફાવે. મને માણસ કરતાં વૃક્ષોની વધારે માયા. એથીસ્તો ગાંધીનગરની બાકીની બધી જ કુરુપતાને નજરઅંદાજ કરીને હું ગાંધીનગરને ચાહી શકું છું. એકસામટો આવડો મોટો લીલો વૈભવ મને બીજે ક્યાં સાંપડવાનો હતો? જંગલ ખાતું વગોવાઇ ગયેલું ખાતું છે. ગાંધીનગર એનાં બધાં પાપ ધોઇ નાખે છે. ગુજરાત સરકારના જંગલ ખાતાને સૂકાભઠ્ઠ રાજકારણીઓના નેસડાને હરિયાળા ઉપવનમાં પલટાવી નાખવા બદલ પર્યાવરણનું નોબેલ પ્રાઇઝ આપવું જોઇએ. જંગલ અને વન સમાનાર્થી શબ્દો નથી. જંગલમાં જે જંગાલિયતનો ભાવ છે, જે ક્રૂરતાનો અહેસાસ છે, તે વનમાં નથી. વન તો તપોવન પણ હોઇ શકે. સીતાને વનવાસ મળ્યો હતો. એમને જંગલમાં રઝળતાં નહોતા મુકાયાં. વાલ્મીકિના તપોવન પાસે ઉતારી દઇને લક્ષ્મણ પાછા વળ્યા હતા. એ વખતે એમને સીતાજીના યોગક્ષેમ વિશે ઝાઝી ચિંતા નહોતી. બલકે એમને પિયર વળાવી આવ્યા હોય એટલો ગર્ભિત ધરવ હતો. તપોવનમાં વળી શાની તકલીફ? રાજમહેલ જેવી સુવિધાઓ ભલે ન હોય, છતાં એનાથી પણ ચડિયાતો સંસ્કાર વૈભવ તો ખરો જ ને? પંચવટીમાં પતિના મનોરાજ્યનાં પટરાણી થઇને રહી શકેલાં સીતાજી માટે એ વાતાવરણ બહુ પારકું નહોતું. અશોક વાટિકાના ત્રાસની તુલનામાં આવો વનવાસ તો અત્યંત સ્પૃહણીય ગણાય. વાટિકા રાક્ષસના તાબા હેઠળ હતી. આશ્રમને ઋષિનાં રખોપાં હતાં.

ગાંધીનગરનો વનવાસ મને સદી ગયો છે. શાંતાબહેનને એમાં જંગલની બિહામણી બૂ આવતી હોવી જોઇએ. આજુબાજુ જ્યાં નજર પડે ત્યાં વૃક્ષો જ વૃક્ષો છે. સવારે અઢળક કળાયેલ મોર સહકુટુંબ બંગલાના બગીચામાં લટાર મારી જાય છે. માણસ જાત પર કેવો ભારે ભરોસો! ગાઢ જંગલની ઝાડીમાં રહેતા તિર્યંકનેય માણસની ગંધ આકર્ષે છે. વણનોતર્યા પરોણા જેવા કળાધર કુટુંબને ભાળીને શાંતાબહેનમાં યુગોથી સૂતેલી સીતા જાગી ઊઠી : આપણે ઘેર માણસ તો આવતાં બંધ થઇ ગયાં; પણ આ મોર વણબોલાવ્યા આવવા લાગ્યા છે. એકલો અટૂલો એકાદ મોર આવતો હોત તો હું એમ જ માની લેત કે સરસ્વતીનો સંદેશો લઇને આવ્યો હશે. પણ અહીં તો પાછળ ઢેલ અને બચ્ચાંની લંગાર છે. બાપડા જીવોને હજી માણસમાંથી વિશ્વાસ ઊઠી ગયો નથી.

અને વળતી સવારે ચણ નંખાવી શરૂ થઇ ગઇ. મોર વધારે ને વધારે સંખ્યામાં આવતા થયા. કબૂતર, ચકલાં, વૈયાં અને લેલાંના ઝુંડ ઊતરી આવવા માંડ્યા. સામેના બંગલામાં ચોકીદારની નોકરી કરતા બુલડોગ અને ડોબરમનથી એ સહન ન થયું. ઘુઘવાટા ચાલુ રહ્યા અને પંખી ચણતાં રહ્યાં. અલબત્ત, ઉફરા જીવે.

સામેના બંગલામાં વરિષ્ઠ પોલીસ અધિકારી રહે છે. દાહોદ બાજુના આદિવાસી છે. ક્યારેક તેઓ ગાંધીનગરના ડીએસપી હતા. પછી તો સત્તર જગાઓ જોઇ આવ્યા. પણ અહીં એવું ગોઠી ગયું કે બંગલો ખાલી કરવાનું નામ જ નથી લેતા. હમણાં લાંચરુશવત વિરોધી બ્યુરોના ડેપ્યુટી ડાયરેક્ટર છે. ઓફિસ તો મારી જેમ એમની પણ અમદાવાદ ખાતે જ છે. અહીં ફાવી ગયું છે, એટલે અહીં જ રહે છે અને 'ડીએસપી'ના હુલામણા નામે જ ઓળખાય છે. વર્ષોથી રહેતા હોઇ ઇન્કવાયરીવાળા એમનાથી જરા વિશેષ પરિચિત બની ગયા છે. કૂતરાં રાખતા હોઇ એમના બંગલાની ખાસ ઇજ્જત કરાય છે. એક દિવસ ફરતા ફરતા આવી ચડ્યા ત્યારે સાથે ઠસ્સાદાર ગુડ્ડી પણ હતી. શરૂ શરૂમાં આંખ મળતાં જ ઘુરકિયાં કરવા લાગતી ગુડ્ડી થોડા જ દિવસમાં મારી એવી તો હેવાઇ બની ગઇ કે મને જોતાંની સાથે દોટ મૂકે. હું ન હોઉં ત્યારે ઝૂર્યા કરે. એક દિવસ ડીએસપીએ અણચિંતવ્યું કહેણ મોકલાવ્યું : 'ગુડ્ડીને તમારી માયા લાગી ગઇ છે. રાખી લેવી છે?'

પણ એ માગું હું સ્વીકારું એ પહેલાં તો ગુડ્ડી દાહોદ પહોંચી ગઇ. ડીએસપીના એક ભાઇબંધ આવેલા તે એમની ગાડીમાં બેસાડીને લઇ ગયા! 'ગુડ્ડી, ક...મ્!' કહ્યું, ને ગુડ્ડી પૂંછડી હલાવતી ગાડીમાં ચડી ગઇ. ડીએસપી ખુશ થઇ ગયા : લઇ જવી છે? લઇ જવી હોય તો લઇ જાવ. પણ જુઓ છો ને? પ્રેગનન્ટ છે. લઇ જઇને સુવાવડ કરવી પડશે!

ગુડ્ડી એવી પ્રેમાળ કૂતરી હતી કે એની સુવાવડ કરવી પડે તોય લઇ જવી ગમે.

*અનુભવ એ વિશ્વની બધી વિદ્યા કળાઓની માતા છે. - સર્વાન્ટિસ*

આગંતુક પાછા ડોક્ટર હતા. લઇ ગયા!

ગુડ્ડીના જવાથી સરજાયેલો ખાલીપો હજી સુધી ભરી શકાયો નથી. ડોબર મેન ટોની રિસાયો હતો. બે દિવસના નકોરડા ઉપવાસ ખેંચ્યા. પછી પિતૃવત્સલ ડીએસપીની શિખામણ માનીને થોડું થોડું ખાવા લાગ્યો. અલબત્ત, એનો ચહેરો પડી ગયો છે. એને ગુડ્ડી વગરનો બંગલો ખાવા ધાય છે. નીચી મૂંડીએ નોકરી કરે જાય છે. ખાસ ભસતો નથી. ક્યારેક ભસે છે ત્યારે પણ એ ખૂંખાર કરતાં વધુ તો દયામણો લાગે છે. મોર નિર્ભય થઇને ફરે છે. ટોની કેટલા પાણીમાં છે, એનું માપ નીકળી ગયું છે.

શાંતાબહેને એક દિવસ રડમસ અવાજે મનની વાત જણાવી દીધી : 'આપણે પાછાં જઇએ તો કેવું? મને અહીં નહિ ફાવે. ઘણી મથામણ કરું છું, પણ જીવને ઉચાટ ને ઉચાટ રહે છે.'

'હું શો જવાબ આપું?'

ગાંધીનગરમાં તો ભાઇ, જેને ફાવે તેને ફાવે. મને ફાવે, કારણ કે હું તો જંગલનો જીવ છું. અધરાતે મધરાતે સાબરનાં કોતરોમાં રઝળતાં શિયાળવાં દિવસ ઊગતાંની સાથે નેતા કે અમલદારના લીબાસમાં ફરવા લાગે છે. રાતે શિયાળવાંની લાળી સંભળાય છે, દિવસે પ્રધાનોની લબૂકઝબૂક લાડીઓ જેવી ઠસ્સાદાર ગાડીઓની ચિચિયારીઓ. લીલછોયા પાટનગરમાં બધું જ મળે, એક માણસ સિવાય!

શાંતાબહેનને થોડીક ધરપત પેલી ગુડ્ડીના નામની હતી. એય ચાલી ગઇ એટલે એમને તો કોઇનો બોલાશ જ ન રહ્યો ને! મોર ને પારેવાં તો સવારે ઊડતી મુલાકાતે આવે. એમને ગુડ્ડીની માફક ઘરમાં થોડાં બોલાવી શકાશે?

'એમ કરીએ. આપણે અડધાંપડધાં ઘેર રહીએ ને અડધાંપડધાં અહીં..'

એમનો પ્રસ્તાવ સ્વીકાર્યે જ છૂટકો હતો, કારણ કે ઘર આખરે ઘર છે અને ગાંધીનગર એ ગાંધીનગર. ગાંધીનગર ક્યારેય ઘરનો ઉંબર નહિ ઓળંગી શકે. એનું કારણ છે. ગાંધીનગર વસાવવા માટે કંઇ કેટલાંય ઘર ઉજાડવાં પડ્યાં છે - ઉખાડવાં પડ્યાં છે. એમના નિસાસા આ બંગલાઓના રહેનારાઓને અજાણતાંય નડતા જ રહેવાના. એમ ન હોત તો અહીં વસનારાઓને ઊંઘની ગોળીઓ શું કામ ગળવી પડત? આવા પ્રાણવાયુમય વાતાવરણ વચ્ચે વસનારને એન્જિયોપ્લાસ્ટી શું કામ કરાવવી પડત? ઋષિમુનિઓને પણ દુર્લભ એવી વનરાજિ વચ્ચે અને પવિત્ર સલીલા શ્વભ્રમતીના કાંઠે વસનારા રાજકારણીઓ અને અમલદારો નસીબદાર તો ખરા. પણ એ પૂર્વનાં સંચિત પુણ્યો ભોગવવાથી વધારે કશું જ કરતા હોય એમ નથી લાગતું. એ 'વી.આઇ.પી.'ના કોચલામાં પુરાઇ જઇ ખુદ પોતાની જાતથી અળગા થઇ જાય છે. આ અળગાપણું ગાંધીનગરની ઓળખ બની ગયું છે. વરસને વચલે દહાડે પાસે પાસેના બંગલાવાળા એકમેકનું મોઢું જુએ તો જુએ. બાકી રામ તારી માયા! પ્રાકૃત પરિવારમાં પાંગરેલા શાંતાબહેન જેવા સાત્ત્વિક જીવાત્માને અહીં ન ફાવે એમાં શી નવાઇ?

એટલે એક દિવસ મારી ગેરહાજરીમાં જ ટેમ્પો ભાડે કરીને એ એમનું 'ઘર' ઉપાડી ઘર ભેગાં થઇ ગયાં ને હું સાચા અર્થમાં 'વાનપ્રસ્થ' બની રહ્યો. ગૃહિણી જ ન રહ્યાં પછી હું 'ગૃહસ્થ' શાનો? યોગાનુયોગ મને એકાવનમું ચાલે છે!

*૧૩, ઐશ્વર્ય-૧,*
*પ્લોટ-૧૩૨, સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*

## 'એક જ દે ચિનગારી'

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

કાગળ પર જ થાય છે. પુલ બંધાય છે ને તૂટે છે. મકાનો બંધાય છે ને પડે છે. જીવનના હરક્ષેત્રના મૂલ્યો ભસ્મીભૂત થયાં છે. ઊધઇએ બારસાખ ખાવાની શરૂઆત કરી. એ ખાઇ, હવે કમાડ, કબાટ બધું ખાઇ જશે. જ્યાં રાજકીય શાસકો જ વંઠેલા હોય ત્યાં મોટા કે નાના બધાં અમલદારો નાગા થઇ નાચશે નાચે છે. એ બદીમાંથી દેશનો કોઇપણ વર્ગ, વિભાગ યા વહીવટ બાકાત નથી. પ્રજા રાંક બની આ બધું જોઇ રહી છે. સહેજે સામાન્યજન આવું થાય ત્યારે ધર્મ તરફ આશાભરી મીટ માંડે છે. શું કહેશું આપણા ધર્મગુરુઓ માટે જ્યાં હરધર્મના સાધુસંતોના ભવાડા છાશવારે અહીંતહીં છતા થતા જ રહે છે!

આનો અંત કેમ આવે? પ્રજાએ જ જાગવું પડશે. પ્રજાએ જ બગાવતનો ઝંડો લહેરાવો પડશે. પ્રજા જ આ સડાને સમૂળગો નાશ કરવા શક્તિમાન છે. કોઇ નેતા નેતાગીરી માટે લાયક નથી. બધા માટીપગા છે. બધાએ પોતાના અંતઃકરણને તાળું લગાવી દીધું છે. નાસીપાસ થવાની જરૂર નથી. ગીતામાં ભગવાને કહ્યું જ છે કે 'યદા યદા હિ ધર્મસ્ય, ગ્લાનિ ર્ભવતી ભારત...' પ્રજામાંથી જ એવો કોઇ દેવદૂત ઊભો થશે, પ્રજાના અંતઃકરણને ઢંઢોળશે ને પ્રજા બળવો કરશે. યાદ રહે, રાષ્ટ્રપિતાએ રક્તવિહિન રીતે આઝાદી અપાવી. કદાચ એ પૂરતું નહિ હોય. લોહિયાળ ક્રાંતિ જ એક માર્ગ છે. ભલે હજારો હોમાય, ભલે થોડી અંધાધૂંધી ફેલાય, ભલે અરાજકતા પ્રસરે, એમાંથી જ સુરાજ્યનું સુપ્રભાત ઊગશે. પ્રજ્વલિત કરો તમારા મનને. અંગારના ભડકા ભલે થાય. ભારતમાતા બલિદાન માગે છે. યાદ રહે, દુનિયાની કોઇપણ પ્રજા યથાયોગ્ય બલિદાન આપીને જ આગળ આવી છે. રોગ જ્યારે વધી જાય છે, અંગ જ્યારે સડી જાય છે ત્યારે પાટાપિંડી નકામી થઇ રહે છે. એને કાપવું પડે છે. અંતઃકરણને સ્વસ્થ અને શાંત કરવાનો આજ ઉપાય છે.

*૫૦/૪, રામસદન, બ્રાહ્મણવાડા ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

**ખેરી, બેરીને બાવરી, ફૂલ કંઢા ને કખ્ખ**
**હોથલ હલો કચ્છડે, જિત માડુ સવાલખ.**

★

**કચ્છડો ખેલે ખલકમેં, જીં મહાસાગર મેં મચ્છ,**
**જિત હિકડો કચ્છી વસે ઉત ડીયાંડી કચ્છ.**

*નબળા ઢચુપચુ મનને જે કામ અશક્ય લાગે છે તે કામ તેને માટે અશક્ય જ બની રહે છે. – વોલ્ટર સ્કોટ*

# 'એક જ દે ચિનગારી'

• ડૉ. ગિરીશ વીછીવોરા •

સર્જનહારે દરેકને અંતઃકરણ આપ્યું છે. અંતઃકરણનો સીધો સંબંધ આંતરમન સાથે છે. વ્યક્તિ જે કંઇ કરે, સારું યા નરસું, એની એકેએક પ્રવૃત્તિની નોંધ અંતઃકરણ લેતું હોય છે. જાણતાં કે અજાણતાં થયેલી વ્યક્તિની હરએક પ્રવૃત્તિ અંતઃકરણમાં સ્થપાતી રહે છે. એ ફક્ત નોંધ લઇ એની યાદશક્તિમાં સંગ્રહી નથી રાખી મૂકતું, સમય આવ્યે એની જાણ પણ કરતું રહે છે. શાબાશી આપે છે, દિલાસો દે છે, ઠપકો આપે છે, ધુત્કારે છે, વધાવે છે યા આત્મમંથન કરાવી વ્યક્તિને પોતાને જ ધુત્કારતી કરી શકે છે. અંતઃકરણ આત્માની મશાલ છે જે આપણા સૌના હૃદયમાં પ્રજ્વલિત રહે છે. જ્યોત વાટ સંકોરતા વધે યા ઘટે. કહી શકાય કે અંતઃકરણ આત્માની બાહ્ય ઓળખ છે.

સર્જનહારે વ્યક્તિને ઘણી બધી છૂટછાટ અને શક્તિ આપી છે એનાથી એ પોતાને ગમતી પ્રવૃત્તિ કરી શકે છે. ગમતી કે ન ગમતી પ્રવૃત્તિની નોંધ સહજ રીતે અંતઃકરણ લેતું જ હોય છે. ઘણીવાર વ્યક્તિને એવી કોઇ પ્રવૃત્તિ કરવી પડે છે જે એને ન ગમતી હોય. નાઇલાજે કરવી પડે છે. અંતઃકરણ પર એ સીધો હુમલો છે. અંતઃકરણ બહુ જ સંવેદનશીલ છે. પોતાની સંવેદનાથી વ્યક્તિના મનને લાગણી પર એ હુમલાની અસર તરત વર્તાશે. વ્યક્તિનું મન વલવલશે અને અંતઃકરણ ડંખ દેશે.

અંતઃકરણને ન ગમતી પ્રવૃત્તિ જ્યારે વ્યક્તિ કરે છે ત્યારે શરૂઆતમાં તો વ્યક્તિના વ્યક્તિ સ્વાતંત્ર્યને લીધે લાચાર બની જોતું રહે છે. એ મૂક સાક્ષી બની રહે છે. છતાં જ્યારે આવી પ્રવૃત્તિ કરી વ્યક્તિ જરાક નિરાંતમાં આવે છે કે તરત જ અંતઃકરણ વ્યક્તિના આંતરમન દ્વારા એના સંવેદનતંત્ર પર સીધો હુમલો કરે છે. એના સ્વત્વને ઢંઢોળે છે. એણે જે ખોટું કર્યું તેની રજેરજ નોંધ, એ કેટલો ગંભીર ગુનો છે ને એની દૂરગામી અસરોની સંપૂર્ણ છણાવટ અંતઃકરણ વ્યક્તિ સમક્ષ મૂકી દે છે. વ્યક્તિને એની સમજ પડશે. વ્યક્તિના કેવા પ્રત્યાઘાત હશે તે એના જન્મજાત સંસ્કાર, એનું સ્વત્વ, શિક્ષણ, એનો પરિવેશ અને એ સમયની સામાજિક, આર્થિક ને રાજકીય સ્થિતિ પર આધાર રાખે છે.

લાંચ લેવી કે દેવી વ્યક્તિના અંતઃકરણ પર સીધું આક્રમણ કરવા બરોબર છે. કોઇપણ સમજુ અને શાણી વ્યક્તિને એ પ્રવૃત્તિ શરૂઆતમાં નથી જ ગમતી. એ વિચારે જ એનો માંહેલો ડંખવા મંડે છે. એને એ ડંખની સમજ તરત થાય છે. એનું ભાગ્ય ચડિયાતું હોય તો તરત તરછોડી દઇ હળવોફૂલ થઇ જાય છે. સાંપ્રત જમાનામાં આવું થવું એક અપવાદ જેવું થઇ ગયું છે. ડંખ સહેતો લાંચ લેતો જ રહે છે. ફળસ્વરૂપ સમય જતાં એ કુટેવ આદત થઇ જાય છે. અંતઃકરણ ગમે એટલું ડંખે એને નજરઅંદાજ કરાય છે. લાંચ લેતી વ્યક્તિ પોતાના એ ડંખને દૂર કરવા ઘણા બધા દાનધર્મ કરે છે. યાત્રા, તપ જપ કરે છે. ઘણાબધા સંતો, ભગવાનો અને બાવાના ફોટાની હાર એની ભીંતે શોભતી થઇ જાય છે. અગરબત્તીની સુવાસે, સવારમાં એ બધાનું સહચર્ય માણી આશીર્વાદની આરઝુ પેશ થાય છે, ને મોટાભાગની આંગળીઓમાં અંગૂઠીઓ અંગડાઇ લેતી થઇ જાય છે.

રુશવત વ્યક્તિના સ્વત્વ પર સીધો હુમલો કરે છે. સ્વાભિમાન જેવી વાત એનું મન ભૂલી જાય છે. વિનયે તો ક્યારની વિદાય લઇ લીધી હોય છે, વિવેક પણ ચુકાય છે. શાસ્ત્રો કહે છે કે વિવેક ચૂક્યો એનો વિનિપાત દશે દિશામાંથી થાય છે. આવી વ્યક્તિ બાહ્ય રીતે સુખી ભાસે છે, પણ એ ક્યારેય સુખી હોતી નથી. આંતરમન ડંખતું જ રહે છે. એનું કુટુંબ એ બધું જાણે છે. આવું કરતાં આવેલ સુખસાહેબીમાં મહાલે છે. છતાં, કુટુંબનો હરસભ્ય અંદરથી એને ધિક્કારતો રહે છે. અલબત્ત એવી વેળા આવે જ છે જ્યારે કુટુંબના અન્ય સભ્યો પણ એના જેવા જ રોગીષ્ટ થઇ એના કારસ્તાનના ભાગીદાર બને છે. સુખવૈભવમાં આળોટતા એના સંતાનો એ બધું સમજે છે, વડીલને ધિક્કારે છે, પોતે ઘણીવાર દ્વિધામાં પડી જાય છે ને કાચું કુમળું મન ક્યારેક ન ભરવાનું પગલું ભરી હંમેશની હાનિ વહોરી લે છે. કેટલાંક બાળકો આ બધાના સાક્ષી થાય છે. મોટા થતાં સહજભાવે આવું બધું કરતા થાય છે. એમનું સ્વત્વ ક્યારનું મરી પરવાર્યું હોય છે. તેઓ સહજભાવે ગુનાહિત પ્રવૃત્તિ આદરે છે ને એને માટે કશી પણ હિણપત મનમાં રાખતા નથી. જે કુટુંબમાં આવું થવું સામાન્ય થઇ જાય છે, એ કુટુંબ બધી રીતે ભ્રષ્ટ થઇ જાય છે. સભ્યતાના સર્વ માપદંડ ત્યાં નષ્ટ થાય છે.

આવું બધું મોટા પાયે નાનાથી મોટા અમલદાર સુધી જીવનના હરક્ષેત્રમાં થતું રહ્યું છે. કોઇ વિભાગ એનાથી મુક્ત નથી. દેશની એ એક શરમ બની રહી છે. પકડાય છે ને લાંચ આપી છુટી જાય છે. આ વિષચક્રે એવો તો ભરડો આખા દેશને લીધો છે, એમાંથી છૂટવું અત્યારે તો અશક્ય લાગે છે. આપણે આ બદીથી થતા સ્થુળ નુકસાનની વધુ ચિંતા કરીએ છીએ. ફલાણો પ્રોજેક્ટ જે ૧૦૦ કરોડમાં થવાનો હતો તે લાંચ રુશવતને કારણે ૫૦૦ કરોડનો થઇ ગયો. અલબત્ત એ સાચું છે પણ, એ સ્વત્વ નથી. એનાથી વધુ ગંભીર નુકસાન દેશને થાય છે તે એ કે આખો સમાજ રોગીષ્ટ થઇ ગયો છે. નીતિનિયમોને નેવે મૂકી, ચાર દિવસની ચાંદનીમાં મહાલનાર એ નરકના કીડાઓને કોઇ માનસ્વમાન હોતા નથી, કોઇ લાગણી રહેતી નથી, સારાસારનો વિવેક નષ્ટ થઇ ગયો હોય છે.

આવું બધું થતું હોય ત્યારે પ્રગતિ ફક્ત

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)**

*પોતાના મોઢે પોતાનાં વખાણ કરવાં એ આપઘાત કરવા બાબત છે. - મહાભારત*

# સમજણ

• ડૉ. આઈ. કે. વીજળીવાલા •

'ઓ માડી મારો દીકરો વળી ગયો રે!...હે રામ!...ભગવાન! તારા ઘરે એવી તો કેવી ખોટ પડી કે મારા રાંકના રતનને લઈ લીધું રે...ઓ માડી રે!...' ગામડાની એ બાઈ પોક મૂકીને રડતી હતી. એનો એકનો એક દીકરો એક વરસનો થઈને પાછો થયો હતો (મરણ પામ્યો હતો).

ભાવનગર જિલ્લાનું એક નાનકડું ગામ. એની એક શેરીમાં એક ઘરમાં સવારના પહોરમાં આ રોક્કળ ચાલી રહી હતી. ગામડામાં આવા સમયે આખું ગામ ખરખરો કરવા આવે. સાંત્વના આપે. આજુબાજુવાળા એકાદ દિવસ પૂરતા જમવાનું બનાવીને પણ આપી જાય. એકાદ બે દિવસ પૂરતા એ ઘરના વડીલો સાથે ગામના આગેવાન ગણાતા માણસો સારો એવો વખત બેસવા પણ આવે. આજે પણ આ પ્રસંગે બધાં ભેગાં થયાં હતાં.

'શું થયું હતું બાબલાને?' બેઠેલા પુરુષોમાંથી કોઈએ પૂછ્યું.

'આંચકી ઊપડી ગઈ હતી.' સ્વર્ગસ્થ બાળકના દાદાએ જવાબ આપ્યો.

'એમ? દવાખાને લઈ ગયા હતા?'

'અરે! કોઈ દવાખાનું બાકી નથી રાખ્યું. માથાના મોવાળા જેટલા રૂપિયા વેર્યા છે છોકરા વાંહે. પણ અમારાં કરમ જ ફૂટલાં હોય ન્યાં કે'વુંય કોને?' એ વૃદ્ધ માણસની આંખના ખૂણા ભીના થઈ ગયા.

'પે'લા ખોળાનો દીકરો હતો?' બીજા કોઈએ પૂછ્યું.

'ના! પે'લા ખોળે દીકરી હતી. એને બેય આંખ્યુંમાં મોતિયા થઈ ગયા હતા. એની હાટુય ખૂબ રૂપિયા બગાડેલા. એકાદ વરહ જીવીને ઈય વળી ગઈ'તી.' દાદા બોલ્યા.

'એનેય આંચકી આવતી?' પ્રશ્નોનો દોર લંબાતો જતો હતો.

'હા! એનેય આંચકી આવેલી. જનમ પછી ત્રણ મહિના હુધી તો છોકરાં દાણિયા જેવાં હોય. આપણને થાય કે નખમાંય રોગ નથી. પણ ચોથો મહિનો બેહેને મંડે ઢીલું પડવાં. પે'લાં તો સૂનમૂન થઈ જાય. પછી આપણને ઓળખે જ નહીં. દાંતેય નો કાઢે. પાંચ-છ મહિનાનું થાય ન્યાં તો આંચકી આવવા મંડે. બાર મહિના પે'લાં તો આખ્યુંમાં મોતિયા પણ આવી જાય.' દાદાએ વર્ણન કર્યું.

'ક્યાંય કોઈ નિદાન ન કરી શક્યું?' દૂર ખૂણામાં બેઠેલ એક ભાઈએ સવાલ કર્યો.

નિદાન સાટું દાક્તરોએ ધમપછાડા બઉ કર્યા. સૂંડલો ભરીને રિપોર્ટું કરાવ્યા. તોય કરાગ નો પકડાણો (તોય કંઈ નિદાન નો થયું) આ રૃયા બધાં રિપોર્ટું.' દાદાએ ઊભા થઈને પડખે જ ભીંતમાં બનાવેલા કબાટમાંથી આગળનાં બેય છોકરાંવના રિપોર્ટસની થપ્પી કાઢીને પૂછનારની સામે મૂકી. પૂછનાર કદાચ થોડુંઘણું ભણેલ હશે. એણે રિપોર્ટસ અને ફોટા ઊંધા ને ચત્તા પકડીને જોવાનો ડોળ શરૂ કર્યો. દાદાએ પણ જાણે એને માપતાં હોય તેમ દેશી બીડીના ચપટા છેડાથી દાંત ખોતરતાં ખોતરતાં એની સામે જોયા કર્યું. પેલા માણસે થોડીક વાર રિપોર્ટસ જોઈને પાછા નીચે મૂક્યા.

'કાં? કાંઈ પલ્લે પડે છે?' (કંઈ સમજાય છે?) દાદાએ પૂછ્યું.

'ના! ના! આમાં મને તો કાંઈ ખબર પડે તેવું દરદ જણાતું નથી.'

'તંઈ અમથા શેરના મોટા મોટા દાક્તરો મૂંઝાઈ ગ્યા હશે? મારું માનવું છે કે આ રોગ જ નથી. રોગ હોય તો કોઈ કળી શકે ને?' પછી અવાજને ધીમો કરીને બોલ્યા, 'હું તો કઉં છું કે આ રોગ નથી પણ કાંઈક નડતર છે. નકર ફૂલફટાકિયાં જેવાં બબ્બે છોકરાં આમ થોડાં વયાં જાય? પણ મારા આ દીકરાની વહુ છે ને ઈ આમાં માનતી જ નથી ને. નકર કાલ્ય ડાકલાં બેહાડી દઉં. એક ઘા ને બે કટકા! થઈ જાય ફેંસલો. જી હશે ઈ આવશે સામે. પણ મારું હાલવા દ્યે તો ને?' પોતાની આવી સો ટચની વાત કોઈ માનતું નથી એની વેદના એમના મોં પર દેખાતી હતી. અત્યાર સુધી દેશી બીડીના જે ચપટા છેડાથી દાંત ખોતરતા હતા એ જ છેડાને દાંત વચ્ચે દબાવીને એમણે બીજા છેડે દીવાસળી અડકાડી. બીડી સળગાવીને પોતાના વિચારોમાં એ તલ્લીન થઈ ગયા.

'લ્યો દાદા! આ બધા રિપોર્ટસ મૂકી દ્યો.' પેલા માણસે દાદાની સામે રિપોર્ટસની થપ્પી લંબાવી. દાદાએ બીડીનો એક ઊંડો સટ લઈને બધા રિપોર્ટસ હાથમાં લીધા. પછી કંઈક વિચાર આવ્યો હોય તેમ ફટાક દઈને ઊભા થયા. બીડીનો છેલ્લો દમ લઈને ઓસરીના છેડે પગ વડે ઓલવી નાખી. પછી ઓસરીની કોર ઊતરતા બોલ્યા કે, 'આ બધાં કાગળિયાંને હવે આગ્ય જ મૂકવી પડે. એને હવે ક્યાં મૂકી દ્યે?'

શિયાળાનો સમય હતો. ફળિયામાં મહેમાનોને હાથપગ ધોવા તેમજ નાહવા માટેનું પાણી ગરમ કરવા માટે મંગાળો કરવામાં આવ્યો હતો. પાણીનાં મોટાં તપેલાં નીચે છાણાનો અગ્નિ પ્રગટાવવામાં આવ્યો હતો. એ તરફ દાદા રિપોર્ટસ લઈને આગળ વધ્યા. મંગાળાની આગળથી હજુ એ બેચાર ડગલાં જ દૂર હશે ત્યાં જ બહેનોના રોકકળ કરતાં ઝુંડમાંથી કંઈક અંશે આદેશાત્મક કહી શકાય તેવો અવાજ આવ્યો : 'કઉં છું બાપુજી! ... ઘડી વાર ઊભાં રહેજો!'

દાદા ઊભા રહી ગયા. ઘેરોએક બહેનોની વચ્ચેથી લાજ કાઢેલી એક બહેન ઊઠી. સ્વર્ગસ્થ છોકરાની એ મા હતી. લગભગ

*દુનિયા એક સુંદર કિતાબ છે, પણ જેને વાંચતા ન આવડે તેને માટે નકામી. - કાર્લો ગોલ્ડોની*

દોડતા પગલે એ પોતાના સસરા પાસે પહોંચી. આખું જ દૃશ્ય જોઇને રડવાના અવાજો બંધ થઇ ગયા. રોકકળ અટકી ગઇ.

'બાપુ! નથી બાળવાના ઇ રિપોર્ટ. લાવો ઇ મને આપી દ્યો!' અવાજમાં વિનંતી કરતાં પણ આજ્ઞાનું તત્ત્વ વધારે રહેલું હતું.

'અરે વહુ !...દીકરા!' આટલા બધા મહેમાનો વચ્ચે અચાનક આવી પરિસ્થિતિ ઉપસ્થિત થવાથી આગળ શું બોલવું એ દાદાને સૂઝતું નહોતું. એમને આ આઘાતની કળ વળે એ પહેલાં જ વહુએ નજીક આવી દાદાના હાથમાંથી રિપોર્ટસ ખેંચ્યા. એના ખેંચવાની સાથે જ દાદા સંપૂર્ણ સજાગ થઇ ગયા. રિપોર્ટસની ફાઇલો કડક હાથે પકડી રાખી સસરા હોવાના પદને છાજે એવા સત્તાવાહી અવાજે એમણે કહ્યું, 'વહુબેટા! મૂકી દ્યો. આ રિપોર્ટ હવે આપણા કોઇ કામના નથી. જાનારાં તો વયાં ગ્યાં. પણ હવે એની યાદગીરી આવે એવી કોઇપણ ચીજ મારે મારા ઘરમાં રહેવા નથી દેવી. એટલે કહું છું કે મૂકી દ્યો અને ઇ બધામાં મને દીવાહળી મૂકવા દ્યો.'

સસરાના સત્તાવાહી અવાજથી જરા પણ વિચલિત થયા વિના લાજ કાઢેલી એ સ્ત્રીએ રિપોર્ટસની એ ફાઇલો પકડી જ રાખી. આમન્યાભર્યા અવાજમાં એ બોલી, 'બાપુ! આમાંથી એકેય રિપોર્ટ બાળવા નંઇ દઉં. હવે પછી મારે પેટ જનમ લેનારને ઇ કામ આવશે. મને અમદાવાદના એક દાક્તરે કીધું તું કે છોકરાંવના રિપોટ સંધાય સાચવવા જોઇ. પછી ભલેને ઇ હયાત નો હોય. ઇ બધા રિપોટ આપણને ખૂબ કામ આવશે. એટલે બાપુ! તમને બે હાથ જોડું છું કે તમે ઇ બાળવા રેવા દ્યો!' હવે એ બાઇનો અવાજ થોડો ઢીલો થયો. હમણાં એનાથી પોક મુકાઇ જશે એવું એના બોલવા પરથી લાગતું હતું. માંડ માંડ શબ્દો જોડતી એ બોલી, 'બાપુ! તમારી સામે ખોળો પાથરું છું. હુંય સમજું છું કે ગયેલાં પાછાં નથી આવતાં. પણ જો આવનારાંને આ કામ આવતું હોય તો આપણને તો ઇ રાખવામાં કાંઇ નુકસાન નથી ને? તમને મારા સગા બાપને ઠેકાણે ગણું છું. મારું આટલું વેણ રાખો!' આગળ એ કંઇ ન બોલી શકી. પણ વધારે જીદ કરવામાં હવે માલ નથી એવું ડહાપણ સસરા પણ ધરાવતા હશે જ. એમણે ફાઇલો છોડી દીધી. વહુએ બે હાથ જોડ્યા. લાજની પાછળથી ન દેખાતી આંસુભરી આંખોથી એણે જરૂર સસરાનો આભાર માન્યો હશે. ફાઇલ ઠેકાણે મૂકીને એ ફરીથી બહેનોના ઝુંડ વચ્ચે બેસીને પોક મૂકીને પોતાના જનારા દીકરાનું નામ લઇને રડવા લાગી.

આ વાતને લગભગ ત્રણ વરસ થયાં હશે. છ મહિનાના એક બાળકને તેડી ભાવગનર જિલ્લાના ગામડાની એક બાઇ મારી ઓફિસમાં દાખલ થઇ.

'શું થાય છે છોકરાને?' મેં પૂછ્યું.

'આંચકી આવે છે.' પેલી બહેને જવાબ દીધો.

'આ પહેલાંનાં કોઇ બાળકો ખરાં? એમાંથી કોઇને આવી કંઇ તકલીફ હતી?' બાળકની વિગત નોંધતાં મેં પૂછ્યું.

'હા! મોટી દીકરી અને ઇ પછીનો દીકરો બેય આ રોગમાં જ ભરખાઇ ગ્યાં છે.' વેદનાના એક સણકા સાથે એણે જવાબ આપ્યો.

આગળના બાળકોની બધી જ વિગત પૂછ્યા પછી આ બાળકની મેં તપાસ કરી. આને આંખમાં મોતિયો નહોતો. બાળક બીજી કોઇ ખરાબ નિશાની પણ નહોતું બતાવતું. આવાં બેચાર નિદાનોમાંથી આ છોકરાને કયું હશે તે હું નક્કી નહોતો કરી શકતો. હારીને મેં કહ્યું કે, 'જુઓ બહેન! આગળનાં બાળકોના કોઇ રિપોટ હોય અને એ મળે તો કંઇક પાટે ચડી શકાય. નહીંતર આનું નિદાન કરવું ખૂબ જ અઘરું છે. છે જૂના રિપોર્ટસ?'

'છે ને સાહેબ! એક એક કાગળિયું સાચવ્યું છે. મારો દીકરો ગુજરી ગયો તંઇ મારા સસરા આ રિપોટ બાળી દેવાના હતા. માંડ માંડ એમને મનાવીને મેં સાચવી રાખ્યા છે. કહીને એ બાઇએ આગળનાં બેઉ બાળકોના રિપોર્ટસની ફાઇલો મારા ટેબલ પર મૂકી. આ એ જ બાઇ હતી જેણે ખરખરો કરવા આવેલા ઢગલો એક માણસોની વચ્ચે પોતાના સસરા સાથે માથાકૂટ કરીને આ રિપોર્ટસ સાચવ્યા હતા.

મેં જૂના રિપોર્ટસની ફાઇલ ખોલી. આગળનાં બંને બાળકોમાં જે તપાસો કરવામાં આવી હતી એનો સરવાળો કરતાં મને આ બાળકનું નિદાન મળી ગયું. દૂધનું લેક્ટોઝ ન પચવાનો ગેલેક્ટોઝિમિયા નામનો રોગ આ બાળકોને હતો. એમાં ગેલેક્ટોઝ નામનું તત્ત્વ એના ઉત્સેચક ના અભાવે વિઘટન પામ્યા વિના જ મગજમાં અને આંખના નેત્રમણિમાં જમા થાય છે. મગજનું કામ ખોરવાઇ જવાથી આંચકી અને મોત બંને આવી જાય છે. નિદાન મળતાં જ મેં આ બાળકના ખોરાકમાંથી દૂધ બંધ કરાવ્યું. મુંબઇના પ્રખ્યાત બાળરોગ નિષ્ણાત ડો. શ્રી આંબેડકરસાહેબ પાસે નિદાનની ખાતરી માટે એમને મોકલ્યા. ત્યાં પણ નિદાન એ જ આવ્યું. દૂધ બંધ કરીને ખેંચની દવા શરૂ કરી. અને આજે એ બહેનને બે દીકરાઓ છે. અને બંને સંપૂર્ણ સારા છે.

એ બહેન જ્યારે જ્યારે એનાં બાળકોને બતાવવા આવે છે ત્યારે મને એક વિચાર આવે છે કે જો દરેક બહેન આવી સમજણ કેળવી પોતાનાં બાળકોની મેડિકલ ફાઇલ સાચવી રાખે તો ક્યારેક કેટલો મોટો ચમત્કાર સર્જાઇ શકે? એ બહેન જ્યારે પણ મારી ઓફિસમાં દાખલ થાય છે ત્યારે લાજ કાઢીને રડતી આંખોવાળી, પોતાના સસરાના હાથમાંથી રીતસર રિપોર્ટસની ફાઇલ ઝૂંટવી લેતી એ સ્ત્રીનું ચિત્ર મારી આંખ સામે ખડું થઇ જાય છે. અને મારાથી એની હિંમત તેમજ સમજણને વંદન થઇ જાય છે કારણ કે એના કારણે જ આજે એના ઘરના ફળિયામાં દાણિયાં જેવા બે દીકરાઓ કલ્લોલ કરે છે.

***લેખકના પુસ્તક 'સાઇલન્સ પ્લીઝ!'માંથી સાભાર***

# તમારા જીવનનું મહત્વ

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

આપણને મળેલું જીવન આપણે સૌ કોઇ જીવીએ છીએ પણ અલગ અલગ રીતે. દરેક જણ માટે જીવનની અગત્યતા જુદી જુદી હોય છે અને એ મુજબ જાણે અજાણે વ્યક્તિ વર્તતી હોય છે. તમે તમારા જીવનમાં ખરેખર કઇ વસ્તુને મહત્ત્વ આપો છો તે ઓળખી બતાવનારી એક સુંદર રમત છે. આમાં એક પ્રસંગનું વર્ણન છે અને એના આધારે પ્રશ્નો છે. તેના જવાબો આપો અને પછી સરખાવી જુઓ કે ખરેખર તમે શું ચાહો છો... જવાબ અને તેનું વિશ્લેષણ પછી વાંચો. નહિ તો સાચા ઉત્તરો મેળવી નહીં શકો અને રમતની મજા માણી નહીં શકો.

પ્રસંગ આ પ્રમાણે છે... ધારોકે તમે એક રણ પ્રદેશમાંથી પસાર થઇ રહ્યા છો અને તમારી સાથે પાંચ પ્રાણીઓ છે : એક સિંહ, એક ગાય, એક ઘોડો, એક ઘેટું અને એક વાંદરું.

રણ પ્રદેશમાં પ્રવાસ કરતા કરતા તમારે રસ્તામાં એક એક પ્રાણીઓને મૂકતા જવાનું છે. આ પ્રાણીઓને કયા ક્રમમાં તમે મૂકતા જશો એટલેકે સૌથી પહેલાં કયા પ્રાણીનો સાથ છોડી દેશો તે ક્રમવાર નક્કી કરી જવાબ અલગ લખી રાખો. આના ઉપર જ તમે જીવનમાં શેને મહત્વ આપો છો એનો આધાર છે.

પ્રવાસ શરૂ પહેલાં જ એક પ્રાણીને છોડી દેવાનું છે તમને યોગ્ય લાગે તે તર્ક લગાવો... હવે તમારી પાસે ચાર પ્રાણી બચ્યા છે. પ્રવાસ શરૂ થઇ ગયો છે. રેતી ગરમીના કારણે ખૂબ તપેલી છે તમે ઘણું બધું ચાલ્યા છો. ચારેબાજુ રેતી જ રેતી અર્થાત અફાટ રણ છે. એક પ્રાણીને છોડી મૂકવું જ પડશે. કયું? તે લખી રાખો.

હવે તમારી પાસે ત્રણ પ્રાણીઓ છે. હવે તમે ઘણું અંતર કાપ્યું છે. ચારેબાજુ ભયંકર તાપ છે. દૂર દૂર દેખાતું નાના ખાબોચિયા જેવું તળાવ પણ સુકાઇ ગયેલું જણાય છે અને હવે હજી એક પ્રાણીને છોડી દેવાનો સમય થયો છે. તે કયું? તે લખી રાખો... હવે તમારી પાસે બે પ્રાણી છે.

ઘણું બધું અંતર પાર થઇ ગયું છે. દૂર દૂર જાણે રણ સમાપ્ત થઇ રહ્યું હોય તેવું દેખાય છે. રેતાળ જમીનની જગ્યાએ હવે થોડી કઠણ ભૂમિ જણાય છે. આ વખતે હજી એક પ્રાણી છોડી દેવાનું છે. તે કયું હોઇ શકે? તે લખી રાખો.

હવે ફક્ત એકજ પ્રાણી સાથે તમારે રણ પ્રદેશને પાર કરવાના છો.

અમે આપેલું વિશ્લેષણ *(વિશ્લેષણ પાના નંબર-૭૩ ઉપર છાપેલ છે)* વાંચતા પહેલાં તમે વિચારીને સ્ટેપ ભર્યા છે, નક્કી કર્યું છે, એટલું ચોક્કસ કરજો.

જીવન જીવવા માટે સંઘર્ષ કરતી વખતે અત્યંત કષ્ટદાયક પરિસ્થિતિઓમાં આ દરેક બાબતોનો તમે નક્કી કરેલા ક્રમ પ્રમાણે તમે ત્યાગ કરતા જશો. છેવટ સુધી તમારી સાથે રહેનારું પ્રાણી, એ બાકી બીજી બધી વસ્તુઓના બદલામાં તમે તમારી પાસે રાખી મુકવા ઇચ્છો છો એ બાબતનું પ્રતિનિધિત્વ કરે છે.

આતો કાલ્પનિક પ્રસંગ છે પણ મોટેભાગે આપણા જીવનમાં નક્કી કરેલા ક્રમો આને મળતા આવશે... તમારા જવાબ આનાથી અર્થાત તમારે શું પહેલા છોડવું કે શું પછી છોડવું. જુદા આવતા હો તો હજી બાજી તમારા હાથમાં છે. યોગ્ય પસંદગીથી જીવેલા જીવનનું મહત્ત્વ અંકાય. ■

---

**સાધુ સાધ્વીજીના વિહાર દરમ્યાનના સાવચેતીના સૂર**

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)**

વિહાર કરતા ત્યારે સંઘના સેવાભાવી ભાઇ-બહેનો સાથે રહેતા. હવે એ વ્યવસ્થા પડી ભાંગી છે અથવા શક્ય નથી. કોઇપણ ફિરકાના કે કોઇ પણ ગચ્છના કે સંઘાડાના સાધુ હોય તે આપણા ગુરુ જ છે. તેમની સેવા કરવી, રક્ષા કરવી કોઇ પણ જૈનની પ્રથમ ફરજ છે :-

(૧) તમારા સંઘમાં વિહાર સમિતિ બનાવો. ચાર છ સેવાભાવી સ્વયંસેવકોનું ગ્રૂપ બનાવો.

(૨) ઉપાશ્રયમાં કોઇપણ જૈન સાધુ પધારે અને વિહાર કરવાના હોય ત્યારે ઓછામાં ઓછા બે શ્રાવકો વારાફરતી મહાત્માઓ સાથે રહે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

(૩) સંબંધિત સંઘોને ખાસ અપીલ કે મોટી ઉંમરના સાધુ-સાધ્વીજીઓ જેઓની તબિયત નાદુરસ્ત રહેતી હોય અથવા વિહારમાં તકલીફ પડતી હોય વ્હીલચેરમાં પણ વિહાર મુશ્કેલ થતો હોય તો તેઓને માટે દરેક સ્થળના સંઘોએ જરૂરથી આટલું વિચારવું જોઇએ કે તેઓ માટે એમ્બ્યુલન્સમાં વિહાર કરાવવા જોઇએ. સાથે તેમના સાધુ અથવા સાધ્વીજી એક અથવા બે રહેવા જોઇએ. આટલું જરૂરથી કરવાની અપીલ.

(૪) સિવાય સ્થિરવાસ પણ એક મોટો પ્રશ્ન છે. તેમના માટે પણ દરેક સંઘે વિચારીને વ્યવસ્થા કરવી જોઇએ. જો આપણે આમાં તૈયારી બતાવશું તો સુંદર રીતે વ્યવસ્થા પાર પાડી શકાશે.

*૧૦૦૩, અલકનંદા, નીલકંઠ વેલી, રાજાવાડી,*
*ઘાટકોપર (પૂર્વ), મુંબઇ-૪૦૦૦૭૭*
*ફોન : (૦૨૨) ૨૧૦૨૯૯૯૧/૨/૩*

*પ્રખ્યાત થઇ ગયેલા નામનો કેટલો ભાર હોય છે. - વોલ્ટેર*

# સાધુ-સાધ્વીજીના વિહાર દરમ્યાનના સાવચેતીના સૂર

● પ્રભુલાલ સંઘવી ●

હાઈવે પર વિહાર કરતા સાધુ-સાધ્વીજીના વાહનો દ્વારા વારંવાર થતા અકસ્માતો વિશે આપણે વાંચીએ છીએ જાણીએ છીએ. જ્યારે જ્યારે આવી ઘટનાઓ બને છે ત્યારે શહેરોમાં-ગામમાં સભાઓ ભરાય છે. સલાહ સૂચનો અપાય છે. સરકારને આવેદનપત્રો અપાય છે. ઠરાવો પસાર થાય છે. દૈનિકોમાં સમાચાર છપાય છે. પ્રજામત ઉશ્કેરાય છે. પણ થોડા દિવસમાં બધુ ભૂલાઈ જાય છે અને ફરી પાછું ત્યાનું ત્યાં.

સામાન્યપણે આવા અકસ્માતોનું પ્રયાણ મે-જૂન અથવા ઓક્ટોબર-નવેમ્બર અને ડિસેમ્બરમાં વધુ હોય છે. કારણકે આ સમયે સ્થળ પરિવર્તન થાય છે. ચાતુર્માસના મુકરર (નક્કી થયેલા સ્થળે) સ્થળે સમયસર પહોંચી જવા માટે મોટી સંખ્યામાં સાધુ-સાધ્વીજીઓ લાંબા-ઉગ્ર વિહાર કરતા હોય છે.

તડકો અને ગરમીથી બચવા વહેલી પરોઢે મોં સૂઝણા પહેલાં જ વિહારની શરૂઆત થાય છે. આ સમય જ અકસ્માતનું કારણ થાય છે. આ દિવસો દરમિયાન વહેલી સવારે ઝાકળ-ધુમ્મસથી વાતાવરણ ધૂંધળું હોય છે. સંતોના કપડાં સફેદ હોય છે. જેથી રાતભર ગાડી લૉરી ચલાવીને થાકી ગયેલા ડ્રાઈવરોની ઘેરાતી આંખે સાઈડમાં ચાલતી માનવ આકૃતિનો ખ્યાલ કદાચ ન પણ આવે અને પરિણામે અકસ્માત થાય એ હકીકત હવે સામાન્ય બની ગઈ છે.

થોડી સમજણપૂર્વકની સાવચેતીના પગલાંથી આવી દુર્ઘટના નિવારી શકાય.

**થોડાં સૂચનો :**

(૧) કોઈપણ સંજોગોમાં અજવાળું ન થાય ત્યાં સુધી વિહારનો પ્રારંભ ન કરવો જોઈએ વિહારનો સમય ટૂંકો કરી દિવસો વધારી નાખવા જોઈએ.

(૨) ભારે વાહનોની સતત અવર જવર થતી હોય તેવા રસ્તાનો ઉપયોગ ન કરતા થોડાક કાચા અને પારંપરિક રસ્તા ગાડાવાટનો ઉપયોગ કરવો.

(૩) રસ્તાની ડાબી બાજુએ ન ચાલતા, જમણી બાજુએ એટલેકે સામેથી આવતા વાહનોની સામે ચાલવાથી વધુ સલામતી રહેશે. પાછળથી આવતા વાહનો કરતા સામેથી આવતાં વાહનોથી સાવચેત રહી શકાય છે.

(૪) રોડના છેક કિનારા પર કીડીઓની હાર ચાલે તેમ એકની પાછળ એક એ રીતે ચાલવું જોઈએ. વાતો - ચર્ચાની ધૂનમાં બે-ચાર જણ સાથે ચાલે તો અકસ્માતની શકતા વધી જાય છે.

(૫) વ્હીલચેર દ્વારા વિહાર કરતા સાધુ-સાધ્વીજીએ ચેર સાથે ન ચાલતા રોડની નીચે ચાલવું જોઈએ. વ્હીલચેર ચલાવનારાઓએ સાથેના શ્રાવક-શ્રાવિકાઓ કે ભોમિયાઓએ રેડિયમ રિફલેક્ટિંગ જેકેટ (High Visibility Safety Jaket) પહેરવા જોઈએ. વ્હીલચેર પર પણ રિફલેક્ટિંગ ધજા ફરકાવવી જોઈએ અથવા લાંબી લાકડી પર ઉપરના છેડે ચમકદાર કલરના Reflecting પટ્ટા વિંટાળવા જોઈએ. આનાથી વાહન ચાલક દૂરથી વ્હીલચેર અને માનવ આકૃતિ જોઈને સાવચેત થઈ જાય અને અકસ્માતની શક્યતા ટાળી શકાય.

(૬) ઉપરા ઉપરી ભારે વાહનો બાજુમાંથી પૂરઝડપે પસાર થાય ત્યારે રોડ ઉપર કામચલાઉ Vaccum સર્જાય છે અને હવાના દબાણથી નાના વાહનો કે ચેર કે માણસો થોડી સેકન્ડ માટે ખેંચાઈ જતા હોય છે. જેથી પાછળ આવતાં વાહનોથી અકસ્માત સર્જાય છે.

(૭) વિહારના રસ્તે જો રેલવેફાટક આવતા હોય તો ફાટક ક્રોસ કરવા જરા પણ ઉતાવળ કરવી નહીં. બન્ને બાજુ દૂર દૂર સુધી જોઈને સાવચેતીપૂર્વક પાટા ક્રોસ કરવા.

(૮) વિહાર દરમિયાન આપની નજર નીચે તેમજ સામે હોવી જોઈએ. બીજી કોઈ દિશામાં જોવાનું ટાળો.

(૯) વળાંકવાળા રોડ, ચાર રસ્તા, સીંગલ રોડ ચઢાણ, ઉતરણવાળા રોડ પર ખાસ સાવચેતી રાખવી.

(૧૦) વ્હીલચેર વાળાએ મોટી બેટરી સાથે જ રાખવી અને અંધારા દરમિયાન તેને ચાલુ જ રાખવી. તે બાબત કરકસર ન કરવી.

(૧૧) જ્યાં સુધી કુદરતી પ્રકાશ ન થાય ત્યાં સુધી બધા જ સાધુ-મહાત્માઓએ સાથે જ રહેવું જોઈએ. પ્રકાશ થયા બાદ ભલે આગળ-પાછળ થાય.

મે-જૂન એ વિહારનો સમય છે. બધાં સાધુ સાધ્વીજીઓને અમે અંતરની આરજુ સાથે અપીલ કરીએ છીએ. વિનવણી કરીએ છીએ અને દર્દભરી ચેતવણી પણ આપીએ છીએ કે ઉપર વર્ણવેલા નિયમોનું પાલન જરૂરથી કરશો. આપ સહુ અમુક નિયમોથી વાકેફ જ હશો. છતાં પણ જણાવેલ છે. વધારે કંઈ પણ લખાયેલ હોય તો મિચ્છામિ દુક્કડમ.

**જૈન સંઘોને અપીલ :**

એક સમય હતો જ્યારે મોટા રોડ ન હતા, ભારે વાહન ન હતા.

આટલો ટ્રાફિક ન હતો ત્યારે સાધુ-સાધ્વીજીઓ સાથે એક ગામથી બીજે ગામ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)

*ચીજો નથી બદલાતી, આપણે બદલાતા હોઈએ છીએ. - થૉરો*

માહિતી

# કચ્છમાં વસતિ વિકાસ અને શિક્ષણની ગઇકાલ, આજ અને આવતીકાલ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

કચ્છ પ્રદેશની એક આગવી ઓળખ એટલે રણ, મહેરામણ અને ડુંગરાનો ભાતીગળ સંસ્કૃતિ ધરાવતો પ્રદેશ. કચ્છ જિલ્લાનો કુલ વિસ્તાર ૪૫,૬૫૨ ચોરસ કિલોમીટર છે. જેમાં ૨૬,૧૭૪ ચો.કિ.મી. તો રણ વિસ્તાર છે. ઇ.સ. ૧૯૪૭માં આપણને આઝાદી પ્રાપ્ત થઇ ત્યારથી ઇ.સ. ૧૯૫૬ સુધી કચ્છ કેન્દ્રશાસિત વિસ્તાર હતો. અર્થાત્ કેન્દ્ર શાસિત પ્રદેશ હતો. ઇ.સ. ૧૯૫૬થી ૧૯૬૦ સુધી દ્વિભાષી મુંબઇનો ભાગ હતો. ૧ લી મે ઇ.સ. ૧૯૬૦થી કચ્છ જિલ્લા તરીકે ગુજરાત રાજ્યમાં સમાવિષ્ટ છે.

કચ્છમાં રાવશ્રી દેશળજીના સમયમાં કચ્છની વસતિ ગણતરી કરવામાં આવી ત્યારે કચ્છમાં ૮૯૬ ગામો હતા.

## • કચ્છમાં વસતિ અને શિક્ષણની ગઇકાલ :

કચ્છમાં આઝાદી બાદ વસતી અને શિક્ષણક્ષેત્રે વિકાસ થતો રહ્યો છે. કચ્છમાં વસતી વૃદ્ધિનો ખ્યાલ તથા શિક્ષણ વિકાસનો ખ્યાલ નીચે દર્શાવેલ આંકડાઓથી આવી શકશે.

| *વર્ષ* | *કુલ વસતિ લાખમાં* |
|---|---|
| ઇ.સ. ૧૮૪૩ | ૪,૦૯,૧૪૮ |
| ઇ.સ. ૧૮૫૧ | ૪,૮૪,૮૭૨ |
| ઇ.સ. ૧૯૦૧ | ૪,૮૮,૦૨૨ |
| ઇ.સ. ૧૯૨૧ | ૪,૮૫,૫૪૭ |
| ઇ.સ. ૧૯૩૧ | ૫,૧૪,૩૦૭ |
| ઇ.સ. ૧૯૪૧ | ૪,૯૮,૫૪૧ |
| ઇ.સ. ૧૯૫૧ | ૫,૬૭,૬૦૬ |
| ઇ.સ. ૧૯૬૧ | ૬,૯૬,૪૪૦ |
| ઇ.સ. ૧૯૭૧ | ૮,૪૯,૭૬૭ |
| ઇ.સ. ૧૯૮૧ | ૧૦,૫૦,૧૬૧ |
| ઇ.સ. ૧૯૯૧ | ૧૨,૬૨,૫૦૭ |
| ઇ.સ. ૨૦૦૧ | ૧૫,૮૨,૭૫૯ |

***ઇ.સ. ૨૦૧૧ - કચ્છની વસતિ ૨૦,૯૦,૩૧૩ થઇ છે. ૧૦ વર્ષમાં ૫,૦૭,૫૯૪ જેટલો ઉમેરો થયો છે.***

### વર્ષ ૧૯૫૧ સુધી કચ્છમાં શિક્ષણ

| | |
|---|---|
| પ્રાથમિક શાળાની સંખ્યા | ૩૯૯ |
| અભ્યાસ કરનારાની સંખ્યા | ૧૯૪૩૮ |
| માધ્યમિક શાળાની સંખ્યા | ૧૨ |
| અભ્યાસ કરનારાની સંખ્યા | ૨૯૩૬ |
| કોલેજ | એક પણ નહિ |

એક દાયકા પૂર્વે કચ્છ, વસતિમાં, ગુજરાતમાં ૧૬મા ક્રમે હતું. કચ્છની વસતિમાં ૨૭.૨૫ ટકાનો વધારો થયેલો. આ સમય દરમ્યાન દર હજાર પુરુષે ભારતમાં ૯૩૩ સ્ત્રીઓ હતી, ગુજરાતમાં દર હજાર પુરુષે ૯૨૧ સ્ત્રીઓ જ્યારે કચ્છમાં હજાર પુરુષે ૯૪૨ સ્ત્રીઓનું પ્રમાણ હતું. એક ચોરસ કિ.મી. ગીચતા ૩૩ની હતી. આ સમગ્ર કચ્છની પરિસ્થિતિ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપ સુધીની હતી.

## • કચ્છની વસતિ તથા શિક્ષણની આજ :

ઇ.સ. ૨૦૧૧ની તાજેતરની વસતિ ગણતરી મુજબ વસતિ તથા શિક્ષણ બન્નેનો વ્યાપ વધવા પામ્યો છે. ભૂકંપ બાદ ટેક્સ હોલીડેના કારણે અનેક નિયોજકોએ કચ્છમાં ખનિજોના આધારે અનેક ઉદ્યોગો શરૂ કરેલા છે. પરિણામે આ ઉદ્યોગોમાં વ્યવસાય માટે કચ્છના લોકોને શિક્ષણનું મહત્ત્વ સમજાયું છે. તેથી શૈક્ષણિક, સંસ્થાઓ વિકસતી રહી છે.

### વર્ષ ૨૦૧૧નું કચ્છનું શૈક્ષણિક ચિત્ર

| | | |
|---|---|---|
| ★ | પ્રાથમિકશાળાઓ | ૧૮૩૮ |
| | અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | ૭૧,૮૭૭ |
| ★ | માધ્યમિક શાળાઓ | ૧૫૫ |
| | અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | ૫૫,૬૩૩ |
| ★ | ઉચ્ચ. માધ્યમિક શાળાઓ | ૭૧ |
| | અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | ૧૫,૪૯૬ |

ભાર વિનાના ભણતરના સંદર્ભે "પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન"નો નૂતન અભિગમ કચ્છની ૧૧૦ પ્રાથમિક શાળાઓમાં શરૂ કરાયો છે 'PLAY WAY METHOD' જેને કહે છે. ધો. - ૭ બાદ જે બાળકો શાળા છોડી જતા તેમને વધુ અભ્યાસાર્થે પ્રોત્સાહિત કરવા ધો. ૮ નો સમાવેશ પ્રાથમિક શાળામાં કરવામાં આવી રહ્યો છે. હાલે માધ્યમિક શાળાઓ જે કચ્છમાં છે તેમાં શિક્ષકોની સંખ્યા ૧૨૯૩ છે. જ્યારે કચ્છની ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની સંખ્યા ૧૩૧૪ છે. ટેક્નિકલ શિક્ષણ માટે કચ્છમાં ૧૨ આઇ.ટી.આઇ. છે જેમાં ચાર હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ ઉપરાંત આંબેડકર યુનિવર્સિટી તથા IGNOUના અભ્યાસકેન્દ્રો છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૧ ઉપર)

*આપણાં કર્મોએ આપણો દેહ બાંધ્યો છે, જેવાં કર્મો કરીશું તેવો દેહ મળશે. - નાનક*

# સહિયારા ધોરણે સામૂહિક રહેણાંકના સંસ્કાર અપનાવીએ

• લાલ રાંભિયા •

બસો ચોરસવારની આસપાસનો પ્લોટ છે, એમાં સરસ મજાનો બંગલો છે, નાનકડો રંગબેરંગી ફૂલઝાડનો ઘરબગીચો છે, તુલસી ક્યારો ને હીંચકો તો ખરો જ! મકાનની અંદર પણ તમામ સગવડ અને સરસ સજાવટ પણ છે. પણ...આ પ્લોટની બહાર!?

...બાવળિયાના ઝુંડ, એમાં અટવાયેલાં પ્લાસ્ટિકના ઝભલાં, વેફર/ચવાણાના પડીકાં, ગુટકાના પાઉચ, કચરાના ઢગ, ધૂળઢેફાં ને આડેધડ પાર્ક કરાયેલાં વાહનો!!

આ દશ્ય ભુજ, ગાંધીધામ, મુન્દ્રા, અંજાર, ભચાઉ...કચ્છના તમામ 'વિકસતા' શહેરોના રહેણાંક અને કોમર્શિયલ કોમ્પ્લેક્ષીઝનું છે. મોટાભાગની સરકારી કચેરીઓ, હોસ્પિટલો, શાળા, કોલેજો...અરે...પ્રવાસન સ્થળો અને સેવાભાવી સંસ્થાઓ સુદ્ધાંના પરિસરો ગંદકીથી ખદબદે છે. પવન, વંટોળિયા કે વરસાદ સાથે આ કચરો આગળ પાછળ થાય છે પણ સ્થળફેર કરતો નથી. મારું ઘર, ઓફિસ કે દુકાન સાફસુથરું પણ પરિસર?!

આ લેખ પછી વાંચજો, એક લટાર મારીને જોઇ આવો. જેટલાં વર્ષ આપણને અહીં રહેવા આવ્યાને થયાં એટલાં વર્ષનો કચરો આપણે આપણી આસપાસ સંગ્રહીને બેઠા છીએ. ગૃહપ્રવેશ પ્રસંગના પાણીના પાઉચ આ વાતના સાક્ષી છે.

ધરતીકંપ બાદ નવનિર્માણ, કચ્છવિકાસ, આર્થિક વિકાસનો લાભ વધતે ઓછે અંશે દરેકને મળ્યો છે. હજી વધુ મળવાની શક્યતાઓ છે પણ વિકાસની વ્યાખ્યા શી? કહેવાય છે કે, એક નૂર આદમી, હજાર નૂર કપડાં, એવી જ રીતે ઘરની શોભા આંગણું અને આજુબાજુનું પરિસર. આપણો 'ટેસ્ટ' પરખવાના એ શ્રેષ્ઠ માપદંડ છે.

પ્લોટ ખરીદ્યો એ વખતે બિલ્ડર કે ડેવલપરે આપેલ આકર્ષક રંગબેરંગી બ્રોશર/ફોલ્ડર શોધી કાઢો. ખરીદ્યા પછી એના પર સપનાનું ઘર બની જ ગયું છે ત્યારે હીંચકે બેસીને એના પર ફરીથી નજર ફેરવો. આર્કિટેક્ટની કલ્પનાશક્તિનું મનભાવન ચિત્રાંકન! સુવ્યવસ્થિત પ્લોટિંગ, વીજળી, પાણી, ગટરની લાઇનો, ફૂલઝાડ, લેન્ડસ્કેપિંગ, પાર્ટીપ્લોટ, રમતગમતનાં સાધનો પર ગેલ કરતાં બાળકો, સાફસુથરા પાકા રસ્તાઓ...અને ઘણું બધું! (જિમ્નેશિયમ, કલબહાઉસ, દાદાદાદી પાર્ક, સ્વિમિંગ પુલ...) અને પ્લોટ ખરીદાયો, મકાન બન્યું, રહેવા આવે પણ બે ચાર છ વર્ષ થઇ ગયા પછી તટસ્થ સમીક્ષા કરો કે એ બ્રોશરનું શું શું આપણે પામ્યા?

પ્રસંગોપાત આપણે મુંબઇ, અમદાવાદ, દિલ્હી, દુબઇ, નૈરોબી, લંડન કે કેલિફોર્નિયા જઇએ તો સ્વાભાવિક પ્રશ્ન થાય કે કરોડોની વસતીને સાચવી બેઠેલા આ શહેરો, એમાંની ગગનચુંબી ઇમારતો, એક સોસાયટીમાં આખું ભુજ આવી જાય એવી વસાહતો...આ બધાની જાહેર સગવડો કેમ સચવાતી હશે?!

મુંબઇ કે અન્ય શહેરના કોઇ સ્વજનનું સરનામું યાદ કરો. નામ પછી તરત અમુક તમુક કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લખેલું હશે. એનું બંધારણ હોય, એ સોસાયટીમાં જેના નામે ફલેટ કે બંગલા હોય એ તમામ એના કાયદેસરના સભ્ય. એ સભ્યોની સામાન્ય સભાઓ યોજાય, સગવડો, અગવડોની ચર્ચા થાય, યોગ્ય તારણો નીકળે, કારોબારી નિમાય, એક્શન પ્લાન તૈયાર થાય અને યોગ્ય રીતે અમલીકરણ થાય. લાઇટ, પાણી, ગટરવ્યવસ્થા, આંતરિક રોડરસ્તા, સ્ટ્રીટ લાઇટસ, ખુલ્લી જગ્યાની ઉપલબ્ધિ પ્રમાણે બાગબગીચા, રમતગમતના મેદાન ઇત્યાદિ તમામની રોજબરોજની જાળવણી અને સાફસફાઇની જવાબદારી સોસાયટીએ નક્કી કરેલા ઇલેક્ટ્રિશિયન, પ્લમ્બર્સ, ગાર્ડનર્સ, સફાઇ સેવકો, સિક્યુરિટી ગાર્ડસ ઇત્યાદિ નિભાવે છે. એ માટે થતો ટોટલ ખર્ચ તમામ રહેઠાણ ધારકો (બંધ પડેલા રહેઠાણો સુદ્ધાં) વચ્ચે એમના રહેઠાણના કુલ એરિયા (સ્કવેર ફીટ કે મીટર) પ્રમાણે સોસાયટીના માસિક બિલના માધ્યમથી ઉઘરાવી લેવાય છે. સોસાયટીના આવકના સ્રોત પણ હોય છે. દા.ત. ફલેટ, મકાન, દુકાન કે ઓફિસના લે વેચ બાદ નામ બદલીની રકમ, પાર્કિંગ ચાર્જ, જાહેરાતના હોર્ડિંગ કોન્ટ્રાક્ટ, પાર્ટીપ્લોટસનું ભાડું વગેરે. અમુક સોસાયટીઓ તો વિવિધ માધ્યમે ખર્ચથી પણ વધુ ભંડોળ ઊભું કરી સોસાયટી વેલફેરના કાર્યો કરે છે. નોટિસ આપ્યા બાદ પણ સોસાયટી બિલ ન ભરનાર સભ્યોના નામ નોટિસ બોર્ડ પર મૂકવામાં આવે છે અને જરૂર પડ્યે કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવે છે.

કો-ઓપરેટિવ સોસાયટી ધારો દરેકને લાગુ પડે છે અને લાંબું વિચારતાં લાભદાઇ જ છે. ફલેટ, પ્લોટ કે બંગલો ખરીદતી વખતે જાહેરાતો કે ફોલ્ડરમાં બતાવેલી જાત જાતની કોમન એમિનિટીઝ-જાહેર સગવડોની પૂર્તતા કરવાની જવાબદારી જે તે બિલ્ડર કે ડેવલોપરની છે. એટલું જ નહીં, એગ્રિમેન્ટમાં સુદ્ધાં એવી બાંયધરી લઇ શકાય છે. જાહેરસેવાના સરકારી વિભાગો સુદ્ધાં સોસાયટીની અરજીઓ/ફરિયાદોનો કાયદેસર નિકાલ કરવા બંધાયેલા છે. પણ આ બધું તો જ શક્ય છે કે જો સભ્યોમાં એકાત્મતા અને સંગઠન હોય. એકલદોકલ કોઇ ફરિયાદને ગણકારતું નથી.

તમે જ્યાં રહો છો, ધંધો કરો છો ત્યાંની શું સ્થિતિ છે? કચ્છના વિકાસ સાથે આપણા જીવનધોરણનો વિકાસ સંકળાયેલો છે. જરૂર છે સહિયારા જીવનધોરણના સંસ્કાર અપનાવવાની...! ■

*ભગવાનની નિષ્કામ ભક્તિ અનેક સિદ્ધિઓથી પણ શ્રેષ્ઠ ફળ આપે છે. - સ્વામી આનંદ*

# ભૂકંપ પહેલાનું કચ્છ એક સર્વાંગ દૃષ્ટિપાત

• સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા •

- જિલ્લાનું નામ : કચ્છ
- મુખ્ય મથક : ભુજ
- ક્ષેત્રફળ : ૪૫,૬૫૨ ચો.કિ.મી.
- અક્ષાંશ : ૨૨°૪૪થી ૨૪°૪૧ ઉત્તર અક્ષાંશ
- રેખાંશ : ૬૮૦૦૯થી ૭૧૦૫૪ પૂર્વ રેખાંશ
- ગામડાં : ૯૬૧
- તાલુકા : ૯
- શહેરો : ૧૦
- નગરપાલિકાઓ : ૪
- વસતિ (૧૯૯૧) : ૧૨,૬૨,૫૦૭
- પુરુષ : ૬,૪૨,૮૨૩
- સ્ત્રી : ૬,૧૯,૬૮૪
- સાક્ષરતા : પુરુષ ૫૨.૮૯%<br>સ્ત્રી ૩૪.૪૪%
- ગ્રામ પંચાયતો : ૬૦૩
- તાલુકા પંચાયતો : ૯
- સરેરાશ વરસાદ : ૧૦થી ૧૨ ઇંચ
- રેલવે : મીટરગેજ ૩૦૦ કિ.મી.,<br>બ્રોડગેજ ૮૩ કિ.મી.
- સાગરકાંઠો : ૩૨૦ કિ.મી.
- વન વિસ્તાર : ૨૮૫૩૨૬-૦૫ હેક્ટર
- રણ વિસ્તાર : ૯ હજાર ચો.કિ.મી.
- આરોગ્ય : સિવિલ હોસ્પિટલ - ૧<br>સામૂહિક આરોગ્ય કેન્દ્ર - ૭<br>પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - ૩૭<br>રેફરલ હોસ્પિટલ અને જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના ૪૭<br>પ્રસૂતિ કેન્દ્ર ૨૯<br>સ્ત્રી આરોગ્ય કેન્દ્ર ૨૮૦
- મુખ્યપાક : બાજરી, જુવાર, ઘઉં, મગફળી, મગ, મઠ, ગવાર, તલ, કપાસ, એરંડા
- પ્રાથમિક શાળાઓ : ૧૨૩૦
- માધ્યમિક શાળાઓ : ૮૩
- ઉચ્ચતર માધ્યમિક શાળાઓ : ૨૪
- કોલેજો : ૮
- યુનિવર્સિટી : —
- નદીઓ : ૭૪ (નાની મોટી)
- સિંચાઈ : ૬૭,૦૬૦ હેક્ટર
- ઉદ્યોગ : મત્સ્ય ઉદ્યોગ, હસ્તકલા, કચ્છી બાંધણી, અજરખ પ્રિન્ટ, બાટીક, માટીકામ, ભરતકામ, કંડલા ખાતરનું કારખાનું, પાનધ્રો લિગ્નાઈટ પ્રોજેક્ટ - ૧૬૬૦ ઉદ્યોગો
- સહકારી મંડળીઓ : ૧૦૭
- વાજબી ભાવની દુકાનો: ૫૧૦
- મેળાઓ : કારતક પૂનમનો મેળો, ધીણોધરનો મેળો, ચૈત્ર સુદ ૧૪-૧૫નો મેળો, રવેચી માતાનો મેળો, રામદેવપીરનો મેળો, વોંધ મેળો વગેરે.
- જોવાલાયક સ્થળો : નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ, માતાનો મઢ, હાજીપીર, ભદ્રેશ્વર, જેસલ તોરલ મંદિર, મેકણ દાદાનો અખાડો, કેરાનું સૂર્યમંદિર, આઈના મહેલ, પ્રાગમહેલ, કચ્છ મ્યુઝિયમ, શરદબાગ, હમીરસર તળાવ, ભુજિયો ડુંગર, છતરડી, કંડલા બંદર, માંડવી વિજય વિલાસ પેલેસ.

ગુજરાત રાજ્યનો એક આગવો, અનેરો અને અનેકવિધ વિશિષ્ટતાઓ ધરાવતો કચ્છ જિલ્લો રાજ્યમાં સૌથી મોટો તેમજ સરહદી જિલ્લો છે. અરબી સમુદ્ર અને રણપ્રદેશ વચ્ચે વસેલો કચ્છ પ્રદેશ સપાટ મેદાનોની ભૂમિ નથી, આ તો ડુંગરાળ પ્રદેશ છે. કાળો, સુજીત્રો, ધીણોધર, ભાંજડો જેવા ડુંગરો ઉપરાંત અનેકવિધ નાની મોટી ટેકરીઓ ધરાવે છે.

આમ તો કચ્છ અતિ પ્રાચીન પ્રદેશ છે. હડપ્પન સંસ્કૃતિના અવશેષો અહીં મળી આવ્યા છે. આ અવશેષો ધોળાવીરામાં છે. કચ્છમાં લિગ્નાઈટ, બેન્ટોનાઈટ, બોક્સાઈટ, લાઈમ સ્ટોન વગેરે ખનીજ સંપત્તિ વિપુલ પ્રમાણમાં છે. આથી આ ખનીજ આધારિત

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર)

*બીજા પર વધુ વિશ્વાસ મૂકો, તો વધુ સફળતા મળશે.*

### ૩૧ જુલાઈએ પુણ્યતિથિ નિમિત્તે

# મોહંમદ રફી સા'બ.... સલામ!

• દિનેશ આર. મહેતા •

ભારતીય ચલચિત્ર જગતના મહાન અને લોકલાડીલા ગાયક મોહંમદ રફીનું નિધન ૩૧ જુલાઈ, ૧૯૮૦નાં થયું હતું. તેમના અવસાનને ૩૦ વર્ષ પૂરા થઈ ગયા છે પરંતુ તેમનો સ્વર આજેય અમર થઈને સૌના કાનમાં ગૂંજતો રહે છે.

૨૪મી સપ્ટેમ્બર, ૧૯૨૪ના રોજ તેમનો જન્મ અમૃતસર જિલ્લાના કોટલા ગામે થયો હતો. માત્ર સોળ વર્ષની ઉંમરે પંજાબી ફિલ્મ 'ગુલ બલોય'માં તેમનો અવાજ સૌપ્રથમ વખત સાંભળવા મળ્યો હતો. તે પછી બીજા ત્રણ વર્ષના સમય બાદ રફી મુંબઈ ગયા અને ત્યાં સંગીતકાર નૌશાદજીએ 'પહેલે આપ'માં દેશ ભક્તિના 'હિંદોસ્તાં કે હમ હૈ...' ગીતમાં ચમકાવતાં ફિલ્મ જગતને રોમાંચિત કરી મૂક્યો. 'સમાજ કો બદલ ડાલો', 'લૈલા મજનુ' અને 'જુગ્નુ' ફિલ્મોમાં તો રફી સા'બ પડદા પર ગાતા જોવા મળ્યા. 'યહાં બદલા વફા કા બેવફાઈ કે સિવા ક્યા હૈ...' વિખ્યાત નૂરજહાં સાથેના યુગલગીતે ધૂમ મચાવી હતી.

શરૂઆતના સમયમાં મોહંમદ રફી રેડિયો કલાકાર હતા. તે વખતે ગોવિંદરામના સંગીત નિર્દેશન હેઠળની ફિલ્મ 'લૈલા મજનુ'માં ગાયક ખાન મસ્તા સાથે કોરસ ગીત ગાયું હતું. એક અન્ય ફિલ્મ 'શહીદ'ના યુગલ ગીત 'વતન કી રાહમેં વતન કે નૌજવાન શહીદ હો...' એ ધૂમ મચાવી દીધી.

તે સમયે ગાયક સાયગલ સાહેબનો સિતારો હતો. 'શાહજહાં' ફિલ્મમાં રફીએ કુંદનલાલ સાયગલ સાથે ગીત ગાયું ત્યારે રફીની આંખમાં આંસુ આવી ગયા હતા કારણકે તે વખતના મહાન ગાયક સાયગલજી સાથે ગીત ગાવાની એક અમૂલ્ય તક તેમને સાંપડી હતી. એ ગીતમાં રફીના અવાજથી 'શાહજહાં'ના સંગીતકાર નૌશાદજી પણ આનંદવિભોર બની ગયા હતા. સાયગલ સાહેબનું અવસાન થતાં, એ સ્થાન રફીએ લીધું. સાયગલને ગાવા માટે જે મર્યાદા હતી, તે રફીમાં ન હતી. ભજન હોય કે કવ્વાલી હોય, ગઝલ હોય કે ગીત, ક્લાસિકલથી કોઈપણ દર્દીલા ગીતોમાં તેમને ક્યારેય પણ મુશ્કેલી ન થઈ. ગાવા માટે અશક્ય જેવો કોઈ શબ્દ તેમની પાસે હતો જ નહીં. કોઈપણ પ્રકારનું ગાવાનું ખૂબ આસાનીથી ગાઈ બતાવતા હતા. આ તેમની ખૂબી હતી. આ તેમને કુદરતી બક્ષીસ હતી. એમના કંઠની મહેફિલ જુઓ... 'બૈજુ બાવરા'નું ગીત 'ઓ દુનીયા કે રખવાલે...' એ ગીતની ઊંડાઈ અજોડ છે. 'દીદાર' ફિલ્મમાં દિલીપકુમાર ગાય છે... 'મેરી કહાની ભૂલને વાલે' અને કલાકાર ભારત ભૂષણનું ગીત 'યહી અરમાન લેકર'. કોઈપણ કલાકારો માટે રફી સાહેબે ખૂબ જ દિલની લગનથી ગીતો ગાઈ બતાવ્યા છે.

હિંદી ફિલ્મ જગતમાં તમામ સંગીતકારો સમક્ષ રફીએ આસાનીથી ગીતો ગાયા છે. શરૂઆતના સમયના ગુલામ હૈદરથી કરીને રાજેશ રોશન સુધીના અનેક સંગીતકારો પાસે રફીએ વિવિધ પ્રકારના ગીતો ગાઈ બતાવ્યા છે. ફિલ્મ 'દો ઉસ્તાદ'માં રાજકપૂર માટે ગીત ગાયું છે અને તેમના પુત્ર ઋષિ કપૂર માટે પણ ગાયું છે. બીજી તરફ નૂરજહાં, લતા મંગેશકર, આશા ભોંસલે, અનુરાધા પૌડવાલ, શારદા, ગીતા દત્ત, સુમન કલ્યાણપુર - વગેરે અનેક ગાયિકાઓ સાથે રફીએ ઘણા ગીતો ગાઈને અમર કરી દીધા છે.

રફીએ કેટલા ગીતો ગાયા છે તેની સંખ્યા પણ ચોક્કસપણે મળતી નથી. તેમના ગીતોની નોંધ તૈયાર કરવાનું કાર્ય તકલીફવાળું છે. એ રીતે, રફીનું પહેલું ગીત કયું હતું તે પણ સ્પષ્ટ નથી. પંજાબી ફિલ્મ 'ગુલ બલોચ', ૧૯૪૪માં રિલીઝ થયેલી સરદારની ફિલ્મ 'પહેલે આપ', એક અન્ય ફિલ્મ હતી 'ગાંવ કી ગોરી'. ક્યારેક એવું બની શકે કે, જે ફિલ્મના ગીતનું પ્રથમ રેકોર્ડિંગ થયું હોય પરંતુ તે ગીતની રેકોર્ડ બહાર પડી ના હોય. ત્યારબાદના ગીતની રેકોર્ડ તે પહેલાં બહાર પડી હોય. આમ, પ્રથમ ગીત બાબતનો ખુલાસો મુશ્કેલ છે.

રફીએ લતાજી સાથે મળીને મધુર અને ખૂબ યાદગાર ગીતોનો ખજાનો આપ્યો છે.

★ 'છૂ લેને પવન કી આયી બહાર, યાર છલકે હો પ્યાર છલકે'
★ 'બચપન કે દિન ભૂલા ના દેના'
★ 'સો સાલ પહેલે મુઝે તુમસે પ્યાર થા' - જબ પ્યાર કિસીસે હોતા હૈ
★ 'આવાઝ દે કે હમે તુમ બુલાઓ' - પ્રોફેસર
★ 'જો વાદા કિયા વો નિભાના પડેગા' - તાજમહલ
★ 'મુજે કિતના પ્યાર હૈ તુમસે અપને હી દિલસે પૂછો તુમ' - દિલ તેરા દિવાના
★ 'દિલ એક મંદિર હૈ' - દિલ એક મંદિર
★ 'જરા સામને તો આઓ છલીયે, છૂપ છૂપ કે' - જનમ જનમ કે ફેરે
★ 'ધીરે ધીરે ચલ ચાંદ ગગન મેં' - લવ મેરેજ
★ 'દો સિતારોં કા જમી પર હૈ મિલન' - કોહીનૂર
★ 'લાગી છૂટે ના અબ તો સનમ' - કાલી ટોપી લાલ રુમાલ
★ 'ઓ રાત કે મુસાફિર, ચંદા જરા બતા દે' - મિસમેરી
★ 'દિલ તોડનેવાલે તુજે દિલ ઢુંઢ રહા હૈ' - સન ઓફ ઈન્ડિયા

*કામના છૂટવાથી જે સુખ થાય છે તે સુખ કામનાની પૂર્તિથી કદી થતું નથી.*

★ 'યાહુ... ચાહે કોઈ મુઝે જંગલી કહે...' - જંગલી

આવા યાદગાર, મધુર ગીતોની લાંબી હરોળ છે. કેટલા યાદ કરીશું?

ઉલ્લેખનીય છે કે સંગીતકારો નૌશાદજી અને ઓ.પી. નૈય્યર જેવાનાં સંગીતમાં રફીના ગીતો વધારે ખીલ્યાં હતાં.

અન્ય કેટલાક ગીત - ગઝલ પણ કમાલના છે.

★ 'જો ઉનકી તમન્ના હૈ બરબાદ હો જા' - ઈન્તકામ

★ 'ઈસ રંગ બદલતી દુનિયા મેં ઈન્સાન કી કિંમત કુછ ભી નહીં' - રાજકુમાર

★ 'ઈસ ભરી દુનિયા મેં કોઈ ભી હમારા ના હુઆ' - ભરોસા

★ 'રંગ ઔર નૂર કી બારાત કિસે પેશ કરું' - ગઝલ

★ 'તૂટે હુએ ખ્વાબોંને હમ કો યે શિખાયા હૈ' - મધુમતી

આ બધા જ અમર ગીતો છે.

**ગુજરાતી ગીતો :**

*'દિવસો જુદાઈના જાય છે એ જશે*
*જરૂર મિલન સુધી મારો હાથ ઝાલીને લઈ જજે.'*

*'કહું છું જવાનીને પાછી વળી જા કે, ઘડપણનું ઘર*
*મારું આવી ગયું છે,...'*

*'દિવસો જુદાઈના સાંભળીએ... કોઈ શ્વાસ બંધ કરી ગયું...'*

યાદગાર અને જીવંત ગઝલો છે.

રફીએ હિંદી ઉપરાંત પંજાબી, કોંકણી, ગુજરાતી, મરાઠી વગેરેમાં આસાનીથી યાદગાર ગીતો ગાયા છે.

રફી સાહેબની નૂરજહાં સાથે પ્રથમ ફિલ્મ 'ઝીન્નત' ૧૯૪૬, લતાજી સાથે પ્રથમ ફિલ્મ 'શાદી સે પહેલે' - ૧૯૪૭, સાયગલ સાથે પહેલી ફિલ્મ 'શાહજહાં' - ૧૯૪૬ હતી.

'મન તડપત હરિ દર્શન કો આજ' - બૈજુ બાવરા ફિલ્મનો ખાસ શો તે વખતે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયો હતો અને ફિલ્મનું ભજન સાંભળીને રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદ અને વડાપ્રધાન જવાહરલાલ નહેરુની આંખોમાં પણ આંસુ આવી ગયા હતા. રફી જીવનભર ખૂબ સાદાઈને વર્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં પણ સાદા કૂર્તા-પાયજામા પહેરીને ગયા હતા. રફી સાહેબ પોતાના સીધા સાદા, સરળ સ્વભાવ માટે ફિલ્મ જગતમાં જાણીતા હતા. આમ છતાં, દિલનાં ઉદાર પણ તેવા જ હતા. જીવનમાં ક્યારેય પણ પૈસાને મહત્ત્વ આપ્યું ન હતું. દેશના જવાનો માટેના કોઈપણ કાર્યક્રમ મહેનતાણા વિના જ કરતા હતા.

મોહંમદ રફીને છ વખત ફિલ્મફેર ઍવૉર્ડ મળ્યા હતા અને ૧૯૬૭માં પદ્મશ્રી ઍવૉર્ડ પણ મળ્યો હતો. આજે ત્રણ દાયકા બાદ પણ તેઓ તેમના અમર ગીત - અવાજ થકી જીવંત છે.... અને જીવંત રહેશે. સલામ!

'જાનેવાલે કભી નહીં આતે... જાનેવાલેકી યાદ આતી હૈ...'

*સી/૪૦૨, પ્રેસ્ટીજ ટાવર, ચીફ જસ્ટિસના બંગલા પાસે,*
*જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

## ભૂકંપ પહેલાનું કચ્છ

**(અનુસંધાન : પાના નં.-૪૪ ઉપરથી ચાલુ)**

ઉદ્યોગોનો વિકાસ સારો થયો છે.

કચ્છ જિલ્લામાં ૫૦૦૩ કિ.મી.ના રસ્તા છે. આઝાદી સમયે માત્ર ૪૨૭ કિ.મી.ના માર્ગો હતા. કચ્છમાં ૧૬૫ કિ.મી.ના રાષ્ટ્રીય ધોરીમાર્ગ છે.

જિલ્લાના મુખ્યમથક ભુજ ખાતે ગુજરાતનું તથા પશ્ચિમ ભારતનું સૌથી જૂનું અને ભારતભરના સદી વટાવી ચૂકેલા પ્રથમ દસ મ્યુઝિયમો પૈકીનું એક છે. ૧૮૭૭માં સ્થપાયેલ આ મ્યુઝિયમના મધ્યખંડમાં સુપ્રસિદ્ધ જૈન દેરાસરમાંથી મળેલ કાષ્ઠકલાના સુપ્રસિદ્ધ ઐરાવત હાથીનું શિલ્પ મૂક્યું છે, આ ઐરાવત હાથીની ટપાલ ટિકિટ પણ ભારત સરકારે ૧૯૭૭માં બહાર પાડી હતી.

પશુપાલન સાથે સંકળાયેલી માલધારી મહિલાઓનું ભરતકામ આજે વેશપરિધાનની દુનિયામાં ફેશનનું કેન્દ્ર બની ચૂક્યું છે. ભરતકામમાં જાતિગત અને પ્રાદેશિક કલા વૈવિધ્ય જોવા મળે છે અને તે અનુસાર આયર ભરત, રબારી ભરત, કાઠી ભરત, જત ભરત અને બન્ની ભરત વિખ્યાત છે.

ભરતકામની સાથે સાથે અજરખ, બાટીક, રોગાનકામ પણ પ્રખ્યાત છે. ■

*મૌનના ફળરૂપે પ્રાર્થના, પ્રાર્થનાનું ફળ શ્રદ્ધા, શ્રદ્ધાનું ફળ પ્રેમ અને પ્રેમનું ફળ સેવા. - મધર ટેરેસા*

# કેન્સર – મારો અનુભવ

• હરખચંદ સાવલા •

ઓગસ્ટ-૨૦૦૭માં મને કેન્સર છે તેનું નિદાન થયું. ડોક્ટરોના મતે તાત્કાલિક ઓપરેશન જરૂરી હતું. એટલે બે દિવસ પછી ઓપરેશન કરી, મગજમાંથી ૬ સે.મી. વ્યાસની ટ્યુમર કાઢવામાં આવી, તેનું લેબમાં ટેસ્ટિંગ કરી, નિદાન થયું કે મેલીગનન્ટ (ગ્લીઓ બ્લાસ્ટોમાં) છે. એટલે ફરી થવાની શક્યતા. ડોક્ટરોએ મને એક વર્ષથી ઓછા બાકી આયુષ્ય માટે સાવધ કર્યા. જો આટલો સમય મળતો હોય તો હું મારી જાતને નસીબદાર સમજ્યો. એક પુત્રી અને બે પુત્રો ભણી-ગણી પરણી ગયા હતા. અને ધંધાના કામો લગભગ પૂરા થયા હતા. પછી બે મહિના રેડિએશન અને કેમોથેરાપીની સારવાર ચાલી.

તે દરમ્યાન મારા જમાઇ અને પુત્રો, જે કેલિફોર્નિયામાં હતા, તેમણે તપાસ કરી કે, મને ફરી કેન્સર ન થાય તે સંબંધી કંઇક નવું સંશોધન, સ્ટેનફર્ડ યુનિ.માં થયું છે. તેના અખતરા માટે હું ક્લિનિકલ ટ્રાયલમાં જોડાયો. તે માટે આખું વર્ષ (૨૦૦૮) કેલિફોર્નિયામાં પુત્રોના ઘરે રહ્યો.

આ વર્ષ દરમ્યાન, કેન્સર અને બીજા વિષયો પર વાંચન કરવાનો સારો સમય મળ્યો અને સારાં પુસ્તકો મળ્યા. આમાંથી ખાસ ઉલ્લેખ કરવા જેવી વસ્તુ છે. COQ10 (કો એન્ઝાઇમ Q-10) આના વિશે મેં વિગતવાર લેખ માર્ચ-૦૯ના મંગલ મંદિરમાં લખ્યો છે, દરેક વ્યક્તિએ આજના યુગમાં ૩૫ ની ઉંમર પછી રોજ ૧૦૦ મી.ગ્રા. COQ10 લેવું જોઇએ, એવું મારું મંતવ્ય છે.

કેન્સર આપણા શરીરના કોષોના ન્યુક્લિયસમાંથી પેદા થતો રોગ છે, તેના કોઇ બેક્ટેરિયા કે જીવાણું નથી હોતા અને ચેપ લાગવાથી નથી થતો. એટલે એનો ઇલાજ પણ એટલો મુશ્કેલ છે. આ મુશ્કેલી ઓછી કરવા, કેન્સર વિશેની પાયાની જાણકારી દરેક કુટુંબમાં હોય તો ઘણું સારું. દરેક વ્યક્તિના શરીરમાં કેન્સરના અમુક કોષો હોય જ છે. કોઇપણ વ્યક્તિ કેન્સર-મુક્ત છે એમ ન કહી શકાય. જ્યાં સુધી આપણા શરીરની રોગ પ્રતિકાર શક્તિ પૂરતી હોય, ત્યાં સુધી આ કેન્સરના કોષોનો નાશ થતો જાય છે.

આ વિષય પર એક સારું પુસ્તક ગયા વર્ષે મળ્યું. નામ છે Answer to cancer - By Dr. Sharma, Dr. Meade, Dr. Mishra. જીવનભર કેન્સર મુક્ત રહેવા, આ પુસ્તક દરેક ઘરમાં હોવું જોઇએ.

આ કાર્ય આપણા સમાજમાં કરવા, અહીં મેં લેખકોનો સંપર્ક કર્યો. તેમણે કોઇપણ વળતર લીધા વગર ખેલદિલીથી, આ પુસ્તક અમદાવાદમાં છપાવી, સમાજમાં આપવાની રજા આપી. પણ પ્રકાશકની મંજૂરી લેવી. પ્રકાશક મૂળ જાપાનના મિ. સુગીહારા છે. એમણે પણ કોપી દીઠ રૂ. ૫ નું વળતર લઇ, ૫૦,૦૦૦ કોપી છાપી ભારતમાં વિતરણ માટે એગ્રિમેંટ કર્યું.

આ કાર્યમાં સહયોગ આપવા માટે નવનીત પબ્લિકેશનના ગાલા કુટુંબનો આભાર. ટૂંક સમયમાં આ પુસ્તક આપને કચ્છી જૈન સેવા સમાજ-પાલડીથી મળી શકશે.

*વધુ વિગત માટે મારો સંપર્ક :*
***hksavla@yahoo.com***
*અથવા ૦૦૧-૪૮૦-૭૪૭-૦૪૭૯.*

*જિયો ત ઝેર મ પિયો, સક્કર થિયો મુંજા સેણ; મરી વેંધા મેકણ ચેં, રોંધા ભલેં જા વેણ.*

*ભગવાનથી મોટું બીજું કોઈ જ નથી.*

# હમીરસર - કચ્છ ભુજનો શણગાર

• સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ •

ભુજના હમીરસર તળાવને જોઈને જ્યોતિ સોલંકી કહે છે,

*"વરસે વરસાદને હમીરસર છલકાય,*
*દેખી તેને ઓગનતું, હૈયા સૌના હરખાય..."*

આમ, ભુજના શણગારસમા હમીરસર તળાવને પાણીથી હિલોળા લેતા જોવું, એ ભુજવાસીઓને મન પરમ આનંદની એક જાતની લાગણીની અનુભૂતિ છે. વરસતા વરસાદના માહોલ વચ્ચે ભુજ નગરના બાલ, યુવાન, વૃદ્ધ તેમજ મહિલાઓ વગેરે સર્વે નગરજનો હમીરસરમાં ઠલવાતા પ્રવાહના ધોધને નિહાળવા, વધાવવા ઉમંગભેર ઊમટી પડે છે, ત્યારે તેમના ચહેરા પર ખુશીની લહેર ઝૂમી ઊઠે છે, સ્મિતના પુષ્પની પમરાટ પાંગરે છે. આમ હમીરસર ભુજના શહેરીજનોને તળાવના લગાવ પ્રત્યેની લાગણીથી જકડી રાખે છે.

ભારતભરમાં આ એક જ એવું નગર છે કે જ્યાં તળાવ ઓગનવાની વિધિ સમયે સ્થાનિક વહીવટી તંત્ર રજા જાહેર કરે છે. તળાવ ઓગવાની શાસ્ત્રોક્ત વિધિ સ્થાનિક તંત્રના વડા દ્વારા કરવામાં આવે છે તેમજ મેઘ લાડુનો પ્રસાદ વહેંચવામાં આવે છે. નગરજનોના ચહેરા પર સ્મિતના હિલોળા વર્તાય છે.

કચ્છના ઉષ્ણતામાન, આબોહવાની તાસીર એવી છે કે દર ત્રણ વર્ષે દુષ્કાળ તેમજ ઓછા વરસાદનો માહોલ હોય છે. પરંતુ છેલ્લાં થોડાં વર્ષ થયા પર્યાવરણમાં ફેરફાર થવાથી વરસાદની અનુકૂળ સ્થિતિ સુધરેલ છે. જ્યારે ભુજ અને તેની આસપાસના વિસ્તારમાં વરસાદ પડેલ ત્યારે ભુજના નગરજનોના હૃદયસમા હમીરસર તળાવને જે તે સમયે સ્થાનિક તંત્રના સુકાનીઓએ - વહીવટદારોએ ઉમંગભેર વધાવેલ છે.

ભુજના શણગારસમા હમીરસર તળાવના અતીતમાં ડોકિયું કરતાં તેના ઈતિહાસ તેમજ તેના વિશે થોડી માહિતી મમળાવીએ.

ઈ.સ. ૧૬૦૫માં ભુજની સ્થાપના થઇ. ત્યારબાદ શહેરની નજીક આવેલ હમીરાઈ તળાવડીનું નિર્માણ કાર્ય હાથ ધરાયું. તેના નામ વિશે એક માન્યતા છે કે હમીર રબારી, કે જે તળાવડી પાસે વસવાટ કરતો હતો, તેના નામ ઉપરથી તળાવનું નામ હમીરસર પડ્યું. જ્યારે બીજો મત એવો છે કે રા'ખેંગારજી બાવા ૧લાના પિતા જામ હમીરજીના સ્મરણાર્થે તળાવનું નામ હમીરસર પડ્યું. પરંતુ તે તળાવના નિર્માણ વિશે કોઇ શીલાલેખ કે તકતી નથી, જેથી તે બાબતે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી.

હવે જ્યારે તળાવની આવ વિશેની માહિતીમાં જણાવવાનું કે મહારાઓ શ્રી પ્રાગમલજી બીજાના સમયની શરૂઆત સુધી તળાવની આવનું પાણી ખારસરાના પૂર્વ તરફથી સરપટના નાકા તરફ પસાર થઇ ખારી નદીમાં ભળી જતું હતું. આ પાણીનો સદ્‌ઉપયોગ થાય તેમજ હમીરસર તળાવની આવમાં વધારો થાય તે માટે એક બંધ બાંધી પ્રાગસર તળાવનું નિર્માણ કર્યું જેથી તે વહેણ બદામી છેલામાંથી થઇ હમીરસરમાં ઠલવાય અને ભુજને તેનો લાભ મળે.

અગાઉ ભુજની પૂર્વ તરફથી વહેતા પાણીને નાથી શ્રી પ્રાગમલજી બાવાના પિતાશ્રી મહારાઓશ્રી દેશળશ્રીજીએ ભીડના નાકે દેશલસર તળાવનું નિર્માણ કરી, તે પાણીનો ભુજ શહેરને લાભ મળે તેવું કર્યું. આ તળાવ આજની તારીખે ભીડના નાકે હયાત છે. જેના પાણીનો ઉપયોગ શહેરના નગરજનો કરે છે. ઓછા વરસાદના સમયે પણ હમીરસર તળાવને પાણી મળી રહે તે માટે બાજુમાં ફાટેલ તળાવ બનાવી તળાવની આવમાં વધારો કરવામાં આવ્યો. જે માટે તે સમયના યુવરાજ વિજયરાયજીએ સ્વ. હરિપ્રસાદ અંતાણીને તેમની ઈજનેરી કૌશલતાના જ્ઞાનને પારખી તળાવની આવમાં વધારો કરવાનું સૂચન કર્યું. જેથી સ્વ. શ્રી હરિપ્રસાદ અંતાણીએ ભુજના પશ્ચિમ ભાગે આવેલ એક નાળાના વહેણને ખાસ બંધ દ્વારા નાના કદના તળાવમાં વહેતું કર્યું. આ તળાવ ઊંચાણવાળી જમીન પર હોવાથી એક ઊંડી નાળી બનાવી તે પાણીને હમીરસર સુધી પહોંચતું કર્યું, જે ચોવીસ કૂવાની આવ તરીકે પણ ઓળખાય છે, કારણ કે તે નાળી ઉપર કૂવા જેવી રચના કરવામાં આવેલ છે.

મહારાવશ્રી વિજયરાજજી સાહેબ હમીરસર તળાવમાં વધુ ને વધુ પાણી આવે તે માટે અનેક ઉપાયો કરતા. એમાંના છેલ્લા ઉપાય તરીકેનું પ્રતીક 'ધૂનારાજા' ડેમ છે. જેને શ્રી મધુભા સાહેબની પ્રેરણાથી સ્વ. શ્રી હરિપ્રસાદ અંતાણીએ બાંધ્યું. જેનો ઉપયોગ માધાપર ગામની સીમમાં આવેલ પિયત જમીનને તે પાણીનો લાભ મળે, તદ્‌ઉપરાંત જરૂર પડે તો તે પાણીને હમીર સુધી પહોંચાડવાનો પણ પ્રબંધ રાખવામાં આવેલ. આમ સ્વ. શ્રી હરિપ્રસાદ અંતાણીએ પોતાની ઈજનેરી જ્ઞાનની કૌશલતાનો પરિચય આપેલ છે. આમ તળાવના આવ ક્ષેત્રો તેમજ ઓગનને વ્યવસ્થિત કરાવ્યા.

ઈ.સ. ૧૮૧૯ના વિનાશક ભૂકંપ બાદ ભુજ શહેર બહાર આવ્યું ત્યારે તેમજ મહારાઓ શ્રી પ્રાગમલજીએ તળાવના પરિસરમાં ઘણાં સુધારા કર્યા. ત્યારબાદ ઈ.સ. ૧૯૪૮ સુધી જ્યારે કચ્છ 'ક' વર્ગમાં ભારતમાં વિલીન થયું ત્યાં સુધી તળાવની યથાવત સ્થિતિ રહી.

અષાઢી મેઘવૃષ્ટિના વરસાદથી મુંદ્રા રોડ ઉપર આવેલ બદામી છેલામાંથી જોશભેર વહેતું પાણીનું વહેણ, ભુજની કલેક્ટર ઓફિસ પાસે આવેલ મોટા બંધમાં એક નાના પ્રપાતનું રૂપ ધારણ કરે છે. જેની ઊડતી છોળોમાં નગરજનો ભીંજાવાનો આનંદ લૂંટે છે. જે પાણી ધોબી તળાવ થઇ હમીરસરમાં ઠલવાય છે. તે જોઇને લોકોના હૃદયમાં આનંદની સરવણીઓ ફૂટે છે.

*સૌંદર્ય શોભે છે શીલથી, ચારિત્ર્ય શોભે છે સંયમથી. - કવિ ન્હાનાલાલ*

આમ ભુજનું હૃદયસમું હમીરસર તળાવ માત્ર ઐતિહાસિક જ નહિ પરંતુ ભુજ શહેરના નગરજનો માટે પાણી માટે જીવન જરૂરિયાત પૂરી પાડી શકે તેવી ક્ષમતા ધરાવે છે. તળાવની રચના તેમજ તેમાં ઠલવાતા પાણીના આવ ક્ષેત્રનું જોડાણ, ઓછા વરસાદ તથા અતિવૃષ્ટિની પરિસ્થિતિ તેમજ પાણીના પૂર તથા અછત પરિસ્થિતિના નિવારણ માટેની યોજના ઇજનેરી કૌશલતાનું એક બેનમૂન ઉદાહરણ છે. હમીરસર તળાવ અને તેનું સમગ્ર આવક્ષેત્ર જળ વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ છે. માટે તે આવક્ષેત્રની જાળવણીની રચના, તળાવના વિવિધ ભાગોના વિકાસની કાર્યશૈલી, કચ્છના પર્યાવરણની લાક્ષણિકતાને અનુરૂપ થાય તેવા વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખી આયોજન થવું જોઇએ.

ઇ.સ. ૧૯૪૯ બાદ કીરગીરીઆ ડુંગર પર પશુપાલન પ્રવૃત્તિના લીધે વનસ્પતિઓનો સોથ વળી ગયો. જે ડુંગર પરથી આવતા વરસાદી પાણીની આવને કુદરતી નિયંત્રણ કરતી, જે નિર્મૂળ થવાથી ફરીથી તેનું વાવેતર કરવાથી નગરજનોના હૃદયસમા તળાવની કાયમી સરવણીનો પ્રબંધ થઇ શકે. જે કામ શહેરીજનોની જનભાગીદારીથી તેમજ જંગલ ખાતાના સહકારથી થઇ શકે તેમ છે. અને જો તે ડુંગર પર કચ્છના તળપદી કાંટાળા થોરનું વાવેતર કરવામાં આવે તો તે ઝાડના રોપા માટે કુદરતી રક્ષણનું કામ કરે છે અને પશુઓથી થતું નુકસાન બચાવી શકે છે.

ભુજવાસીઓએ તેના પ્યારા તળાવની સાચવણીની દિશામાં જાગૃતિ બતાવી બે દિવસની ચિંતન શિબિરનું પણ આયોજન કરેલ અને હમીરસર તળાવ તથા તેના આવક્ષેત્રોને એક શહેરી જળસ્રોત તરીકે સમજવા માટે 'એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજિસ્ટ' ભુજ, એ ચિંતન શિબિરની વ્યવસ્થા કરેલ જેમાં નીચે પ્રમાણેના પાંચ મુદ્દાનાં દૃષ્ટિકોણ રજૂ થયેલ.

(૧) વિવિધ આવ ક્ષેત્રો, તળાવો અને તેમની આંતરિક જોડાણ વ્યવસ્થા.

(૨) જળસ્રોત વિકાસમાં ભૂસ્તરીય રચનાનો ફાળો.

(૩) પીવાના તથા ઘરગથ્થુ વપરાશના પાણી માટે જળ સમતોલન માર્ગદર્શિકા.

(૪) પર્યાવરણીય દૃષ્ટિકોણ

(૫) આવક્ષેત્રો, તળાવ તથા નીચાણવાસની મુશ્કેલીઓ.

હમીરસર તળાવના નૈસર્ગિક આવક્ષેત્ર, બદામી છેલાનો આવક્ષેત્ર જે ટપકેશ્વર જતાં રોડ પાસે બી.એસ.એફ. ના પુલ પાસેથી શરૂ થઇ આજના ભાનુશાલી નગર પાછળથી કલેક્ટર ઓફિસ પાસે આવેલ પુલ નીચેથી મોટા બંધ થઇ, ધોબી તળાવના માધ્યમથી હમીરસર તળાવમાં જાય છે. જેનું ક્ષેત્રફળ ૪.૩૫ ચો. કિ.મી. છે. બીજું ૧.૬૫ ચો. કિ.મી. ક્ષેત્રફળ ધરાવનાર આવક્ષેત્ર મંગલમ કૈલાસનગર તથા સંસ્કાર નગરનો વિસ્તાર છે. જે સીધું છતરીવાળા તળાવના માધ્યમથી હમીરસરને મળે છે. આમ બે નૈસર્ગિક આવક્ષેત્રો આશરે ૬.૦૦ ચો.કિ.મી. ક્ષેત્રના છે.

હમીરસર તળાવની સંગ્રહ શક્તિ ૩૬ લાખ ઘનમીટર પાણીની છે. આ ક્ષમતાના તળાવ ભરવા માટે લગભગ ૨૭ ઇંચ વરસાદની જરૂર પડે. પરંતુ કચ્છમાં સરેરાશ ૧૩ ઇંચ વરસાદ પડે છે પરંતુ તળાવની સંગ્રહ શક્તિ જોતાં એમ કહી શકાય કે અહીં કોઇ ઇજનેરી કરામત થઇ હોવી જોઇએ. આમ તળાવની સંગ્રહણની જરૂરિયાત જેટલો પુરવઠો ન્યૂનતમ વરસાદથી કેવી રીતે મળી શકે તે માટે આવક્ષેત્રોનો વિસ્તાર વધારી, ઇજનેરી કૌશલતાનો ઉપયોગ કરી તળાવને પૂરતો પુરવઠો મળી રહે તેવું આયોજન કરેલ છે.

હમીરસર તળાવ ત્રણ પેટા વિભાગમાં વહેંચાયેલું છે.

### (૧) મુખ્ય તળાવ - હમીરસર તળાવ :-

જેની ક્ષમતા ૨.૩ મિલિયન ક્યુ.મી. પાણીની છે. તેમજ તેનો ઘેરાવો ૨૩.૨૨ હેક્ટર છે. જેની ઉત્તરે ૫.૫૭ મીટરથી વધુ ઊંડાઇ ધરાવતો ભાગ છે. તળાવની ફરતે ૧.૯ કિ.મી. લાંબી દીવાલ છે.

### (૨) છતરડી તળાવ

### (૩) ધોબી તળાવ :

જે ૧.૪ મિલી ક્યુ.મી. જળ સંગ્રહની ક્ષમતા ધરાવે છે. તળાવ તથા આવક્ષેત્રની ભૂસ્તરીય રચનાનો અભ્યાસ જણાવે છે કે 'કંટ્રોલ ફોલ્ટ' થકી ટપકેશ્વરી, ધૂનારાજા ડેમ, લકી ડુંગર તથા મુન્દ્રા રોડના આવક્ષેત્રો સન ૧૮૧૯ ના ભયાનક ભૂકંપ બાદ તેમના મૂળભૂત સ્થાન કરતાં ૨૭૫ ફૂટ ઉપર આવી ગયા. જેથી જ્યુરાસિક સમયના રેતીના થરો, ડુંગરની ટોચ ઉપર આવી ગયા અને ક્રિટેસિયસ સમયના રેતીના થરો ડુંગરની ટોચ ઉપર આવી ગયા. જેથી હમીદ્રાઇ તળાવડીના ઉત્તર તરફના એટલે કે ભુજ શહેરના હરીપર ગામના તેમજ મિરઝાપુર ગામના વિસ્તારો જમીન પર રહી જતાં તેની સપાટી પર રેતીના ખડકો આવી ગયા.

આ રીતે 'કંટ્રોલ ફોલ્ટ' થકી હમીરસર તળાવના આવક્ષેત્રનું બે વિભાગમાં વિભાજન થવાથી ધૂનારાજા ડેમ, હમીદ્રાઇ તળાવ તેમજ લકી ડુંગર આવક્ષેત્રમાં ડેમનું આયોજન કરી પાણીનો અનામત જથ્થો, ચીકણી માટી યુક્ત ખડકો ઊંચકાઇ આવતા, ઊભો કરવાનું શક્ય બનેલ છે. પાણીના જથ્થા માટે બનાવેલ જળાશયની ઊંડાઇ પણ વધારે કરી પાણીનું બાષ્પીભવન ઓછું થાય તે રીતે વિચારેલ છે, તેમજ જ્યારે જરૂર પડે ત્યારે તે જથ્થો હમીરસર તળાવ તરફ વાળી ત્યાં સંગ્રહ કરી જાળવવામાં આવે છે.

બદામી છેલા તરફથી આવતા પાણીના જથ્થાને ૨૪ કૂવાવાળી આવ તરફ વાળી, જે યોજના કરવામાં આવેલ છે તેની ઇજનેરી કૌશલતા ખરેખર દાદ માંગી લે તેવી છે. કૂવાઓની સંખ્યાની ગીચતા ઉપરથી સમજાય છે કે વરસાદનું પાણી ઝડપથી ઉતરી જાય તે માટે જળાશયનો ઘેરાવો વધુ તથા ઊંડાઇ ઓછી રાખી તેવું આયોજન કરેલ છે.

સામાન્ય રીતે કચ્છ જિલ્લામાં મળી આવતા ખડકોની જમીન નીચેની રચના દક્ષિણ તરફ નમેલી છે માટે ભૂગર્ભજળ દક્ષિણ તરફ વહે છે, જ્યારે કંટ્રોલ ફોલ્ટ થકી થયેલ રચનાથી હમીરસર તળાવના આવક્ષેત્રના નદી, વોહળાના વહેણનું પાણી દક્ષિણથી ઉત્તર તરફ વહે છે. હમીદ્રાઇ તળાવ પાસે આવેલ કંટ્રોલ ફોલ્ટ ભૂગર્ભ જળને આગળ વધતું અટકાવી બંધ જેવું કાર્ય કરે છે. આ નૈસર્ગિક સીમા રેખાથી અંકિત થયેલ રચના પ્રણાલી છે.

ભુજ શહેરના હાર્દ સમા હમીરસર તળાવની આજની સ્થિતિમાં તેની જાળવણી, સફાઇ કે તેના આવસ્રોતોની વ્યવસ્થા અંગે 'હમીરસર

એક જલગાથા' નામના શૈક્ષણિક પ્રવાસ દ્વારા ભુજની 'એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજિસ્ટ' નામની સંસ્થા દ્વારા લોકજાગૃતિનું અભિયાન શરૂ કરેલ છે. જ્યાં યાયાવાર પંખીઓની આવન-જાવન રહે છે તેવા છતરડી તથા હમીરસર તળાવની સુંદરતા વધારવાનું અભિયાન પણ જરૂરી છે.

હમીરસર તળાવના આવક્ષેત્રોમાં પડતી મુશ્કેલીઓ દૂર કરી તેને વ્યવસ્થિત કરવાની જરૂર છે. જેવી કે ધૂનારાજા ડેમથી હમીદ્રાઇ તળાવની કેનાલના સ્લુઇઝ પાસેથી માટી ખસેડી તેને સાફ કરવાની જરૂરત છે. તેમજ હરીપરાની કેનાલનો કાંપ દૂર કરવો. ભૂકંપ બાદ ભુજ શહેરમાં રિંગ રોડ બનતાં ૨૪ કૂવાવાળી આવના ૨ કૂવા દટાઇ જતાં તેને રિંગ રોડની નીચેથી જોડાણ કરવું જોઇએ. લકી ડુંગરના આવક્ષેત્રનું ટપકેશ્વરી આવક્ષેત્ર સાથે સંલગ્ન કરવું. શહેરના વિકસતા વિસ્તાર દ્વારા જે જળવહેણ રુંધાઇ ગયેલ છે તેને સજીવન કરવું. પાણીના દબાણથી હમીરસર તળાવના ઓગનની ટેઇલ ચેનલ અમુક જગ્યાએ દાટીને બે મીટર જેટલી થયેલ છે તેને પણ યોગ્ય કરવાની જરૂર છે. તેમજ ભૂકંપ બાદ શહેરના મલબાને છતરડી તળાવમાં નાંખવામાં આવેલ છે તેને પણ દૂર કરવું જોઇએ.

*આધાર માહિતી : કચ્છ મિત્ર તેમજ*
*એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજિસ્ટ, ભુજ*

*૨૦૧, સુંદર ગોપાલ કોમ્પલેક્ષ, આંબાવાડી સર્કલ પાસે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ००૬. ફોન : (०૭૯) ૨૬૫૬૫૭૩૦*

## કચ્છમાં વસતી વિકાસ અને શિક્ષણ

**(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)**

- **મલ્ટીસ્કીલ્ડ અભ્યાસક્રમો :**

કચ્છના ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં સ્વરોજગારીના ક્ષેત્રને વિકસાવવા કચ્છમાં ભુજ, અંજાર, ગાંધીધામ, રાપર, માંડવી, કોઠારા, પાનધ્રો, નાના કપાયા આદિ સ્થળોએ ૬ માસ, ૧ વર્ષ તથા ૨ વર્ષના ટેક્નિકલ કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં કમ્પ્યુટર ઓપરેટર, રેડિયો, ટી.વી. મિકેનીક, ટુ વ્હીલર, ફોર વ્હીલર મિકેનીક, ટર્નર, ફીટર, પ્લમ્બર, રેફ્રિજરેટર, એરકંડિશનિંગ મિકેનીક આદિ..

- **કચ્છ યુનિવર્સિટીની આગેકૂચ :**

લગભગ ૨૦૫ એકર જેટલા વિશાળ ભૂવિસ્તાર પર ઇ.સ. ૨००૪માં કચ્છ યુનિવર્સિટીનો પ્રારંભ થતાં કચ્છી પ્રજાની લાગણી અને માંગણી સંતોષાઇ. માત્ર છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૧૨ જેટલા વિષયોમાં ૨૨ અધ્યાપકોએ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. એમ.ફીલ.ની પદવી અર્થશાસ્ત્રમાં ૧૧, ભાષા સાહિત્યમાં ૧૮, કોમર્સ મેનેજમેન્ટમાં ૨૮ વિદ્યાર્થીઓએ મેળવી છે. અનુસ્નાતક અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતી રહી છે.

| *વર્ષ ૨૦૧૦* | *કચ્છ યુનિ.માં અનુ. વિદ્યાર્થી સંખ્યા* |
|---|---|
| M.Sc. - | ૮૬ |
| M.B.A. - | ૫૬ |
| M.A. - | ૮૦ |
| MSW - | ૧૭૨ |
| M.Com. - | ૩૧ |

કચ્છ યુનિ. ના પ્રાંગણમાં અર્થશાસ્ત્ર ભવન, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજીના ભાષાભવન, પર્યાવરણ, ભૂસ્તરશાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, કોમર્સ મેનેજમેન્ટ, જાહેર પ્રશાસન આદિના અભ્યાસક્રમો સાથે મરીન એંજી. નો અભ્યાસક્રમ ઉમેરાશે. છોકરા તથા છોકરીઓની હોસ્ટેલની સુવિધા અને સુંદર વિશાળ લાઇબ્રેરી પણ વિદ્યાર્થીઓ માટે કાર્યરત છે.

- **ઇ.સ. ૨૦૧૧ની કચ્છની વસતિ વૃદ્ધિ :**

છેલ્લી વસતિ ગણતરી મુજબ કચ્છની વસતિ ૨૦,૯૦,૩૧૩ થવા પામી છે. ઇ.સ. ૨००૧માં તે ૧૫,૮૨,૭૧૯ હતી જેમાં ૫,०૭,૫૯૪ ની જનસંખ્યાનો વધારો થયો છે. હાલે કચ્છની વસતિની ગીચતા ચો.કિ. મીટરે ૪૬ની છે. કચ્છમાં સાક્ષરતાનો દર ૭૧.૫૮% નો છે. જેમાં પુરુષોનો આ દર ૮૦.૬૦% છે જ્યારે સ્ત્રીઓની સાક્ષરતાનું પ્રમાણ ૬૧.૬૨% છે.

- **કચ્છની વસતિ તથા શિક્ષણની આવતીકાલ :**

કચ્છમાં શિક્ષણનું ભાવિ ઉજ્જવળ છે. ટેકનોલોજીનું ક્ષેત્ર વિકસી રહ્યું છે જે વિશેષ વિકસશે. કન્યાઓ વધુ શિક્ષણ મેળવતી થશે. પર્યાવરણલક્ષી શિક્ષણથી પ્રદૂષણ નાબૂદી થશે. વસતિનો વ્યાપ વધતો રહેશે. તેથી સંતતિ નિયમન માટેના પદાર્થપાઠ અત્રે અત્યારથી જ પ્રારંભાય તે ખૂબ આવશ્યક છે.

*૬/એ, લીમડા લાઇન, સંસ્કારનગર, ભુજ (કચ્છ). મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*પરમાત્માની ઉત્કટ અભિલાષા ચાહતા હો તો સંસારની અભિલાષા છોડો.*

## તંદુરસ્તી

# આત્મહત્યા : મનની બીમારી - (૧)

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

### • કેસ સ્ટડી :

અમારા ફિઝિશિયન ડોક્ટર મિત્રનો ફોન આવ્યો કે ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરેલ મહિલાને તપાસવાની છે. ડોક્ટરે જણાવ્યું કે ચાર દિવસ પહેલાં આ મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. હવે શારીરિક રીતે નોર્મલ છે.

૫૦ વર્ષની આ મહિલાને (સરલાબહેન - નામ બદલ્યું છે) ઈમરજન્સીમાં આઈ.સી.સી.યુ.માં દાખલ કરેલ હતી. વધારે પડતી ગોળીઓ ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. એ વખતે હાલત ગંભીર (serious) હતી. બ્લડપ્રેશર નીચે હતું, શ્વાસોશ્વાસની પ્રક્રિયા અનિયમિત હતી. બેહોશ હાલતમાં એ મહિલાને એના પતિ તથા દીકરાએ દાખલ કરેલ. સમયસરની સારવારથી મહિલાની હાલતમાં સુધારો થયેલ અને હવે શારીરિક રીતે નોર્મલ હતી.

ઊંડાણમાં દર્દી તથા કુટુંબીજનો સાથે ચર્ચા કરતા નીચે પ્રમાણેની ઉપયોગી માહિતી મળી. છ આઠ મહિનાથી દર્દીની ઊંઘ ઓછી થઈ ગઈ હતી. સવારના પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જતી હતી. સવારના સ્ફૂર્તિ ઓછી રહેતી હતી. સવારના કામકાજ કરવાનું મન ન થતું. પરાણે ઘરનું કામકાજ પૂરું કરી સ્કૂલે જતી. (સ્કૂલમાં પ્રિન્સિપાલ હતી) સાંજના ખૂબ થાક, નબળાઈ લાગતા. નાની નાની બાબતોમાં ગુસ્સો આવી જતો હતો. ગુસ્સો કર્યા બાદ પસ્તાવો પણ થતો હતો. રડવું આવી જતું હતું. નકારાત્મક વિચારો આવતા હતા. જિંદગી જીવવામાં રસ ઓછો થઈ ગયો હતો. "આના કરતાં મોત સારું" એવી લાગણી તથા વિચારો આવતા હતા.

એકાદ મહિના પહેલાં એન્જિનિયરિંગના સાતમા સત્રમાં અભ્યાસ કરતો એકનો એક પુત્ર નાપાસ થયો હતો. ત્યારબાદ ઉપરનાં લક્ષણોનું તથા વિચારોનું પ્રમાણ વધી ગયું હતું. "પ્રિન્સિપાલનો દીકરો નાપાસ થયો.... મારો દીકરો નાપાસ થયો.... લોકો મારા વિશે શું અભિપ્રાય બાંધશે? મારી કિંમત કોડીની થઈ ગઈ. હું સમાજમાં મોઢું બતાડવા લાયક નથી રહી" વગેરે વિચારોનો મારો


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ.,*
*એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હૉસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


સતત ચાલુ રહેતો હતો. એને એમ લાગતું કે બીજા શિક્ષકો હવે એની સામે અલગ દૃષ્ટિકોણથી જુએ છે.

પતિએ ઘણી સમજાવવાની કોશિશ કરી કે દીકરો હોંશિયાર છે. આટલા વખત સુધી દરેક વર્ષે ૯૦% થી વધારે ગુણાંક લાવે છે. આજ વખતે એક વિષયમાં ત્રણ ગુણાંકથી નાપાસ થયેલ છે. ફરી વધારે મહેનત કરી પાસ થઈ જશે. એનું સત્ર બગડતું નથી. બીજા વખતે બંને સત્રની એક સાથે પરીક્ષા આપશે. આપણે દીકરાને હિંમત આપવાની છે, હૂંફ આપવાની છે. પ્રિન્સિપાલના મનમાં વિચારો ચાલુ રહ્યા, બલકે વિચારોએ એમનો કબજો લઈ લીધો. એ દિવસે ઘરમાં કોઈ ન હતું ત્યારે ઉપર પ્રમાણે વધારે પડતી ગોળીઓ લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો. સદ્ભાગ્યે સમયસરની સારવારથી દર્દી બચી ગઈ.

પરંતુ મનમાં હજી નકારાત્મક વિચારો તથા 'જીવન જીવવા જેવું નથી' ચાલુ હતા. એટલે સારવાર કરનાર ફિઝિશિયનને મનોચિકિત્સા માટે અભિપ્રાય લઈ સારવાર કરવાનું યોગ્ય લાગ્યું.

### • નિદાન :

આ એક હતાશાની બીમારી (Depressive Disease)નો કેસ છે. બીજી શારીરિક બીમારીની જેમ હતાશાની બીમારીનું નિદાન મન તથા શારીરિક લક્ષણો પરથી થાય છે. (કારણ પરથી નહીં). આ કેસમાં બીમારીના લક્ષણો - સ્ફૂર્તિ ઓછી રહેવી, કામમાં મન ઓછું લાગવું, પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જવી, થાક, નબળાઈ, ચીડિયાપણું, નકારાત્મક વિચારો, જીવન જીવવામાં રસ ન રહેવો - હતા. જે છેલ્લા છ મહિનાથી હતા. દીકરો પરીક્ષામાં નાપાસ થયો એની પહેલાંથી બીમારીના લક્ષણો હતા જેના પર ધ્યાન અપાયું ન હતું. દીકરાના નાપાસ થવાના પ્રસંગથી બીમારી વધી ગઈ અને દર્દી આત્મહત્યા કરવા તરફ વળી. જો બીમારીનું નિદાન વહેલું થયું હોત તો આત્મહત્યાનો પ્રયાસ અટકાવી શકાત.

આ કેસમાં હતાશાની બીમારી તરફ ધકેલનારા પરિબળો :

૧. દરદીનું વ્યક્તિત્વ : સરલાબહેન (દર્દી)નો સ્વભાવ સંવેદનશીલ હતો. કુટુંબીજનો માટે બધું કરી છુટવાની ભાવના હતી. સામેથી અપેક્ષિત પ્રતિક્રિયા ન મળે તો દુઃખી થતા હતા.

૨. સરલાબહેનની મમ્મીની તબિયત : એકાદ વર્ષ પહેલાં મમ્મીને લકવો થયો હતો. મમ્મી પથારીવશ હતા. ત્યારથી સરલાબહેન મનથી દુઃખી રહેતા હતા.

૩. સ્કૂલની વ્યવસ્થાપક કમિટીમાં ફેરફારો : આ સમય દરમ્યાન સ્કૂલની વ્યવસ્થાપક કમિટીમાં (Managing Committee) ફેરફારો થયા હતા. આને લીધે સરલાબહેનને સ્કૂલમાં સમય વધારે આપવો પડતો હતો તથા મનમાં સ્ટ્રેસનું પ્રમાણ વધી ગયું હતું.

૪ દીકરો નાપાસ થયો : સરલાબહેનનો દીકરો નાપાસ થયો. આને લીધે સ્ટ્રેસનું પ્રમાણ ખૂબ જ વધી ગયું. (બળતામાં ઘી હોમાયું). સફળ અધ્યાપિકાનો દીકરો નાપાસ થાય એને લીધે સરલાબહેનના આત્મસન્માન પર વજ્રાઘાત લાગ્યો. અને આત્મહત્યા તરફ મન વળી ગયું.

- **મનોવિશ્લેષણ :**

ફક્ત બાહ્ય ઘટના કે પ્રસંગને લીધે હતાશાની બીમારી થતી હોય તો સરલાબહેનના પતિને પણ હતાશાની બીમારી થવી જોઈએ. એમને હતાશાની લાગણી થયેલ. એમનામાં આ ઘટનાનો મનથી સામનો કરવાની શક્તિ હતી એટલે હતાશાની બીમારીના ભોગ ન બન્યા.

મનની પ્રતિકાર કરવાની શક્તિ (૧) મગજના અવયવોની રચના તથા કાર્ય (Biological factor) જેમાં આનુવંશિકતા અગત્યનો ભાગ ભજવે છે. (૨) વ્યક્તિત્વ (Psychological) (સંવેદનશીલતા, અપેક્ષાઓ, મનથી બાંધછોડ કરવાનીવૃત્તિ (૩) બાહ્ય પ્રસંગો તથા એ પ્રસંગો પ્રત્યેથી વ્યક્તિગત પ્રતિભાવ તથા પ્રતિક્રિયા આ ત્રણેય પરિબળો પર આધારિત છે (Bio-Psycho-social) મનની બીમારીના નિદાન માટે આ ત્રણેય પરિબળો વિશે જાણકારી મેળવવી જરૂરી છે જેથી યોગ્ય વ્યક્તિગત સારવાર કરી શકાય.

- **સારવાર :**

હોસ્પિટલમાં હતાશા પ્રતિરોધક દવાઓ ચાલુ કરી. સાથે ફેમિલી થેરાપી ચાલુ કરી. દર્દી જોડે આત્મહત્યાના પ્રયાસ બદલ હાલ પુરતું કાંઇ પણ ચર્ચા ન કરવાની સગાંવહાલાંઓને સલાહ આપી. દર્દી પ્રત્યે નકારાત્મક વલણ ન રાખવાની સમજણ આપી. પતિ તથા દીકરાએ સહાનુભૂતિપૂર્વકના સંવાદો શરૂ કર્યા. આ બધા પ્રયત્નોને કારણે ધાર્યા પ્રમાણે પરિણામ મળ્યું. અઠવાડિયામાં મરવાના નકારાત્મક વિચારો બંધ થઇ ગયા. ત્યારબાદ હોસ્પિટલમાંથી રજા આપી. સારવાર ચાલુ રાખી. ત્રણેક મહિનામાં સરલાબહેન પૂર્વવત કામકાજ તથા જવાબદારી સ્વીકારતા થઇ ગયા.

- **આત્મહત્યાનો પ્રયાસ : મનની બીમારી :**

થોડા સમય પહેલાં મુંબઇથી પ્રસિદ્ધ થતા શહેરના પ્રતિષ્ઠિત સમાચાર પત્રોના મથાળાં આત્મહત્યા કરનાર વ્યક્તિઓ વિશે હતા. થોડાંક જ સમયમાં ત્રણ યુવાન વ્યક્તિઓએ આત્મહત્યા કરી હતી.

વિશ્વ આરોગ્ય સંસ્થાના આત્મહત્યા વિશેના આંકડાઓ નીચે મુજબ છે.

૧. દર વર્ષે ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) લોકો આત્મહત્યા કરે છે. (Competed suicide) એટલે કે રોજના ૨૫૦૦ થી વધુ લોકો વિશ્વમાં આત્મહત્યા કરે છે. દર ૩૫ સેકંડે એક વ્યક્તિ આત્મહત્યા કરે છે.

૨. મૃત્યુના પ્રથમ ૨૦ કારણોમાંનું એક આત્મહત્યાથી થતું મૃત્યુ છે. (જે અટકાવી શકાય છે.)

૩. આનાથી દસ ગણા લોકો આત્મહત્યાનો પ્રયાસ કરે છે (attempted suicde). (સમયસરની સારવારથી આ વ્યક્તિઓ બચી જાય છે) આવા કિસ્સામાં યોગ્ય પગલાંઓ લેવાથી આત્મહત્યાનો પ્રયાસ અટકાવી શકાય છે.

- **આત્મહત્યાના વિચારો / પ્રયાસ :**

આત્મહત્યાના વિચારો આવવા, “જિંદગીમાં કાંઇ રહ્યું નથી. આના કરતાં મરી જવું વધારે સારું” વગેરે વિચારો આવવા કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એક મનની બીમારી છે.

જેવી રીતે તાવ આવવો કે કમળો થવો એ શારીરિક નબળાઇ નથી પરંતુ રોગ છે તેવી જ રીતે આત્મહત્યાના વિચારો આવવા કે આત્મહત્યાનો પ્રયાસ કરવો એ વ્યક્તિની માનસિક નબળાઇ નથી. વ્યક્તિ આ પ્રકારના નકારાત્મક વિચારો પર કાબૂ મેળવી શકતી નથી. મનોચિકિત્સક પાસે સમયસરનું યોગ્ય નિદાન કરી - (Bio-Psycho-social factors) યોગ્ય મનોચિકિત્સા વ્યક્તિને સાજો નરવો કરી શકે છે. વ્યક્તિ પૂર્વવત પ્રમાણે કામ કરી શકે છે. મોટા ભાગના આત્મહત્યાના કિસ્સા અટકાવી શકાય છે (preventable)

- **આત્મહત્યા “મદદ માટેનો પોકાર” :**

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ આત્મહત્યાના વિચારો, આત્મહત્યાનો પ્રયાસ, આત્મહત્યા કરનાર વ્યક્તિ “મદદ માટે પોકાર” (cry for help) કરે છે. કુટુંબે તથા સમાજે આ પોકાર સહાનુભૂતિપૂર્વક સમજી યોગ્ય મદદ (સારવાર) કરવી જરૂરી છે.

*(ક્રમશઃ)*

# અળશી ખાવામાં આળસ હોય?

• માણેક એમ. સંગોઈ •

અળશી એક અમૂલ્ય બીજ છે. એક જમાનામાં એની કદર ઇજિપ્ત અને યુરોપમાં ખૂબ હતી. આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોથી અળશી ખાવાના ઘણા ફાયદાઓ પ્રકાશમાં આવ્યા છે. તલથી થોડી મોટી ચોકલેટી કે સોનેરી રંગની લીસી એવી અળશીને મુઠ્ઠીમાં પકડો તો હાથમાંથી ગજબની સ્ફૂર્તિથી સરકી પડે. કેનેડા અને ચીન પછી અળશીના ઉત્પાદનમાં ભારતનો અવ્વલ નંબર છે અને એ ઉત્તમ પ્રકારની મનાય છે. મહારાષ્ટ્ર, યુપી, મધ્યપ્રદેશ, બિહાર અને ઓરિસ્સામાં એની ખેતી મોટા પાયા પર થાય છે. સન ૨૦૦૭માં એનું ઉત્પાદન લગભગ પોણા બે લાખ ટનનું હતું.

શણની જેમ એના છોડમાંથી યુરોપિયન-ગોરી લલનાના સોનેરી વાળ જેવા લાંબા રેશા નીકળે છે તેનું કાપડ બને છે તે લીનનના નામે ઓળખાય છે. એના વપરાશનો ઇતિહાસ સુતરાઉ કાપડ કરતાં હજારો વર્ષોથી જૂનો છે. ઇજિપ્તના પિરામિડોની કબરોમાંથી નીકળેલી મમ્મીઓ ઉપર લીનન વીંટળાયેલું મળી આવ્યું હતું અને કબરોના ઓરડામાંથી મળેલા પડદા લીનનના હતા. ૩ થી ૫ હજાર વર્ષ પછી પણ એ કાપડ ટકી રહ્યું હતું. પહેરવા-ઓઢવામાં લીનન ઘણું જ આરામદાયક છે. મજબૂત અને ટકાઉ કાપડના કેનવાસ ઉપર અળશીના તેલના રંગોથી મનમોહક ચિત્રોનું સર્જન કરે છે. લાકડા ઉપરના રંગ-રોગાનમાં અળશીનું તેલ વપરાય છે. લિનોલિયમની ચમક લિનસીડ અર્થાત અળશીના તેલને આભારી છે.

લીનન શબ્દ આવ્યો 'લીનોન કે લીન'માંથી ઇટલી, પોર્ટુગલ, પોલેન્ડ, રશિયા, આયર્લેન્ડ, બેલ્જિયમ વગેરે દેશોમાં અળશીને લીનોન કે લીન અને અંગ્રેજીમાં લિનસીડ કે ફ્લેક્ષ સીડના નામે ઓળખે છે. સંસ્કૃતમાં અળશીના અત્શી, નીલ્પુષ્પી, ઉમા, મેદ્‌ગંધા વગેરે ૩૦ નામો છે. આ લિનસીડ કે લીનોનના ગુણ ગાવામાં લીન થયા વગર હવે આપણે અળશીના આરોગ્ય ટકાવવાના અને વધારવાના કિંમતી ગુણો જોઇ લઇએ.

## • અળસી અને આરોગ્ય :

અનેક મેડિકલ સંશોધન અને પ્રયોગો આ વિષય ઉપર થયા છે. અળશીના ફાયદાઓ હૃદય, ફેફસાં, આંતરડા, કિડની, અને સાંધાઓ ઉપર થયા છે. આપણે આ બાબતો જરા વિસ્તારથી જોઇ લઇએ.

અળશીના દાણામાં મેગ્નેશિયમ, કેલ્શિયમ, ફોલેટ, તાંબુ, ફોસફરસ, વીટામિન્સમાં બી-૧, બી-૨, બી-૬ તો રહેલાં છે પણ અત્યંત ગુણોથી સભર એવા બીજાં ત્રણ તત્વો છે : (૧) ઓમેગા-થ્રી ફેટી એસિડ, (૨) લીગ્નન્સ અને (૩) રેશા.

## • ઓમેગા-૩ ફેટી એસિડ :

એ સારી ચરબી છે. આ તત્વ માછલીમાં મળે છે. શાકાહારીઓ તો માછલી ખાય નહિ એટલે દયાળુ કુદરતે એમના માટે કિંમતી અળશી અને અખરોટ આપી મોટો ઉપકાર કર્યો છે. ચાર ચમચી-વીસ ગ્રામ, અળશીના દાણામાંથી લગભગ ત્રણ ગ્રામ ઓમેગા-૩ ફે.એ. મળે છે જે રોજની જરૂરિયાત માટે પર્યાપ્ત છે. આમાં રહેલું આલ્ફા લીનોલેનીક એસીડ (ALA) નામનું મહત્વનું ઘટક છે. જે ગુણોનો એ ભંડાર છે તે આ રહ્યા :

(૧) લોહીમાં રહેલી ખરાબ ચરબી LDL કોલેસ્ટ્રોલ અને ટ્રાઇગ્લાઇસાઇડને ઘટાડે છે. સારી ચરબી-LDL કોલેસ્ટ્રોલને વધારે છે. પરિણામે લોહીની નસોમાં લોહી જામતું નથી, હાર્ટ એટેક અને લકવાને થતું અટકાવે છે. હૃદય શૂળ-એન્જાઇનાને રોકે છે. કોલેસ્ટ્રોલ ઘટાડવા આધુનિક દવા સ્ટેટીન આપવામાં આવે છે. એક પ્રયોગ થયો. જેમનું કોલેસ્ટ્રોલ-૨૫૦ હતું (સામાન્ય : ૧૦૦-૧૫૦) એવા ૪૦ જણાને રોજની ચાર ચમચી-૨૦૦ ગ્રામ અળશી બે મહિના સુધી આપવામાં આવી. સ્ટેટીન લીધા વગર એમનું કોલેસ્ટ્રોલ ઘટી ગયું.

૨) જાપાન, ચીન અને અમેરિકાના ૪૬૮૦ સ્ત્રી-પુરુષોના લેવાતાં ખોરાકનો અભ્યાસ કરતા જણાયું કે જેમના ખોરાકમાં ઓમેગા-૩ ઓછું હતું એમનું બ્લડ પ્રેશર વધારે હતું. ઓમેગા થ્રી ફેટી એસિડવાળી અળશી બ્લડ પ્રેશરને કાબૂમાં રાખે છે.

૩) ઓ. થ્રી ફે.એ. શરીરના કોષોને લચીલા કરે છે. પરિણામે લોહીમાંથી પોષક તત્વો વધુ પ્રવેશે છે અને ખરાબ તત્વો સરળતાથી બહાર ધકેલાય છે. આ પ્રક્રિયાથી ઇન્સ્યુલીન વધારે અસરકારક બને છે. ગ્લુકોઝનું પાચન કોષોમાં સારું થાય છે અને લોહીમાં તે કાબૂમાં રહેવાથી ડાયાબિટીઝને ઓછું કરે છે. અમેરિકન ડાયાબિટીઝ એસોશિએશન રોજ બે ચમચા અળશી ખાવાની સલાહ આપે છે.

૪) ઓમેગા થ્રી ફે.એ.ની ઊણપથી થાક લાગવો, ચામડી સૂકી થઇ જવી, નખ અને વાળ તૂટી જવા, માથાના વાળ પાંખા થવા અને કબજિયાત થવાના લક્ષણો દેખાય છે. રોજની ચાર ચમચી અળશીનું સેવન આમાં ફાયદો કરશે.

૫) ઓ. થ્રી ફે.એ. શરીરના વિવિધ અંગોનો સોજો (ઇન્ફ્લેમેશન) ઓછો કરે છે. સાંધાઓ, કીડની, આંતરડા વગેરેનો સોજો ઘટાડે છે. અળશીના છ

*જીવન જ ઈશ્વર છે - કબીર*

ચમચી ભુક્કાને એક ગ્લાસ પાણીમાં ઉકાળી, ત્રીજો ભાગ રહે ત્યારે ઉતારી ઠંડો કરી આ કાઢો પીવાથી પેશાબની નળીનો સોજો (યુ.ટી.આઇ.) ઓછો કરવામાં, શરીરની ચરબી ઘટાડી વજન ઓછું કરવામાં અને અન્ય મૂત્ર રોગમાં ફાયદો કરે છે.

૬) આંખો નિસ્તેજ અને સૂકી દેખાતી હોય તો એમાં રોજ અળશી ખાવાથી આંખોને લાભ થાય છે.

અળશીનું બીજું ઉપયોગી તત્વ છે લીગ્નન્સ જેમાં એસ્ટ્રોજીન જેવું હાર્મોન્સ છે.

૧) લીગ્નન્સ સ્તન અને પ્રોસ્ટેટના કેન્સરના કોશોનો નાશ કરે છે ને કેન્સરના નવા કોષોને પેદા થવા દેતો નથી.

૨) સ્ત્રીઓના માસિક રજોસ્રાવ અને રજોનિવૃત્તિના સમયમાં હોર્મોન્સના પરિવર્તનને લીધે સાંધાઓમાં દુઃખાવો, શરીર ઠંડું-ગરમ (ફ્લેશિંગ) થઇ જવું, ડિપ્રેશનની લાગણીઓ - મૂડ બદલાઇ જવો વગેરે ચિહ્નો દેખાય છે ત્યારે અળશીવાળા નિયમિત ખોરાકથી ઘણો લાભ મળશે.

૩) આપણાં વિપરીત આહાર-વિહાર અને પ્રદૂષણોને લીધે શરીરમાં વધી રહેલ ફ્રી રેડિકલ્સ નામના વિજાતીય તત્વો ઉત્પન્ન થાય છે, જે શરીરના સારા કોશો ઉપર આઘાત કરી નુકસાન કરી ટેરેરિસ્ટ જેવું કામ કરે છે. એન્ટીઓક્સિડન્ટવાળા ખોરાકથી આ ટેરેરિસ્ટોથી બચી શકાય છે. લીગ્નન્સ ઉત્તમ પ્રકારનું એન્ટીઓક્સિડન્ટ છે. અળશીમાં આ લીગ્નન્સ છે.

ત્રીજું મહત્વનું તત્વ છે અળશીમાં રેશાનું. એના બે મોટા ફાયદા છે :

૧. એની સાથે પાણી સારી માત્રામાં પીવામાં આવે તો કબજિયાતને દૂર કરે છે. અને બીજો ફાયદો છે આ રેશાઓ ડાયાબિટીસને અને કોલેસ્ટ્રોલને ઓછું કરે છે.

આ તો થઇ આધુનિક વૈજ્ઞાનિક પરીક્ષણો પછીની હકીકતો, પણ આપણાં ગ્રામ્યજનો તો અળશીને ઘણી તકલીફોને દૂર કરવામાં પહેલાથી વાપરે છે, એમના અનુભવો જાણી લઇએ.

૧) અળશીનો કાઢો ન્યુમોનિયા, શરદી અને અસ્થમામાં અપાય છે.

૨) છ ચમચી અળશીના ભુક્કાને ગ્લાસ પાણીમાં રાતના પલાળી સવારના એમાં ચૂનાનું નીતરેલું પાણી મેળવી ટીબીના ઉપાયમાં આપવામાં આવે છે.

૩) સૂંઠ, નિર્ગુંડી અને અળશીનું ચૂર્ણ સંધિવા, આર્થરાઇટીસ અને કમ્મરના દુખાવામાં ઉપયોગમાં લેવામાં આવે છે.

૪) અળશીને વાટીને એનો લેપ ગુમડા, દરાજ, સોરીઆસીસ અને હરસ મટાડવામાં ફાયદો કરે છે. લેપને અંગ્રેજીમાં લીનીમેંટ કહે છે. લીનીમેંટ શબ્દ અળશીના પર્યાય લીન માંથી આવ્યો છે.

## અળસીને કેવી રીતે વાપરવી?

૧) અળશીના બીજ હંમેશાં તાજા વાપરવા. જૂની અળશીનો સ્વાદ સારો નથી હોતો. પ્રકાશ અને હવાની એના ઉપર ખરાબ અસર થાય છે. એને બંધ ડબ્બામાં ભરવી અને દર મહીને તાજી ખરીદીને વાપરવી.

૨) કોફી ગ્રાઇન્ડરમાં કે ખાંડણીમાં અળશીનો ભુક્કો કરવો અથવા શેકીને વાપરવી. કાચા દાણા ન વાપરવા.

૩) તાજું અળશીનું તેલ પણ વાપરી શકાય. પણ ઓલીવ ઓઇલની જેમ ઓછું ગરમ કરીને હો

૪) અળશીના વપરાશ સાથે પાણી વધારે પીવું જરૂરી છે. નહીં તો ફાયદા કરતાં નુકસાન થવાની સંભાવના વધારે છે.

૫) રોજની છ ચમચીથી વધારે અળશી ન લેવી. ઝાડા થઇ જવાની શક્યતા ખરી.

૬) જેમને ડાયાબિટીસ, હાઇ બી.પી., હાર્ટ પ્રોબ્લેમ કે કેન્સર હોય એમને પોતાની દવાઓ પોતાના દાક્તરની સલાહ વિના બંધ ન કરવી અળશી લેવાથી ફાયદો થતો હોય તો જરૂરી ટેસ્ટ કરાવી ડોક્ટર સાથે ચર્ચા કરી એમની સલાહ માનવી.

હવે મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે ભઇલા, આ આરોગ્ય શાસ્ત્રીઓ ઘણી બધી વસ્તુઓ લેવાની સલાહ આપે છે. એસ્પીરીન, ત્રિફલા, રસાયણ ચૂર્ણ, કાળીજીરી-મેથી-અજમાનો પાવડર ઇત્યાદી ઇત્યાદી લો. હવે રોજ રોજ આટલી બધી વસ્તુઓ લઇ ને કંટાળો આવે છે તો કરવું શું? વાત સાવ સાચી છે. પણ અળશીની બાબતમાં ખૂબજ સગવડ છે. નો ટેન્શન, નો પ્રોબ્લેમ. અળશીને દવા તરીકે નહિ પણ રોજ ના ખોરાક ગણીને વાપરવી. કંઇ બોજો જ નહિ રહે ન !

અમેરિકા અને યુરોપમાં બ્રેડના લોટની કણકમાં અળશી મેળવે છે. બ્રેફાસ્તના સીરીયલમાં, કાપેલાં ફળો ઉપર, દહીંમાં કે ઓટની કાંજીમાં નાખી ખાય છે. આપણે રોજ અળશીના ભુક્કાની ચારેક ચમચી ખોરાકના રૂપમાં રોટલીના લોટમાં, ખીચડીમાં, ઢોકળા, મુઠિયા, હાંડવો બનાવતી વખતે એમાં નાખી પૌષ્ટિક ગુણો વધારી શકાય. એને સેકી એનો મુખવાસ ઘણો સ્વાદિષ્ટ બને છે. એની ચીક્કી, લાડુ, ગોળપાપડી કે બરફી બનાવવાના પ્રયોગ પાક શાસ્ત્રીઓએ, અન્નપૂર્ણાઓ એ કરવા જેવા છે. આધુનિક ખોરાક શાસ્ત્રીઓએ અળશીને એક સુપર ફૂડ તરીકે ગણાવ્યું છે. તો આપણે આવી ગુણિયલ અળશીને વાપરવામાં આળસ કેમ કરીએ?

છેલ્લે એના ગુણો માટે એક મુક્તક ગાઇ લઇએ :

*અળશી કેવી લીસી રૂપાળી,*
*ઓમેગા-થ્રી ને લીગ્નન્સથી ભરપૂર.*

*કેન્સર, હૃદયરોગ અને ડાયાબિટીસ,*
*એના સેવનથી ભાગે દૂર.*

પ્રવાસ વર્ણન

# 'અમારો ફિનલેન્ડ અને રશિયાનો પ્રવાસ'

• દામજી માણેક ગડા •

હું જ્યારે પણ પરદેશમાં કે દેશમાં પ્રવાસે જાઉં છું ત્યારે મારી સાથે ડાયરી રાખું છું. દેશમાં કે પરદેશમાં જેના વિશે કંઇક જાણવા જેવું હોય કે એની પાછળનો કોઇ ઇતિહાસ હોય તેની ડાયરીમાં નોંધ કરી લઉં છું. ત્યાર પછી એના વિશે વિચાર કરું છું. એને લગતું કોઇક સાહિત્ય હોય તે મેળવીને તેનું વાંચન કરું છું. જ્યારે નિરાંત મળે કે લખવાનું મન થાય ત્યારે એ ડાયરીની નોંધમાંથી લખવાનો પ્રયાસ કરું છું.

અમારા ફિનલેન્ડ અને રશિયાના પ્રવાસ વિશે લખવાનો મેં પ્રયાસ કરેલ છે.

એક દિવસે મારા મિત્ર ચંદ્રકાંતભાઇ ગોગરીનો મને ફોન આવ્યો કે આપણને ફિનલેન્ડ અને રશિયાના પ્રવાસે જવાનું છે. તું અમારી સાથે આવશે તો મને વધુ આનંદ થશે. ચંદ્રકાંતભાઇ મારા નિકટના મિત્ર અને સામ્યવાદી વિચાર ધરાવનાર. હું એમની ઓળખાણ કેપિટાલિસ્ટ કોમરેડ તરીકે મારા મિત્રો સાથે કરાવું છું. અમારા બન્ને વચ્ચે ઘણા વિષયો પર મતભેદ હોય છે. છતાં એમની સાથેના પ્રવાસનો આનંદ અનેરો હોય છે.

આજથી ત્રીસ વરસ પહેલાં કોઇના મનમાં સાધારણ પણ અણસાર આવી શકતો ન હતો કે રશિયન સામ્રાજ્યમાંથી ઘણા સ્વતંત્ર દેશોનું નિર્માણ થશે. એક રાષ્ટ્રનું અનેક રાષ્ટ્રોમાં નિર્માણ થયું હતું. મોટાભાગના વિભાજિત થયેલા રાષ્ટ્રોની સભ્યતા અને સંસ્કૃતિમાં સમાનતા જોવા મળે છે. માત્ર ધર્મ અલગ હોય છે. ધર્મના કારણે વિભાજિત થયેલા દેશોમાં ભારત અને પાકિસ્તાન, યુગોસ્લાવેલિયામાં મુસ્લિમ બહુમત અને ખ્રિસ્તી બહુમતના કારણે ગૃહયુદ્ધમાંથી અલગ રાષ્ટ્રોનું નિર્માણ થયું. ભાષા, સભ્યતા નોખી હોવાના કારણે પાકિસ્તાનમાંથી બાંગ્લાદેશનું નિર્માણ થયું.

રશિયાના વિભાજન પછી રશિયાના લોકો સામ્યવાદ વિશે શું વિચાર ધરાવે છે અને સામ્યવાદના પતન પછી લોકોની ધર્મ પ્રત્યેની શું ભાવના છે તેને સમજવાની એક તક મળી હતી. તા. ૧૪-૮-૦૫ ના સવારના ૮ વાગે ફિનલાઇન એર-વે થી ફિનલેન્ડ માટે રવાના થયા. એજ દિવસે રાતના ફિનલેન્ડની રાજધાની હેલસિંકીમાં પહોંચ્યા. વિમાન મથકથી અમારી હોટલ વાકુના 'vaakuna' નજીક હોવાથી ત્યાં તરત જ પહોંચી ગયા. હેલસિંકી બહુજ રમણીય અને સુંદર શહેર છે. રસ્તાઓ સાફસુથરા, લોકો મળતાવડા સ્વભાવના. લોકો તમારી સાથે પ્રેમથી અને ખુલ્લા મનથી વાતો કરે.

ફિનલેન્ડમાં મે મહિનાથી કરીને સપ્ટેમ્બર ૧૫ સુધીની મોસમ બહુજ ખુશનુમા હોય છે. ત્યાંની ઠંડી સખત બહુજ કાતિલ હોય છે. અમને ઓગસ્ટ મહિનામાં પણ ગરમ કપડાં પહેરવા પડતાં હતાં. ફિનલેન્ડની કુલ વસતિ ૫૦ લાખની છે. એમાંથી પાંચ લાખ લોકો હેલસિંકીમાં અને ૧૦ લાખ લોકો ગ્રેટ હેલસિંકી સિટીમાં રહે છે. બાકીની વસ્તી ફિનલેન્ડના નાના ગામડાંઓમાં રહે છે. ત્યાંના ગામડાંઓમાં પણ બહુજ સ્વચ્છતા જોવા મળે. ગામડાંઓમાં દરેક સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. એને ગામડાંઓ કહેવા કરતાં નાના નાના ટાપુઓમાં બાકીની પ્રજા રહે છે. ઘણાં ટાપુઓ પર માત્ર વીલા જોવા મળે છે.

૧૮મી સદીમાં જ્યારે જર્મનો અહીંયાં આવ્યા હતા, તેમણે સારા અને સુંદર વીલા બનાવ્યા હતાં. ત્યાર પછી રશિયનો આવ્યા. એમણે પણ અહીંયાં આવીને એજ પ્રમાણે ઘરો અને વીલા બનાવ્યા હતાં. ફિનલેન્ડની પ્રજા પર જર્મન અને રશિયન આ બન્ને સંસ્કૃતિ અને સભ્યતાનો પ્રભાવ જોવા મળે છે. લોકો લોકશાહીમાં માને છે અને લોકોએ ચૂંટી કાઢેલી સરકાર શાસન કરે છે. આપણે ત્યાં ગોવા અને પોડિંચેરીમાં જે પ્રકારે નાના અને સુંદર ઘરો જોવા મળે છે તેવા જ ઘરો ત્યાં જોવા મળે છે. ત્યાંની પ્રજા જર્મન ભાષા જાણે છે. મોટાભાગની પ્રજા અંગ્રેજી બોલે છે અને સમજે છે એટલે ત્યાં ભાષાનો પ્રશ્ન અમને નડ્યો નહીં.

ફિનલેન્ડમાં જંગલોની માવજત સારી કરવામાં આવે છે. મોટાભાગના ટાપુઓ પર તમને હરિયાલી જોવા મળે અને ઘણાં ટાપુઓ પર ગીચ જંગલો પણ છે. ૧૫મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસ અમે ફિનલેન્ડમાં ઉજવ્યો. ત્યાંના લોકોની સાથે વાતચીતમાં મહાત્મા ગાંધીનું નામ વારંવાર આવતું. લોકો ગાંધીથી પરિચિત. એમની અહિંસક લડત અને અસહકારની ચળવળથી વિશેષ પ્રભાવિત. ત્યાંની સ્ત્રીઓ સુંદર. એટલે સાહજિક તમને તેમની સાથે વાતચીત કરવાનું મન થઇ આવે. નાના નાના ટાપુઓ જોવા મળે. અમે નાની લોંચમાં ફર્યા. ઘણી જગ્યાએ આ નાના ટાપુઓને કાર રોડથી જોડી દીધેલ છે. પ્રજા ખડતલ અને તંદુરસ્ત. ખોરાકમાં માછલી, ઇંડા, બ્રેડ અને પશુઓનું માંસ ખાય છે. અમારી હોટલમાં અમને શાકાહારી વસ્તુઓ ખાવા મળતી હતી.

૧૬મી ઓગસ્ટના હેલસિંકીથી સેંટ પિટ્સબર્ગ વિમાનમાં આવ્યાં. વિમાનની મુસાફરી ૫૫ મિનિટની છે. પરંતુ તમે જો ટ્રેનમાં જાઓ તો ૧૪ કલાકની સફર હોય છે. ટ્રેનનો પ્રવાસ અમે માણી શક્યા ન હતાં. સેન્ટ પિટ્સબર્ગ એટલે લેનીનગ્રાડ રશિયાના પ્રવાસથી પહેલા રશિયન સાહિત્યકાર ટોલ્સટોય, નાટ્યકાર ચેખોવ, મેક્સીમગોર્કી ક્રાંતિકારી લેનીન, એલેકઝાન્ડર સ્લોવોઝીન ક્રાંતિકાર દોસ્તોવોસ્કીના પુસ્તકો વાંચેલા હોવાથી રશિયન ગાઇડ સાથે વાતો સરળતાથી

*મૌનમાં રહેલી અપાર શક્તિને પિછાણો.*

થતી હતી.

લેનીનગ્રાડમાં અમારી સાથેની રશિયન ગાઇડ નતાશા હતા. તે રશિયાના ઇતિહાસ વિશે ઓછું જણાવતી હતી. એની વાતો પરથી એને સામ્યવાદી પ્રત્યે અણગમો હતો એવું લાગતું હતું. લેનીનગ્રાડમાં મારી જે લોકો સાથે વાતચીત થઇ તેના પરથી મને એવો ભાસ થયો કે લોકો હજી પણ ખુલ્લા મનથી પોતાના વિચારો જણાવતાં ન હતાં. બહુજ ઓછા બોલા. લેનીનગ્રાડમાં અમે જે મ્યુઝિયમમાં ફર્યા જેમાં નિકોલસ ૧થી કરીને નિકોલસ ચાર સુધીના ઝારવંશની જાહોજલાલી જોવા મળતી હતી. સુંદર મહેલો અને તેમની રાજકીય શાસન પ્રણાલી વિશેના ચિત્રો જોવા મળ્યાં હતાં. પ્રજાનું શોષણ કરીને તેમાંથી ઝારવંશ બાદશાહી જીવન જીવતાં હતાં.

રશિયન સામ્રાજયવાદનો વિસ્તાર ઝારવંશના સમયમાં થયો હતો. રશિયામાંથી જે પ્રદેશો છુટા પડ્યા છે તે બધા પ્રદેશો નિકોલસે રશિયન સામ્રાજ્યમાં ભેળવી દીધા હતાં. આજે પણ લોકો ઝારવંશની ભવ્યતાને રશિયન સંસ્કૃતિના પ્રતીક તરીકે માને છે. ઝારના સમયમાં બનેલી જેલ જોવા ગયાં હતાં. એ જેલોમાં રાજકીય કેદીઓ અને ગુનેગારોને જે રીતે ટોર્ચર કરીને મારી નાખવામાં આવતાં હતાં તે બહુજ અસહનીય ભાસતું હતું. માણસ માણસ પ્રત્યે કેટલો કઠોર અને પાશવી બની શકે છે તે જોઇને મન ગમગીન થઇ જતું હતું. બોલ્શેવિયા ક્રાંતિ વખતે ઝારવંશની સામે લોકોએ સખત વિરોધ કરેલ હતો અને કોમરેડ લેનીનની આગેવાની હેઠળ રશિયન ક્રાંતિકારી પ્રજાએ ઝારવંશના એક એક કુટુંબીજનોને પકડી પકડીને મારી નાખ્યાં હતાં.

સેન્ટ પિટ્સબર્ગ નાત્સા નદીના કિનારા પર વસેલું છે. મોસ્કો અને લેનીનગ્રાડમાં જે થોડા માણસો સાથે વાતચીત થઇ અને મોસ્કોની ગાઇડના જણાવ્યા પ્રમાણે આજે રશિયામાં ૨૫થી ૩૦ ટકા લોકો સામ્યવાદી વિચારો ધરાવે છે. ઘણાં રશિયનો ધી પીટર્સગ્રેટને રશિયાનો હીરો માને છે. ધી પીટર ધી ગ્રેટ ના સમયમાં રશિયન સામ્રાજ્ય ચીનને અડીને મંગોલિયા સુધી વિસ્તાર કર્યો હતો અને બીજી બાજુ યુરોપના નીચે ભૂમધ્ય સમુદ્ર સુધી ફેલાવો કર્યો હતો. ઘણા રશિયાના લોકો સાહિત્યકાર પુત્નીકને સારા રશિયન લેખક તરીકે માને છે. સાહિત્યકાર પુત્નીક ઝારવંશના સમયમાં રશિયન સાહિત્ય પર અને રશિયન સંસ્કૃતિ પર લખાણ કરેલ છે. તે ૩૭ વરસની યુવાન વયે મૃત્યુ પામ્યો હતો.

બીજા વિશ્વયુદ્ધ વખતે જ્યારે યુરોપનાં મોટાભાગના વિસ્તારોમાંથી યહૂદીઓ હિજરત કરીને અમેરિકા તરફ રવાના થતાં હતાં. આ સમયે પણ રશિયામાં યહૂદીઓની વસતિ મોટા પ્રમાણમાં હતી. મારી મોસ્કોની હોટલમાં રશિયન યહૂદી બેન્જામીન સાથે વાતચીત થઇ ત્યારે તેણે જણાવ્યું કે રશિયામાં પણ યહૂદીઓને માનની નજરથી રશિયનો જોતાં ન હતાં. આજે મોટાભાગના યહૂદીઓ રશિયામાંથી હિજરત કરીને ઇઝરાયલમાં સ્થાયી થઇ ગયા છે. હજી પણ રશિયામાં બાકી રહેલા યહૂદીઓ ઇઝરાઇલમાં સ્થાયી થવા વિચાર કરી રહ્યા છે. બેન્જામીને મને જણાવ્યું કે ભારતનાં મિઝોરામમાં પણ ઘણાં યહૂદીઓ રહે છે તેમાંથી ઘણાં યહૂદીઓને ઇઝરાયેલે પોતાના દેશમાં સમાવી લીધેલ છે.

સામ્યવાદીના પતન પછી ઉદાર વિચારશ્રેણી ધરાવતી સરકારના આગમન થકી રશિયામાં ખ્રિસ્તી મતનાં દેવળોની સત્તા વધી રહી છે. સામ્યવાદી શાસન વખતે રશિયન પ્રજા દેવળોમાં જતાં ડરતી હતી તે હવે દેવળોમાં જવા લાગી છે. રેડ સ્કેવરમાં આજુબાજુમાં બે ઇમારતો જોવા મળે છે. સેન્ટ બેસિલનું કેથીડ્રલ મોસ્કવા નદીની પૂર્વમાં સેન્ટ બ્રેસીલનું કેથીડ્રલ. પશ્ચિમમાં એલેકઝાન્ડર બગીચો એની બાજુમાં ક્રેમલીન રશિયાના દેશનું વહીવટ અહીંથી થાય છે. ક્રેમીલનમાં રશિયાના ટોચના રશિયન નેતાઓનું નિવાસસ્થાન છે. ક્રેમીલનની ઓફિસો અને રહેઠાણો ૬૫ એકરમાં પથરાયેલા છે. ક્રેમલીનની મધ્યમાં કેથડ્રીલ ચોક છે. જેને ફરતો થોડા મકાનો છે આ મકાનોમાંથી ત્રણ દેવળો છે. ડોર્મિશિયનનું કેથીડ્રલ ૧૪૭૯ની આસપાસ બંધાયેલું છે. અને અહીંયાં ઝારની તાજપોશી થયા કરતી હતી.

મોસ્કોમાં જગતની બીજી એક શ્રેષ્ઠ ઇમારત સેન્ટ બેસિલનું કેથેડ્રીલ આવેલું. આ દેવળ સન ૧૫૫૧થી ૧૫૬૧ના સમયમાં બાંધવામાં આવેલું. આ દેવળની ચારેબાજુ આઠ ઘુમ્મટો છે. આવી ઇમારત રશિયામાં બીજા કોઇપણ ઠેકાણે જોવા મળી નહીં. હમણાં વિપુલ કલ્યાણીનો એક લેખ રશિયાના પ્રવાસ વિશે વાંચવા મળ્યો હતો. અમારા રશિયાના પ્રવાસ વખતે જેના વિશે હું નોંધ કરી શક્યો નહતો. વિપુલ કલ્યાણીનો લેખ વાંચીને ઘણી બાબતો વિશે યાદ આવી ગઇ. તેમના લેખમાં એમણે જણાવેલું કે સામ્યવાદી શાસન વખતે રશિયામાં શાસકીય ઇતિહાસ સંગ્રહાલયની રચના કરવામાં આવી છે. ૧૯૨૯ સુધીમાં આ દેવળને ધર્મનિરપેક્ષ બનાવી કાઢેલું. બીજી બાજુ આ દેવળને રૂસીમહાસંઘની માલિકોની ઇમારત જાહેર કરવામાં આવી છે. આ ક્રેમલીનના એક ભાગ તરીકે ગણવામાં આવે છે. ૧૯૯૦ થી યુનેસ્કો હેઠળ તેને વિશ્વવારસની જગા તરીકે જાહેર કરવામાં આવી છે.

મોસ્કોથી દક્ષિણે ૧૪૦ કિલોમીટર દૂર કાલુગા પ્રાંતમાં ઓકા નદીનાં કાંઠે એક સુંદર ગામ તટુસા વસેલું છે. ૧૨૪૬ અરસાથી તે અસ્તિત્વમાં છે. આ નાનકડા ગામનાં કિલ્લાના ખંડેર વચ્ચે એક જાહેર બગીચો છે અને તેની બાજુમાં એક સરસ મજાનું દેવળ છે. લેવટોલ્સટોયની જન્મભૂમિથી ત્રણ કિલોમીટર દૂર સેન્ટ નિકલસનું દેવળ આવેલું છે. આ દેવળની પાસેના કબ્રસ્તાનમાં ટોલ્સટોય પરિવારના અનેક સભ્યોને દફનાવવામાં આવ્યા છે. લેવટોલ્સટોયની ધાર્મિક વિચારસરણી દોખાબોર્સ નામના ખ્રિસ્તી જૂથ સાથે મળતી હતી. રશિયાના ખ્રિસ્તી મતમાં માનનારા લોકોની સાથે આ જૂથના મતભેદ હતા. તેના કારણે ઝારશાહીના વખતે આ વિચારસરણીના ઘણા લોકોને સાઇબેરિયામાં મોકલી દેવામાં આવ્યા હતા. આ ખ્રિસ્તીયતના લોકોએ તોલ્સતોયને આ સંઘમાંથી દૂર કર્યા હતાં. તોલ્સતોય વિચારસરણીના ખ્રિસ્તીમતના લોકો યુદ્ધ અને રૂસી શાસન પદ્ધતિ વિશે પાયાનાં મતભેદ હતાં. તોલ્સતોય વિચારસરણીમાં માનનારા લોકોને અહિંસામાં વિશ્વાસ હતો.

રશિયામાં રૂસી પરંપરાવાદી ખ્રિસ્તીમતનો સૌથી મોટો સમાજ છે. સન

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૦ ઉપર)

*દંભી પરોપકારી કરતાં સ્વાર્થી માનવી સારો.*

# ગેંગટોકમાં ગરમી?!

• ચિત્રસેન શાહ •

સિક્કીમ-દાર્જિલિંગના મે મહિનામાં અમારા પ્રવાસ પહેલાં લોકોએ અમને સિક્કીમની કડકડતી ઠંડી અંગે જાતજાતના સૂચનો કરેલાં અને ભાતભાતની સૂચનાઓ આપેલી!

એક ભાઈએ તો ત્યાં સુધી કહેલું કે સિક્કીમ પહોંચતાં જ ઠંડીથી ઠુંઠવાઈ જશો. એટલે એ રીતે અહીંથી જ તૈયારી કરીને જજો! એટલે અમે તો બબ્બે સ્વેટર, મફલર, હાથમોજાં વગેરેથી સજ્જ થઈ એરપોર્ટ પહોંચેલા! લોકો અમને જોઈજ રહ્યા! કેટલાકને તો વળી લાગ્યું કે આ લોકો એવરેસ્ટ શિખર સર કરવા જતા લાગે છે!

પરંતુ સિક્કીમની ઠંડીમાં ઠુંઠવાઈએ તે પહેલાં તો અમે એરપોર્ટની ગરમીમાં બફાઈ ગયા! અને અમે પહોંચ્યા સિક્કીમના કેપીટલ ગેંગટોક!

મે મહિનામાં ગેંગટોકમાં બહુ ઠંડી નો'તી. અરે અમારી હોટલની રૂમનું થર્મોમીટર તો ૪૩ ડિગ્રીનું તાપમાન બતાવતું હતું! થર્મોમીટરનું રીડિંગ જોઈ અમે ગેંગટોકમાં પણ પરસેવે રેબઝેબ થઈ ગયા!

અને થયું આ તે ગેંગટોક છે કે ગાંધીનગર?!

આ અંગે અમે હોટલ સ્ટાફને પૂછતાં તેણે કહ્યું, 'આ થર્મોમીટર ફેરનહેઈટ ટેમ્પરેચર બતાવે છે!'

દરિયાની સપાટીથી ૫૪૦૦ ફૂટની હાઈટ પર આવેલા ગેંગટોકમાં તો ઠંડી ન લાગી પરંતુ બીજે દિવસે અમે છાંગુ લેઈક જોવા ગયા. જે ૧૨૪૦૦ ફૂટની હાઈટ પર છે. ત્યાં ઠંડીનો અનુભવ થયો. ગરમા ગરમ કોફી પીતાં પીતાં લોકોએ કરેલાં સૂચનો અને આપેલી સૂચનાઓ યાદ આવી જાય તેવું હતું! ત્યાં યાક પર સવારી કરતી વખતે સ્પેનમાં યોજાતી 'બુલફાઈટ' યાદ આવી જાય તેવું હતું કારણ કે અહીંના યાક સ્પેનની બુલફાઈટવાળા બુલની યાદ અપાવે તેવા શીંગડા ભરાવે તેવા હતા! પરંતુ કોણ જાણે કેમ પણ તેનો ફોટો લેતી વખતે તે એકદમ શાંત અને ધીરગંભીર બની જતાં હોય તેવું લાગ્યું! અને ફોટોગ્રાફરની ફોટો લેતી વખતની રાબેતા મુજબની સૂચના 'ઈસ્માઈલ પ્લીઝ!' પ્રમાણે યાક તેમની 'બોડી લેંગ્વેજ'માં કદાચ 'સ્માઈલ' પણ આપતા હશે! ત્યાંથી નજીક 'નાથુ-લા પાસ' છે જે ૧૪૨૦૦ ફૂટની હાઈટ પર છે. આ જગ્યાએ ઈન્ડો-ચાઈના બોર્ડર છે. એક બાજુ આપણા સૈનિકો અને ગુજરાતી ટૂરિસ્ટો અને બીજી બાજુ ચીની સૈનિકો! ચીની સૈનિકોને આપણે સ્માઈલ આપીએ તો પણ તે લોકો તો એવું મોઢું રાખે કે જેના પર સ્પષ્ટપણે વંચાતું હોય - 'હસવાની મનાઈ છે!'

અમારા ગ્રૂપમાં એક બહેનનું નામ રાધા હતું! અને વિચાર આવ્યો કે ચીની સૈનિકને કહીએ કે - 'અમારા ગ્રૂપ સામે એક નજર તો નાખો! તમે હસીને બોલી ઉઠશો - "સરહદને પાર મારી રાધા!"

(પરંતુ એ બીચારાને ક્યાં ખબર હોય કે અત્યારે આ નામનું ગુજરાતી પિક્ચર થિયેટરોમાં ધૂમ મચાવી રહ્યું છે!)

ત્યાંથી બહુ દૂર નહીં એવું એક દર્શનીય સ્થળ છે - 'બાબા હરભજનસિંઘ મેમોરિયલ.' આ મેમોરિયલ અંગેની કથા એવી છે કે-હરભજનસિંઘ ૨૩મી પંજાબ રેજિમેન્ટનો સિપાહી હતો અને પંજાબના કપુરથલા ડિસ્ટ્રિક્ટનો વતની હતો. તે તારીખ ૪થી ઓક્ટોબર ૧૯૬૮ ના રોજ ડ્યુટી દરમ્યાન ઊંચા શિખર પરથી લપસીને નીચે ઊંડી ખાઈમાં વહેતા ઝરણામાં પડવાથી મૃત્યુ પામ્યો હતો અને તેની યાદમાં આ મેમોરિયલ બંધાયું છે અને ત્યારથી તે એક યાત્રાધામ જેવું બની ગયું છે. મેમોરિયલમાં ૩ રૂમ છે. સેન્ટ્રલ મોટા રૂમમાં હરભજનસિંઘનું પોટ્રેઈટ છે. બાજુનો રૂમ જે બાબાના રૂમ તરીકે ઓળખાય છે, ત્યાં બાબાના જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓ જેવી કે કપડાં, શુઝ, સ્લીપર્સ, ક્લીન પથારી વગેરે આજે પણ જેમના તેમ સચવાયેલા છે. તેનો ઈસ્ત્રી કરેલો યુનિફોર્મ અને પોલીશ કરેલ જૂતા 'Ready For Use'ની માફક ત્યાં પડેલા છે! એક રસપ્રદ વાત એ છે કે બાબા સૂક્ષ્મ શરીરે દર વર્ષે વાર્ષિક રજા ગાળવા પોતાના ગામ જાય છે અને તે માટે ટ્રેઈનમાં તેના નામે એક બર્થ રિઝર્વ રાખવામાં આવે છે! કહેવાય છે કે હરભજનસિંઘ સૂક્ષ્મ શરીરે આજે પણ તેની ડ્યુટી બજાવે છે અને ઈન્ડો-ચાઈના બોર્ડરની ચોકી કરે છે! કેટલાક ચાઈનીઝ સૈનિકોનું કહેવું છે કે તેમણે પણ ઘણીવાર બાબા હરભજનસિંઘને ઘોડા પર બેસી બોર્ડરનું પેટ્રોલિંગ કરતા જોયેલ છે!

સિક્કીમમાં આ ઉપરાંત યુમથાંગ, વેલી ઓફ ફલાવર્સ, લામુંગ, નામચી વગેરે અપ્રતીમ કુદરતી સૌંદર્યથી ભરપૂર જગ્યાઓ જોઈ સ્વગત બોલી જવાયું, 'પૃથ્વી પર જો ક્યાંય સ્વર્ગ હોય તો તે — અહીં છે, અહીં છે અને અહીં જ છે!' જો સ્વર્ગે જવું હોય તો સિક્કીમ પહોંચી જાવ!

નામચીની નજીકની એક ટેકરી પર ૪૫ મીટર ઊંચું ગુરુ પદ્મસંભવનું અલૌકિક સ્ટેચ્યુ છે. આખું કોમ્પ્લેક્સ ખૂબજ દર્શનીય અને રમણીય છે.

આ ઉપરાંત સિક્કીમમાં જગ્યાએ જગ્યાએ ઝરણા તેમજ વોટર ફૉલ્સ જોયા. એક ખૂબ જ ઊંચા વોટર ફૉલને ત્યાંના સ્થાનિક લોકોએ નામ આપ્યું છે — 'અમિતાભ બચ્ચન વોટર ફૉલ!'

જોકે ત્યારબાદ અમે કેટલાય નીચા,

*પરિવર્તન એ સંસારનો નિયમ છે.*

ઊંચા, મોટા, તગડા સૌંદર્યથી ભરપૂર વોટર ફૉલ્સ જોયા. જેમને નામ આપી શકાય – 'જયા બચ્ચન વોટર ફૉલ', 'ઐશ્વર્યા રાય બચ્ચન વોટર ફૉલ' વગેરે! નામ આપવામાં શું જાય છે! ફક્ત 'ફૈબા' જ બનવાનું છે ને!

નામચીથી દાર્જિલિંગ જતાં રસ્તામાં એક જગ્યાએ ઈન્ડો-નેપાળ બોર્ડર આવે છે. ત્યાં બોર્ડર ક્રોસ કરી નેપાળ પણ જઈ આવ્યા! ત્યાં એક જગ્યાએ 'દાબેલી' મળતી હતી! મૂળ કચ્છ માંડવીની તીખી તમતમતી દાબેલી નેપાળમાં બહુ મીઠી લાગી! અમારી જેમજ 'દાબેલીવાળા'એ પણ બોર્ડર ક્રોસ કરી હોવી જોઇએ!

ગુજરાતમાં આપણે ચાઈનીઝ ખાઇએ અને નેપાળમાં દાબેલી! બન્ને જગ્યાએ બન્ને વસ્તુ મીઠી લાગે!

આપણા ગામમાં જ રહેતો આપણો 'જાની દુશ્મન(!)' પણ ફોરેનમાં મળી જાય તો તેને ભેટી પડીએ! આ હ્યુમન સાઈકોલોજી છે!

દાર્જિલિંગમાં અમે જ્યાં 'મૈં હૂં ના!' પિક્ચરનું શુટિંગ થયું હતું તે સ્કૂલમાં ચક્કર મારી આવ્યા!

અમારા ગ્રૂપમાંના એક બહેન સ્કૂલ જોવા જરા વધારે ચાલવાનું હોવાથી અચકાતા હતા ત્યારે તેમના પતિએ કહ્યું - 'ચાલ, ચાલ 'મૈં હૂં ના!' (આ- મૈં હૂં ના - નો અર્થ શું થાય ?! - થાક લાગશે તો ઊંચકી લઈશ- એમ જ ને!)

દાર્જિલિંગમાં ચાના એક બગીચાની નજીક એક ઝૂંપડીમાં એક 'ચા-વાળી'ને ત્યાં અમે સરસ ચા પીધી! (સિક્કીમ-દાર્જિલિંગ વગેરે સ્થળોએ 'ચા વાળા' કરતાં 'ચા-વાળી' જ વધારે હોય છે!)

અમારા આશ્ચર્ય વચ્ચે અમે ત્યાં 'વાઘ બકરી' ચા નું ખાલી પાઉચ જોયું! અમને નવાઇ લાગી કે 'વાઘ બકરી' વાળા ચાના બગીચાની નજીક આ વેંચી જાય છે?!

અમને સફળ ગુજરાતી સેલ્સમેન માટે માન ઉપજ્યું! સફળ સેલ્સમેન એટલે એ કે જે ઉત્તરધ્રુવ પર પણ ફ્રીજ વેચી આવે! પરંતુ 'વાઘ બકરીની ખાલી પાઉચ' વાળા કેસમાં પાછળથી જાણવા મળ્યું કે કોઇ ગુજરાતી ટૂરિસ્ટ એ પાઉચમાં ઘેરથી થેપલાં લઇ આવેલ હશે અને ખાલી પાઉચ ત્યાં ફેંકી દીધેલ હશે!

'ગુજરાતી ટૂરિસ્ટ અને થેપલાં' એ એક જ સિક્કાની બે બાજુઓ છે!

ગુજરાતી પ્રવાસી અવકાશયાનમાં ચંદ્ર પર જાય તો ત્યાં પણ થેપલાં લઇ જાય!

દાર્જિલિંગ વેસ્ટ બેંગાલમાં આવ્યું હોવા છતાં કહેવાય છે કે ત્યાંના લોકો તે રાજ્યના કોઇ ટેક્સ ભરતા નથી. કારણ કે એ લોકો દાર્જિલિંગને 'ગોરખા લેન્ડ' તરીકે જ ઓળખાવે છે! બસ સ્ટેન્ડ કે બીજા જાહેર સ્થળોએ જગ્યાએ જગ્યાએ 'ગોરખાલેન્ડ'ના બોર્ડ જોવા મળે છે!

***અને છેલ્લે :***

સમગ્ર ભારતમાં પ્રવાસનના મોટાભાગના સ્થળોએ પર્યટક તરીકે ગુજરાતીઓ જ મોટાભાગે જતા હોય છે અને તે કારણે સ્થાનિક લોકોને પણ ઘણા ગુજરાતી શબ્દો આવડી જતા હોય છે! દાર્જિલિંગમાં પણ એવું જ બન્યું ! અમે દાર્જિલિંગના 'TIBETAN REFUGEE SELF HELP CENTRE'માં ગયા ત્યારે હેન્ડીક્રાફ્ટના તે શો રૂમની સેલ્સ ગર્લ્સે અમારું સ્વાગત આ રીતે કર્યું - 'કેમ છો?! - મજામાં!?'

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## અમારો ફિનલેન્ડ અને રશિયાનો પ્રવાસ

**(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)**

૧૯૯૭ના રૂસી કાયદા પ્રમાણે તે ઐતિહાસિક વારસો છે. રશિયાની કુલ વસતિના ૭૦ ટકા લોકો રૂસી પરંપરાવાદી ખ્રિસ્તી મતને અનુસરે છે. બાકીની વસતિમાં આઠ કરોડ લોકો છે. આમાંથી ૬ ટકા લોકો મુસ્લિમ છે. બૌદ્ધ, કેથેલિક, યહૂદીઓની કુલ વસતિ એકાદ ટકા જેટલી છે. ઘણા લોકો-અંદાજે ૧૨ થી ૧૫ ટકા લોકો ઇશ્વરમાં માનતાં નથી. રશિયામાં બે કરોડથી વધુ મુસ્લિમ ધર્મ પાળનારાની વસતિ છે, તેમાંથી મોટાભાગના મોસ્કો શહેરમાં રહે છે. આની સાથે સાથે રોમન કેથેલિક વિચારસરણીમાં માનનારો ધાર્મિક વર્ગ પણ વિશાળ સંખ્યામાં છે.

રશિયામાં ઇસાઇ ધર્મ પાળનારાની બહુમતી છે. રશિયામાં સામ્યવાદના પતન પછી ઇસાઇ ધર્મનો પુનરુદ્ધાર થયો છે. સામ્યવાદીઓ જ્યારે શાસનમાં હતા ત્યારે તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમે રશિયામાંથી ધર્મને નાબૂદ કરી દીધેલ છે. ધર્મના આધ્યાત્મિક ગુરુઓએ આમ જનતાની ચેતના હણી લીધી હતી. ઝારના સમયમાં ધર્મના નામે લોકો સાથે અમાનવીય વર્તન કરતા હતા. ધર્મના નામે આમ જનતા ગુલામો જેવું જીવન જીવતી હતી. આમ જનતાની ભલાઇ માટે ધર્મગુરુઓ ધર્મના નામે શોષણ કરતાં હતાં. રશિયન ક્રાંતિ પછી રશિયાનો યુવાન વર્ગ બહુજ આશા ભરેલી વ્યવસ્થાની કલ્પના કરતો હતો. રશિયામાં લાંબાગાળાના સામ્યવાદી શાસનથી લોકો કંટાળી ગયા હતાં.

ડો. લોહિયાના મત પ્રમાણે સામ્યવાદ પણ એક ધર્મ સમાન છે. કાર્લ માર્કસ એમના ધર્મગુરુ છે. જેમ ધર્મમાં સંઘભાવના અને સંગઠન હોય.. તેવી જ રીતે સામ્યવાદી સંગઠનમાં સંઘભાવના અને તેમની વિચારસરણીમાં વિશ્વાસ ધરાવતા માણસોનો સંઘ હોય છે. તેમને શિક્ષણ આપવા માટે સામ્યવાદી વિચાર ધરાવનારા શિક્ષકો પણ હોય છે. ધર્મગુરુ દ્વારા ધર્મમાંથી પ્રજાનું શોષણ થતું રહે છે. તેમ સામ્યવાદીઓએ પણ પ્રજાનું શોષણ કરવામાં કંઇ પણ કચાસ રાખી નથી. સામ્યવાદનો રશિયામાંથી પ્રભાવ ઘટ્યો તેની સાથે સાથે ખ્રિસ્તીધર્મનો રશિયામાં પ્રભાવ વધ્યો છે. આખરે કોમરેડ લેનીનના શબ્દોની યાદ આવે છે.

"ક્રાંતિ અને વખત એના ફેલાવાની ગતિના વિશે કોઇ ભવિષ્યવાણી કરી ન શકાય ક્રાંતિનો હંમેશાં અલગ મિજાજ હોય છે અને તે ગુઢ રહસ્યોથી સંચાલિત હોય છે. આમ અમારો રશિયાનો સુખમય પ્રવાસ પૂરો થયો હતો.

*મુલુંડ, મુંબઇ.*

*આજનો મોટો બધો (ઈગો) અહમ આવતીકાલની (લૂઝર) પડતીની નિશાની છે.- ચેતન ભગત*

હળવાશની ક્ષણોમાં

# કચ્છી કહેવતો : હાસ્યના ભંડાર

• ડૉ. વિશન નાગડા •

હાસ્ય, એ કચ્છી ભાષાની પ્રકૃતિમાં વણાયેલો રસ છે. કચ્છી માડુ જીવનની વિષમતાઓ વચ્ચે પણ હસી જાણે છે. કદાચ કઠણાઈઓ અને કમી (અછત)ના પ્રભાવે કચ્છી માડુ એમ કરતો થઈ ગયો હશે. કચ્છી ભાષાના આ હાસ્યને રખે કોઈ હસી કાઢતા! કારણકે આ હાસ્ય પછવાડેનો મર્મ વેધક હોય છે. એને સમજે તે શાણો ને ન સમજે એની અક્કલમાં કાણું.

કચ્છી કહેવતોના હાસ્યની વાત માંડીએ. એટલે સહજપણે એ કહેવતો યાદ આવે જે કચ્છી માડુ ડગલે ને પગલે ઉચ્ચારતો હોય.

"અકરમી કે ઉઠ તેં કુતો ડાડે" એ કહેવત અતિ પ્રચલિત છે. જેનો અર્થ છે, દુર્ભાગીને ઊંટ પર બેઠો હોય તોય કૂતરો કરડે!

એના વિશેની કથાનો સાર એ છે કે કોઈ છોકરો ઊંટ પર સવાર થઈને જતો હતો. અટકચાળા સ્વભાવને કારણે વચ્ચે ઊંચી દીવાલ પર બેઠેલા કૂતરાને જોઈ એણે લાકડી વડે એને છંછેડ્યો. તો કૂતરાએ બટકું ભરી લીધું. એક ઊંટની ઊંચાઈએ બેઠેલો હોવા છતાં એ છોકરો કેવો કમભાગી હશે કે એને પોતાની ચેષ્ટાવૃત્તિને કારણે દુઃખી થવું પડ્યું. એનું નસીબ કેવું નબળું હશે કે એને ન કરવા જેવું કરવાનું સૂઝ્યું!

કથા સાંભળી હસતાં પહેલાં કવિનો શબ્દ યાદ કરી લઈએ કે "હસો હસો પણ હસવાસમી બનાવશો નવ જિંદગી." હાસ્ય ઉપજાવે એવી આ કહેવતમાંથી પાઠ એ મળે છે કે અટકચાળું કરે એ ઉપસાહનું કારણ બને!

"ચ્યો કુંભાર ગડૉડે ન ચડે"નો શબ્દાર્થ છે : કુંભાર કહેવાથી કંઈ ગધેડા પર ન બેસે. ભાવાર્થ એમ કહે છે કે ઓછી અક્કલવાળા માણસોને સાચી સલાહ પણ કામ ન આવે. યોગ્ય સમયે આપેલી સલાહની અવગણના કરે અને પછી નુકસાન વેઠીને આખરે નિરૂપાય થઈ કમને સ્વીકારે!

ઉપર જે "અકરમી"ની વાત થઈ, એ જ અકરમીને લઈને કચ્છીમાં કહેવાય છે કે "અકરમીજા ખાટલા વિઆંજે." (અક્કરમીના ખાટલા વિયાય). ઝાઝું ઊંડાણ તાગવું ન પડે એવી કામધંધા વિનાની આળસુ વ્યક્તિની બહાદુરીના ઓવારણા લેતી આ નાનકડી કહેવત એમ કહે છે કે, "આળસુ ભલે કમાય નહિ પણ સંસાર તો ભોગવે જ ને!" પરિણામે પરિવારમાં વધારો થતો જાય. એટલે કે એ પોતે ખાટલે ભલે બેસી રહેતો, ખાટલો જણતરનું કાર્ય ચાલુ રાખે.

"અકરમી પુતર હોલાણે મોંઘો." (અક્કરમી પુત્ર હાલરડે મોંઘો) મા એ હાલરણાં ગાવા જે મહેનત કરી હોય એનું વળતર પણ ન વાળી શકે!

"કરમી પુત્તર કુડ જો ડીયો, પોંખે બાજર ને ઉગે ચીયો!"

અહીં લોકભાષાએ મલાજો રાખી "અકરમીને" "કરમી" કહી હાસ્યને વધારે કળામય બનાવી દીધું છે. એ કેવો કૂળદીપક હશે કે જે બાજરો વાવે ને નિંદામણ જ ઊગે!

"ખર્ટે બેર ને ખેં ધ્રાખું
ઉનીં પુતરેંજ્યું કેડ્યું સાંખૂં?"

(કમાવે બોર અને ખાય દ્રાક્ષ. એવા પુત્રોની કેવી શાખ?)

આ કહેવત છે તો પુરાણી પણ એની સત્યાર્થતા જાણે કે આજના યુગમાં જ પ્રગટી છે. મહેનત ન કરે, પુરુષાર્થ ન કરે ને કમાવે થોડું પણ જેમને સાહેબી ભોગવવી હોય તે શું કરે? ટોપી ફેરવે! એકના લીધેલા ચૂકવવા બીજાની પાસેથી લે ને બીજાને ચૂકવવા ત્રીજા પાસેથી એવા "ટોપીરામ"ની "ગુડવિલ" (શાખ) તે વળી કેવી?

"ખેંધલ ખખીએંજા ને પૂછા કઇંયે ફડધ ખજૂર જી" એ કહેવત હવે ઘસાવા માંડી છે. "ખખી" કે "ફડધ ખજૂર" જેવા શબ્દો પણ વિસરાતા જાય છે. શબ્દાર્થ છે ખજૂરના બી ના ખાનાર, ને માંગણી કરે છે ઊંચા પ્રકારની ખજૂરની. હિંદીમાં કહીએ તો "ઔકાત" વગરના માણસની આ કહેવત શબ્દાર્થ વિના પણ પામી જવાય એવી છે!

કચ્છી કહેવતોનું હાસ્ય ક્યારે સ્ફૂટ હોય છે તો ક્યારેક મર્મવેધક. એવું હાસ્ય જ્યારે પ્રગટે છે ત્યારે ઘડીભર એ કહેવત કાવ્યનું રૂપ લઈને જન્મી હોય એવું લાગે છે. આવી કહેવતનો એક નમૂનો લઈએ.

"તૉડો નાં?" (તારું નામ) ત ચેં "જીયો" (તો કહે, 'જીયો')

"કમ કુરો કરીએં?" (કામ શું કરે?)

ત ચેં "સપેંજે ડરેં મેં હથ વિજાં) (તો કહે, સાપનાં દરમાં હાથ નાખું)

ત ચેં, "તડેં જીયો તૅડો ન જીયો!" (તો કહે, ત્યારે પછી જીયો તેવો ન જીયો!)

આ કહેવતમાં પ્રગટતું હાસ્ય કાવ્યાત્મક છે, કલાત્મક છે. શબ્દોના અર્થ શોધવાની જરૂર નથી પડતી પણ અભિવ્યક્તિની વ્યંજના ગહન હોવાથી ચિત્તને સાબદું રાખવું પડે છે. તલવારના ઝાટકા જેવી હાસ્યની તીક્ષ્ણ ધારથી વઢાઈ જતા હોઈએ તેમ હાસ્યાનુભૂતિ થાય છે. આવા પ્રકારની સંવાદમય કહેવતોના ખજાનાથી કચ્છી ભાષાની પરંપરા ભરી પડી છે પણ એને સમજવા થોડો પરિશ્રમ લેવો પડે. આ કહેવતમાં એક રૂઢિપ્રયોગ પણ છૂપાયેલો છે. "સપેં જે ડેરે મેં હથ વિઝણાં" જેનો મતલબ છે ભારે નુકસાન કરે એવાં ઊંધાં કામ કરવાં.

*પોતાની જાતમાં વિશ્વાસ એ સફળતાનું પહેલું રહસ્ય છે. - રાલ્ફ વાલ્ડો ઈમર્સન*

બીજી એક કહેવત માણી, કહેવતોના અન્ય સ્વરૂપો તરફ ગતિ કરીએ. "માકૂડો માકે ચેં, મા, મામ આઉં ગુડજી ભીલી ઉપાડીયાં?" ત મા ચેં, "પુત્તર તૉજી ચેલ ડિઠે આય?"

(મંકોડાએ માને પૂછ્યું, 'મા, મા, હું ગોળની થેલી ઉપાડું? તો માએ જવાબ દીધો, 'દીકરા તારી કમર જોઈ છે?')

આ કહેવતની વક્રોક્તિ એવી છે કે એને માણીગર પળવારમાં પામી જાય. સમજાવીએ તો એની ધાર બુઠ્ઠી પડી જાય. આત્મવંચનાને આનાથી વધારે સારી રીતે રજૂ કરવી મુશ્કેલ છે. એક મામૂલી મંકોડાની ગોળની થેલી આગળ શું વિસાત? પણ જેને પોતાના ગજાની જ સમજ નથી એ તો મિથ્યા પ્રયત્ન કરવાનો જ. મા શાણી હતી. એટલે એને ભાન કરાવવા કમરને જોઈ લેવા કહે છે. આ કહેવતના શબ્દાર્થ (અભિધયાત્મક અર્થ) પછવાડે જે વ્યંજનાશક્તિ છૂપાઈ છે એ આપણને શીખ દે છે કે માણસે કોઈપણ કામનો વિચાર કરતાં પહેલાં પોતાની ક્ષમતા તરફ એક નજર કરી લેવી જોઈએ. નહિતર છેવટે ખુવારી વહોરવાનો વારો આવે.

આત્મવંચનામાંથી બહાર નીકળી આપણે મૂર્ખાઈનું દર્શન કરાવતી સૂક્ષ્મ હાસ્યવાળી કહેવતોમાં ડોકિયું કરી જોઈએ. "ઉલર પાંયણો પો પગતેં" નો અર્થ સમજાવવાની એટલે જરૂરત નથી કે એ "આ બૈલ મુજે માર"નું જ રૂપ છે. મુસીબત આપમેળે આવી જાય તો તો વેઠવી જ પડે પણ જો કોઈ મૂરખમતિ મુસીબતને નોંતરું દેવા જાય તો? ઉપહાસનું કારણ બનવા અને દુનિયાને હાસ્યનું નિમિત્ત પૂરું પાડવા આનાથી વધારે સારું શું કરી શકાય?

કચ્છી કહેવતોની એક વિશેષ ખૂબીનાં દર્શન. લોકસાહિત્યમાં કહેવતો પદ્ય વિભાગમાં કેમ ગણાઈ હશે એ સમજીએ. "તિતર તુલી, હણે ભાજસેં કુલી!" તુચ્છ તેતર પક્ષી બાજ સાથે બાથ ભીડવા જાય તો? એક મામૂલી માણસ કોઈ માંધાતાનો સામનો કરવાની, એની સાથે દુશ્મની વહોરી લેવાની ચેષ્ટા કરે તો? આગળ જોયું તેમ આ કહેવતોનો પેટ એટલાં વિશાળ હોય છે કે એમાં ભાષા શક્તિનાં અનેક રૂપ છૂપાયેલાં હોય છે. આ કહેવતમાં "કુલી હલણી" એ રૂઢિપ્રયોગ છે. જે કુસ્તીબાજોની કુસ્તીના એક દાવનો નિર્દેશ કરે છે. જેની કાયામાં જોર ન હોય તે અખાડામાં મલ્લ જોડે બાજવા જાય તો ઘરે આવે ત્યારે ભાંગેલા હાડકાં ગણાય?

પદ્યાત્મક "તિતર તુલી"માં વર્ણસગાઈ છે તો 'તુલી' 'કુલી'માં અંત્યાનુપ્રાસ. આમ, કાવ્યકળાના કેવા કેવા અલંકારોથી સજેલી હોય છે આ કહેવતો?!

"કેંજી રન મુઈને કેંકે સૉણે આવઈ!" (કોની રાંડ મરીને કોને સપનામાં આવી!) એ કહેવત ભલે બાહ્ય દૃષ્ટિએ અભદ્રતાનો ભાસ કરાવતી હોય પણ એની પછવાડેની લોકવાણીની ધાર એને રોજબરોજના જીવનમાં ચોક્કસ સંદર્ભમાં પ્રયોજવાની પરવાનગી આપે છે. જ્યારે કોઈપણ જાતના સંદર્ભ કે સંબંધ વિના કોઈ અન્યની ચિંતા કરવાની ચેષ્ટા કે આત્મવંચક પ્રતિક્રિયા વ્યક્ત કરી નિકટતા દાખવવા મથે ત્યારે આ કહેવતનો પ્રયોગ અનિવાર્ય બની જાય છે. "નાની નાડો ને અખીં સાડો" (નાનીનોયે કોઈ સંબંધ નહિ ને આંખો દુઃખી થાય છે.) એ અર્થઘટનમાં ભારે પડે એવી કહેવત છે.

અર્થઘટનની એ કસોટીમાંથી પાર ઉતરવા મથતાં એનો સંદર્ભ ખોલી જોઈએ. કહેવતનો ક્યારે વિનિયોગ થાય છે એના પરથી એના સંદર્ભનો છેડો મેળવવો પડે. કોઈ વ્યક્તિ અન્ય જોડે પોતાની સગાઈ સંબંધની શેખી મારે પણ હકીકતમાં નીકટતાની કોઈ આછી પાતળી શક્યતા જ ન હોય (નાની કી નાની ઉસકી મૌસી, ઉસકી પોતી જેવો જ્યાં સંબંધ હોય) ત્યાં સંબંધની ગણનાની પોકળતા સ્વયં પ્રગટ થઈ જતી હોય છે. સમજનારે સમજીને મૌન સેવવું જ સારું.

હાસ્યના સૂક્ષ્મ પ્રદેશમાંથી પાછા આપણે સહજ સ્ફુટ હાસ્યમાં થોડી ડૂબકીઓ લગાવી દઈએ. "કુંભાર ઘરવારીસેં ન પુજે તૅર ગડૉડેજા કન માટે." કહેવત અતિ પ્રખ્યાત અને સમજવામાં સરળ છે. અર્થ છે, "કુંભાર ઘરવાળીને ન પહોંચે ત્યાર ગધેડાના કાન આમળે." આ નર્યા શબ્દાર્થથી તો એના અંતર્ભાવનો તાગ નથી મળતો પણ એની પછવાડેનો મર્મ સમજવા અર્થના તીર જ્યાં તાકવામાં આવ્યા છે તે લક્ષ્યબિંદુ તરફ નજર માંડીએ. અહીં કુંભાર એટલે નબળો છતાં અહંભાવી પાત્ર છે અને ગધેડો એ જે વગર ગુને દંડાય છે તે પાત્ર. હવે ભાવાર્થ જોડીએ. શૂરાતનનો મિથ્યાભિમાની માણસ જે ગુનેગાર છે એને સજા દેવા સમર્થ નથી. એટલે અન્ય સામનો કરવા સમર્થ ન હોય તેવી વ્યક્તિ પર અત્યાચાર કરી પોતાની વિવશતાનો બદલો વાળે છે, મિથ્યાસંતોષીઓ માટે આનાથી વધારે માર્મિક, ઉપહાસજનક કહેવત ક્યાંથી જડે?!

"મિડે મા ન ને રુએ તો નાની કે." સ્ફૂટ હાસ્ય પ્રગટ કરતી આ બીજી કહેવતનો અર્થ છે "સગી મા તો છે નહિ ને નાની માટે રડે છે." સામાન્ય વિવેકબુદ્ધિના અભાવવાળી આત્મભાન વિનાની વ્યક્તિને ઉદ્દેશીને કહેવાતી આ કહેવત હાસ્યપ્રેરક ભલે રહી એની નેમ તો વિવેકભાન કરાવવાની જ છે. કરુણતા એ છે કે એની વેધકતા પણ પેલા જાડી બુદ્ધિવાળાને સ્પર્શી નથી શકતી. "જાડી બુદ્ધિ" શબ્દ કચ્છી સંદર્ભમાં અહીં પ્રયોજાય છે જ તો એનો જગપ્રસિદ્ધ દાખલો લઈએ. "પાડેજી પુંઠતે પાણી" (પાડાની પૂંઠે પાણી) જેની સમજણ જ નબળી હોય એને સાચી સમજણ આપવા ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે એનામાં કશો ફરક પડે જ નહિં. પાડાની પૂંઠે પાણી ઢોળીએ તો એની લપસણી ચામડી પરથી એ સરકી જાય. પેલા પાડાને તો કંઈ થાય તો પાડો શેનો કહેવાય?!

ધતીંગબાજના લક્ષણ ખુલ્લાં કરતી કહેવત છે, "ઇ તાં છઠ્ઠી મેં પણ સચો નાંય રુનૂં!" (એ તો છઠ્ઠીમાં પણ સાચું નથી રડ્યો.) છઠ્ઠી લખાય ત્યારે બાળક કેવું નિર્દોષ હોય! પણ દુનિયાને છેતરનારા પાખંડીઓની કળા જોઈ એમ કબૂલવું પડે કે માના પેટમાંથી જ પાખંડના પાઠ ભણીને તેઓ સંસારમાં અવતરતા હશે! પોતાની માંગણી રજૂ કરવા બાળક પાસે રૂદનનું બળૂકું સાધન હોય છે પણ એનો લાભ લઈ યેનકેન પ્રકારેણ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાની કળા જેને ગળથૂથીમાં જ મળી હોય એની પાખંડકળાના, આનાથી સારા બીજા કયા વખાણ હોય?!

"કાગડે જે મોંમેં કંકોતરી" (કાગડાના મોઢે કંકોતરી) આ એક હાસ્યના ફૂવારા જેવી કહેવતની ધાર તો જુઓ! જરીકવારમાં જમાત

*દરિદ્રતા મટાડવી છે તો પોતાની ઇચ્છાઓને સમાપ્ત કરી દો.*

આંખીને જાણ કરવાની સ્વાભાવિક ખાસિયતવાળા કાગડાના પાત્રના પ્રતીક દ્વારા અહીં વાત એવી વ્યક્તિની કરવામાં આવી છે કે જેને કોઈ વાતની ખબર પડી કે ગામ આખાને જાણ થઈ સમજો. હા, એટલું ખરું કે એના કાર્યમાં વેગ આવે એટલા માટે એને સૂચના આપવી પડે કે "કોઈને કહેતો નહિ હો...!"

કચ્છીમાં ઓઠાંનું પ્રમાણ ખાસ્સું છે. કહેવતનાં લઘુરૂપ ઓઠાંનો વિનિયોગ કહેવતથીયે વધારે પ્રભાવશાળી રહે છે કારણકે ઓઠામાં કથનનો કોઈ ઘટના સાથેનો સંદર્ભ કોતરાયેલો હોવાથી અર્થ સંદર્ભ જલદી ખૂલે છે.

"સિન્ધીવારો નાડો" (સિંધીવાળું નાડું) એ કશુંયે સમજ્યા વિના, જડતાપૂર્વક કોઈ વાતને વળગી રહેનાર મનાવ્યો ન માનનાર અડિયલ ટટ્ટુ માટેનું ઓઠું છે. કથાનો સાર એવો છે કે ગાડીની સવારી કરતા એક સિંધીને ગાડાખેડૂએ ખાસ કહી રાખેલું કે "હું ગાડું દોડાવું ત્યારે તારે નાડું પકડી લેવું નહિતર પડી જઈશ!" સિંધીભાઈમાં શાણપણનો અભાવ. એટલે એમણે ભરેલા ગાડામાં બંધન તરીકે વપરાયેલા "નાડા"ને બદલે પોતાના ચોરણાનું નાડું જોરથી પકડી તો રાખ્યું પણ ગાડું ઠેકવા માંડ્યું કે પડી ગયા. હાંકનારાએ ગાડું થોભાવી પૂછ્યું નાડું કેમ પકડ્યું નહિં? તો ચોરણાનું નાડું દેખાડી કહ્યું કે જુઓ નાડું તો હજીયે ઝાલી રાખ્યું છે!!

કહેવતો અને રૂઢિ પ્રયોગોની વચ્ચેના સીમાડા પર પોતાની આણ વરતાવનારા "ઓઠા"નો અતિ સહજ અને સામાન્ય કહી શકાય એવું ઓઠું છે "અકલ જો ભાડધાન" (અક્કલનો બારદાન). મૂળે તો અક્કલની ગૂણી ભરેલી હતી પણ અક્કલબધી વહેંચાઈ - વેચાઈ જાય તો છેલ્લે શું બચે? બારદાન! જેનામાં સમજણની સરાસર ગેરહાજરી હોય તે "ભાડધાન." જો કે ભાષાની ગતિ વિચિત્રતાવાળી તો ખરી જ. "અક્કલ જો ભાડધાન" માંની કથાત્મક્તા જ્યારે વક્રોક્તિનું રૂપ ધારણ કરે ત્યારે એને "અકલ જો ખાં" (અક્કલનો નિષ્ણાત) કહીને જ એની બુદ્ધિપ્રતિભાને નવાજી શકાય!

ગુજરાતીમાં બળદ માટે "ઢગો" શબ્દ વપરાશમાં નથી, જે કચ્છીમાં છે. પણ ગુજરાતી માણસ "ઢગો" શબ્દ અક્કલના અભાવવાળી વ્યક્તિ માટે લાક્ષણિક અર્થમાં પ્રયોજે જરૂર છે. કચ્છીમાં એને થોડું વાર્ધક્ય મળ્યું છે એટલે કોઈ મૂર્ખાઈભર્યું કામ કરે તો કહેવાય કે "ઇનમેં અકલ ત વડે ઢગે જિતરી આય!"

અંગ્રેજીમાં એમ કહે છે કે "HABIT"માંથી H કાઢીએ તો એ "A BIT" remains, મહામુસીબતે "H A B"ને કાઢ્યા પછી પણ IT remains. આદતને અનુલક્ષીને કચ્છીમાં કહેણી છે કે, "વાનરો ઢગો થીયે તાંય ગુલાંટ ન ભૂલે." (વાંદરો ઘરડો થાય તોયે ગુલાંટ ન ભૂલે.) પણ એને બીજા દૃષ્ટિકોણથી જોઈ જે સમજાવ્યો ન સમજે એના માટે કચ્છીમાં ઓઠું છે, "કુતે જો પૂછ" (કૂતરાની પૂંછડી) એવા માણસને સમજાવવાના કે સુધારવાના બધા પ્રયત્નો નિરર્થક નીવડવાના.

વ્યક્તિ વિશેષ નામોને લઈને રચાયેલી હાસ્ય નિપજાવતી કહેવતોમાં આ લેખકનું નામ કોતરાયેલું હોય એવી કહેવત છે, "ખખી ન ખરચે ખીમજી, વા વિશનજી વા!" (ખજૂરના બી જેટલો પણ જે ખર્ચ ન કરે એવો ખીમજી વિશનજીની વાહ વાહ કરે!") આ કહેવત અન્યને કીર્તિ માટે આકર્ષી સમાજમાં પોતાની વાહ વાહ કરાવી લેતા હોય છે પણ પોતાની ગાંઠના કોડી પણ ન ખર્ચે.

"જુમેં જી મા જો તકીયો ધાર" એટલે કે જુમા - વ્યક્તિ વિશેષની માનું દફન સ્થાન નિરાળું! આ કહેવત બોલાય કે તરત જ શ્રોતાવર્ગમાં હાસ્યની લહેર ફરી વળે. કારણકે જેના માટે એનો પ્રયોગ કરવામાં આવ્યો હોય એ વ્યક્તિનો સ્વભાવ જ એવો કે સૌ કરતા હોય તેમ ન કરવું અને પોતાનો એકદંડિયો મહેલ અલગ ચણવો. એમની રીત નિરાળી, ભાત નિરાળી. નિરાળી એટલે પ્રસંશનીય હોય એવું નહિ હો!

"જુમાં વેં સે કાંઈયાં ન થીયેં" એ કહેવતની કથાને જવા દઈ એનો સાર લઈએ. જેનો જેવો સ્વભાવ અને જેવી સમજણ, તે તેવો જ રહે. જુમાની ખાનદાની નબળી તે એ લાખ પ્રયત્ન કરે છતાં કાયાંની બરોબરી ન કરી શકે. વ્યવહારમાં એનો સંદર્ભ એવો છે કે કોઈ વ્યક્તિને સમજાવી સમજાવી થાકીએ તોયે એ વાત કબૂલે નહિ કે સુધરે નહિ!

કહેવતની સરખામણીએ ઓઠાં લઘુરૂપી હોવા છતાં નેમ સિદ્ધ કરવામાં વધારે ચોક્કસ હોય છે. કહેવત તલવાર જેવી તો ઓઠાં તીર સમાન, દૂરથી વીંધે. કોઈના અપલખણની ઠેકડી ઉડાડવી હોય કે વક્રોક્તિભર્યો ઉપહાસ સર્જવો હોય તો ઓઠું છે. "લખણે જો લાડો" (અપલક્ષણનો લાડો.) અહીં સર્વગુણ સંપન્ન હોય એને જ લાડા તરીકે પસંદ કરાય એ વાતને અપલખણ જોડે સાંકળી, મોઘમમાં લક્ષ્ય ચીંધાયું છે.

સમાપન પહેલાં કહેવતને કહેવત સ્વરૂપે સ્વીકાર્યા પછી ભાષા એમાંથી લાઘવભર્યું બીજું રૂપ કેવી રીતે ઘડી કાઢે છે એનો દાખલો એક પ્રસિદ્ધ હાસ્યપ્રેરક કહેવત રૂપે.

"સોઢી સિણગાર કરે તે સૂંધે ભજાર ઉથી વિએ." (સોઢી શણગાર કરે ત્યાં સુધી બજાર ઉપડી જાય) એનું જ બીજું રૂપ છે "સોઢી વારો સિણગાર" એમ કહે કે, "લટઈ તોં વારો તાં સોઢી વારો સિણગાર આય!" (અલી, તારો તો સોઢીવાળો શણગાર છે.) અર્થાત્ પૂર્વતૈયારીમાં અતિ વિલંબ કરવાની આદત છે. છેલ્લે, "પંવાર વારો નીયાંપો." આ ઓઠાની કથા આમ છે. બે કાંઠા વચ્ચે ધસમસતી નદી વહેતી હતી. એક પંવાર (ગોવાળિયો) સામે કિનારેના પંવારને બૂમો પાડી બોલાવવા લાગ્યો. ખૂબ જરૂરી કામ હશે એમ વિચારી બીજો ગોવાળિયો નદીમાં પડી મહામહેનતે તરતો તરતો આ કિનારે પહોંચ્યો ને પૂછ્યું, 'શું છે?' તો કહે, 'કાલ કિત આડાઈધાસીં?!' (કાલે ઢોરોને કઈ બાજુ ચરાવવા લઈ જઈશું?) એ પરથી આ ઓઠું પ્રચલિત થયું. જ્યારે દમ વગરની વાત માટે કોઈ ઉહાપોહ કરતું હોય કે હાકલા પડકારા કરતું હોય ત્યારે એને "પંવાર વારો નિયાંપો" કહી ઉપહાસપૂર્વક પોંખવામાં આવે છે.

***સંદર્ભ : (૧) કચ્છી કહેવતો (૧૯૭૬) દુલેરાય કારાણી, ગુજ. રા.લો. સમિતિ. (૨) કચ્છી કહેવતો વિશેનું અંગત ક્ષેત્રકાર્ય (કચ્છ અને મુંબઈમાં.)***

***આભાર : મણિબાઈ નાગડા, સરસ્વતીબહેન મોઢ, નીમૂ નાગડા.***

*દયા એવી ભાષા છે કે જે બહેરા સાંભળી શકે અને અંધ અનુભવી શકે છે, મૂંગા સમજી શકે છે.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજી બાજુજી સોસાયટીવારી જીવનરામજી છોરી હથમેં ચાકો ખણે ને મનજીરામજે છોરે પુઠીયા કુલા દોડેતી...? જરા તપાસ ત કર ક મનજીરામજો છોરો જયરામ અનકે એડો કુરો ચેં આય...?

બચુડો : (તપાસ કે ને ચેં) જીવનરામજી છોરી સોસાયટી જે નાકે તે ઊભી વી તડેં મનજીરામજો છોરો જયરામ અનકે નેરેનેં ગીતા ગાઈંધો વો... "ચીર કે મેરે દિલકો દેખો, તેરા હી નામ લીખા રખ્ખા હૈ....." તડુંણી છોરી ચાકો ખણેને જયરામ પુઠીયા ધોડેતી... નાં નેરેલા કે ને...

## ખિલજા મ ભલા

મોહન : હમણાં થોડા દિવસ પહેલાં વિધવા થઈ હતી તેણે છાપામાં પોતાના પતિના અંતિમ સંસ્કારમાં સામેલ થયેલા સૌનો છાપામાં જાહેરખબર છપાવી હૃદયપૂર્વક આભાર માન્યો છે.

સોહન : ઘણું સારું કહેવાય... આવો આભાર માનનાર કોઈક જ હોય છે.

મોહન : પણ મને એની આભારવિધિમાં કંઈક જુદી જ ગંધ આવે છે.

સોહન : આભાર માનતા તેણે શું લખ્યું છે...?

મોહન : પોતાનું નામ, ફોન નંબર તેમજ ઉંમર-૩૨ વર્ષ, ઉંચાઈ ૫'૩", રંગ ગોરો અને 'બાળકો નથી' એમ લખ્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

જોઈતારામ : અરે આ મંછારામ પણ ખરો છે. રાતે ઘરમાં આગ લાગી અને સવાર સુધી આખું ઘર બળીને રાખ થઈ ગયું તો પણ મોબાઈલ હાથમાં લઈને ઊભો જ રહ્યો પણ ફાયરબ્રિગેડ ન આવી. શું ફોનમાં બેલેન્સ નહોતું કે ચાર્જીંગ નહોતું, પૂછી તો જો....

દયારામ : મોબાઈલ ચાલુ હતો. પૂરું બેલેન્સ હતું. ચાર્જીંગ પણ ફુલ હતું. એણે આખી રાતમાં સોએક તો મિસ્ડ કૉલ કર્યા હતા.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : તળાવમાં પડી ગયેલી બકરી બહાર કેવી રીતે આવશે?

આદિત્ય : સાહેબ, ભીની થઈને.

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક (વેઈટરને) : આ બે જણા અહીંયાં કઈ રીતે મરી ગયા... ફુડ પોઈઝનિંગ તો નથી થયુંને?

વેઈટર : ના સાહેબ, આ બંને એરિયાના મહાકંજૂસ હતા. ચાર દિવસથી અહીં સવારના આવી હોટલ બંધ થાય ત્યાં સુધી બેસી રહેતા. આખરે કોણ પહેલા ઓર્ડર આપે એની રાહ જોવામાં મરી ગયા.

☺ ☺ ☺ ☺ ☺

પીન્ટુ : સત્ય બોલવાના તો ઘણા ફાયદા છે પણ જૂઠું બોલવાના ફાયદા કોઈ જાણે છે?

મોન્ટુ : જૂઠું બોલવું એ બાળક માટે ગુનો છે, પ્રેમી માટે કળા છે, નોકરિયાત માટે જરૂરિયાત છે, કુંવારા માટે કાબેલિયત છે અને પરણેલા માટે લગ્ન ટકાવી રાખવાનો એકમાત્ર અક્સીર ઈલાજ છે.

☺ ☺ ☺ ☺ ☺

ખડકસિંહ : હું કુતુબ મિનાર મારા ખભા ઉપર મૂકી છેક મુંબઈ સુધી લઈ જઈશ.... આ મારી ચેલેન્જ છે.

મીડિયાવાળા : કેમેરા અને માઈક લઈને ભેગા થઈ ગયા અને પૂછવા લાગ્યા, 'આ તું કરીશ કઈ રીતે...?'

ખડકસિંહ : બસ, તમારામાંથી કોઈ કુતુબ મિનાર ઊંચકીને મારા ખભા ઉપર મૂકી આપે એટલી જ વાર છે.

☺ ☺ ☺ ☺ ☺

તારાસિંહ : અરે આ અરીસા સામે ઊભો ઊભો ક્યારનો શું વિચારે છે?

ચાંદસિંહ : આ અરીસામાં જે માણસ દેખાય છે તેને મેં ક્યાંક જોયો છે પણ યાદ નથી આવતું.

તારાસિંહ : ચાલ આઘો ખસ... ઓયે, અરે, આ તો હું છું ડોબા... આટલી પણ સમજ નથી પડતી...?

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*મઠી માની કચ્છજી, મઠો મે જો ખીર*
*મિઠા માડુ કચ્છજા, ધન કચ્છજો ખમીર.*

*ભક્તિ આજકાલ શ્રદ્ધાથી દૂર જઈને દેખાડો બની ગઈ છે.*

ઇતિહાસ

# કચ્છ અને સિંધના એ યુદ્ધે સિંધનો નક્શો બદલ્યો

• નરેશ અંતાણી - ભુજ •

અનેક ધર્મ અને સંપ્રદાયો માટે કચ્છમાં સાનુકૂળ વાતાવરણ રહેલું છે. આજ કારણે કચ્છમાં અનેક જાતિઓ, જનજાતિઓ આવીને કાયમ માટે સ્થાયી થઇ ગઇ છે. આ જાતિઓ અને સમૂહોના કચ્છમાં આવાગમન દરમ્યાન અને તે પછી રાજાશાહી દરમ્યાન કચ્છમાં યુદ્ધો પણ ખેલાયાં છે. બહુ ઓછી જાણીતી સિંધના બાદશાહ મીરજા ઈશાકખાં અને કચ્છના રાઓ ખેંગારજી વચ્ચે ખેલાયેલા યુદ્ધની અહીં વાત કરવી છે.

સમા વંશના જામ લાખાજીએ ચાવડા વંશના સત્તાના મૂળિયા ઉખાડી નાખ્યા પછી લાખાજીની દશમી પેઢીએ જામ હમીરજી કચ્છની ગાદીએ આવ્યા એ સમયે કચ્છનું પાટનગર લાખીયાવીરા હતું. જામ હમીરજીએ ઈ.સ. ૧૪૭૨થી ઈ.સ. ૧૫૦૬ સુધી ૩૪ વર્ષ સુધી કચ્છમાં રાજ કર્યું હતું. આ જામ હમીરજીએ અમરકોટના સોઢા રાજવીની કુંવરી સાથે લગ્ન કર્યા હતાં. આ કુંવરીનું નામ કપુરદેબા હતું અને તેના કુખે ખેંગારજીનો જન્મ થયો હતો. જામ હમીરજીની બીજી પત્ની પણ સોઢા કુળની જ હતી. ખેંગારજી પાછળથી કચ્છની ગાદીએ આવ્યા હતા. તેમણે ઈ.સ. ૧૫૧૦થી ૧૫૮૬ સુધી કચ્છની ગાદી ભોગવી હતી. તેમણે કચ્છની રાજધાની ઈ.સ. ૧૫૪૯ વિ.સં. ૧૬૦૫ માં ભુજની સ્થાપના કરી લાખીયારવીરાથી ભુજ ખસેડી હતી. આમ, સિંધ, એ ખેંગારજીનું મોશાળ હતું.

વિક્રમ સંવત ૧૬૧૦ ઈ.સ. ૧૫૫૪ના વર્ષમાં સિંધનો શાહજાદો મીરજા ગાઝીખા કચ્છના રાવ ખેંગારજીને શરણે આવીને બે કર જોડી પોતાને કચ્છમાં રાજ્યાશ્રય આપવા વિનંતિ કરવા લાગ્યો. ઘટના એવી ઘટી હતી કે, મીરજા ગાઝીખાંને પિતા સિંધના બાદશાહ ઈશાકખાંએ પોતાની મિલકતમાંથી દૂર કર્યો હતો. અને એટલું જ નહીં પણ સિંધમાંથી કાઢી મૂક્યો હતો. શાહજાદાને કોઇ જ આશરો ન રહેતા અન્યત્ર ભટકવા કરતાં કચ્છના રાવ ખેંગારજી તેને શરણે લેશે અને પોતાને રાજનો ભાગ અપાવી શકશે એવી આશાએ તે કચ્છ આવ્યો અને રાજ્યાશ્રય માગ્યો અને પોતાને રાજમાંથી ભાગ અપાવવા મદદ કરવા વિનંતી કરવા લાગ્યો.

કચ્છના રાજવી ખેંગારજીએ ગાઝીખાનને સિંધનું અડધું રાજ તેના પિતા પાસેથી અપાવવા તેના નાના ભાઇ કુંવર સાહેબની સરદારી નીચે વિશાળ લશ્કરને સિંધ મોકલ્યું. આ વાતની જાણ ખેંગારજીના મામા અને સિંધના અમરકોટના રાજવીને થતાં તેણે પણ મદદમાં પોતાનું લશ્કર મોકલ્યું. ખેંગારજીએ પ્રથમ પોતાના દૂતને મોકલી બાદશાહ ઈશાકખાનને સંદેશો મોકલ્યો કે, 'તમારો પુત્ર મારા આશ્રયે છે, આશ્રયે આવનારને શરણ આપવું અને મદદ કરવી, એ અમારો પ્રથમ રાજધર્મ છે. તેથી આપને હું વિનંતિ કરું છું કે તમારા પુત્ર ગાઝીખાનને તમારું અડધું રાજ્ય આપી તેને ન્યાય આપો અથવા અમારી સાથે લડવા તૈયાર થઇ જાવ.' કચ્છના રાજાનો આ સંદેશ સાંભળી બાદશાહ ખૂબ જ ગુસ્સે ભરાયો અને કચ્છ રાજ સામે યુદ્ધ કરવાનો નિર્ણય કરી પોતાના બીજા પુત્ર મીરજા બાકીખાનને પોતાના લાવ લશ્કર અને સરંજામ લઇને લડવા મોકલ્યો. સિંધના બાદશાહે લડાઇનો નિર્ણય લીધો છે એ જાણી કચ્છ રાજયની છાવણીમાં ગુપ્ત બેઠક મળી. આ બેઠકમાં ખેંગારજીના પુત્ર સાહેબજી, ખેંગારજીના મામા રવાજી તથા પબાજી સોઢા તથા મીરજા ગાઝીખાન સૌએ સાથે મળી યુદ્ધની વ્યૂહ રચનાની વિચારણા કરી.

તેઓએ ઘડેલી વ્યૂહ રચના મુજબ રવાજી તથા પબાજી સોઢા સિંધી ભાષા તથા ત્યાંના વાતાવરણથી પરિચિત હોઇ તેઓ વેશ બદલીને બાદશાહના લશ્કરમાં ભળી ગયા ને મીરજા બાકીખાનના લશ્કરને માર્ગ બતાવતાં બતાવતાં કચ્છ રાજયની છાવણી સુધી દોરી આવ્યા. આ એવી જગા હતી કે એક તરફ કચ્છ રાજયનું લશ્કર અને બીજી તરફ સોઢા રાજપૂતોનું લશ્કર ઊભું હતું. આથી બાદશાહનું લશ્કર ઘેરાઇ ગયું અને ધમાસાણ યુદ્ધ ખેલાયું. રવાજી તથા પબાજી સોઢાએ બાદશાહના લશ્કરમાંથી વચ્ચેથી બાદશાહના સૈનિકો સામે લડવાનું શરૂ કરતાં બાદશાહખાનના લશ્કરને પોતાની સાથે દગો થયો હોવાનું ભાન થયું. પરંતુ ત્યારે બહુ જ મોડું થઇ ગયું હતું. કચ્છ રાજય તથા સોઢાઓના લશ્કરે બાકીખાનને તથા તેના લશ્કરને ચારે તરફથી ઘેરી લીધું. પરિણામે બાદશાહ ખાનનું લશ્કર ભયના માર્યું વેરવિખેર થઇ ગયું અને સાહેબજીએ બાકીખાનને મારી નાખ્યો. આ લડાઇ માત્ર પાંચ થી છ કલાક ચાલી હોવાનું નોંધાયું છે. બાકીખાનના લશ્કરના ઘોડા, હાથી, શસ્ત્ર સરંજામ વગેરે કચ્છ રાજયના સાહેબજીએ કબજે કરી ગાઝીખાનને સોંપી દીધું. સોઢાભાઇઓના કારણે આ યુદ્ધમાં કચ્છ રાજયનો વિજય થયો.

આ લડાઇ પછી સિંધના બાદશાહ ઈશાકખાને કચ્છના રાવ ખેંગારજી સાથે સંધિ કરી અને ખેંગારજીના કહેવા પ્રમાણે સિંધના બે ભાગ કર્યા. નગરઠઠ્ઠો અને સિંધનો અડધો ભાગ બાકીખાનના વારસોને સોંપવામાં આવ્યા જયારે નશરપુર સહિતનું અડધું સિંધ ગાઝીખાનને સોંપવામાં આવ્યા. સિંધની મુખ્ય ગાદી ગાઝીખાનને સોંપવામાં આવી. આ પછી ગાઝીખાને ભરેલા દરબારમાં કચ્છ રાજયનો આભાર માન્યો અને આ દરબારમાં સાહેબજીને ગાઝીખાનની સમાંતર આસન આપવામાં આવ્યું હતું. આ અવસરે કચ્છ રાજયને અનેક ભેટ સોગાદો, સિંધની કલા કારીગરીના નમૂનાઓ નજરાણા તરીકે આપવામાં આવ્યા. બદલામાં કચ્છ રાજયે સિંધમાં વસેલા મેઘવાળોને ભુજમાં વસવા આમંત્રણ આપ્યું અને ભુજમાં રહેવા મકાનો બાંધી આપવાનું પણ આશ્વાસન આપ્યું.

આ અવસરની મીઠાશ કાયમ જળવાઇ રહે તે માટે ગાઝીખાને પોતાની પુત્રી હમીબાના લગ્ન સાહેબજી સાથે કર્યા. આ પછી વિજયના નાદ સાથે કચ્છનું લશ્કર ભુજ પરત ફર્યું હતું.

પરંતુ આ ખુશીનો માહોલ લાંબો સમય

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૧ ઉપર)

*સંઘર્ષ, નિષ્ઠા અને સેવાનો ત્રિવેણી સંગમ એટલે સફળતા.*

મહિલા વિશ્વ

# રેસિપી – જૈન વાનગી માટે

• સુરભિ નીરવ વસા •

## માઇક્રોવેવ

આજે લગભગ દરેક ગૃહિણીએ આ મોર્ડન ગેઝેટ (સાધન) વસાવેલું હશે. પરંતુ તેનો મોટાભાગે રિહીટ કરવામાં ઉપયોગ કરતી હોય છે. ખરેખર માઇક્રોવેવ યુઝફુલ ગેઝેટ છે, તેના દ્વારા તમે ઝડપથી વાનગી બનાવી શકો છો. આજે હું તમને રોજબરોજ બનતી વાનગીની ઇઝી રેસિપી આપી રહી છું.

- **માઇક્રોવેવ માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

માઈક્રોવેવના ત્રણ ફંક્શન હોય છે : **Micro, Grill, Convection.**

✦ Micro દ્વારા જે વાનગી ગેસ પર બનાવી શકાય તેજ વાનગી ઝડપથી Microમાં બનાવી શકાય છે.

✦ Grill દ્વારા વાનગીનું ઉપરનું પડ કડક બનાવી શકાય છે.

✦ Convection દ્વારા બેકરીની વાનગી બનાવી શકાય છે.

આજે હું તમને Microથી બનતી વાનગીની સમજ આપીશ. હંમેશાં માઇક્રોમાં વાનગી બનાવતી વખતે કુકિંગ ટાઇમ એકસાથે ન આપતા ૧-૨ મિનિટનું આપવું. કારણકે માઇક્રોવેવમાં ગેસ કરતા વધારે હીટ મળતી હોવાથી વાનગી ઝડપથી રંધાતી હોય છે.

માઇક્રોવેવ માટે માઇક્રોપ્રૂફ તથા છીછરો બાઉલ પસંદ કરવો જેથી કરીને નીચે સુધી તેની હીટ પહોંચે

- માઇક્રોવેવમાં ભરેલા શાક, પુલાવ જેવી વાનગી બનાવતી વખતે સ્ટેન્ડિંગ ટાઇમ આપવો. (જે રીતે આપણે ગેસ પર વાનગીને સીઝવા દઇએ એ રીતે)

### શું કરી શકાય છે?

ગેસ પર બનતી લગભગ બધી જ વાનગી માઇક્રોવેવમાં બનાવી શકાય છે.

### શું નથી થતું? અથવા શું ન કરવું?

✦ ગેસની જેમ વઘાર નથી થતો.

✦ રોટલી ભાખરી ન થાય

✦ ઘી ન બનાવવું.

✦ દાળ બફાતા બહુ જ વાર લાગે છે અને સરસ બફાતી પણ નથી.

### રોજિંદી વસ્તુની સમજ

#### શાકભાજી બાફવા

એક માઇક્રોપ્રૂફ બાઉલ લઇ તેમાં જે શાક (વટાણા, કોર્ન, ફણસી, ગાજર, ફલાવર, ટમેટાં) બાફવું હોય તે લઇ ૧૦૦-૧૫૦ ગ્રામ જેટલું શાક હોય તો આશરે ૪-૫ ચમચી પાણી લઇ ઢાંકીને ૧ મિનિટ માઇક્રો કરવું. ફરીથી બાઉલ બહાર કાઢી હલાવીને ૧ મિનિટ ફરી માઇક્રો કરવું. તાજું શાક લગભગ ૨-૩ મિનિટમાં બફાઇ જાય છે અને તેનો રંગ તથા ન્યુટ્રિશિયન વેલ્યુ જળવાઇ રહે છે.

#### પાપડ-સારેવડા શેકવા

પાપડ અને સારેવડા પર તેલવાળો હાથ કરી પાપડ માટે ૩૦ સેકન્ડ, પલટાવીને ફરી ૩૦ સેકન્ડ માઇક્રો કરવું. સારેવડા માટે ૧ મિનિટ આપી પલટાવીને ફરી ૧ મિનિટ માઇક્રો કરવું. જરૂર લાગે તો ફરી ૩૦ સેકન્ડ માઇક્રો કરવું. તેલ લગાવવાથી તળેલાની ઇફેક્ટ મળે છે. (ડાયરેક્ટ કાચની પ્લેટ પર જ મુકવું.)

#### રોસ્ટેડ કાજુ-બદામ

માઇક્રોપ્રૂફ બાઉલમાં આશરે ૭૦ થી ૧૦૦ ગ્રામ કાજુ-બદામ લઇ ૨ ચમચી ઘી ઉમેરી માઇક્રો કરવું. દર ૩૦ સેકન્ડે બહાર કાઢી હલાવવું. આ રીતે લગભગ ૨ મિનિટ માઇક્રો કરવું. બહાર કાઢી ચાટ મસાલો અથવા મરી પાવડર અને મીઠું ઉમેરી મિક્ષ કરો.

કોઇપણ વસ્તુ (પોપકોર્ન, ધાણી, મમરા, પૌંઆ) ભેજવાળી થઇ ગઇ હોય તો ૧-૨ મિનિટ માઇક્રો કરવાથી કડક થઇ જશે.

#### સુખડી

*સામગ્રી :* ૧ વાટકી ઘઉંનો લોટ, ૧/૨ વાટકી ઘી, ૩/૪ વાટકી ગોળ (વધારે ગળ્યું જોઇએ તો ૧ વાટકી ગોળ), ૧/૨ ટી. એલચી પાવડર, ૧ ટી. બદામની કતરણ

*રીત :* એક માઇક્રોપ્રૂફ બાઉલમાં ઘી લઇ ૧ મિનિટ માટે માઇક્રો કરો. બાઉલ બહાર કાઢી તેમાં લોટ ઉમેરી, સારી રીતે મિક્ષ કરી ૩૦ સેકન્ડ માઇક્રો કરો. ત્યારબાદ બાઉલ બહાર કાઢી હલાવી ફરીથી ૩૦ સેકન્ડ માઇક્રો કરો. આ રીતે આશરે ૨ મિનિટ માઇક્રો કરો. લગભગ લોટ સરસ રીતે શેકાઇ જાય છે. આ રીતે કર્યા પછી તેમાં સમારેલો ગોળ તથા એલચી પાવડર ઉમેરી હળવા હાથે મિક્ષ કરો. મોટાભાગે ગોળ ઓગળીને મિક્ષ થઇ જશે, પરંતુ જો થોડો ગોળ ઓગળ્યો ન હોય તો ફરીથી ૨૦ સેકન્ડ માટે માઇક્રો કરો. સુખડી તૈયાર છે. તેને થાળીમાં પાથરી ઉપર બદામની કતરણથી સજાવી પીસ પાડો.

(માઇક્રોવેવમાં ટાઇમિંગ, વસ્તુની ક્વોન્ટિટી પર આધાર રાખે છે. એટલે વસ્તુની ક્વોન્ટિટી પ્રમાણે ટાઇમિંગમાં ફેરફાર કરવો.)

*એ/૩, નિર્માણ ફ્લેટ, પ્રજારાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.*

*પ્રભુ કાર્ય માટે આપણે આપણી આવકનો નિશ્ચિત ભાગ કાઢવો જોઈએ.*

સાહિત્ય આચમન

# અદૃશ્ય પાત્રો

• હરેશ ધોળકિયા •

નગારે છેલ્લો ઘા પડ્યો.

સ્વાગતનો સમારંભ પૂરો થયો. રાજા હમીરજી જામ રાવળના ખાસ આમંત્રણથી બારા પધાર્યા હતા. તે બારામાં પ્રવેશ્યા, ત્યારે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ગામના પાદરે નાચ-ગાન થયાં. મલ્લોની કુસ્તીના ખેલ થયા. સંગીતના સૂરો રેલાઇ ઊઠ્યા. હમીરજીના નાના કાફલા પર ફૂલોનો વરસાદ વરસ્યો. ગામની નાની બાળાઓએ દરેક સિપાહીના કપાળ પર ચાંદલા કર્યા અને મોમાં મીઠાઇ મૂકી. વાતાવરણમાં ગુલાલ છવાઈ ગયો. મન મૂકીને બધા નાચ્યા હતા. જામ રાવળ અને તેની મહારાણીએ હમીરજીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. બન્ને ભેટ્યા હતા. પરસ્પરની પ્રશંસા કરી હતી. હમીરજીએ પોતાને બારા આવવાની તક મળી તે માટે જામ રાવળનો અને ગામવાસીઓનો આભાર માન્યો હતો અને બન્ને વચ્ચેના સંબંધો વધારે મીઠા બનશે તેની ખાતરી આપી હતી. ગામવાસીઓ તો ઝૂમી ઊઠ્યા હતા. વાતાવરણમાં આનંદ આનંદ છવાઇ ગયો હતો.

છેવટે સમારંભ પૂરો થયો. હમીરજીને તેના ખાસ ઉતારામાં લઇ ગયા. તેની આસપાસનાં ઓરડાઓમાં તેના કાફલાને ઉતારો આપવામાં આવ્યો. બધાને સાંજે મિજલસ અને શાહી ભોજન માટે આમંત્રણ પણ અપાઇ ગયું. બધા થોડા થાક્યા પણ હતા. બધા હમીરજીની કુરનીશ બજાવી ઉતારામાં ગયા.

હમીરજી પણ પોતાના ઉતારામાં ગયા. તેમની સાથે તેમના પડછાયા જેવા બે સિપાહીઓ છછર બુટો અને લંઘો પાછળ આવ્યા. ઉતારામાં જઇ હમીરજીએ હાથ-પગ-મો ધોયાં. પછી હળવા થઇ ઢોલિયા પર લાંબા થયા. તેની બન્ને બાજુએ છછર બુટો અને લંઘો ઊભા રહ્યા. થોડીવાર ચૂપકીદી રહી.

પછી હમીરજી બોલ્યા, "છછર."

બુટો ટટ્ટાર થઇ ગયો. મસ્તક નમાવી બોલ્યો, "હુકમ, હજુર."

"બુટા," હમીરજી આગળ બોલ્યા, "હવે લાગે છે કે રાવળ સાથેના સંબંધો મીઠા થશે."

"કેમ, હજુર?" બુટાએ પૂછ્યું.

"આજે તેણે જે સ્વાગત કર્યું, તે એવું સૂચવે છે."

"બાપુ, એ નાટક નહીં હોય?" લંઘાએ પૂછ્યું.

"આમ તો હું પણ નાટક જ માનું. તેને વર્ષોથી વહેમ છે કે તેના પિતા લાખાજીનું ખૂન થવામાં અમારા કુટુંબમાંથી કોઇનો હાથ છે. તેથી તે મારા પર વેર રાખે છે. મેં તેને ઘણીવાર કહ્યું છે કે અમારામાંથી કોઇનો હાથ નથી. પણ તે માનતો જ ન હતો."

"તો કેમ માન્યા?" છછરે કહ્યું.

"તેણે મને બારાની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું. પણ મને તેની દાનત પર શંકા હતી. પણ, મારી નવાઇ વચ્ચે, રાવળે આપણાં કુળદેવી આશાપુરા માતાજી સામે છાતી પર હાથ રાખી શપથ લીધા કે તેનું વેર હવે નથી. અને આ આમંત્રણ તે હૃદયપૂર્વક આપે છે."

"માતાજી સામે બોલે એટલે તો માનવું જ પડે. રજપૂતનો બોલ છે." લંઘાએ જવાબ આપ્યો.

"એટલે જ મને થયું કે હવે આમંત્રણ સ્વીકારવામાં વાંધો નથી. એટલે તમને બધાને લઇને આવ્યો છું. વેર ટળતું હોય તો ગમે તે કરવાની મારી તૈયારી છે. અને આજનું તેનું સ્વાગત જોઇને હવે વિશ્વાસ બેસે છે કે રાવળનો હૃદયપલટો તો થયો છે. અને લંઘા, આજનું સ્વાગત જોઇ એક અફસોસ થયો કે કુંવર ખેંગારજી અને સાહેબજીને લાવ્યા હોત, તો તેમને ભારે મજા આવત. અલિયાજી તો, ખેર, અમદાવાદ છે, એટલે ન આવી શકે, પણ આ બે કુંવરો આવી શકત. પણ બન્ને કુંવરોને કહેવડાવવા છતાં તેમને તો વીંઝાણમાં તેમની માસી પાસે જ રહેવું હતું. સમજાવ્યા તો પણ હઠ ન છોડી. તેથી પછી આગ્રહ ન કર્યો. પણ આવત તો ભારે ગમત. ખેર! માતાજીની મરજી." હમીરજીએ અફસોસ વ્યક્ત કર્યો.

બન્ને ચૂપ રહી સાંભળતા હતા.

હમીરજીએ બગાસું ખાઇ કહ્યું, "તમે બન્ને પણ તાજા થાવ. મને લાગે છે કે હું થોડી વાર ઊંઘી લઉં. સંભવ છે, રાત્રે જલસો જામે. ઊંઘીશ તો તાજા રહેવાશે. દરવાજા પર બે દરવાનો ગોઠવી તમે પણ તાજા થઇ આવો."

"હુકમ બાપુ," છછર બોલ્યો. બન્નેએ કુરનીશ બજાવી અને પાછા પગલે દરવાજા બહાર આવ્યા. બહાર ચાર દરવાનોને સૂચના આપી ઊભા રાખ્યા. પછી ચોકમાં પીપડાં પડ્યાં હતાં. તેમાંથી પાણી લઇ હાથ-પગ-મો ધોયાં. પાણી પીધું. પછી સામેના ઓટલા પર બેઠા. એક સિપાહી હુક્કો લાવ્યો. તે પીધો. થોડી વાર બેઠા.

પછી છછર બોલ્યા, "લંઘા, ચાલને, ગામમાં આંટો મારીએ."

"હા ચાલો," લંઘો ઊભો થયો. ખાસડામાં પગ નાખી પહેર્યાં. બંને ટહેલવા નીકળ્યા. ફરતા ફરતા વાતો કરતા હતા.

"લંઘા, તને શું લાગે છે આજનું વાતાવરણ?" છછરે પૂછ્યું.

"બહારથી તો મેળવાળું લાગે છે. બાકી

*જો તમે તમારા મનને અંકુશમાં રાખો તો તે તમારો મિત્ર બની રહેશે. - ભગવદ્ ગીતા*

તો માતાજીને ખબર."

"છતાં?" બુટાએ આગ્રહ કર્યો.

"છછર, મને તો જરા પણ વિશ્વાસ નથી આ રાવળ પર. ડંખીલો છે તે. એમ વેર ભૂલે તેવો નથી."

"મને પણ એજ વિચાર આવે છે." છછરે સંમત થતાં જવાબ આપ્યો.

વાતો કરતા કરતા બન્ને ગામ બહાર આવેલ તળાવ પાસે પહોંચ્યા. તળાવ પાસે ગીચ વૃક્ષોની હાર હતી. બપોર છતાં સૂરજનો પ્રકાશ તેમાંથી માંડ ચળાઇને આવતો હતો. બન્ને જણા રસ્તા પરથી દૂર એવાં એક ઝાડ પાછળ ટેકો દઇ બેઠા. એવી રીતે બેઠા કે રસ્તા પરથી પસાર થનારાને તેઓ ન દેખાય. બન્ને જણા તળાવ પર નજર રાખી પોતપોતાના વિચારમાં ગરક થઇ ગયા.

ત્યાં અચાનક ખખડાટ સંભળાયો. બન્ને ચમક્યા. આવા ભેંકાર વાતાવરણમાં શેનો અવાજ આવ્યો? બન્નેના હાથ કેડ પરની તલવાર પર ગયા. બન્નેએ પાછળ જોયું.

જોયું તો રાવળના બે દરબારીઓ પસાર થતા હતા. વાતો કરતા કરતા જતા હતા. તેમને ખ્યાલ ન હતો કે આ બે ઝાડ પાછળ બેઠા છે. આમ તેમનો અવાજ ધીમો હતો, પણ ભેંકારમાં બરાબર સંભળાતો હતો.

એક બોલ્યો, "ગાંગા, સવારે ભારે મજા આવી, હો."

"હા, બીજાએ જવાબ આપ્યો, "હલાલ કરવા પહેલાં બકરાને બરાબર થાબડ્યો."

છછર બુટો અને લંઘો પરસ્પર જોઇ રહ્યા.

"હા, વાત સાચી. બીચારાઓએ છેલ્લી વાર મજા કરી લીધી."

"હાસ્તો વળી," બાજીએ હસતાં હસતાં કહ્યું.

છછર અને લંઘો સજાગ થઇ ગયા. ધ્યાનથી સાંભળવા લાગ્યા.

હસતાં હસતાં બીજો બોલ્યો, "જામ રાવળની યોજના ચોક્કસ સફળ થશે."

"હા, જેવા સાંજે જમવા ખોરડામાં પ્રવેશ કરશે, આપણા લોકો તેમના પર તૂટી પડશે. આ લોકો તો લે'રમાં હશે. સજાગ પણ નહીં હોય. મૂંઝાઇ જશે. કપાઇ મરશે ઝડપથી."

"હા, સાચું." બીજો બોલ્યો,"જામ રાવળ જબરા દગાઇ છે, હો."

"અને હમીરજી સાવ ભોળા." પહેલાએ કહ્યું.

"અલ્યા, તેને ભોળા ન કહેવાય, મૂરખ જ કહેવાય. રાવળ પર વળી ભરોસો મૂકાય?"

"જે હોય તે, પણ રાવળ તેને બરાબર છેતરી ગયા છે. માતાજી સામે છાતી પર હાથ મૂકી સોગંધ લીધા. એટલે હમીરજી માની ગયા."

"હા, પણ તેમને ખબર ન હતી કે રાવળની મુઠ્ઠીમાં ચકલી હતી. તે હાથ અને છાતી વચ્ચે હતી. એટલે સોગંધ ન પાળે તો પણ વાંધો ન આવે."

છછર અને લંઘો તો ચકિત થઇ સાંભળતા હતા.

"એમાં તો હમીરજી છેતરાઇ ગયા ને હાલ્યા આવ્યા છે. કાળે જ તેમને બોલાવ્યા છે."

"માતાજીની ઇચ્છા એવી હશે. આપણે શું કરી શકીએ? આપણે તો જામ રાવળને વફાદાર! ગમશે નહીં, પણ..." તેણે વાક્ય અધૂરું રાખ્યું.

અને તેઓ વળાંક લઇ આગળ ચાલ્યા ગયા. થોડી વારે અદૃશ્ય થઇ ગયા.

છછર બુટો અને લંઘો તો ઊભા જ થઇ ગયા. બન્ને ગુસ્સાથી થરથરતા હતા. હાથ તલવારની મૂઠ પર હતા.

"લંઘા, સાંભળ્યું?"

"હા, બુટા, ભયંકર કાવતરું છે. આપણી શંકા સાચી નીકળી. રાવ હમીરજી બાપુ ખરેખર ભોળા નીકળ્યા."

"પણ હવે? તેમને બચાવવા કેમ? કંઇક તો વિચાર."

"પેલો સાચું બોલ્યો કે બાપુને કાળ બોલાવે છે. હવે તો ભાગી પણ ન શકાય. ચારે બાજુ સૈનિકો હશે જ. ખોરડાં આસપાસ પણ છૂપાયા હશે. જરા વહેમ જશે તો કાપી જ નાખશે. અને આપણે તો છીએ પંદર-વીસ."

બુટાએ ચિંતાભર્યા અવાજે કહ્યું, "લંઘા, મને વહેમ છે કે જામ રાવળ હમીરજી બાપુથી જ નહીં અટકે. તે તેમના વંશનું જ નિકંદન કાઢશે. ત્રણે કુંવરોને પણ નહીં છોડે, હો."

"હા, સાચી વાત. જો કે અલિયાજી તો અમદાવાદ છે, તેથી વાંધો નથી, પણ ખેંગારજી અને સાહેબજી કુંવરો જોખમમાં છે ખરા." લંઘાએ જવાબ આપ્યો.

"અલ્યા, માતાજીનો પાડ માન કે તેઓ નથી આવ્યા. તેમની હઠ કામ કરી ગઇ અને વીંઝાણમાં જ રહી ગયા છે. પણ હા, તું સાચો છે. રાવળ તેમને પણ છોડશે તો નહીં જ."

"તેમને બચાવવા જ જોઇએ, છછર."

"પણ કેમ?"

"એક કામ કર," લંઘાએ કહ્યું, "તું ભાગી જા. વીંઝાણ જા. બન્નેને ચેતવી દે."

"ચેતવાથી શું વળે? રાવળના માણસો પાછળ આવવાના જ."

"તો પછી બન્નેને લઇ અમદાવાદ અલિયાજી પાસે ભાગી જા."

"પણ અહીં...?" છછર ખચકાયો.

"અહીંની બાબતને માતાજી પર છોડી દે. જે થાય તે. અમે સંભાળી લેશું. પણ બે કુંવર ગમે તેમ કરીને બચવા જ જોઇએ. ભાગ છછર!" લંઘાએ ઉતાવળા અવાજે કહ્યું.

"પણ મહારાજ મારી પૂછા કરશે તો?"

"તેનો જવાબ હું આપી દઇશ. કંઇક બહાનું કાઢી દઇશ. પણ તું ભાગ. અહીંથી જ ભાગી જા. આપણે ગામ બહાર છીએ તેની કોઇને ખબર નથી. ભાગ અલ્યા. થોડે દૂર આપણા જ ભાયાતનું ગામ છે. ત્યાંથી ઘોડો લઇ લેજે. કહેજે હમીરજી બાપુએ મગાવ્યો છે. તે લઇ વીંઝાણ જા અને બન્ને કુંવરોને લઇ ભાગ મોરબી બાજુ. ત્યાંથી અમદાવાદ તરફ જજે."

છછર ટટ્ટાર થઇ ગયો. તેણે લંઘાના બે

*જો મન તમને અંકુશમાં રાખશે તો તે તમારું દુશ્મન બનશે. - ભગવદ્ ગીતા*

હાથ પકડી લીધા. ગળગળા અવાજે બોલ્યો, “લંઘા, વચન આપ કે મહારાજની રક્ષા કરીશ.”

લંઘો ડુસકું ખાઇ ગયો. “અલ્યા છછર, વર્ષોથી આપણે મહારાજની રક્ષા કરીએ છીએ. મારા પર વિશ્વાસ નથી? યાદ રાખજે, મહારાજનાં શરીરને ઘસરકો પડશે ને, તે પહેલાં મારા શરીર પર તલવારો પડશે. મહારાજની ઢાલ બની રહીશ. બાકી માતાજીની ઈચ્છા.”

બન્ને રડી પડ્યા. પરસ્પર ભેટયા.

“લંઘા, જીવતા-મૂવાના જુહાર. હવે મળીએ - ન મળીએ. મહારાજની ચિંતા કરજે.”

“હા, હા, પણ તું કુંવરોને બરાબર સાચવજે. ભૂતકાળમાં જેમ જીકડીએ જેમ ફૂલ મહારાજને સાચવેલ, તેમ સાચવજે. જોજે, તેમને જરા પણ આંચ ન આવે.”

“પૂરો પ્રયત્ન કરીશ.”

“જય માતાજી.”

“જય માતાજી.”

“જય માતાજી,” છછરે પડઘો પાડ્યો.

છછર ઝાડો વચ્ચે થઇ છૂપાતો છૂપાતો નીકળી ગયો. લંઘો આંસુભરી આંખે તેને અદ્રશ્ય થતો જોઇ રહ્યો. આજુબાજુ પણ જોતો રહ્યો કે કોઇ જોતું તો નથી ને!

પછી ગામ તરફ વળ્યો.

★ ★ ★ ★ ★

પશ્ચિમમાં સૂરજ ઢળવાની તૈયારી કરતો હતો. લગભગ ક્ષિતિજે પહોંચી ગયો હતો. આકાશમાં લાલાશ છવાતી જતી હતી. પક્ષીઓ માળા તરફ વળતાં હતાં. તેમના કલરવનો શોર વાતાવરણની શાંતિને ડોલાયમાન કરતો હતો. ગામ બહાર આવેલ મંદિરમાં ઘંટારવ શરૂ થયો હતો. એક વધુ દિવસ પૂરો થવાની તૈયારીમાં હતો.

હમીરજીને આપેલ ઉતારામાં ઉત્તેજના હતી. અત્યારે જામ રાવળે બધાને શાહી ભોજન અને પછી ભવ્ય મિજલસ માટે આમંત્રણ આપ્યું હતું. બધા ઉત્સાહમાં હતા. સરસ ભોજનની સ્મૃતિ બધાની જીભને પાણી પાણી કરતી હતી. વળી, બારાની નૃત્યાંગના ખૂબ સૌંદર્યવતી હતી તેમ પણ બધાએ સાંભળેલ હતું. તેને અને તેનાં નૃત્યને જોવા મળશે તેનો ખ્યાલ માત્ર બધા સૈનિકોમાં ગલગલિયા જન્માવતો હતો. આખી બપોર બધા બેઠા હતા ત્યારે તે કેવી રૂપાળી હશે તેની થાય તેટલી કલ્પનાઓ બધાએ કરી હતી. પરિણામે કઇ ભૂખ વધારે હતી તે કોઇ નક્કી કરી શક્યા ન હતા. બધા ત્યાં પહોંચવા ઉતાવળા અને ઉત્સુક હતા.

સિવાય કે લંઘો.

તે તળાવ કિનારેથી પાછો આવ્યો ત્યારે ખૂબ જ અસ્વસ્થ થઇ ગયો હતો. આમ તો તે બારા આવ્યો અને જામ રાવળને જોયા, ત્યારથી જ અસ્વસ્થ હતો. તેને પળભર પણ તેના પર વિશ્વાસ ન હતો. પણ છછર બુટો હતો, તેથી આશ્વસ્ત હતો. પણ તળાવ કિનારે સાંભળેલ વાતો અને છછર બુટો ગયો, તેથી ખૂબ અકળામણ અનુભવતો હતો. મહારાજ પ્રત્યેની ચિંતા અનેકગણી વધી ગઇ હતી. પાછા આવી પોતાના વિશ્વાસુ માણસોને ગુપ્ત રીતે કહી દીધું કે તેમણે મહારાજને પળભર પણ રેઢા મૂકવાના નથી. પડછાયાની જેમ આસપાસ રહેવાનું છે. બધા જમતા હોય ત્યારે પણ તેમણે તો મહારાજની આસપાસ જ રહેવાનું છે. એક પળ પણ ગાફેલ રહેવાનું નથી. બધાને થોડી નવાઇ લાગેલ, પણ ચૂપ રહ્યા હતા અને હા પાડી હતી.

બપોરે તે હમીરજી પાસે ગયો, ત્યારે હમીરજીએ બુટાની પૂછા કરી. લંઘાએ બહાનું ધરી દીધું કે તે ગામમાં ફરે છે અને પરિસ્થિતિનો કયાસ કાઢે છે.

“પણ લંઘા, શેનો કયાસ કાઢે છે?” હમીરજીએ પૂછેલ.

“બાપુ, તમે ભલે વિશ્વાસમાં રહો, પણ અમારી ફરજ છે કે ચોકન્ના રહેવું. અમે કોઇનો વિશ્વાસ ન કરીએ.”

હમીરજી હસીને બોલેલ, “તમે વધુ પડતી ચિંતા કરો છો.”

“મહારાજ, તમે અમને રાખ્યા જ એટલા માટે છે.”

“પણ હવે ચિંતાની જરૂર નથી.”

“તો પણ, બાપુ, અમે તો રાખવાના.”

“પણ છછર ઝડપથી આવી જશેને?”

“હા, ભોજન વખતે હાજર હશે. ચિંતા ન કરો. હું છું ને.”

માંડ વાત અટકાવી હતી. તે હમીરજીને સાચું કહી શકે તેમ ન હતો. હમીરજી ભોળા હતા. હસવામાં ક્યાંક તે રાવળને કહી પણ દે તો પેલો ચેતી જાય અને બાજી બગડી જાય. એટલે હમીરજીને અંધારામાં રાખવા જરૂરી હતા.

બધા તૈયાર થઇ ગયા. આગળ થોડા સિપાહીઓ, વચ્ચે રાવ હમીરજી. છેલ્લે થોડા સિપાહીઓ. લંઘો હમીરજીની પડખે જ ચાલતો હતો. બધાની આગળ નગારાવાળા ચાલતા હતા.

ચાલતા ચાલતા જામ રાવળે જયાં કાર્યક્રમ રાખ્યો હતો, તે ખોરડાં પાસે બધા પહોંચ્યા. વિશાળ ચોગાન વચ્ચે એક મોટો ખંડ સજાવવામાં આવ્યો હતો. લંઘાએ જોયું કે તેની આસપાસ ચારેબાજુ ઊંચી દીવાલ હતી. પ્રવેશવાનો એક જ દરવાજો હતો.

દરવાજા બહાર જામ રાવળ તેના મંત્રી સાથે ઊભો હતો. તેણે હમીરજીને જોયા અને થોડાં ડગલાં આગળ આવ્યો. હમીરજી સાથે ઉષ્માપૂર્વક હાથ મેળવ્યા. લંઘાએ તેની સામે તિરસ્કારથી જોયું. તેનો હાથ તલવારની મૂઠ પર જ હતો. કોઇપણ પળ માટે તે તૈયાર હતો. તેની પાછળના સિપાહીઓ પણ તૈયાર જ હતા.

હમીરજીએ પણ ઉષ્માપૂર્વક રાવળનો હાથ દબાવ્યો. તે બોલ્યા, “જામ, હું હાજર છું.”

“બસ, અમે પણ સ્વાગત માટે તૈયાર છીએ. અંદર પધારો.”

“બસ, તમે પ્રવેશો, એટલે હું પ્રવેશું,” હમીરજીએ કહ્યું.

“ના, આજ તમે વડીલ છો. પહેલાં તમારાં પગલાં પડશે, પછી જ હું અંદર પગ મૂકીશ.”

*પરમાત્મા પાસે માંગવા ખુદ પરમાત્માથી રૂડું બીજું શું? - ભગવદ્ ગીતા*

"ભલે, તમારી જેવી ઇચ્છા" હમીરજીએ હસતાં કહ્યું.

લંધો ભડક્યો. તે સમજી ગયો. તે ઝડપથી આગળ આવ્યો.

"હજુર, થોભો," તે બોલ્યો, "પહેલાં આપણા સિપાહીઓ અંદર જશે. તેની પાછળ આપ જશો."

જામ રાવળે કડક નજરે લંધા સામે જોયું. "કોણ છે આ?" તેણે હમીરજીને ઊંચા અવાજે પૂછ્યું.

"જી, મારો પહેરદાર." હમીરજીએ જવાબ આપ્યો.

"તેને કહો કે તે પાછળ રહે."

"ના હજુર, અમારી પ્રથા છે કે પહેલાં બે સિપાહીઓ જાય. વચ્ચે બાપુ રહે. પાછળ બીજા બે સિપાહીઓ હોય. મહારાજની સુરક્ષા-વ્યવસ્થા માટે તે જરૂરી છે." લંધાએ પણ દઢ અવાજે કહ્યું.

"આજે સુરક્ષાની જરૂરી નથી. ભોજન છે અહીં તો." રાવળે કહ્યું.

"હુકમ, અમને શું છે તેની પડી ન હોય. અમારે તો અમારા વડવાઓ જે ફરજ સોંપી ગયા છે, તેને વળગી રહેવાનું હોય." લંધો ઠંડકથી બોલ્યો.

"પણ," રાવળ બોલવા ગયો.

ત્યાં તેના સેનાપતિએ કહ્યું, "મહારાજ, કરવા દો તેને. આપણને શું વાંધો હોય! ભલે આ દરવાન કહે છે તેમ થાય."

રાવળ ચૂપ થઇ ગયો.

લંધો સમજી ગયો કે આ બધું કાવતરાંનો જ એક ભાગ હશે. તેનું શરીર તંગ થઇ ગયું. તેની ચિંતા વધી ગઇ. તેણે બે સિપાહીઓને આગળ જઇ અંદર પ્રવેશવાની આજ્ઞા આપી. બે સિપાહીઓએ મ્યાનમાંથી તલવાર ખેંચી અને હાથમાં અધ્ધર રાખી પછી અંદર પ્રવેશ્યા. પાછળ હમીરજી પ્રવેશ્યા. પાછળ લંધો રહ્યો. લંધાની પાછળ બીજા બે સિપાહીઓ એ જ રીતે પ્રવેશ્યા.

અંદર જઇ લંધાની નજર ચારેબાજુ ફરી વળી. સમગ્ર ખંડ ખાલી હતો. ભોજન વગેરેની કોઇ જ વ્યવસ્થા ન હતી. તે સમજી ગયો. તલવાર હાથમાં લઇ તીવ્રતાથી પકડી.

બધા ચાલતા ખંડની વચ્ચે આવ્યા. બધાએ પાછળ જોયું તો રાવળ હજી દરવાજાની બહાર જ ઊભો હતો. તેના હોઠ પર કુટિલ હાસ્ય હતું.

લંધાએ હમીરજીને કહ્યું, "મહારાજ, તલવાર બહાર કાઢો. કાવતરું છે."

હમીરજી હજી સ્વાગતની મસ્તીમાં હતા. તે ન સમજ્યા. "શેનું કાવતરું?" તેણે પૂછ્યું.

"બાપુ, જુઓ, જામ અંદર નથી આવતા. ખંડમાં ભોજનની કોઇ જ વ્યવસ્થા નથી."

હવે હમીરજીની નજર ગઇ. જોયું તો ખંડ ખાલી હતો. અને રાવળ બહાર જ ઊભો હતો.

"અરે જામ, અંદર આવો," તેણે બૂમ મારી.

જામના ખડખડાટ હસવાનો અવાજ સંભળાયો. તેના સેનાપતિએ બે હાથે જોરથી તાળી પાડી.

તરત ખોરડામાં સામે લટકતા પડદા પાછળથી થોડા સિપાહીઓ નીકળી આવ્યા. ખંડની જમણી બાજુએ એક દરવાજો હતો. તે પણ ધડાંગ કરતો ખૂલી ગયો અને તેમાંથી પણ દસ-પંદર સિપાહીઓ તલવાર લઇ ઘૂસી આવ્યા.

હવે હમીરજીને ખ્યાલ આવી ગયો. તે લંધાની વાત સમજી ગયા. તેણે બૂમ મારી, "રાવળ, દગો કરે છે તું તો."

બહારથી રાવળનો અવાજ આવ્યો, "મારા પિતાની હત્યા કરી નાખી અને મને દગાખોર કહે છે?"

"પણ...," હમીરજી બોલવા ગયા.

તેને વચ્ચેથી કાપી નાખી લંધાએ કહ્યું, "બાપુ, આ ખૂણામાં આવી જાવ. ચિંતા ન કરો. અમે આપનું રક્ષણ કરશું."

તેણે પણ ત્રાડભર્યા અવાજે બૂમ મારી, "બધા અંદર આવી જાવ."

બહાર હમીરજીના થોડા વધારાના સિપાહીઓ હતા, તેમણે આ ત્રાડ સાંભળી અને તરત કૂદ્યા અને રાવળ તથા સેનાપતિને ધક્કો મારી અંદર ધસી આવ્યા.

રાવળના સૈનિકોએ હલ્લો જ શરૂ કરી દીધો. તેમની સંખ્યા બમણી હતી. હમીરજીના સૈનિકોની સંખ્યા ઓછી હતી. પણ બધા તૈયાર હતા. બધાને લંધાએ સાવધ રહેવાની વાત કરી હતી તે હવે સમજાઇ. બધાનો ગુસ્સો ભભૂકી ઊઠ્યો હતો. બધા પણ ઝનૂનથી તેમના પર તૂટી પડ્યા.

લંધાએ હમીરજીને ધક્કો મારી બે દિવાલ વચ્ચે ખૂણામાં ધકેલી દીધા. પોતે તેની આગળ ભીંત બની ઊભો રહ્યો. બે સિપાહીઓ તેની આગળ ઊભા રહી ગયા. બાકીના બધા લડવા લાગ્યા.

ખંડમાં તલવારના અથડાવાના અવાજો આવવા લાગ્યા. બે તલવારો ભટકાય ત્યારે તણખા ઝરતા હતા. બન્ને પક્ષ એકબીજા સાથે ઝનૂનથી લડવા લાગ્યા. નાનકડા ખંડમાં ધમાલ મચી ગઇ. 'મારો-કાપો'ના અવાજથી ચારે દીવાલો પડઘાવા લાગી.

હમીરજીના એક સૈનિકને ચાર-પાંચ સિપાહીઓથી લડવું પડતું હતું. તેઓ પૂરા સજ્જ હતા. શૂરવીર પણ હતા. એટલે બરાબર સામનો કરતા હતા, પણ કઇ બાજુથી ઘા આવશે તે ખ્યાલ આવતો ન હતો. ઘૂમી ઘૂમીને તેઓ લડતા હતા. પણ નાની જગ્યા હતી અને તેઓ ઘેરાઇ ગયા હતા. પરિણામે એક પછી એક ટપોટપ પડવા લાગ્યા. થોડીવારમાં તો બે-ચાર બાદ કરતાં બધા ઘાયલ થઇ પડી ગયા. તેમાં પણ દરેકને ચારે બાજુએથી એટલા ઘા વાગ્યા હતા કે તેઓ તરફડતા હતા. થોડા તો પળમાં મૃત્યુ પામ્યા.

હમીરજી ફાટી આંખે જોતા હતા. હાથમાં તલવાર હતી. દગો થવાથી ગુસ્સાથી ફાટફાટ થતા હતા. થોડા ઢીલા પણ પડી ગયા હતા. છતાં તલવાર જમીન પર પછાડતા હતા.

"મહારાજ, ઊભા રહો. ચિંતા ન કરો. અમે છીએ ત્યાં સુધી તમને કશું નથી થવાનું. એક ઘસરકો પણ નહીં થવા દઇએ." લંધાએ તેમને આશ્વાસન આપતાં કહ્યું.

*સુખમાં ભગવાનને યાદ કરશો તો દુઃખમાં કૃપા મળશે.*

પણ લંઘો જોતો હતો કે તેના સાથીઓ ટપોટપ પડતા હતા. હવે તે ત્રણ અને મહારાજ બચ્યા હતા.

હમીરજી પોતાને રોકી ન શક્યા. 'જય આશાપુરા માતાજી'નો ઘોષ કરી કૂદકો માર્યો અને આગળ ધસી આવ્યા અને લડવાનું શરૂ કર્યું. ઝનૂનમાં બે-ત્રણના પેટમાં તલવાર ખોસી દીધી. ચીસ પાડતાં તે સૈનિકો જમીન પર પડી ગયા.

હમીરજીને ધસતા જોઇ લંઘો પણ કૂદ્યો અને તે પણ લડવા લાગ્યો. પણ હવે ચાર સામે દસ-પંદર હતા. બધા તેને ઘેરી વળ્યા. બે સિપાહીઓનાં તો ફટ કરતાં ડોકાં ઊડી ગયાં. એક ઊંચો સિપાહી ધસ્યો અને તલવારનો ઘા કર્યો. હમીરજીની છાતીમાં ઊંડો ઘા કરી તલવાર ચાલી ગઇ.

હમીરજી ચીસ પાડી ઊઠ્યા.

લંઘો સળગી ઊઠ્યો. કૂદકો મારીને તે સૈનિકનાં ગળામાં તલવાર ભરાવી દીધી. પેલો તો ચીસ પાડી અને ગબડી પડ્યો. ત્યાં બીજા બે આગળ આવ્યા અને હમીરજીની છાતીમાં ભાલો ખોસી દીધો. હમીરજી ઉછળીને નીચે પડી ગયા. જમીન પર તરફડવા લાગ્યા.

લંઘો ફરી કૂદ્યો. પણ એક સરખી ચાર તલવારો તેના પર ઝીંકાઇ. પીઠ અને છાતી વીંધાઇ ગયાં. લંઘો પણ ઉછળીને હમીરજી પાસે જ પડી ગયો.

લડાઇ અટકી ગઇ. બાકીના સિપાહીઓ દૂર ખસી ગયા. એક બૂમ મારી અને દરવાજો ખુલી ગયો. રાવળ અંદર આવ્યો. હમીરજીને તરફડતા જોઇ હસવા લાગ્યો. તેને એક લાત મારી અને બોલ્યો, "ઇ જ લાગનો છો, મારા બાપનો ખૂની!"

બન્ને જમીન પર તરફડતા હતા. બન્નેના શરીરમાંથી લોહીના ફુવારા ઊડતા હતા અને જમીન પર રેલા વહેવા શરૂ થયા.

લંઘાએ રાવળને લાત મારતાં જોયો અને તે ખળભળી ગયો. તેને થયું કે ઊભો થઇ તેને મારી નાખું. હાથમાં તલવાર પણ હતી, પણ શક્તિ ક્યાં હતી? તેની આંખોમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં. પોતાના પાલનહારને તરફડતો જોઇ શકતો ન હતો. હમીરજી પણ તેના સામે લાચારીથી જોતા હતા.

ત્યાં લંઘાની નજર જમીન પર પડી. જોયું તો હમીરજીનું લોહી પોતા તરફ આવતું હતું. તેનું લોહી પણ ત્યાં જ પડ્યું હતું.

તે ચમક્યો. અરે! મહારાજનું શુદ્ધ ક્ષત્રિય લોહી મારા લોહીની નજીક આવે છે. અરે! મારું તો નોકરનું લોહી. માલિકનું લોહી નોકરનાં લોહીને અડકે, તો તો હલકું થઇ જાય! અશુદ્ધ થઇ જાય. ના, ના, એ તો ન થવા દેવાય.

તેની શક્તિ ક્ષીણ થતી જતી હતી. શરીરનો તરફડાટ વધતો જતો હતો. છતાં ધીમેથી તે બોલ્યો, "મહારાજ, ચિંતા ન કરો. તમારું લોહી અશુદ્ધ થવા નહીં દઉં. તમારો અદનો નોકર છું. માલિકનાં લોહીને અપવિત્ર થવા નહીં જ દઉં. તમને તો ન બચાવી શક્યો, પણ પવિત્ર તો રાખીશ જ."

ઊંડો શ્વાસ લઇ, ભયાનક પ્રયત્નથી પોતાનો તલવારવાળો હાથ ઊંચો કર્યો અને ધીમે ધીમે આગળ કર્યો. માંડ માંડ પોતાનાં લોહી અને હમીરજીનાં લોહી વચ્ચે ધીમેથી તલવાર મૂકી દીધી.

હમીરજીનું લોહી તલવાર પાસે આવી અટકી ગયું. તલવાર આડી હોવાથી આગળ વધી ન શક્યું. લંઘાનાં લોહીથી બે આંગળ દૂર અટકી ગયું. ભળી ન શક્યું.

મૃત્યુનાં ડચકાં ખાતા, ભારી થતી જતી આંખોથી લંઘો આ જોતો હતો. લોહીને અટકતું જોઇ તેના સૂકા થતા જતા હોઠ પર સંતોષનું સ્મિત આવ્યું.

તેનો હાથ તલવાર પરથી છૂટી ગયો. તેની આંખો હમીરજી સામે સ્થિર થઇ ગઇ અને પછી ધીમેથી બંધ થઇ ગઇ. લંઘો સંતોષથી મૃત્યુ પામ્યો. છેલ્લી પળ સુધી વફાદારી નિભાવી.

રાવળ અને સેનાપતિ સ્તબ્ધ થઇ જોઇ રહ્યા.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## કચ્છ અને સિંધના એ યુદ્ધે સિંધનો....

**(અનુસંધાન : પાના નં.-૬૫ ઉપરથી ચાલુ)**

સુધી ન ટક્યો. કારણ કે, આ ઘટના આ પછી સમાપ્ત ન થતાં મીરજા ઇશાકખાનને પોતાની હારથી ચેન પડતું ન હતું. પોતાનાપુત્ર ગાઝીખાનનું વેર વાળવા રાત દિવસ યોજનાઓ બનાવતો રહ્યો હતો. પરંતુ ગાઝીખાનને કચ્છ રાજય અને સિંધના સોઢાઓનું રક્ષણ મળેલું હોઇ પોતે તેને મારી કે યુદ્ધમાં હરાવી શકશે નહીં, કે બળથી કોઇ બાજી સફળ થશે નહીં એવું તે જાણતો હતો. તેથી તેણે કપટથી ગાઝીખાનને મારી નાખવા નવી યોજના અમલમાં મૂકવા વિચારણા કરી અને તેણે આ માટે એક હજામને વિશ્વાસમાં લઇ તેને આ કામ સોંપ્યું. હજામ ગાઝીખાનના દરબારમાં જઇ રાજના હજામ તરીકે નોકરીમાં રહ્યો અને ધીમે ધીમે ગાઝીખાનનો વિશ્વાસુ બની ગયો અને એક દિવસ મોકો મળતાં ગાઝીખાનની દાઢી બનાવતી વખતે અસ્ત્રાથી તેનું ગળું કાપી તેને મારી નાખ્યો. જો કે ગાઝીખાનના માણસોએ તાત્કાલિક આ હજામને પકડીને તેને મારી નાખ્યો. આ દિવસે સાહેબજીના પત્ની હમીબા સિંધમાં હતા. તેઓ પોતાના પિતા ગાઝીખાનનું માથું લઇ કચ્છમાં જવા રવાના થયા. આ અરસામાં કચ્છ રાજય અને હળવદના રાજા વચ્ચે ખેલાયેલા યુદ્ધમાં સાહેબજીનું મૃત્યુ થયું. આ ઘટનાઓ પછી રાવ ખેંગારજીએ ગાઝીખાનના વારસોને કચ્છ બોલાવી છારી ફુલાય ગામ ભેટ આપી અને તેમાં વસાવ્યા. આ બાજુ ઇશાકખાન કચ્છ રાજયને મદદ કરવા બદલ સિંધમાં સોઢાઓ, ભરવાડો, મેઘવાળો અને મારવાડીઓને ત્રાસ આપવા લાગ્યો. ઇશાકખાનના ત્રાસથી આ તમામ કોમોએ કચ્છના રાવ ખેંગારજીને વિનંતિ કરતાં ખેંગારજીએ આ તમામ કોમોને ભુજમાં વસવા પરવાનગી આપી અને ભુજના વિવિધ વિસ્તારોમાં મકાનો આપ્યા. કચ્છના રાવની આ મદદના બદલામાં આ તમામ કોમોએ સાહેબજીના મોતનો બદલો લેવા હળવદના રાજવી સામે યુદ્ધ કરી તેને હરાવ્યા. આમ, કચ્છના ઇતિહાસમાં બહુ ઓછી આ જાણીતી ઘટનાએ સિંધના ઇતિહાસમાં મોટો ભાગ ભજવ્યો અને આ ઘટના થકી જ સોઢાઓ, ભરવાડો, મેઘવાળો અને મારવાડીઓનો કચ્છમાં પ્રવેશ થયો.

*'ભૂમા નિકેતન', ૨૨-બી, શિવમ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

*જે કામ આદર્યું હોય તેના માટે જ સતત પ્રયત્નશીલ રહો.*

સત્ય ઘટના

# હું કલંકિની નથી

• પદ્મા ફડિયા •

"તમારું નામ?"

"મુક્તિ."

"નામ મુક્તિ અને આ પરાધીન અવસ્થા?" ન્યાયાધીશ સાહેબે સામે ઊભેલી એક યુવાન સ્ત્રીની સામે નજર માંડી પ્રશ્ન કર્યો.

મુક્તિ મૌન રહી.

"આ સામે ઊભેલી વ્યક્તિને ઓળખો છો?"

હા..હા...સાહેબ! એ સમાજ સેવક સ્વરૂપને કોણ ન ઓળખે? સાહેબ ....એ .... જ ....એ....જ દંભી, શેતાન, શ્વેત શેતાનને કોણ ન ઓળખે?

"પરંતુ હું તમને પૂછું છું કે તમે એને ઓળખો છો?"

"ના અને હા સાહેબ! પહેલાં હું એને ઓળખતી ન હતી, આજે એને બરોબર ઓળખી ગઇ છું. નારીઓનાં દેહને ચૂંથનાર પાપી, દંભી કહેવાતા નારી ઉદ્ધારકને આજે હું બરોબર ઓળખી ગઇ છું...સાહેબ! આ મારો કહેવાતો પ્રેમી! એક સમય એવો હતો કે એ મને પ્રેમ કરતો. મારા વિના એને પળભર પણ ચાલતું નહિ. એને મારામાં જ આખી દુનિયા દેખાતી એ સમયે મુક્તિ એનો પ્રાણ હતી. સૂરજ ઊગ્યા વગર રહે તો એ મળ્યા વગર રહે, ક્યારેક ભરતીએ ચડેલા સાગર જેવો તોફાની તો ક્યારેક વર્ષાના ઘનઘોર મેઘ જેવો તોફાની તો ક્યારેક ગાંડા હાથી જેવો દોડતો મસ્તીભર્યો એ મારા દેહનો સદાય પ્યાસો રહેતો અને એ ભયંકર અંધારી રાતે મારો એવો તે શો ગુનો બની ગયો કે એણે મને રસ્તે રઝળતી કરી દીધી? શા માટે એ મારાથી મોઢું સંતાડી દૂર ને દૂર ભાગતો ગયો? શા માટે એ મને ચાહતો હતો ને મને જ છેહ દઇ દીધો કે મને ન મારા ઘરની કે સમાજની રહેવા દીધી? સાહેબ! મારો પ્રશ્ન તો એ છે કે જેણે ગુનો કર્યો છે તેને સમાજે સ્વીકારી લીધો અને જે નિર્દોષ છે તેને સમાજે હડધૂત કરી? આ સમાજનો ન્યાય? માબાપનો ન્યાય? મેં શો ગુનો કર્યો? અને જો મેં ગુનો કર્યો એમ સમાજ કહેતો હોય તો એણે ગુનો નથી કર્યો ? એને પણ સજા તો થવી જ જોઇએ? કહેતા કહેતા મુક્તિએ જોરથી હાથ પછાડ્યો.

"જે સજા મને કરી, એ સજા એને પણ થવી જ જોઇએ."

જજ સાહેબ સુમંતરાયે સ્વરૂપ સામે જોયું.

સ્વરૂપે માથું નીચે ઢાળી દીધું.

"તમે મૌન રહેશો તો તમે તમારા ગુનાનો એકરાર કરો છો એમ સાબિત થશે. તમારા બચાવ માટે તમારે કાંઇ કહેવું છે?"

છતાં સામેથી કોઇ જવાબ ન મળ્યો.

ત્યારે સુમંતરાયે મુક્તિને પૂછ્યું, 'તમારે બીજું કાંઇ કહેવું...હોય...'

"હા, સાહેબ, મારે બીજું પણ કહેવું છે. આ સામે બેઠેલી એક નારી... મારી મા છે" આંગળી ચીંધીને મુક્તિએ માની ઓળખ આપી.

એ પાંચ દીકરી અને એક દીકરાની મા છે, એનું સૌથી મોટું સંતાન હું છું, પરંતુ ઘરમાં પાંચ પાંચ દીકરીઓને કારણે એને મારી પ્રત્યે પ્રીતિ જ નથી વળી. મારી સંપત્તિ જે હતી તે બધી જ એણે કબજે કરી લીધી.

"કેટલી સંપત્તિ? લાખ બે લાખની?"

"ના, લાખ બે લાખની નહિ પણ પૂરા પચ્ચીસ લાખની. મને દાદા પાસેથી મળ્યા હતા. અમને દરેક બહેનોને દાદાજીએ આપ્યા હતા. પરંતુ હું દાદા પાસે ઉછરેલી એટલે દાદાએ મને એમનો બંગલો અને થોડીક રકમ આ બન્ને આપ્યા હતા.

"હં..."

"મારી માએ એ બધું જ લઇ લીધું, સ્વરૂપ જોડે હું પરણી જાઉં એટલે! મારી માને સ્વરૂપ પસંદ ન હતો. મને એ ગમતો હતો. પરંતુ મારી એક જ ભૂલને કારણે... કારણે... મારું જીવન વેડફાઇ ગયું સાહેબ!"

સુમંતતરાય જજ સાહેબ મુક્તિ સામે લાગણીસભર નજરે જોઇ રહ્યા.

અને સાહેબ, જ્યારે મને ખબર પડી કે મારા ઉદરમાં એક બાળકનું સર્જન થઇ રહ્યું છે ત્યારે મેં સ્વરૂપને કહ્યું, "હવે આપણે લગ્ન કરી લઇએ, તારા-મારા પ્રેમનું ફળ મારા ઉદરમાં ઉછરી રહ્યું છે ત્યારે તે ભાગી ગયો... કાયર... આ માણસ સમાજ સેવક પોતાની જાતને કહેવડાવે છે ને સ્ત્રીઓના શરીરની સાથે ચેડાં કરે છે. જે મને પ્રેમ કરતો હતો અને જેને મેં પ્રેમનું ફળ આપ્યું તે નાસી ગયો. તેમાં સમાજે મને ગુનેગાર ઠરાવી અને એ નિર્દોષ? શા માટે એને સજા નહિ? પુરુષો સ્ત્રી ઉપર અત્યાચાર કરે, બળાત્કાર કરે, નારીનો ઉપભોગ કરે, છતાં એને સમાજ કે ન્યાયતંત્ર કોઇ શિક્ષા કરે નહિ? છીંડે ચડ્યો તે ચોર સાહેબ, આપ ન્યાયાધીશ છો, સરકાર છો, સમાજ મહાજન છો. પંચ છો. જો તેઓ જ અન્યાય કરે તો સ્ત્રીને ક્યાં જવાનું? શું સ્ત્રી માનવ નથી? કોઇની મા, બહેન, પુત્રી નથી? સાહેબ, તમને ય મા વહાલી હશે, બહેનને તમેય વહાલા હશો? સાહેબ, તમારી મા દીકરીને તમે કેવો ન્યાય આપશો?"

"અને આ માણસે, આ શેતાને મને લગ્ન કરવાનું વચન જયારે આપ્યું ત્યારે મેં મારી જાતને માત્ર એના એક વિશ્વાસને સહારે ન્યોછાવર કરી દીધી. સાહેબ, પ્રેમ નહિ,

*તમારું દુઃખ કોઇને ખુશી આપી શકે, પણ તમારા હસવાથી કોઇને દુઃખ ન પહોંચવું જોઇએ. - ચાર્લી ચેપ્લિન*

વૃત્તિ એક એવી પ્રબળ લાગણી છે કે જ્યારે એ ઊભરાય ત્યારે સંયમની પાળ તોડી નાખે છે. એ તો દુષ્યન્તની શકુન્તલાને પૂછો, અને પ્રેમમાં અણવિશ્વાસ કેવો? એવી ઇચ્છાએ મેં આ કામ કર્યું, અને એને ખબર પડતાં જ એ નાસી ગયો. કારણ ઇશ્વરે જાણ્યું છે કે સ્ત્રી જ એક એવી શક્તિશાળી છે? જે માતા બની શકે છે અને પુરુષે અશક્ત માનીને એને છોડી દીધી. પરંતુ પુરુષ કાયર બન્યો, કારણ એના પેટે કાંઇ છોકરું આવવાનું ન હતું. એટલે એણે ઇશ્વરને છેહ દીધો, સ્ત્રીને દગો કર્યો અને સમાજે એના ગુનાને પોંખ્યો. એને કારણે જ મારા બાળકને કોણ જાણે મારી માએ ક્યાંય ફેંકી દીધો, શિક્ષા તો એને થવી જોઇએ કે જેણે એક નિર્દોષ નારીને ભયંકર દગો દીધો અને એના બાળકને કોઇ ઉકરડામાં ફેંકી દીધો. મારા વિશ્વાસને જે બેવફા નીવડ્યો છે એ જ એનો ભયંકર ગુનો છે. સાહેબ, એને શિક્ષા કરો.. પુરુષ હોવા છતાંય કાયર, બેવફા, દગાખોર, પાપી, અત્યાચારી, બળાત્કારી, શાં શાં વિશેષણો એને માટે વાપરું? અને સાહેબ, આવા પાપાચારીઓ જે સમાજમાં હોય એ સમાજમાં સ્ત્રીઓને ન્યાય કેમ મળી શકે? અને સમાજ વ્યવસ્થિત રહી જ કેવી રીતે શકે? અને આ લોકો સમાજ સુધારો કરવા નીકળ્યા છે?" કહેતા મુક્તિ જોરથી હસી પડી... હા સાહેબ, નર્યો દંભ! ...દગો! છેહ...

સ્ત્રીઓને ફોસલાવી, લલચાવી એને જીવતાં જીવત મારી નાખવી!

સુમંતરાય સાંભળી રહ્યા..

અને આ મારી માએ મારાં ઉદરમાં ઉછરી રહેલાં બાળકને મારવા મને ઝેર જેવાં કેટકેટલાય ઓસડિયા પાયા. પણ એ બાળકને મરવું ન હતું ને મારેય મારવું ન હતું. અને કંલકિત સ્વરૂપે એનો જન્મ થયો. પાંચ પાંચ દીકરીઓની એની સૌથી મોટી દીકરી કુંવારી માતા બને એ કેમ ચાલે? એટલે માએ એ નિર્દોષ ફૂલને કચડી નાખવાનો વિચાર કર્યો. પણ મેં માને કાકલૂદીભર્યા સ્વરે કહ્યું "મા, પાપ મેં કર્યું છે, જેણે મને દગો દીધો એણે કર્યું છે. અમારા પાપની સજા આ નિર્દોષ બાળકને શા માટે? મારાં બાળકને મેં જન્મ આપ્યો છે. એને મારી નાખવાનો જો કોઇને અધિકાર હોય તો તે મને છે, બીજા કોઇને નથી. હું એની મા છું. જે મા કહેવાય છે કે, ઇશ્વર કરતાંય મા શ્રેષ્ઠ છે એમ દુનિયા માને છે." આંખોમાંથી આંસુ સારતી સારતી મુક્તિ કરુણાભરી નજરે સાહેબ સામે જોઇ રહી.

"સાહેબ! ભલે, હું કુંવારી માતા બની, પણ મા તો ખરી? મારું માતૃત્વ ઝૂંટવાનો-છીનવી લેવાનો ખુદ ઇશ્વરનેય અધિકારી નથી, કારણ એક વખત એણે જ માતૃત્વ આપ્યું છે પછી એ છીનવી શા માટે લે? બસ, જો એ ન છીનવે તો સમાજ કોણ છીનવી લેનાર? મારી માએ એ નવજાત શિશુને મારા ખોળામાંથી છીનવી એક અનાથાશ્રમના દરવાજે ફેંકી દીધો..સાહેબ! એ બાળક એક કુંવારી માતાના ખોળે હોત તો કદાચ એ કલંકિત કહેવાત પરંતુ માની હૂંફમાં એ સુરક્ષિત હોત એટલો ત્યાં ન હોત...

"શું એ બાળકને ફેંકી દીધું?"

"હા, સાહેબ, સમાજના ભય થી મારી મા ડરી ગઇ. ધરતીપુત્રી સીતાય અનાથ હતી, પરંતુ જનક રાજાએ એને ઉછેરી એટલે જગતે એને સ્વીકારી. અને એવી રીતે એને ઉછેરી કે સમાજે નહિ પરંતુ અયોધ્યાના રાજકુંવરે એને સ્વીકારી. ત્યારે એ કલંક ક્યાં ગયું હતું? સાહેબ! મને મારું બાળક પાછું અપાવો...

"દીકરી! સીતાને ઉછેરનાર એક રાજા હતો એ તું કેમ ભૂલી જાય છે?" સુમંતરાયે મુક્તિ સામે એક સમસ્યા ખડી કરી દીધી..

એક રાજા કરતાંય મા ચડે સાહેબ. હું એની મા છું, અને મા રહીશ...દુનિયા ભલે મને કલંકિની કહે, પણ હું મારાં બાળકને અનાથ તો નહિ જ રહેવા દઉં.

અને હું કલંકિની પણ નથી. એણે જ મારી સાથે લગ્ન કર્યા છે, મને ચાહી છે, મને પ્રેમ કર્યો છે. એને પૂછો તો ખરા સાહેબ આજે તો સ્ત્રીઓની દશા આવી કરનાર આ પુરુષો કેવા છે?

સુમંતરાયે ઊભા થઇને મુક્તિને માથે હાથ મૂકતાં કહ્યું, "બેટા, તારું જીવન સુખી થાઓ. પણ હવે લગ્ન કરતાં પહેલાં ક્યારેય ખરાબ પગલું ભરીશ નહિ, અને બાળક જન્મે તે પછી સમાજ અને તારા સંસારને ખબર કરજે. જેથી સ્ત્રીઓને ક્યારેય કોઇ મુશ્કેલી ન આવે. આજનો સમાજ સ્ત્રીઓને દુઃખી ન કરે એવાં પગલાં સ્ત્રીઓએ ભરવા એવો મારો તને આદેશ છે. તારા બાળકને તને સોંપી દઇશ. પણ એને ઉછેરતા પહેલાં એને કઇ રીતે ઉછેરવો, કેવા સંસ્કાર આપવા, એ બાળક તને કઇ રીતે મા તરીકે જ બોલાવે અને ઓળખે એ વિશેના તું એને સંસ્કાર આપ. બેટા, તું સુખી થા અને સમગ્ર નારી સમાજને એક વાત કહેતી જા, લગ્ન કરો તે પહેલાં નારી સમાજનું સાચું હિત જુઓ અને એને મા સાચી માતા બને એ તું શીખવ તો તું સુખી થઇશ. જા, તું કલંકિની નથી કારણ કે એણે તારી સાથે લગ્ન કર્યા છે. સાચી શિક્ષાને પાત્ર તો એ જ છે." કહી જજસાહેબે એ યુવાનને જેલમાં પૂરી દેવાનો આદેશ આપી દીધો.

*"સ્વજન", ૧૭/એ, ટ્રસ્ટ નગર,*
*શ્રેયસ ક્રોસિંગ, અમદાવાદ-૭.*
*ફોન : ૨૬૬૦૦૦૯૩*

## તમારા જીવનનું મહત્ત્વ

**પાના નંબર-૪૦ ઉપર છાપેલ આ લેખનું વિશ્લેષણ**

### વિશ્લેષણ

રણ પ્રદેશ એ તમારા જીવન દરમિયાનના કષ્ટોનું પ્રતિનિધિત્વ કરે છે અને પ્રાણીઓ નીચેની બાબતો દર્શાવે છે.

૧. સિંહ... એટલે તમારો ગર્વ
૨. વાંદરું... સંતાનો
૩. ઘેટું... મૈત્રી
૪. ગાય... તમારી મૂળભૂત આવશ્યકતાઓ
૫. ઘોડો... તમારી ઉત્કટ ભાવનાઓ

# કચ્છી એકાક્ષરી ભાષાની કમાલ

• સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા •

*ખે ભા? ભો ખે*

*તરા પ્રાગો, ડે લાગો*

*રાભા ડે, પ્રાખેં મામ.*

આ સાદા શબ્દોની અંદર ચમત્કાર છે. એનો અર્થ થાય છેઃ

*ભાઈઓ ભલે ખાય?*

*હા, ભલે ખાય.*

*તો રા પ્રાગો એમને લાગો આપશે?*

*રા ભાઈ આપે એ બા મામ ખાય.*

કચ્છનું રાજ્ય જામરાવળ પાસેથી કબજે કરી પહેલા ખેંગારજીએ આખા કચ્છ રાજ્યને વ્યવસ્થિત કર્યું ત્યારથી કચ્છના પ્રમાણભૂત ઈતિહાસની શરૂઆત થઈ છે. ઉપરનો પ્રત્યેક શબ્દ કચ્છના રા'ખેંગારજીથી માંડીને છેલ્લા મહારાવશ્રી મદનસિંહજી સુધીની વંશાવળી વ્યક્ત કરે છે.

૧. ખે - ૧લા ખેંગાર

૨. ભા - ભારમલજી

૩. ભો - ભોજરાજજી

૪. ખે - ખેંગારજી બીજા

૫. ત - તમાચીજી

૬. રા - રાયધણજી

૭. પ્રા - પ્રાગમલજી

૮. ગો - ગોડજી

૯. ડે - ડેસરજી

૧૦. લા - લાખોજી (લખપતજી)

૧૧. ગો - ગોડજી (બીજા)

૧૨. રા - રાયધણજી (બીજા)

૧૩. ભા - ભારમલજી (બીજા)

૧૪. ડે - ડેસરજી (બીજા)

૧૫. પ્રા - પ્રાગમલજી (બાપુજી)

૧૬. ખેં - ખેંગારજી ત્રીજા

૧૭. મા - માધુભા વિજયરાજજી

૧૮. મ - મદનસિંહજી

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*

*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*

*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




જૂન અંકમાં શ્રી મગનભાઇ સંઘવીએ લખેલ છે કે 'સમાજના જન્મતા દરેક બાળકની માતાને લાભુબહેન મહેતાનું 'માતૃત્વ' પુસ્તક ભેટ આપવાનું નક્કી કરેલ છે. ખરેખર આ એક ઉત્તમ નિર્ણય છે.

પરંતુ પ્રસૂતિ પછી જો માતા આ પુસ્તકનો અભ્યાસ કરે તો તેનો પૂરો ફાયદો મળતો નથી. જો પુસ્તકનો પૂરો લાભ લેવો હોય તો ગર્ભાવસ્થાની જાણકારી મળે ત્યારથી જ એટલે કે પ્રસૂતિ પૂર્વે આ પુસ્તકનું વાંચન - મનન કરવામાં આવે એ જરૂરી છે. કારણ કે ગર્ભાવસ્થા દરમ્યાન જ ઘણી બાબતોની જાણકારી અને અમલ જરૂરી હોય છે. થોડી વધારાની જાણકારી પણ ઉપયોગી નીવડશે એમ ધારીને અત્રે રજૂ કરેલ છે.

૧. પ્રસૂતા સ્ત્રીને ૪૦ દિવસ સુધી દૂધ આપવું નહિ એવી આયુર્વેદની આજ્ઞા છે.

૨. જો સગર્ભા સ્ત્રી દરરોજ પોતાની અનૂકૂળતાએ પોતાના પેટ પાસે રેડિયો-ટેપ રાખીને ઉત્તમ સંગીત - ગીતો, ભજનો વગેરે સાંભળે તો તેની ગર્ભ પર ઉત્તમ અસર પડે છે એમ વૈજ્ઞાનિકો કહે છે.

૩. કોઈપણ નાનકડા બાળકનો મનગમતો ફોટો, ચિત્ર, પોતાના બેડરૂમમાં રાખી તે છબીને અંતરમાં ઉતારવાનો પ્રયત્ન કરવાથી પણ ઉત્તમ પરિણામ મળે છે.

૪. નીરોની સીઝન આવે ત્યારે રોજ એકાદ ગ્લાસ નીરો પીવાથી બાળકનો વર્ણ સુધરે છે.

૫. પ્રસૂતિ પછી બીજા જ દિવસથી આયુર્વેદિક દવા દશમૂળાદિક્વાથ તથા દેવદારવ્યાદિ ક્વાથ બન્ને સારી ફાર્મસીના સવાર-સાંજ પાણી સાથે ૪-૪ ચમચી પૂરા ૪૫ દિવસ સુધી લેવાથી માતાની તંદુરસ્તી જળવાઇ રહે છે.

૬. નવ મહિના ગર્ભાવસ્થાના તથા પંદર મહિના સ્તનપાન ગાળાના એમ બે વર્ષ સુધી હોટેલની એક પણ ચીજ ખાવી નહીં.

૭. આ બે વર્ષ દરમ્યાન ક્રોધ, અણગમો, કડવાશ, ઈર્ષ્યા, નફરત વગેરેને મનમાં પ્રવેશવા દેવા નહિ, સૌને માફ કરી દેવા.

૮. યાદ રાખવું કે સગર્ભા માતાનો એકેએક વિચાર, ક્રિયા, વૃત્તિ વલણની ગર્ભમાંના બાળક પર અચૂક અસર પડે જ છે. માટે હંમેશાં શુભચિંતન કરવું. સંતો, ભક્તો, મહાપુરુષોના જીવનચરિત્રો વાંચતા રહેવું.

૯. ટી.વી.માં હિંસા કે ખટપટવાળી સિરિયલો કે સિનેમાઓ જોવા નહીં. કોમેડી સિરિયલો 'ઊલટા ચશ્માં' જેવી જોઇ શકાય.

૧૦. ગર્ભમાંનું બાળક બધું જ સાંભળતું હોય છે, બધું જ સમજતું હોય છે અને માતાના મનના તમામ ભાવોને 'ફીલ' કરતું હોય છે એ બાબતમાં શંકા રાખવી નહીં. તેના અજ્ઞાત મનમાં આ તમામ બાબતો 'સ્ટોર' થતી રહે છે.

ઉપર લખેલી તમામ બાબતો સાવ સહેલી છે. બિલકુલ અઘરી નથી. કરવું હોય તો રસ્તા હજાર. ન કરવું હોય તો બહાનાં હજાર.

હસવા જેવી લાગતી કેટલીક સૂચનાઓ વાસ્તવમાં હાસ્યાસ્પદ નથી પરંતુ પૂરેપૂરી મનોવૈજ્ઞાનિક છે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

'મંગલ મંદિર'ના જૂન અંકમાં શ્રી મગનભાઈ સંઘવીએ લખેલ છે કે 'આપણા જૈનોને મહારાજાનું વળગણ આદિકાળથી છે, તીર્થંકરો બધા રાજકુળમાં જ જન્મે!'

આ બાબત ગંભીર વિચારણા માંગી લે છે. મહાવીરે કદી વર્ણવ્યવસ્થાનો સ્વીકાર કર્યો ન હતો કારણકે વર્ણવ્યવસ્થા મૂળમાંથી જ અસ્વાભાવિક અને અતાર્કિક છે, ભેદ પેદા કરનારી છે. ઋગ્વેદમાં એક 'પુરુષસૂક્ત' છે જે વર્ણવ્યવસ્થાનું મૂળ છે. તેમાં જણાવ્યા અનુસાર બ્રહ્માના મસ્તકમાંથી બ્રાહ્મણો, છાતીમાંથી ક્ષત્રિયો, જંઘામાંથી વૈશ્યો અને છેલ્લે પગમાંથી ક્ષુદ્રો પેદા થયા. (મારી દષ્ટિએ આ આખીયે વાત વાહિયાત છે.) આ વ્યવસ્થાનો સીધો અર્થ એ થયો કે શ્રેષ્ઠતામાં બ્રાહ્મણો સૌથી ઉપર. ત્યારબાદ ક્ષત્રિય. ક્ષુદ્રો સૌથી છેલ્લે અને ઉત્તમતાને તળિયે. આવી અન્યાયી વ્યવસ્થા મહાવીર કદી કબૂલે નહિ એ તદ્દન સીધી વાત છે. આનો અર્થ એ થયો કે ભૂતકાળની ચોવીસીઓ હોય કે વર્તમાન ચોવીસી હોય કે ભવિષ્યની ચોવીસીઓ હોય પરંતુ જૈન તીર્થંકરો કાયમ માટે દ્વિતીય શ્રેણીમાં જ એટલે કે બ્રાહ્મણોથી ઉતરતી શ્રેણીમાં જ જન્મ લઈ શકે. એટલે કે તીર્થંકર પ્રથમ શ્રેણીમાં જન્મી શકે નહિ!

મહાવીર પછીના સમયમાં જૈન આચાર્યોએ વર્ણવ્યવસ્થાનો સ્વીકાર કરીને કેવી મોટી ભૂલ કરી છે તેનો આજે પણ આપણને ખ્યાલ નથી. જો જૈનાચાર્યોએ વર્ણવ્યવસ્થાનો અસ્વીકાર કર્યો હોત

તો તીર્થંકર ગમે ત્યાં જન્મે પરંતુ ઉત્તમ શ્રેણી, ઉત્તમ કુળમાં જનમ લીધો તે પુરવાર કરવામાં કશો શ્રમ ન પડત. 'ક્ષત્રિય' કહીને આપણે પોતે જ આપણા કાંડા કાપી આપ્યા છે.

રામ અને કૃષ્ણ તો ભગવાન ગણાય છે. પરંતુ એક પણ બ્રાહ્મણ આ બંને ભગવાનને પગે લાગ્યા હોય એવો એક પણ પ્રસંગ પ્રાચીન ગ્રંથોમાં મળતો નથી. એથી ઊલટું, બંને ભગવાનોએ વારંવાર બ્રાહ્મણો અને ઋષિઓને પ્રણિપાત કર્યા હોય, ભગવાનના ગુરુ બ્રાહ્મણ જ હોય એવા વર્ણનો મળે છે.

આ વર્ષોથી ચાલી આવતી ભૂલ સુધારી લેવાનું કામ જરાય અઘરું નથી. માત્ર માન્યતા બદલવાની જરૂર છે. તીર્થંકર જેને ત્યાં જન્મે એ જ શ્રેષ્ઠ. પછી એના જાતિ, વર્ણ, કોમ ગમે તે હોય.

સૂત્ર ગ્રંથો અનુસાર આપણા પ્રાચીન સમયમાં બ્રાહ્મણ ગમે તેવો સદાચારી કે દુરાચારી કે અપરાધી હોય તો પણ તેનો વધ કરી શકાય નહિ. એને કાળ કોટડીમાં પૂરી શકાય નહિ એવો નિયમ હતો. ચાલ્યું ત્યાં સુધી ભલે ચાલ્યું પણ હવે આવી વાતો ચલાવી લેવાય નહિ.

તીર્થંકરો માત્ર તીર્થંકરો હતા. તેમની કોઈ ખાસ અગાઉથી નક્કી થયેલી જાત, વર્ણ, કોમ ન જ હોઈ શકે. આ જ કુદરતી સિદ્ધાંત ગણાય.

જૂન અંકમાં શ્રી મૂરજીભાઈ ગડા, શ્રી લાલ રાંભિયા, શ્રી લીલાધર ગડા તથા શ્રી મગનલાલ ગંગરના લેખો ઉત્તમ. સૌને ધન્યવાદ.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## અનુભવ જ અંતે 'ઉદાહરણ' બનતા હોય છે

*એક સરસ મજાની વાર્તા છે.*

એક યુવાન હતો. તેને પોતાની કાર બેફામ રીતે ચલાવવાની આદત હતી. કાર ચલાવતી વખતે કોઈની પરવા ન કરે. ટ્રાફિક પોલીસમેન રોકે તો દંડ ભરી દેવાનો! પોલીસને તો એ ગણકારતો જ નહીં. પોલીસ રોકે તો કહી દેતો કે પહોંચ ફાડ અને દંડના રૂપિયા લઈ લે!

એક દિવસ એ યુવાન પોતાની રોજની આદત મુજબ ફુલસ્પીડે કાર ચલાવીને જતો હતો. તે જોતો કે રોડ પરના એક ચોક ઉપર એક નવો પોલીસમેન આવ્યો છે. એક અઠવાડિયાથી એ પોલીસમેન તેને બેફામ રીતે કાર ચલાવીને જતાં જોતો, પણ રોકતો નહીં. અઠવાડિયા પછી એક દિવસ એ પોલીસમેને તેને રોક્યો. યુવાને તેની આદત મુજબ કહ્યું કે પહોંચ ફાડ અને દંડ લઈ લે.

પોલીસમેને પોતાના પાકીટમાંથી નોટબુક કાઢી, થોડુંક લખ્યું અને પેલા યુવાનને કાગળ આપ્યો. યુવાને પૂછ્યું, કેટલો દંડ આપું? પોલીસમેને કહ્યું કે, કંઈ નહીં. એટલું બોલીને પોલીસમેન ચાલ્યો ગયો. યુવાને કાગળ ખોલીને જોયું તો એ દંડની રસીદ ન હતી પણ એક નાનકડો પત્ર હતો. તેમાં કંઈક આવું લખ્યું હતું....

"પ્રિય દોસ્ત! મારે એક ખૂબ જ સુંદર અને લાડકી દીકરી હતી. છ વર્ષની હતી ત્યારે બેફામ રીતે આવતી કારની અડફેટે તેનું મોત થઈ ગયું. કાર ડ્રાઈવરને દંડ અને ત્રણ મહિના જેલની સજા થઈ. સજા પછી એ તો છૂટી ગયો પણ હું હજુ મારી દીકરીની યાદમાં ઝૂરું અને તડપું છું. મારાથી એ દીકરીની વિદાયનું દુ:ખ સહેવાતું નથી. મારા મિત્ર, તું મારા માટે પ્રાર્થના કરજે કે ભગવાન મને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે. અને હા! કાર ચલાવવામાં થોડું ધ્યાન રાખજે, કારણકે મારે હવે એક જ દીકરો છે!

ચિઠ્ઠી વાંચીને એ યુવાને પાછળ જોયું તો પેલો પોલીસમેન દૂર ચાલ્યો ગયો હતો. ભીની આંખોમાં દૃશ્ય ધૂંધળું લાગતું હોવા છતાં ઘણું બધું સ્પષ્ટ અને સાફ થઈ ગયું હતું. એ માણસ ઘરે ગયો. પોતાની લાડકી દીકરીના કપાળે ચુંબન કર્યું. દીકરીએ પપ્પાના આ નવા રૂપને જોઈને પૂછ્યું કે, 'વોટ હેપન ડેડી?' યુવાને કહ્યું, 'કંઈ નહીં બેટા, હું કેટલો લકી છું કે મારી પાસે તારા જેવી લાડકી અને સુંદર દીકરી છે!' એ દિવસથી એની કારની ગતિ ધીમી થઈ ગઈ. રોજ પેલા પોલીસમેન સાથે આંખો મળતી અને એક નિર્દોષ હાસ્ય સાથે જિંદગીનો એક અદ્‌ભુત અનુભવ સજીવન થઈ જતો.

જિંદગીની ઘણી ઘટનાઓ આપણને ઘણું બધું શીખવી જતી હોય છે. એવું પણ કહે છે કે જે વાર્યા ન વળે એ હાર્યા વળે છે. મતલબ કે કોઈની વાત ન માને તે ખરાબ અનુભવ પછી જ સમજે છે. ગુજરાતીમાં એક કહેવત છે, 'જે હૈયે ન સમજે એ કૈયે (કહીએ) શું સમજવાના?' હમણાં એક સરસ એસ.એમ.એસ. વાંચવા મળ્યો. વડીલોની વાત માનો, એટલા માટે નહીં કે એ સાચા હોય છે. એટલા માટે કે તેને સફળતા કરતાં નિષ્ફળતા અને ભૂલોના અનુભવ વધારે હોય છે!

*કૃષ્ણકાંત ઉનડકટ*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ - કાચીગુડા હૈદ્રાબાદ

### "મારી સો કરોડ સંપત્તિની ફાળવણી"

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ - કાચીગુડા હૈદ્રાબાદ આયોજિત નિબંધ સ્પર્ધા "મારી સો કરોડ સંપત્તિની ફાળવણી (મંદિર, હોસ્પિટલ, સ્કૂલ-કૉલેજ કે રહેઠાણ)" અનેક સ્પર્ધકોની વિનંતીને માન આપી મુક્કરર કરેલ છેલ્લી તારીખ આગળ ઠેલાવીને તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૧૧ કરવામાં આવી છે તથા પારિતોષિક વિતરણ સમારંભ રવિવાર, તા. ૬ નવેમ્બર, ૨૦૧૧ રાખવામાં આવેલ છે.

સ્પર્ધકોએ આ વિગતની નોંધ લઈ પોતાનો નિબંધ તુરંત લખી મોકલાવવા ખાસ આગ્રહભરી વિનંતી સંઘના સંચાલકશ્રી દ્વારા કરવામાં આવી છે.

*વચન પાલનનો દિવ્ય સંતોષ બધાં સુખથી વિશેષ હોય છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

### મે / જૂન - ૨૦૧૧

- **સોમવાર, તા. ૨૩-૫-૨૦૧૧**

☆ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના 'સર્વાંગપણે ઇતિહાસ આલેખન' અંગેની પરામર્શ સમિતિ, સંપાદન સમિતિ, હોદ્દેદારો તથા આમંત્રિતોની એક મિટિંગ સવારમાં ૧૦.૦૦ કલાકે કચ્છ મિત્ર કાર્યાલય ભુજ ખાતે મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી હંસરાજભાઈ કંસારા, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી ઉમિયાશંકરભાઈ અજાણી, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી હરેશભાઈ ધોળકિયા, શ્રી નરેશભાઈ અંતાણી, શ્રી દિલીપભાઈ વૈદ્ય, શ્રી મનુભાઈ શાહ, શ્રી ચૌલાબહેન કુરુવા વગેરે ઉપસ્થિત રહેલ હતા. અત્યાર સુધી આવી ગયેલ લેખો વિશે ચર્ચા કરવામા આવેલ હતી. ન આવેલ લેખો વિશે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. લેખો તૈયાર થઇને આવી ગયા બાદ તેને ટાઈપિંગમાં સારો એવો સમય જાય છે તે અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી મનુભાઈ શાહ સાથે પાનાની સાઇઝ, અક્ષરના પ્રકાર તથા ફોન્ટ્સ, પ્રિન્ટિંગ, આકૃતિઓ, સૂચિ વગેરે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. કચ્છની વિશિષ્ટ વ્યક્તિઓના લેખ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી. ઓગસ્ટ - ૨૦૧૧ના પ્રથમ અઠવાડિયામાં આ કાર્ય પૂર્ણ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું. આમુખ, પ્રસ્તાવના વગેરે અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના અન્ય પ્રોજેક્ટો અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના વિવિધ પ્રોજેક્ટ માટે શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા સાથે રહી, કુકમા ખાતેની વિવિધ જમીનોનું નિરીક્ષણ કરવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૩-૬-૨૦૧૧**

☆ દોશી આયનના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી આશિતભાઈ દોશીને ૫૦ થી ૧૦૦ MLD કેપેસિટીનો ડિ-સેલિનેશન પ્લાન્ટ કચ્છમાં સ્થાપવાનો હોવાથી તેમની સાથે તેમની ઓફિસે રૂબરૂમાં ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા તથા શ્રી હસમુખ ગઢેચાએ આ ચર્ચામાં ભાગ લીધેલ હતો. શ્રી નીરવ મહેન્દ્ર વસાની મધ્યસ્થીના કારણે આ મિટિંગ યોજી શકાયેલ હતી. આ બાબતે ટેક્નિકલ તથા કમર્શિયલ અને ફાઇનાન્સિયલ સ્વરૂપે ચર્ચા કરવામાં આવેલ હતી. ફિઝિબિલિટી રિપોર્ટ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. ચર્ચા દરમ્યાન ખ્યાલ આવેલ કે શ્રી ક.જૈ. સે.સ-અમદાવાદના કાયમી ટ્રસ્ટી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાના, શ્રી આશિતભાઈ દોશી ભત્રીજા જમાઈ થાય છે.

- **શનિવાર, તા. ૪-૬-૨૦૧૧**

☆ આજ રોજ શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી સુરેશચંદ્ર મહેતા તથા શ્રી નિમેષ ફડકે એકત્રિત થયેલ હતા અને કચ્છના ઉદ્યોગોને લગતા વિવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી.

## શ્રી દક્ષિણ ગુજરાત ક.વી.ઓ. જૈન સમાજ - વલસાડ

*સમાજના માનદ્ મંત્રીશ્રીની એક યાદીમાં જણાવ્યા મુજબ –*

દહાણુથી અંકલેશ્વર સુધીના વિસ્તારમાં વસતા કચ્છી જૈન સમાજના ભાઈ-બહેનોના ઉત્કર્ષ માટે શ્રી દક્ષિણ ગુજરાત કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજના સને ૨૦૧૧થી ૨૦૧૪ના વર્ષ માટે સર્વાનુમતે નિમાયેલા પદાધિકારીઓ અને સલાહકાર સમિતિના સભ્યોના નામ નીચે મુજબ છે :

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | હરીશ ગાલા (વાપી - દેવપુર) |
| ઉપપ્રમુખ | : | જવેરીલાલ દેઢિયા (વલસાડ - કપાયા) |
| ઉપપ્રમુખ | : | પ્રફુલ્લ ફુરિયા (દહાણુ - નાંગલપુર) |
| માનદ્ મંત્રી | : | અમૃતલાલ ગાલા (વાપી - સમાઘોઘા) |
| | | અમરીશ રાંભિયા (વલસાડ - નાના ભાડિયા) |
| ખજાનચી | : | મણિલાલ વીરા (ઉમરગામ - દેશલપુર) |
| | | સમીર દેઢિયા (વલસાડ - રાયણ) |

## શ્રી ક.વી.ઓ. જૈન મહાજન - ભુજ

મહાજન દ્વારા તાજેતરમાં ૧૧મા લગ્ન હર્ષની રેલી અને વૈદિક પરંપરા મુજબ અમરસન્સ ભવન, ભુજ મધ્યે યોજાયા હતા. રાજ્યના પ્રવાસન અને અન્ન નાગરિક પુરવઠા વિભાગના મંત્રીએ ખાસ મહેમાન તરીકે પધારી રૂા. અગિયાર હજારનું બેન્ક બોન્ડ દીકરીને અર્પણ કર્યું હતું. જ્યારે અન્ય દાતાશ્રીઓએ વરવધૂને કપડાંની જોડી અને સંસ્થાની અન્ય યોજનામાં દાનની જાહેરાત કરી હતી.

આ પ્રસંગે સંસ્થા અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, આ યોજનાના પ્રારંભે જ અમને વિશ્વાસ હતો કે આ નવતર યોજના નબળા પરિવારોને આશીર્વાદરૂપ બનશે અને વધુમાં વધુ લોકો આનો લાભ લેશે. ■

*શબ્દો કરતાં મૌન વધુ અસરકારક હોય છે.*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ મે-૨૦૧૧ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. શ્રી રાજીવ ગાંધીના સમયમાં સરહદ વિકાસ વિસ્તાર યોજના શરૂ કરવામાં આવી. એ યોજના હેઠળ ૧૬ ગામોમાં સરકારી શાળાઓ શરૂ કરવામાં આવી. (પાના : ૧૬)

૨. આનંદીબાઈ જોશી. વર્ષ ૧૮૮૬. દેશ અમેરિકા. ડિગ્રી એમ.ડી. (પાના : ૬૨)

૩. કુદરત સન્મુખ થવું. કુદરતમાં મહાલવું. એના અંગ થઈ રહેવું. (પાના : ૩૧)

૪. જીવનમાં જે રીતે આવે તેનો સ્વીકાર કરો. રોદણા રડશો નહિ, ફરિયાદ કરશો નહિ, દિલગીર થશો નહિ, ધૈર્ય ધરજો. સુખ કરતાં સ્વસ્થતા વધારે ચઢિયાતી છે. (પાના : ૨૨)

૫. બંગાળ, બિહાર, ઓરિસ્સા. લોર્ડ ક્લાઈવ. (પાના : ૨૮)

૬. શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રૂપ, ગાંધીધામ. (પાના : ૭૪)

*મે-૨૦૧૧ના અંકના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદી.*

| | | |
|---|---|---|
| ૧. | વર્ષાબહેન આર. પારેખ | - અમદાવાદ |
| ૨. | જ્યોત્સના એ. શાહ | - અમદાવાદ |
| ૩. | દક્ષાબહેન ધનસુખભાઈ શાહ | - અમદાવાદ |
| ૪. | નેહા ભાવેશભાઈ પારેખ | - અમદાવાદ |
| ૫. | નયના એ. ગાલા | - અમદાવાદ |
| ૬. | અમી નીતિનકુમાર શાહ | - અમદાવાદ |
| ૭. | અમર ઉમરશી રાંભિયા | - નડિયાદ |
| ૮. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ |
| ૯. | કલ્પના એસ. ગાલા | - અમદાવાદ |
| ૧૦. | ઝરણા હેમાંગ પારેખ | - અમદાવાદ |
| ૧૧. | મીનાક્ષી એ. માંકડ | - અમદાવાદ |
| ૧૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૧૩. | મીનાક્ષી આર. પારેખ | - અમદાવાદ |

*એપ્રિલ-૨૦૧૧ના અંકના ખરા જવાબ આપનાર, પાછળથી આવેલા વાચક મિત્રોના નામ નીચે મુજબ છે.*

| | | |
|---|---|---|
| ૧. | ચંદ્રિકાબહેન આર. શેઠ | - અમદાવાદ |
| ૨. | કલ્પના એસ. ગાલા | - અમદાવાદ |
| ૩. | શોભનાબહેન સી. દંડ | - અંકલેશ્વર |
| ૪. | જયચંદ માણેકજી લોડાયા | - ગદગ |

**★ માસ જૂન-૨૦૧૧ના અંકના પ્રશ્નો :**

૧. આખા ગામની પૂરી વસતિએ ઘરબાર છોડી અનશન કરીને શાની મંજૂરી મેળવી? એ ગામ કઈ વ્યક્તિની માતૃભૂમિ છે? એનું નામ આપો.

૨. માર્કેટિંગ ક્ષેત્રે અને ઓરિએન્ટેડ જોબ માટે કઈ ટ્રેનિંગ ઉત્તમ સાબિત થઈ શકે છે?

૩. હમણાં જ યુરોપમાં કયા ગ્રંથકારની ૨૫ હજાર નકલો છપાઈ? કયા વિષય પર ગ્રંથ લખેલા હતા?

૪. મંત્ર, ગીત યા ગાનની ધારી અસર ક્યારે થાય?

૫. લેખકશ્રી કચ્છના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે અને કચ્છના શિક્ષણના ભવિષ્ય માટે કોને અપીલ કરે છે?

૬. આજે દરેક ક્ષેત્રમાં જે ભ્રષ્ટાચાર દેખાય છે તેનું કારણ શું?

૭. 'દહીંચૂરા' એ શું છે? એનો ઉપયોગ કયા દેશના લોકો શાના માટે કરે છે?

*નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે.*

*જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૭-૨૦૧૧ છે. ઘણા વાચકોને અંકો મોડા મળે છે. એમના જવાબો મોડા મળશે તો એ પછીના અંકમાં એમના નામ આવી જશે. નવો અંક બહાર પડે એ પહેલાં જવાબ મળી જવા જોઈએ. ધન્યવાદ.*

*જવાબો મોકલવાનું સરનામું :* શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

*ફરી ધન્યવાદ અને આભાર.*

★

'મંગલ મંદિર'ના પ્રશ્નોત્તર વિભાગમાં અત્યાર સુધીમાં ૪૧ વાચકોએ ભાગ લીધેલ છે. જેમાં સ્થાનિક સિવાય ભુજ, અંકલેશ્વર, ગદગ, નડિયાદ, પુના, વડોદરા, આદિપુર, સાંગલી, મુંબઈ, કોલકત્તા જેવા સ્થળોનો વાંચકવર્ગ સામિલ છે, જે એક આનંદની વાત છે.

તેમાંથી નીચે જણાવેલ વ્યક્તિઓએ નિયમિત જવાબો આપ્યા છે. ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં ૯ મહિનાની ગણતરી કરી છે. હવે પછી એપ્રિલ-૨૦૧૧થી માર્ચ-૨૦૧૨ સુધીનું વર્ષ ગણાશે.

**વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન બધા ખરા જવાબો (૯ અંકો)**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રતાપભાઈ દંડ | - અમદાવાદ |
| ૨. | શ્રીમતી મીનાક્ષીબહેન આર. પારેખ | - અમદાવાદ |
| ૩. | શ્રીમતી નેહા ભાવશ પારેખ | - અમદાવાદ |
| ૪. | શ્રીમતી ઝરણા એચ. પારેખ | - અમદાવાદ |
| ૫. | શ્રી રમણિકભાઈ ગોસર | - અમદાવાદ |
| ૬. | શ્રીમતી મધુરીબહેન આર. ગોસર | - અમદાવાદ |
| ૭. | શ્રીમતી નયના એ. ગાલા | - અમદાવાદ |

**નીચેની વ્યક્તિઓએ ૯ મહિનાના અંકોના જવાબ આપ્યા છે પરંતુ ખરા જવાબ ૮ અંકોના છે.**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી વર્ષાબહેન આર. પારેખ | - અમદાવાદ |
| ૨. | સૌ. જ્યોતિબહેન એલ. શાહ | - અમદાવાદ |
| ૩. | શ્રીમતી અલકાબહેન સંઘવી | - અમદાવાદ |
| ૪. | શ્રીમતી યોગિની ચેતન શાહ | - અમદાવાદ |
| ૫. | શ્રી જિતેન્દ્ર ચંદુલાલ શાહ | - અમદાવાદ |
| ૬. | શ્રીમતી જ્યોત્સના એ. શાહ | - અમદાવાદ |
| ૭. | શ્રીમતી કલ્પના એસ. ગાલા | - અમદાવાદ |
| ૮. | શ્રી અમરકુમાર ઉમરશી રાંભિયા | - નડિયાદ |

અગાઉ મંગલ મંદિરના મે-૨૦૧૧ અંકમાં પ્રસિદ્ધ થયેલા લિસ્ટના બદલે ઉપરનું લિસ્ટ ફાઈનલ છે.

ઉપરના ૧૫ વાચકોએ નવ અંકોના જવાબો આપ્યા છે. સર્વેને ખૂબ ખૂબ ધન્યવાદ.

*નોંધ :* એક ઘરમાંથી બે કે ત્રણ વાચકો જવાબ મોકલે છે તે સારું છે. પરંતુ ઈનામ વખતે એક ઘરમાંથી એકને જ ઈનામ મળશે તે ધ્યાન રહે.

*ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*જૂન – ૨૦૧૧ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

### રિન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ચીમનભાઈ એસ. દંડ　　અંકલેશ્વર
- કેતન દામજી ફુરિયા　　ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ
- ડી. વી. બુચિયા　　ગાંધીધામ, કચ્છ
- ઉદયભાઈ ભટ્ટ　　ભુજ, કચ્છ
- નીરવ ગાલા　　દહીંસર (ઈસ્ટ), મુંબઈ
- સુરેશ ગલાલચંદ શાહ　　ભુજ, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- રાજેશભાઈ શાહ　　સામખિયાળી, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- કિશોર કાંતિલાલ જોબનપુત્રા　　ભુજ, કચ્છ

#### આજીવન

- અમૃતલાલ નાનજી માલદે　　દહીંસર (ઈસ્ટ), મુંબઈ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- નેમીચંદ એસ. જૈન　　ગાંધીધામ, કચ્છ
- સિમ્પાક વુમન્સ ક્લબ　　પાલડી, અમદાવાદ
- નીલેશ રવિલાલ શાહ　　ઈંદોર (મ.પ્ર.)
- મયંક દસાડિયા　　મલાડ (ઈસ્ટ), મુંબઈ
- દીપેશ ભરત શાહ　　ધુલિયા (મહારાષ્ટ્ર)
- વર્ધમાન એમ. શાહ　　વડોદરા
- કુંવરજી જેઠાભાઈ ખોના　　મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- અશ્વિન એસ. શેઠ　　મુંબઈ

#### ૩ વર્ષનું લવાજમ

- હરેશ દામજી શાહ　　નયા અંજાર, કચ્છ
- પરેશ ગાંગજી શાહ　　બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- સંઘવી મનીષા અનિલ　　પાલડી, અમદાવાદ

#### ૫ વર્ષનું લવાજમ

- શ્રી શાંતિદેવી સેવા સમિતિ　　મરીન ડ્રાઈવ, મુંબઈ

#### આજીવન

- સી.એ. કૈલાસકુમાર ગઢવી　　ઘાટલોડિયા, અમદાવાદ

## 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોની યાદી

જે જે ગ્રાહકોના લવાજમ જૂન-૨૦૧૧ પૂરાં થઈ ગયેલ છે અને જુલાઈ-૨૦૧૧માં પૂરા થવાના છે અને જેઓએ હજુ સુધી પોતાનાં લવાજમો રિન્યુ કરાવેલ નથી, એ ગ્રાહકોની નામાવલિ અત્રે આપેલ છે.

આથી નીચે મુજબના લિસ્ટના ગ્રાહકોને વિનંતી કે તેઓ પોતાના લવાજમો તાત્કાલિક રિન્યુ કરાવી લે.

### જૂન-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ ગયેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | ચેતનભાઈ પી. ગોર | ભુજ, કચ્છ |
| ૨. | હેમેન હાથીભાઈ મહેતા | ભુજોડી, કચ્છ |
| ૩. | દિલિપકુમાર સોમેશ્વર | નવા અંજાર, કચ્છ |
| ૪. | ખીમજી ચત્રભુજ લાલકા | આદિપુર, કચ્છ |
| ૫. | રમેશચંદ્ર લાલચંદ શાહ | માંડવી, કચ્છ |
| ૬. | મહેન્દ્ર ચીમનલાલ શાહ | પાલડી, અમદાવાદ |
| ૭. | બિપિન કુંવરજી ફુરિયા | કાંજુરમાર્ગ, મુંબઈ |
| ૮. | દામજી માણેક ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૯. | શાંતિલાલ ખીમજી દેઢિયા | અકોલા |
| ૧૦. | લક્ષ્મીચંદ વી. ધરમશી | બીજાપુર (કર્ણાટક) |

### જુલાઈ-૨૦૧૧ દરમ્યાન પૂરાં થઈ રહેલ લવાજમના ગ્રાહકોની યાદી

| | | |
|---|---|---|
| ૧. | કિરીટ ટોકરશી શાહ | રાજકોટ |
| ૨. | અશ્વિન તલકશી શાહ | ભુજ, કચ્છ |
| ૩. | કિશોર જગજીવન શાહ | ભુજ, કચ્છ |
| ૪. | શાંતિલાલ પોપટલાલ દોશી | ભુજ, કચ્છ |
| ૫. | વિપુલ રસિકલાલ મહેતા | રાપર, કચ્છ |
| ૬. | રમેશ એચ. ગઢવી | ગાંધીધામ, કચ્છ |
| ૭. | મહેન્દ્રભાઈ છેડા | ભુજપુર, મુંદ્રા, કચ્છ |
| ૮. | એ. બી. જેઠવા | માંડવી, કચ્છ |
| ૯. | કીર્તિભાઈ ખેતશી ધરમશી | તેરા, અબડાસા, કચ્છ |
| ૧૦. | રવિ કિરણભાઈ ગડા | વડાલા (વેસ્ટ), મુંબઈ |
| ૧૧. | મેઘજી હંસરાજ ગાલા | અંધેરી (વેસ્ટ), મુંબઈ |
| ૧૨. | પ્રફુલભાઈ કે. વોરા | દહીંસર (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | દામજી ઉમરશી સાવલા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | કીર્તિચંદ્ર શાહ | મલાડ (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | વસંત વીજપાલ રાંભિયા | થાણા (વેસ્ટ), મુંબઈ |
| ૧૬. | ભરત મનસુખલાલ શાહ | નાલાસોપારા (ઈસ્ટ) |
| ૧૭. | કેતન ઠાકરશી ગોસર | ધુલિયા (મહારાષ્ટ્ર) |

*આપણે કોઈને એક પથ્થર મારીએ, તો બે આપણી સામે પણ આવે.*

# સાર સમાચાર

★ વર્ષ ૨૦૦૯-૧૦માં ફાર્મા કંપનીઓએ દવાઓની અસર જાણવા માટે પ્રયોગમાં લીધેલ સ્વયંસેવકોમાંથી ૬૭૧ જણના મૃત્યુ થયા છે. તેમાંથી માત્ર ૩ લોકોને જ દવા કંપનીઓએ વળતર ચૂકવ્યું છે.

★ બિહારના એક નાનકડા ગામે દશરથ માઝી નામના ગરીબ કઠિયારાએ એકલા હાથે માત્ર કોદાળી અને પાવડાની મદદથી પર્વતમાં ૩૬૦ ફીટ લાંબી, ૨૫ ફીટ ઊંચી તથા ૩૦ ફીટ પહોળી ટનલ ખોદી કાઢીને ગામના તમામ લોકોને માટે સલામત રસ્તો બનાવ્યો છે. આ કામમાં તેને ૨૨ વર્ષ લાગ્યા છે.

★ બિહારના જ એક અન્ય ગામે સુગ્રીવ રાજવંશી નામના એક ગરીબ કિસાને ગામની પાણીની સમસ્યા ઉકેલવા માટે ગામની પાદરે એકલા હાથે ૧૩૦ ફીટ લાંબું અને ૫૦ ફીટ પહોળું એક તળાવ ખોદી કાઢ્યું છે.

★ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુ.પી.એસ.સી.)ની ૨૦૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. તેમાં પ્રથમ અને બીજા નંબરે બે છોકરીઓ આવી છે. પ્રથમ સ્થાને મદ્રાસની દિવ્યદર્શિની અને બીજા સ્થાને હૈદ્રાબાદથી શ્વેતા મોહંતી આવેલ છે.

★ છેલ્લા ૭-૮ મહિનાઓમાં લગભગ પચાસ જેટલા જૈન સાધુ-સાધ્વીઓ માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે તથા ઘવાયા છે.

★ નિર્માતા દિગ્દર્શક કિરણ જૈને 'જૈન સાહેબ' નામની એક ફિલ્મ જૈન ધર્મગુરુનો વિષય લઈને બનાવેલ છે.

★ સુપ્રીમ કોર્ટના ત્રણ જજોની બનેલી ખંડપીઠે મેઘા પાટકર દ્વારા ચલાવવામાં આવતા 'નર્મદા બચાવ' આંદોલનને એક જુઠ્ઠાણું કહેલ છે.

★ અમેરિકા, ઈન્ડોનેશિયા, બ્રાઝીલ, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને જાપાનની કુલ વસતિ ૧૧૯ કરોડની છે. જ્યારે આપણા એક જ દેશ ભારતની વસતિ ૧૨૧ કરોડની થઈ છે.

★ કચ્છના કોઠારા મુકામે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ બ્રહ્મભટ્ટે ગોધરાકાંડના સંદર્ભમાં આઈ.પી.એસ. સંજીવ ભટ્ટના વલણની કચ્છના એક સાંધ્ય દૈનિકમાં પ્રશંસા કરી. પરિણામે દસ જ દિવસમાં બ્રહ્મભટ્ટને નોકરી પરથી માત્ર પ્રશંસા કરવાના ગુના બદલ ડિસમિસ કરવામાં આવેલ છે.

★ ઈરાનના સત્તાવાર ઈતિહાસમાં એવી નોંધ છે કે નવમી-દસમી સદીમાં બગદાદના એક જ રસ્તા પર ૧૦૦ જેટલા 'બુક સ્ટોલ' હતા.

★ પ્રજાસત્તાક દિનના બીજા જ દિવસે તા. ૨૭-૧-૨૦૧૦ના રોજ એક સત્તાવાર અહેવાલ 'આભડછેટની ભાળ' એ શિર્ષક હેઠળ પ્રગટ થયો છે. જેમાં ગુજરાતના ગામડાઓમાં માતાજીના મંદિરોમાં ૯૭.૧૫ ટકા, સત્સંગ વખતે ૯૧.૧૧ ટકા, કથાઓમાં ૯૩.૧૨ ટકા, અન્ય મંદિરોમાં ૯૦.૮૧ ટકા, બજારમાં દુકાનોમાં ૪૫.૦૬ ટકા, ચાની લારીએ ૫૬.૪૮ ટકા, ગ્રામસભામાં ૪૪.૪૭ ટકા, પંચાયતની મિટિંગોમાં ૪૭.૭૯ ટકા આભડછેટ હજુ મોજૂદ છે.

★ ચીનમાં તા. ૧૪-૮-૨૦૧૦ના રોજ જે ટ્રાફિક જામ સર્જાયો હતો તે સળંગ નવ દિવસ સુધી રહ્યો હતો. દસમા દિવસે ક્લિયર થયો હતો.

★ સીરિયા, જોર્ડન તથા મોરોક્કોમાં કોઈ પરિવારની સ્ત્રી જો કોઈ અજાણ્યા પુરુષ સાથે લગ્નબાહ્ય સંબંધ રાખે તો તે સ્ત્રીની હત્યા કરવાની તે સ્ત્રીના પતિને કાયદેસર મંજૂરી આપવામાં આવે છે.

★ સી.બી.આઈ.ના ભૂતપૂર્વ ડિરેક્ટર સરદાર જોગીન્દ્રસિંહે જણાવેલ છે કે "હું એ વાત વારંવાર કહેતો રહ્યો છું કે સી.બી.આઈ.ના ડિરેક્ટરે બાથરૂમ જવું હોય તો પણ સરકારની પરવાનગી લેવી પડે છે."

★ ૧૯૯૫ના ડિસેમ્બરમાં બંગાળના પુરુલિયાના અંતરિયાળ વિસ્તારમાં એ.કે.-૪૭ રાઈફલો, રોકેટ લૉન્ચર તથા અન્ય શસ્ત્રો વિમાન દ્વારા ફેંકાયા હતા. તેના પાંચ ગુનેગારોને કલકત્તા સિટી કોર્ટે ગંભીર ગુનો ગણીને આજીવન કેદની સજા કરેલી. હવે રાષ્ટ્રપતિએ એ બધાને માફી આપી છે.

★ ઉપર જણાવેલ પુરુલિયા કાંડનો મુખ્ય આરોપી ભાગી છૂટ્યો હતો અને તે ડેન્માર્કના કોપનહેગનમાં મોજથી રહેતો હતો. તેણે ૨૮-૪-૨૦૧૧ના ટી.વી. ઉપર એમ જાહેર કર્યું કે તે સમયની નરસિંહરાવ સરકારના જ એક સંસદ સેવકે તેને નાસી જવાની સગવડ કરી આપેલી. આ મુખ્ય આરોપી છે કીમ ડેવી.

★ સી.બી.આઈ.ની વેબસાઈટમાં ૫૫૦ મોસ્ટ વોન્ટેડની યાદી હતી. પણ તેમાં ઘણા છબરડાઓ છે તેની જાણ સી.બી.આઈ.ને થયા પછી હવે તે યાદી વેબસાઈટ પરથી પાછી ખેંચી લેવામાં આવી છે.

★ ભાવનગર જિલ્લાના રાણપરડા નામના ગામના ૨૫૧ લોકોએ એક સાથે દેહદાનનો સંકલ્પ કર્યો છે. તે ગામના વલ્લભ સવાણી તથા માવજી સવાણી નામના બે ભાઈઓના પ્રયત્નનું આવું સુંદર પરિણામ આવેલ છે.

★ મુંબઈમાં માત્ર ૧૩ ટકા લોકો પાસે પોતાના અલાયદા ઘર છે. ૩૦ ટકા લોકો ચાલમાં રહે છે અને ૫૪ ટકા લોકો ઝૂંપડપટ્ટીમાં રહે છે.

★ ૨૦૦૫થી ૨૦૧૦ સુધીમાં ત્રણ લાખ ઈઠ્યોતેર હજાર કરોડ રૂપિયા જેટલી રકમની સરકારે ઔદ્યોગિક આવકવેરાની માંડવાળ કરી છે. આ રકમમાં તેમણે બેંકમાંથી લીધેલ લોનની બાકી રકમની ગણતરી કરી નથી.

*સંકલન : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*જિંદગી પોતાના દમ પર જ જીતી શકાય છે. બીજાના ખભા વડે તો અર્થી ઉપાડવામાં આવે છે. - શહીદ ભગતસિંહ*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

**૧. કેરીની વિવિધ જાત :**

★ હાફુસ : આલ્ફાન્સો, હાફુસ, બદામી, ગુંડુ, ખડેર અને પટનમ જાતિના નામે ઓળખાય છે. આપણા દેશની સૌથી ઉત્તમ કેરી હાફુસ ગણાય છે. સ્વાદિષ્ટ, આકર્ષક રંગરૂપની હાફુસ સહુને ભાવે છે.

★ પાયરી : હાફુસ કરતાં વધારે સુગંધ ધરાવતી રસાળ, મીઠી રેષાવાળી કેરી છે. પાકી જતાં તેનો રંગ એકદમ આકર્ષક લાગે છે.

★ રાજાપુરી : મોટી રસાળ કેરી. અથાણા બનાવવા માટે પણ ઉપયોગી છે.

★ રત્ના : નિલમ અને હાફુસની પ્રજાતિ ગણાતી મોટી મીઠી કેરી છે. આને ફુગ લાગવાનો ડર રહેતો નથી.

★ સિંધુ : રત્ના અને હાફુસ ભેળવીને સિંધુ બનાવવામાં આવી છે. મધ્યમ કદની સપાટ બીજ ધરાવતી આ કેરી છે. તેનો રંગ એકદમ આકર્ષક હોય છે.

★ કેસર : થોડી લાંબી, મીઠી રેસાવાળી પીળા રંગની કેસર કેરી હોય છે જે ગુજરાતમાં ઘણી વિખ્યાત છે.

★ દશેરી : રેષા વગરની ખાસ પ્રકારનો સ્વાદ ધરાવતી કેરી છે. મધ્યમકદની લંબગોળાકાર લીલા રંગની છે. વિટામીન 'સી' થી ભરપૂર આ દ્વિ-વાર્ષિક ફળ છે.

★ બોમ્બે ગ્રીન : ઉત્તર પ્રદેશમાં, મલદેન અને દિલ્હીમાં સિહરોલી તરીકે જાણીતી લીલારંગની કેરી ચોક્કસ સુગંધ અને સ્વાદ ધરાવે છે. બોમ્બે યલોમાં ઉપર પીળો રંગ હોય છે. આમાંથી કેરીનો પાતળો રસ નીકળે છે.

★ નિલમ અથવા કાજા લડુ : સફેદ જેવી પીળા રંગની કેરી

★ રુમાની : સફરજન જેવા આકારની પીળા રંગની કેરી ઉપરથી લાલ હોય છે.

★ બંગનપલ્લી : બનેનશા, ચપટા ચપટાઇ અને સફેદાના નામે ઉત્તર ભારતમાં જાણીતી છે. મોટી લંબગોળ પીળા રંગની હોય છે. દક્ષિણ ભારતમાં વધુ પ્રમાણમાં થાય છે.

★ મલગોવા : મોટી, ગોળ, પીળા રંગની કેરી. રસ કાઢવા માટે ઘણી સારી ગણાય છે.

★ સુવર્ણ રેખા : આંધ્રપ્રદેશની સીમા પર થતી આ કેરી સુંદરી અથવા સુંધુરી પણ કહેવાય છે.

૨. આંકડાઓ અચંબીત કરશે! : ભારત દેશમાં જવાહરલાલ નહેરુ, ઈન્દિરાગાંધી અને રાજીવ ગાંધીના નામ પાછળ અનેક યોજનાના નામ જોડવામાં આવ્યા છે. વાંચો સ્વ. રાજીવ ગાંધીના નામે દેશભરમાં ૨૦૦ સરકારી યોજનાઓ ચાલે છે. સ્વ. નહેરુજી અને સ્વ. ઈન્દિરા ગાંધીના નામ સાથે જોડીને કેન્દ્ર અને રાજ્ય સરકારોની હાલમાં બાવન જેટલી યોજનાઓ શરૂ કરી છે. ૯૮ વિશ્વવિદ્યાલયો, ૬ હવાઈ મથકો, ૬૬ પ્રકારની વિવિધ શિષ્યવૃત્તિઓ, ફેલોશિપો, ૪૭ રમતગમત સ્પર્ધાઓ, ૧૫ અભયારણો, બગીચા, ૩૯ હોસ્પિટલો અને મેડિકલ કોલેજો, ૩૭ વૈજ્ઞાનિક સંશોધન કેન્દ્રો આ ઉપરાંત દેશભરના ૭૪ જેટલા ધોરીમાર્ગોને નહેરુ કે ઈન્દિરા ગાંધીના નામ સાથે જોડવામાં આવ્યા છે. આ બધી જ સરકારી યોજનાઓ છે.

૩. અમેરિકાના કેટલાક રાજ્યોના પાટનગરના નામ દેશના વિવિધ રાષ્ટ્રપતિના નામ પરથી રાખવામાં આવ્યા છે.

૪. ૫૮ વર્ષના કાનજીભાઇ ચૌહાણે ૧૯૯૪માં એસ.એસ.સી.ની પરીક્ષા ૨૨ પ્રયત્ને પાસ કરી હતી. સ્કૂલ છોડ્યા પછી તેમણે સરકારી નોકરી કરી, ત્યારબાદ વીસ વર્ષ પછી ૧૯૭૬ માં છઠ્ઠા ધોરણમાં સ્કૂલમાં ફરી પ્રવેશ લીધો. ૧૯૮૩માં પહેલીવાર તેમણે એસ.એસ.સી.ની પરીક્ષા આપી અને બધા વિષયોમાં નાપાસ થયા પણ પ્રયત્ન જારી રાખી છેવટે તેઓ ૧૯૯૪ માં એસ.એસ.સી.માં પાસ થઇ ગયા. આને કહેવાય જાત પ્રત્યેની શ્રદ્ધા.

૫. વિશ્વનો સૌથી ગરમ સમુદ્ર રાતો સમુદ્ર છે. આ સમુદ્રનું તાપમાન ૬૮ ડિગ્રીથી લઈને ૮૭.૮ ડિગ્રી ફેરનહીટ જેટલું રહેતું હોય છે.

## શબ્દ રમત-૬૧નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગા | મ | ગ | રા | સ | | પા | | પા | ક | દા | મ | ન | | અ |
| લી | | લ | | ખી | | ઘ | ટ | ક | | ણ | | મ્ર | | મ |
| ચો | ક | | અ | | ના | ડી | | ટ | સ | | વા | તા | ય | ન |
| | ર | | લ | લા | ટ | | ઘ | | બૂ | સ | ટ | | તી | |
| દા | વ | | મા | | ક | મ | ન | જ | ર | | સ | | મ | ઠ |
| | ત | વા | રી | ખ | | શા | તા | | | ગ | રુ | ડ | | સ્સો |
| બ | | દ | | ખ | લે | લ | | ય | | ગ | | ખો | જ | |
| લા | ગ | | ધા | ડ | | | ગ | મ | ગી | ન | | | ય | દુ |
| | દા | ન | | ધ | મ | ણ | | નિ | | ચું | | દી | | ર્ગ |
| અં | | ત | ર | જ | | | હ | ય | | બી | લી | પ | ત્ર | |
| ત | પ | | મ | | અ | જ | રા | મ | ર | | લા | | સ | ત્ય |
| | રા | | ખા | ટ | લો | | જી | | ત | ળા | વ | | રે | |
| વ | ળ | ગ | ણ | | પ | લ | | ગો | લ | | તી | | ક | પ |
| લ | | જ | | છ | | તી | ક | મ | | લા | | દ | | ર |
| ય | | બ | ર | ત | ર | ફ | | તી | | લો | ચો | લ | બા | ચો |

**જૂન-૨૦૧૧ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૬૧ ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ચંદ્રાબહેન મહેન્દ્ર વિશનજી | સેટેલાઈટ | બધા સાચા |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | બધા સાચા |

*દરેક કામમાં જોખમ હોય છે, પણ કશું ન કરવામાં સૌથી મોટું જોખમ હોય છે.*

## શબ્દ રમત-૬૨

સંકલન : સૂરજલાલ મહેતા



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૧-૭-૨૦૧૧)

## આડી ચાવીઓ

૧. શ્રીકૃષ્ણનું નામ (૪)
૪. શિક્ષણ, ભણેલું (૪)
૭. શક, સંદેહ (૩)
૯. માણસ (૩)
૧૧. તીવ્ર ઈચ્છા, ઉમેદ (૪)
૧૩. ...સમજા કરો (૩)
૧૫. કીડો, જંતુ (૩)
૧૬. માછલાં પકડવાનો આંકડો (૨)
૧૭. પ્રશ્નોત્તર, પડપૂછ - તપાસ (૬)
૨૦. રુખસદ, કાઢી મૂકેલું (૫)
૨૧. થોડું, કસ્તર (૨)
૨૪. પારકું, પછીનું (૨)
૨૫. બોચી, ગળું (૩)
૨૬. ત્રણ પૈડાંવાળી મોટર (૨)
૨૮. સાચવણી, સંભાળ (૩)
૩૦. પુણ્યાર્થે આપવું (૨)
૩૧. એક જાતનું ઊંચું ઝાડ (૨)
૩૨. ......ઢોકળાં (૩)
૩૪. કલમનો કાપ (૨)
૩૫. સૈકો (૨)
૩૭. હૂંડી ન શીકારાતાં આપવી પડતી નુકસાની (૫)
૩૮. પ્રભાવ પડે એવો ગુણ (૬)
૪૧. ધડો, પાઠ (૩)
૪૨. પંજાબની એક નદી (૪)
૪૫. ઘાસની સળી, તરણું (૪)
૪૭. ચીવટ, સંભાળ (૩)
૪૯. સુંદર સ્ત્રી (૨)
૫૦. અંતઃપુર (૪)
૫૨. કાવ્યશાસ્ત્રમાં વર્ણવેલા રસ (૪)
૫૫. પલીતો (૪)
૫૭. બાતલ, નકામું (૨)
૫૮. ગુણ, પાડ, ટોળું (૨)
૫૯. ભારતની ઉત્તરે આવેલો દેશ (૨)
૬૧. ફજેતી, અંજામ (૩)
૬૨. અદબ, સભ્યતા (૪)
૬૪. સૌ કોઈની જાણ માટેની ખબર (૬)
૬૫. ફરવું, રખડવું (૩)
૬૬. તડામાર, ઝડી (૪)

## ઊભી ચાવીઓ

૨. મોહક, શ્રી કૃષ્ણ (૩)
૩. સુંદર સ્ત્રી (૨)
૪. જન્મારો (૨)
૫. યુક્તિ (૪)
૬. ઠુંગો (૨)
૭. જંગલ (૨)
૮. સળગતી....નું સરઘસ (૩)
૧૦. નવલું, .....કથા (૩)
૧૧. મોઘલ બાદશાહ (૪)
૧૨. માતા-પિતા (૪)
૧૩. સાર્વજનિક (૩)
૧૪. બહાનુ, મિષ (૨)
૧૬. બેદરકારી, ભૂલ (૪)
૧૮. સંભાષણ, ગપ્પાં (૪)
૧૯. આવશ્યકતા, અગત્ય (૫)
૨૨. અતિ મુશ્કેલ, મોટું કામ (૩)
૨૪. એક રમત, પકડા પકડી (૫)
૨૭. એક જાતનું રેશમી કાપડ (૪)
૨૮. ચીજ, વસ્તુ (૩)
૨૯. તરતનું તાજું (૨)
૩૦. વનમાં એની મેળે સળગતો અગ્નિ (૪)
૩૩. સરાવવાની દક્ષિણા (૪)
૩૪. ડૂંડું, કણસું (૪)
૩૬. ભીંત (૩)
૩૮. પ્રસંગ, ગ્રંથનો વિભાગ (૪)
૩૯. ઠંડું (૩)
૪૦. તાસક, શાળાનો નિયત સમય (૨)
૪૩. એક સુગંધ (૩)
૪૪. થોડું, લગાર (૨)
૪૫. સંપૂર્ણ, બધું (૩)
૪૬. બાતમી આપનાર (૩)
૪૭. ખેપિયો (૩)
૪૮. ઘોડાનું જીન બનાવનાર (૪)
૪૯. અણધારી આફત, માંદગી (૪)
૫૦. સેવક, નિઝામના દળનો સિપાઈ (૨)
૫૧. અઠવાડિયાનો એક દિવસ (૨)
૫૩. કાફલો, પોઠ (૪)
૫૪. ઇંદ્રાણી, શચી (૨)
૫૬. મૂર્ખ, રોંચું (૩)
૬૦. બે શરમ (૩)
૬૧. પરવર દિગાર (૨)
૬૨. ચાલીસ સેરનું તોલ (૨)
૬૩. શ્વાસ, જીવ (૨)

*જીવનમાં એટલી બધી ભૂલો ન કરવી કે પેન્સિલ પહેલાં જ રબર ઘસાઈ જાય.*

# સુડોકુ

**રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)**

સુડોકુ ક્રમાંક-૧૦૧૯ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૭-૨૦૧૧ સુધીમાં મોકલી આપવા વિનંતી. સાચા જવાબો મોકલનારના નામ ઓગસ્ટ-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :**
1. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.
2. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

## ક્રમાંક - ૧૦૧૯

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | | ૬ | ૫ | ૮ | | |
| | | ૨ | ૭ | | | ૬ | | ૯ |
| ૬ | | ૭ | | | ૧ | | ૩ | ૫ |
| ૪ | | ૬ | | ૭ | ૮ | | | |
| | ૩ | | | | | | ૮ | |
| | | | ૩ | ૫ | | | ૭ | ૪ |
| ૫ | ૭ | | ૬ | | | ૪ | | |
| ૧ | | ૪ | | | ૨ | ૯ | | ૩ |
| | | ૩ | ૪ | ૮ | | | ૬ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | | | ૫ | | | ૩ | |
| | | | ૭ | | ૧ | ૪ | | ૯ |
| ૧ | | | ૯ | | | | | |
| | | | ૨ | | | ૯ | ૫ | ૭ |
| | ૫ | | | ૭ | | | ૮ | |
| ૭ | ૨ | ૮ | | | ૯ | | | |
| | | | | | ૭ | | | ૩ |
| ૨ | | ૩ | ૬ | | ૫ | | | |
| | ૭ | | | ૯ | | | ૬ | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | | ૩ | | ૮ |
| | ૨ | | ૪ | | ૮ | | ૫ | |
| ૩ | | | | ૬ | | | | ૨ |
| | ૭ | | | | ૯ | ૮ | ૬ | |
| ૮ | | | | ૭ | | | | ૩ |
| | ૩ | ૯ | ૧ | | | | ૨ | |
| ૨ | | | | ૪ | | | | ૬ |
| | ૮ | | ૬ | | ૧ | | ૯ | |
| ૧ | | ૬ | | | | ૨ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૪ | | | | ૧ | |
| | ૭ | | ૫ | | ૧ | ૬ | | |
| | | ૨ | | ૩ | | | | ૯ |
| | | | ૩ | | | ૪ | | |
| | | ૮ | | ૬ | | ૯ | | |
| | | ૭ | | | ૫ | | | |
| ૭ | | | | ૫ | | ૩ | | |
| | | ૧ | ૭ | | ૯ | | ૨ | |
| | ૫ | | | | ૩ | | ૯ | |

## ઉકેલ : ક્રમાંક - ૧૦૧૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૨ | ૩ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૧ | ૩ | ૬ | ૨ | ૪ | ૫ | ૮ | ૯ | ૭ |
| ૭ | ૮ | ૪ | ૬ | ૧ | ૯ | ૨ | ૫ | ૩ |
| ૩ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૭ | ૨ | ૫ |
| ૪ | ૨ | ૭ | ૮ | ૫ | ૩ | ૬ | ૧ | ૯ |
| ૬ | ૯ | ૫ | ૧ | ૨ | ૭ | ૩ | ૪ | ૮ |
| ૫ | ૭ | ૩ | ૯ | ૬ | ૪ | ૧ | ૮ | ૨ |
| ૮ | ૬ | ૧ | ૫ | ૩ | ૨ | ૯ | ૭ | ૪ |
| ૨ | ૪ | ૯ | ૭ | ૮ | ૧ | ૫ | ૩ | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૮ | ૧ | ૨ | ૩ | ૪ | ૭ | ૯ |
| ૭ | ૩ | ૧ | ૪ | ૯ | ૮ | ૫ | ૬ | ૨ |
| ૯ | ૪ | ૨ | ૬ | ૭ | ૫ | ૩ | ૧ | ૮ |
| ૮ | ૧ | ૫ | ૨ | ૬ | ૭ | ૯ | ૩ | ૪ |
| ૨ | ૬ | ૯ | ૩ | ૫ | ૪ | ૭ | ૮ | ૧ |
| ૪ | ૭ | ૩ | ૮ | ૧ | ૯ | ૬ | ૨ | ૫ |
| ૫ | ૨ | ૭ | ૯ | ૩ | ૧ | ૮ | ૪ | ૬ |
| ૧ | ૯ | ૪ | ૭ | ૮ | ૬ | ૨ | ૫ | ૩ |
| ૩ | ૮ | ૬ | ૫ | ૪ | ૨ | ૧ | ૯ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | ૬ | ૯ | ૫ | ૭ | ૮ | ૨ |
| ૨ | ૫ | ૭ | ૧ | ૩ | ૮ | ૪ | ૬ | ૯ |
| ૬ | ૯ | ૮ | ૨ | ૭ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૯ | ૭ | ૧ |
| ૧ | ૨ | ૯ | ૭ | ૪ | ૩ | ૬ | ૫ | ૮ |
| ૫ | ૭ | ૬ | ૯ | ૮ | ૧ | ૨ | ૩ | ૪ |
| ૭ | ૩ | ૨ | ૮ | ૫ | ૯ | ૧ | ૪ | ૬ |
| ૯ | ૪ | ૧ | ૩ | ૬ | ૭ | ૮ | ૨ | ૫ |
| ૮ | ૬ | ૫ | ૪ | ૧ | ૨ | ૩ | ૯ | ૭ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૨ | ૧ | ૩ | ૮ | ૯ | ૭ | ૪ | ૬ |
| ૮ | ૩ | ૭ | ૬ | ૧ | ૪ | ૨ | ૫ | ૯ |
| ૬ | ૯ | ૪ | ૨ | ૭ | ૫ | ૩ | ૮ | ૧ |
| ૩ | ૪ | ૮ | ૯ | ૬ | ૭ | ૧ | ૨ | ૫ |
| ૭ | ૬ | ૫ | ૧ | ૨ | ૩ | ૪ | ૯ | ૮ |
| ૨ | ૧ | ૯ | ૫ | ૪ | ૮ | ૬ | ૩ | ૭ |
| ૧ | ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૯ | ૭ | ૩ |
| ૯ | ૭ | ૨ | ૮ | ૩ | ૧ | ૫ | ૬ | ૪ |
| ૪ | ૫ | ૩ | ૭ | ૯ | ૬ | ૮ | ૧ | ૨ |

## જૂન-૨૦૧૧ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૮નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. નીના અશોક ગોરજી - અમદાવાદ
૨. અરવિંદ જયંતીલાલ ભટ્ટ - અમદાવાદ
૩. સુરેન્દ્ર ભોગીલાલ જૈન - અમદાવાદ
૪. તોરલ ડોલર છેડા - સુરત
૫. કસ્તુર કાંતિ ગડા - મુંબઈ
૬. અમી નીતિન શાહ - અમદાવાદ
૭. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૮. મયૂર ઉપેન્દ્ર શાહ - ભાવનગર
૯. અવની દર્શન મહેતા - અમદાવાદ
૧૦. અનુબહેન બાબુભાઈ મહેતા - અમદાવાદ
૧૧. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ
૧૨. જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ
૧૩. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૧૪. યોગિની ચેતન શાહ - અમદાવાદ
૧૫. રોનકબહેન (શેખ) (સ્ટાફ) - અમદાવાદ
૧૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૧૭. જૈનેશ કે. ફોફરીઆ - કોઈમ્બતુર
૧૮. લક્ષ્મીચંદ વી. ધરમશી - બીજાપુર
૧૯. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૨૦. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૨૧. નિરાલી દિનેશ શાહ - અમદાવાદ
૨૨. ભક્તિ કિરણ ત્રેવાડિયા - અમદાવાદ

કોરિયું કોરિયું કુરો કરેપ્યો, કોરિયેં મેં અય કુડ,
મરી વેંધા માડુઓ, મોં મેં પોંધી ધૂડ.

મઠી માની કચ્છજી, મઠો મે જો ખીર
મિઠા માડુ કચ્છજા, દાન કચ્છજો ખમીર.

સાચો મિત્ર તમને સામેથી કહેશે. કાયર દુશ્મનની જેમ પીઠ પાછળ ઘા નહીં કરે.



સંકલન : રજનીકાંત ધરમશી પારેખ

★ **સિરક્રીક સમજૂતી :** ભારતના સર્વેયર જનરલ હેઠળનું પ્રતિનિધિ મંડળની પાકિસ્તાનના અધિક સંરક્ષણ સચિવના પ્રતિનિધિ મંડળ સાથે વાટાઘાટ દરમિયાન ગુજરાત અને પાકિસ્તાનનાં સિંધ પ્રાંતને અલગ પાડતી કચ્છનાં રણ સ્થિત ૯૬ કિ.મી. લાંબી સીમાના વિવાદનો ઊકેલ લાવવાની દિશામાં પ્રગતિ સાધી હતી.

★ **પ્રવાસન ક્ષેત્રે વિકાસ :** કચ્છમાં પ્રવાસન ક્ષેત્રે પડેલી અમાપ ક્ષમતાનો પૂરેપૂરો ઉપયોગ કરી ઔદ્યોગિક, સાંસ્કૃતિક, ભાતીગળ, ઐતિહાસિક અને નૈસર્ગિક બાબતોને આવરી લઇ બહુલક્ષી પ્રવાસન વિકાસ કરવાનું રાજયના પ્રવાસન મંત્રીએ તાજેતરમાં જણાવ્યું હતું.

★ **પ્રવાસનનો તાજ :** રાજય મંત્રી વાસણભાઈની હાજરીમાં મળેલ પ્રવાસનની બેઠકમાં ભુજ અને ભુજિયાને પ્રવાસનનો તાજ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ માટે રાજય સરકારે આઠ કરોડ રૂપિયાનું ભંડોળ ફાળવ્યું છે.

★ **થાઇલેન્ડમાં કચ્છી ભજન :** થાઈલેન્ડ ખાતે સંગીત પીરસવા માટે કચ્છના ત્રણ કલાકારોને આમંત્રણ આપવામાં આવેલ છે. માત્ર તેર વરસની વયથી દેશી ભજનની દુનિયામાં 'નાના ડેરા' તરીકે કચ્છી સૂરતાલથી દેશભરમાં નામ ગજવનાર દેવરાજ સામંત ગઢવી ઝરપરાના કવિ આલ અને રતાડિયાના તબલા ઉસ્તાદ મહમદ હુસેન સાથે મુંજી માતૃભૂમિ કે નમન, માતાજીનો ભેડિયો છલડો કચ્છ મુલકજા માડુ જેવી વિવિધ રજૂઆત બેંગકોક પટાયા શહેરમાં કરશે.

★ **નવા સાયરન :** ભૂકંપ, પૂર, વાવાઝોડું, અતિ વરસાદ વગેરે કુદરતી આફતો અને યુદ્ધ વગેરે જેવી માનવસર્જિત આફતોમાં લોકોને સતર્ક રહેવા નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા કચ્છ જિલ્લામાં ૬૦ જેટલા અત્યાધુનિક સાયરનો લગાડવામાં આવ્યા છે.

★ **પાણીની અછત :** ભચાઉ તાલુકાના લાકડિયા નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરની લખમશરી નામની વસાહતમાં ૧૦૦થી વધુ કોળી પરિવારોને પાણી મળતું ન હોવાથી ભરઉનાળે પાણી માટે દિવસ-રાત દોડધામ કરે છે.

★ **કચ્છી જૈનોના આવાસ :** કચ્છી વીસા ઓસવાળ સમાજના જરૂરતમંદ પરિવારોને પોતાનું ઘર પૂરું પાડવાના સંકલ્પ સાકાર કરવા, આગળ વધી રહેલ કચ્છી જૈન ફાઉન્ડેશનને આવાસ યોજના માટે જમીન મેળવવામાં સહયોગ આપવા બહુજન વિકાસ આઘાડીના અધ્યક્ષે ખાતરી આપી હતી.

★ **નર્મદા :** કચ્છમાં જયાં સિંચાઇ માટે નર્મદાના નીરનું અવતરણ થવાનું છે તે પહેલાં વિસ્તારની જમીનની પરિસ્થિતિ અને નર્મદાના નીર આવી ગયા પછીના પાંચ વર્ષ બાદની સ્થિતિ, વાતાવરણ અને સંજોગોનું સર્વે કરી અહીંના કુદરતી પરિબળનો લાભ લઇ સ્ટ્રોબેરી, કેરી, ખારેક, દ્રાક્ષ, મોસંબી જેવા પાકો લેવા માટેની જાણકારી અંગે એક પ્રોજેક્ટ શરૂ કરવામાં આવેલ છે.

★ **ભુજમાં પેયજળની સમસ્યા :** ભુજ સુધરાઇ પ્રમુખના જણાવ્યા પ્રમાણે નગરપાલિકા દ્વારા હાલમાં પાંચ હજાર જોડાણ માટે પાણી વિતરણ કરવા ૪૦ બોરમાંથી ૪૦૦ ફૂટ નીચેથી ૨૪ કલાક પાણી ખેંચાયા બાદ પણ શહેરને એકાંતરે પાણી પૂરું પાડવામાં આવે છે. જયારે ૪ MLD પાણી નર્મદા યોજનામાંથી પ્રાપ્ત થાય છે. તેની સામે ભુજની દૈનિક જરૂરિયાત ૧૮ MLD હોવાથી ૧૯૪૪૦ MLD સંગ્રહ ક્ષમતાવાળો ડેમ બનાવવાની માંગ કરી છે.

★ **અજગર માલગાડી :** ૨૦૧૦-૧૧માં પાંચ કરોડ ટન માલ સામાનની હેરફેરનો વિક્રમ કરનાર અદાણી જૂથ હેઠળનાં મુંદ્રા પોર્ટ એન્ડ SEZએ ૧૦ કરોડ ટન કાર્ગો હેન્ડલિંગ કરવાની ક્ષમતા મેળવવા મુંદ્રા બંદરથી પાયથોન (અજગર) માલગાડી શરૂ કરી છે. જેની લંબાઇ ૧.૨૫ કિ.મી.ની છે. આ માલગાડીમાં ૯૨ બોગી જોડાઈ શકે છે. આ ટ્રેનની કુલ ક્ષમતા આશરે ૫૪૯૦ ટન હોય છે.

★ **કોમ્પ્યુટર કોર્સ :** કચ્છ યુનિવર્સિટીમાં આગામી જૂનથી શરૂ થઇ રહેલા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશનના અભ્યાસ સંદર્ભે યોગ્ય વ્યવસ્થા ચકાસવા આજે ભોપાલથી એ.આઇ.સી.ટી.ઇ.ની ટીમે યુનિવર્સિટીની ખાસ મુલાકાત લીધી હતી. યુનિ.ના ઇન્ચાર્જે જણાવ્યું હતું કે થોડા સમયમાં જ આ કોર્સને માન્યતા મળી જશે.

★ **જિનાલય મહોત્સવ :** અબડાસાના સણોસરા ગામના અજિતનાથ જિનાલય દેરાસરને ૭૫ વર્ષ પૂર્ણ થતા ત્રણ દિવસીય હીરક જયંતી મહોત્સવની ઉજવણીમાં ભાગ લેવા બહાર વસતા ૫૦૦ જેટલા જૈન સમાજના પરિવારજનો આવી પહોંચ્યા હતા.

★ **વાગડના ખેડૂતોને ચૂકવણી :** વાગડની ભૂમિ પર ખેતરે ખેતરે નર્મદાના નીર પહોંચે તે કામગીરી માટે મોમાયમોરા, માંજુવાસ, કુબેરગઢ અને નાની હમીરપર ગામના જે ખેડૂતોની નર્મદા કેનાલ માટે જમીન સંપાદિત કરવામાં આવી હતી, તેમને નવા જંત્રીના દરે તફાવતના ૯ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે.

★ **કચ્છની કેસર ડેરી :** જિલ્લાના બાગાયત અધિકારીના જણાવ્યાનુસાર આ વર્ષે કચ્છમાં ૪૫ હજાર ટન કેરી પાકવાનો અંદાજ છે. ચાલુ વર્ષે કચ્છની કેસર કેરીની નિકાસ મસ્કત અને લંડન ખાતે કરવામાં આવી છે.

★ **પાણીની પરબે હેલ્પલાઇન :** કાનુબહેન ત્રિભોવન મહેતા ટ્રસ્ટ દ્વારા ભુજ જનરલ હોસ્પિટલ નજીક ઠંડા પાણીની પરબ શરૂ કરનારે દર્દીઓની સુવિધા માટે વિવિધ સેવાઓની માહિતીનું

*કોઈપણ કાર્યમાં પ્રથમ પગલું જ મહત્ત્વનું હોય છે, જેના માટે હિંમત જરૂરી છે.*

હેલ્પલાઇન બોર્ડ મૂકતા દર્દીઓની સેવામાં ઉમેરો થયો છે.

★ **ધોરણ-૧૨નું પરિણામ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલ ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) ના પરિણામમાં ૭૮.૨૮% વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલા જાહેર કરવામાં આવ્યા હતા. એ-૧ ગ્રેડ મેળવવામાં પાંચ વિદ્યાર્થીઓ સફળ રહ્યા હતા. ૮૫% સાથે ભચાઉ કેન્દ્ર પ્રથમ અને ૫૬% સાથે રાપર કેન્દ્ર સાવ તળિયે બેસી ગયું હતું.

★ **બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ :** કચ્છમિત્ર, ફૂલછાબ, માનવ સેવા ટ્રસ્ટ રાજકોટ અને અધ્યાત્મદીપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા મેજર થેલેસેમિયાના ૬૭ બાળ દર્દીઓને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જેવી મોંઘી અને વિકટ સારવારનો લાભ લેનાર દર્દીઓ માટે એક ખાસ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ **કંડલા સુધી સિક્સ લેન :** રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગે ગાંધીધામથી કંડલા સુધી ૯ કિ.મી.નો રસ્તો છ માર્ગીય બનાવવા દરખાસ્ત સત્તાવાળાઓને મોકલાવી આપી છે.

★ **સાયન્સ એક્સપ્રેસ ટ્રેન :** આધુનિક વિજ્ઞાન વિશે પ્રચૂર માહિતી આપતી સાયન્સ એક્સપ્રેસ ટ્રેન ભુજ રેલવે સ્ટેશને તાજેતરમાં આવી હતી. આ અદ્યતન વૈજ્ઞાનિક માહિતી, પ્રદર્શન અને ટેકનોલોજીની વિસ્તૃત સમજ આપતી આ ટ્રેનમાં બ્રહ્માંડની ઉત્પત્તિ સહિતના જટિલ વિષયો વિશે લોકભોગ્ય ભાષામાં પ્રોજેક્ટર પર સમજ આપવામાં આવી હતી.

★ **ભુજ મેડિકલ કોલેજ :** અહીંની અદાણી મેડિકલ કોલેજને એમ.સી.આઇ.એ મંજૂરી આપતા પરીક્ષાની તૈયારીમાં લાગેલા ૩૦૦ છાત્રોએ હાશકારો અનુભવ્યો હતો.

★ **ભાસ્કરજી સ્વામી :** લીંબડી અજરામર સંપ્રદાયના બાપા મહારાજ ભાસ્કરજી સ્વામી આગામી ચાતુર્માસ ભુજ વિજયનગર સ્થિત કેસરબહેન જૈન ભવન ખાતે કરશે. આ ચાતુર્માસ દરમ્યાન જાહેર વ્યાખ્યાન અને ધાર્મિક શિબિરોનું આયોજન કરવામાં આવશે.

★ **કંડલા :** દેશમાં પ્રથમ હરોળના મહાબંદર કંડલા ખાતે બંદર બેઝિન એરિયામાં બાર્જ હેન્ડલિંગ સુવિધાનું ઉદ્ઘાટન કરતાં પ્રતિવર્ષ ૧૦૫ એમ.એમ.ટી. કાર્ગો હેન્ડલિંગ થઇ શકશે.

★ **વનવિભાગના કામો :** ગુજરાત ઇકોલોજી કમિશન તેમજ વનવિભાગ દ્વારા દરિયા કાંઠાના ગામડામાં પર્યાવરણ જાગૃતિ તેમજ રૂરલ ડેવલપમેન્ટના કામો હાથ ધરાયાં છે. તે અંતર્ગત ગામડાના વિકાસ માટે આડબંધ ઘાસ પ્લેટો, શિક્ષણ જાગૃતિ તેમજ પર્યાવરણ જાગૃતિના કામો હાથ ધરાયા છે.

★ **ફતેહગઢના ખેડૂતોને અન્યાય :** નર્મદા નિગમ દ્વારા જે ખેડૂતોની જમીન કેનાલમાં સંપાદિત થઇ હતી તેને નવી જંત્રી મુજબ તફાવતની રકમ અપાઇ છે તેમાં ફતેહગઢ ગામના ૧૨૦ ખેડૂતોને ભારોભાર અન્યાય થયો હોવાનું વાગડ લોકનેતા અને ધારાસભ્ય શ્રી બાબુભાઇ મેઘજી શાહે જણાવ્યું હતું.

★ **કચ્છ લોકહિત સમિતિ :** બિનરાજકીય સંગઠન એવી કચ્છ લોકહિત સમિતિની તાજેતરમાં ભુજ ખાતે મળેલી બેઠકમાં કચ્છના લાંબા સમયથી અટવાયેલા એવા પ્રાણ પ્રશ્નો સમા નર્મદાના નીર, મેડિકલ કોલેજ, જનરલ હોસ્પિટલ, હવાઇ, રેલવે સેવા વગેરે વિવિધ પ્રશ્નો અંગે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. કચ્છના આ પ્રકારના અનિર્ણિત પ્રશ્ને આવતા માસે સમિતિના પ્રતિનિધિ મંડળ દ્વારા વડાપ્રધાનને રૂબરૂ મળી આવદેનપત્ર આપવાનું ઠરાવાયું હતું.

★ **કોઠારામાં કૃષિ સંશોધન કેન્દ્ર :** કચ્છ-કોઠારા ખાતે ચાલતા કૃષિકેન્દ્રને વધુ આધુનિક બનાવવા રૂા. ૪ કરોડના ખર્ચે કૃષિ સંશોધન સંકુલ ઊભું કરવામાં આવી રહ્યું છે. જેમાં દરેક પ્રકારની ખેતી, પશુપાલન, બાગાયત વગેરે ઉપર સંશોધન કાર્ય હાથ ધરાશે. આ સિવાય, રૂપિયા એક કરોડના ખર્ચે જમીન ચકાસણી અને પૃથક્કરણ માટે લેબોરેટરી પણ આકાર લેશે.

★ **કચ્છના રણમાં યુદ્ધ સ્મારક :** કચ્છ સરહદે યુદ્ધ સ્મારક નિર્માણ માટે મોડે મોડે પણ નિર્ણય લેવાયો છે. સત્તાવાર રીતે કરાયેલી જાહેરાત અનુસાર સરહદી વિસ્તાર વિકાસ યોજના હેઠળ ૭૫ લાખના ખર્ચે મોટા રણની ધર્મશાળા ચોકી પર આ સ્મારક બનાવવામાં આવશે.

★ **કચ્છ નાની પક્ષ સ્થાનક સંઘ :** સમસ્ત સંઘના ઉપક્રમે તા. ૩૦-૫-૨૦૧૧ ના રોજ વડાલા (મુંદ્રા)માં એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સંઘના આચાર્ય ભગવંત પૂ. રાઘવજી સ્વામી તા. ૨૭-૨-૨૦૧૧ ના બિદડા મુકામે કાળધર્મ પામતાં તેમના સ્થાને આ સંમેલનમાં પૂ. સૂરજી સ્વામીને તે પદવી પૂ. લીલાધરજી સ્વામી દ્વારા પછેડી ઓઢાડીને અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોમાંથી ઉદ્યોગગૃહના સાહસવીરો તેમજ ફિલ્મ ઉદ્યોગમાંથી પણ નામાંકિત વ્યક્તિઓ સહિત મોટા પ્રમાણમાં પરિવારજનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તે સિવાય, બૃહદ્ કચ્છમાંથી શ્રાવક-શ્રાવિકાઓના લગભગ પાંચ હજાર જેટલો સમુદાય વહેલી સવારથી દર્શનાર્થે ઉપસ્થિત થયો હતો.

★ **કચ્છ હરિયાળું થશે :** પર્યાવરણ દિને ભુજ તેમજ કચ્છને હરિયાળું બનાવવાના આશયથી મોટા પાયે વૃક્ષો વાવવાનું આયોજન કોટિવૃક્ષ અભિયાનના પ્રણેતા માનવ જ્યોત સંસ્થાએ ભુજ સુધરાઇ દ્વારા કરવામાં આવ્યું છે.

★ **પર્યાવરણ :** જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિના નેજા હેઠળ પર્યાવરણ સપ્તાહની ઉજવણી દરમ્યાન શહેરના દેડકા તળાવ, હમીરસર તળાવ, ડોસરાઇ તળાવ, મુંદરા રિલોકેશનમાં સફાઇ તેમજ વરસાદી પાણી સંગ્રહ તેમજ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગે ફિલ્મ શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ **કોમી એકતા :** બિદડાના હાજીપીરના મેળામાં સંતવાણી અને સ્પર્ધાઓ યોજાઇ હતી તેમાં હિન્દુ-મુસ્લિમોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ■

*બુદ્ધિશાળી બુદ્ધિથી પૈસાદાર બની શકે છે, પણ પૈસાદાર પૈસાથી બુદ્ધિશાળી બની શકતો નથી.*



## સરનામા ફેરફાર

- **પ્રભાબહેન કાંતિલાલ દેઢિયા**
  બી-૨, ૪૦૩, ગ્રીન એકર, ઔડા લેઈકની બાજુમાં,
  પ્રહલાદ નગર, ૧૦૦' રોડ, અમદાવાદ-૩૮૦ ૦૫૧.
  ફોન : (ઘર) ૬૫૪૫ ૭૧૯૧
  મોબાઈલ : ૯૭૩૭૬ ૦૦૬૦૦ (દેવેન)

## સગપણ

- **રવિવાર, તા. ૨૯-૫-૨૦૧૧**
  **ચિ. કેવલ બિપિન હરિલાલ શાહ (મુંદ્રા - પૂના)**
  **ચિ. અશ્વિની સુધિર પળસુલે (પૂના)**

## શરણાઈ

- **ગુરુવાર, તા. ૨૮-૫-૨૦૧૧**
  **ચિ. પ્રતીક કિશોરભાઈ લાલકા (લાલા - અમદાવાદ)**
  **ચિ. કિરણ ખેતશીભાઈ મોતા (કુવાપધ્ધર - મુંબઈ)**

## અવસાન નોંધ

- **ખમાવંતીબહેન વર્ધમાનભાઈ દેવજીભાઈ છેડા** (સુજાપર - અમદાવાદ) મંગળવાર, તા. ૨૪-૫-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે. (દેહદાન કર્યું છે.)
- **કંચનબહેન કાંતિલાલ અચલજી વોરા** (ભુવડ - અમદાવાદ) બુધવાર, તા. ૧૫-૬-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.
- **ચંચળબહેન ઉગરચંદ ગઢેચા** (ફતેહગઢ - અમદાવાદ) શુક્રવાર, તા. ૧૭-૬-૨૦૧૧ના રોજ અરિહંત શરણ થયા છે.

*સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

- **શ્રીમતી નલિનીબહેન કિશોરભાઈ લાલકા** તરફથી પુત્ર ચિ. પ્રતીકના શુભ લગ્ન પ્રસંગે રૂા. ૩૦૦/- સમાજને ભેટ આપેલ છે. જેનો સમાજે સાભાર સ્વીકાર કરેલ છે.
- **શ્રીમતી નીમુબહેન હરિલાલ રાયશી શાહ (મુંદ્રા - પૂના)** તરફથી તેમનાં પૌત્ર ચિ. કેવલના શુભ વેવિશાળ પ્રસંગે સમાજને રૂા. ૧,૦૦૦/- સપ્રેમ ભેટ આપેલ છે. જેનો સમાજે સાભાર સ્વીકાર કરેલ છે.
- **નરેશકુમાર નાનાલાલ કરશનજી પટવા (દારેસલામ)**ના સ્મરણાર્થે મંગલ મંદિરને રૂા. ૧૦૧/- ભેટ મળેલ છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, રાજસ્થાન હોસ્પિટલની પાસે, શાહીબાગ, અમદાવાદ મધ્યે કચ્છથી અમદાવાદ તબીબી સારવાર અર્થે પધારતા જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમની સંભાળ અર્થે સાથે રહેનાર તેમના સગાં-સંબંધીઓને શ્રી જલારામ અન્નક્ષેત્ર યોજના હેઠળ દરરોજ વિનામૂલ્યે નાસ્તો - બે ટંક ભોજન આપવાનું ચાલુ છે. દર મહિને આ યોજના અંતર્ગત સારો એવો લાભ ઉઠાવવામાં આવી રહેલ છે.

આ યોજનામાં નીચે પ્રમાણે અન્ય અનુદાન પ્રાપ્ત થયા છે.

- **શ્રી વિનોદકુમાર ચુનીલાલ સથવારા,**
  **ઑડ (જિલ્લો : આણંદ) (તા. ૨૮-૪-૨૦૧૧) રૂા. ૧૫૦૧/-**
- **શ્રી ઉમેશભાઈ ઠક્કર - બેંગ્લોર (તા. ૨-૫-૧૧) રૂા. ૨૭,૦૦૦/-**
- **શ્રી શાંતિલાલ રાવલ - માધાપર, કચ્છ રૂા. ૧,૦૦૦/-**
  **(તા. ૧૯-૫-૨૦૧૧)**
- **શ્રી કે.ડી. નાકડાણી - સુરત રૂા. ૬,૦૦૦/-**
  **(તા. ૩૦-૫-૨૦૧૧)**
- **શ્રી મુકુંદભાઈ જાની - અમદાવાદ રૂા.૧,૦૦૦/-**
  **(તા. ૩૦-૫-૨૦૧૧)**
- **શ્રી મહેશ ચંદ્રકાંત ગાંધી - અંકલેશ્વર રૂા. ૨,૦૦૧/-**
  **(તા. ૩૦-૫-૨૦૧૧)**
- **શ્રી જગદીશ એન. ગૂર્જર - લીંબોઈ અને**
  **શ્રી ઉદયભાઈ પટેલ - કરાડ (બંને મળીને) રૂા. ૧,૦૦૦/-**
  **(તા. ૪-૬-૨૦૧૧)**

***સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.***

## શ્રીમતી સુલુબહેન શાહને ગૌરવ પુરસ્કાર



*ગુજરાત રાજ્યના ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સ ખાતાના પ્રધાન શ્રી સૌરભભાઈ પટેલના હસ્તે ગૌરવ પુરસ્કાર સ્વીકારતા શ્રીમતી સુલુબહેન જલદીપ શાહ*

અમદાવાદ ખાતે ગુજરાત ચેમ્બર્સ ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ સંસ્થાના ઉપક્રમે આયોજિત એક કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સક્રિય સભ્ય શ્રીમતી સુલુબહેન જલદીપ શાહને હર્બલ પ્રોડક્ટ "ઈન્ડિકા નીમ ફ્લોર ક્લિનર" સારી માત્રામાં વિકસાવીને માર્કેટિંગ કરવા બદલ ગુજરાત રાજ્યના ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સ ખાતાના પ્રધાનના હસ્તે તાજેતરમાં ગૌરવ પુરસ્કાર અર્પણ કરવામાં આવેલ છે.

શ્રીમતી સુલુબહેન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, કચ્છી દશા ઓસવાળ પશ્ચિમ મહામંચ, ગુજરાત વેપારી મહામંડળની બિઝનેસ વિમેન સમિતિ, કચ્છી મહિલા સમાજ અને અખિલ હિંદ મહિલા પરિષદ વગેરે સંસ્થાઓની અનેક સામાજિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહ્યા છે. ઈ-ટી.વી. ગુજરાતીમાં સ્ત્રી સશક્તીકરણના એકસો વર્ષની ઉજવણીના ભાગરૂપે સફળ મહિલા ઉદ્યોગ સાહસિકની શૃંખલા અંતર્ગત શ્રીમતી સુલુબહેનની પસંદગી થઈ હતી.

એક આદર્શ ગૃહિણી અને બિઝનેસ વુમન શ્રીમતી સુલુબહેને બી.એસસી., ડી.એમ.એલ.ટી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.

ઈન્ડિકા નીમ ફ્લોર ક્લિનરની ફેક્ટરીનું સંચાલન કરીને કેટલાંક બહેનોને તેઓ કામ પૂરું પાડી રહ્યા છે. તે ઉપરાંત જરૂરતમંદ બહેનોને નજીવા રોકાણથી ધંધો કરવા તેઓ હંમેશાં પ્રોત્સાહન આપતા હોય છે. તેમના હસ્તકની ફેક્ટરીમાં ફિનાઈલની માફક પરંતુ ઉચ્ચ ગુણવત્તાવાળી, હર્બલ અને પર્યાવરણને સાર્થક કરનાર પ્રોડક્ટ 'ઈન્ડિકા'નું ઉત્પાદન થાય છે.

વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૧માં રાજ્ય સરકારે વિમેન ઇકોનોમિક ઝોન જાહેર કર્યો હતો. તેમાં મહિલા સાહસિક તરીકે તેમણે પણ એમ.ઓ.યુ. કરેલ છે. આ રીતે, પારિવારિક અને ધંધાની જવાબદારીઓની સમતુલા જાળવીને શ્રીમતી સુલુબહેન પોતાના નિર્ધારીત લક્ષ્ય તરફ આગળ પ્રગતિ કરી રહ્યા છે.

શ્રીમતી સુલુબહેનને અભિનંદન સાથે સર્વાંગી સફળતા પ્રાપ્ત થાય તેવી શુભેચ્છા!

*દિનેશ આર. મહેતા*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ચૂંટણી પંચ

### વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માટેની ચૂંટણી વિશેની અગત્યની જાહેરાત

તા. ૧૬-૬-૨૦૧૧ના સાંજે ૧૮.૩૦ કલાકે ચૂંટણી પંચની બેઠક મળેલ હતી અને આવેલ ઉમેદવારી પત્રકોની ચકાસણી બાદ કુલ ૧૪ પત્રકો મંજૂર રાખવામાં આવેલ હતા.

ત્યારબાદ તા. ૨૦-૬-૨૦૧૧ના રોજ ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ પછી ઉમેદવારો અંગેની છેલ્લી પરિસ્થિતિ નીચે મુજબની રહે છે:

**દાતા ટ્રસ્ટી (જગ્યા : ૩)**

| ફોર્મ નં. | નામ | |
|---|---|---|
| ૧૩ | ૧. શ્રી પ્રતાપ નારાણજી દંડ | દાતા ટ્રસ્ટના પ્રતિનિધિ |
| ૩ | ૨. શ્રી શાંતિલાલ મુરજીભાઈ સાવલા | દાતા ટ્રસ્ટના પ્રતિનિધિ |
| ૯ | ૩. શ્રી હસમુખ બાબુભાઈ શાહ | દાતા ટ્રસ્ટના પ્રતિનિધિ |

**સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રૂપ) (જગ્યા : ૨)**

| | | |
|---|---|---|
| ૨ | ૧. શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા | માનદ્ સભ્ય |
| | ૨. – ખાલી – | |

**સામાન્ય ટ્રસ્ટી (સ્વજન ગ્રૂપ) (જગ્યા : ૧)**

| | | |
|---|---|---|
| ૧૫ | ૧. શ્રી આણંદજી વેલજી વીરા | આજીવન સભ્ય |

**કારોબારી સભ્યો (જગ્યા : ૬)**

| | | |
|---|---|---|
| ૧૪ | ૧. | શ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડ |
| ૫ | ૨. | શ્રી જશવંતકુમાર જયંતીલાલ કોઠારી |
| ૮ | ૩. | શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ |
| ૧૮ | ૪. | શ્રી નવીન જેઠાભાઈ લાલકા |
| ૧ | ૫. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ |
| ૭ | ૬. | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા |
| ૧૨ | ૭. | શ્રી બાબુભાઈ ખેતશી મહેતા |
| ૧૬ | ૮. | શ્રી વિમેશ ગુલાબચંદ શાહ |
| ૧૯ | ૯. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ |

*મગનલાલ મોતીચંદ સંઘવી - સભ્ય, ચૂંટણી પંચ*
*સૂરજલાલ મોતીલાલ મહેતા - સભ્ય, ચૂંટણી પંચ*

*શાસ્ત્રના શબ્દને પકડીને ચાલનારાઓએ અનેક અનર્થો સર્જ્યા છે.*

**ના... તુમ હમેં જાનો... ના હમ તુમ્હેં જાનેં... મગર લગતા હૈ... કુછ ઐસા... મેરે હમદમ...**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ આયોજિત

## ચતુર્થ લગ્નોત્સુક પરિચય સંમેલન

જયેષ્ઠ માસની ઉગ્ર ગરમીની વચ્ચે કુલ ૧૩૫ જેટલાં યુવકો અને યુવતીઓએ પોતાના લાઇફ પાર્ટનરની પસંદગી અર્થે જૈન ભવન, પાલડી ખાતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૫-૬-૨૦૧૧ના સવારના ૯.૦૦ વાગ્યે આયોજિત એક પરિચય મિલન મેળામાં હિસ્સો લીધો હતો. જેમાં અનેક લાગણીપ્રેરક દશ્યો સર્જાયા હતા.

કચ્છ, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, તામિલનાડુ, પં. બંગાળ, કેરાલા રાજ્યો સહિત દૂરના સ્થળોએથી ભાગ લેવા ૭૭ યુવકો અને ૫૮ યુવતીઓ આ સંમેલનમાં હાજર હતા. પ્રારંભિક સ્તરે કુલ ૧૫૯ જેવા ફોર્મ પ્રાપ્ત થયા હતા જેમાંથી કેટલાક યુવકો અને યુવતીઓ સંજોગવશાત્ હાજર રહી શક્યા ન હતા.

કાર્યક્રમનાં આરંભમાં કુસુમબહેન શાહએ પ્રાર્થના કર્યા બાદ પરિચય મિલન સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુભાઈ શાહએ સર્વે મહેમાનો, યુવકો યુવતીઓ અને ઉપસ્થિત પરિવારજનોને આવકાર આપતું પ્રવચન કર્યું હતું. ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, સુરતના પ્રમુખશ્રી લહેરચંદભાઈ મહેતાએ સમાજના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતા, અન્ય ટ્રસ્ટીગણ અને મહેમાનોના સંગાથે દીપ પ્રાગટ્યની વિધિ કરી હતી. જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના મંત્રીશ્રી પ્રતાપભાઈ દંડએ સંસ્થાનો ટૂંકો પરિચય કરાવીને તેની પ્રવૃત્તિઓની ઝલક કહી હતી ત્યારે શ્રોતાગણે તાળીઓ પાડીને પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

બહારગામથી પધારેલા મહેમાનોનું સમાજ દ્વારા બહુમાન થયા બાદ શ્રી લહેરચંદભાઈ મહેતાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદની પ્રવૃત્તિઓને બિરદાવીને પરિચય મિલન કાર્યક્રમની તારીફ કરી હતી અને આ પ્રકારનો કાર્યક્રમ સુરત ખાતે પણ યોજવામાં આવશે તેમ જણાવ્યું હતું. સુરત સમાજના અન્ય હોદ્દેદાર શ્રી ભરતભાઈ વોરાએ એક અકલ્પનીય કાર્યક્રમ માણવા મળ્યા બદલ પોતાની ખુશી જાહેર કરી હતી. શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજ-મધ્ય પ્રદેશના સ્થાપક પ્રમુખશ્રી શામજીભાઈ દેઢિયાએ આજના યુવા વર્ગને બુદ્ધિમાન ગણાવીને પ્રેમ લગ્ન તરફ લાલ બત્તી કરી હતી. આજના યુવા વર્ગે પોતાનાં પગ ધરતી પર રાખવા જરૂરી છે અને પૂરતી સમજ વિના ઉતાવળે ગમે-તે દિશામાં ન જવાની તેમણે સલાહ આપી હતી. વધુમાં, તેમણે જણાવ્યું હતું કે, અગર યુવા વર્ગ અજાણી મંજિલ તરફ આગળ વધશે તો ગમે ત્યારે તેઓ લપસી જશે અને આખરે દુઃખી થવું પડશે. પોતાની જિંદગી આસાન અને સુખમય કરવા યોગ્ય જીવનસાથીની પસંદગી કરીને જીવનમાં સદાય બાંધછોડની નીતિ અપનાવવા તેમણે ખાસ આગ્રહ કર્યો હતો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આજના માહોલમાં પસંદગી જેવા પ્રશ્ને વડીલો તો માત્ર સાથ પુરાવતા હોય છે. આજના ટેકનોલોજી યુગમાં યુવા વર્ગ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને ખૂબ વિચારવંત બન્યો છે. એટલે પોતાની જિંદગી સંબંધિત ઉચિત નિર્ણયો જાતેજ સારી રીતે લેશે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી.

કાર્યપ્રણાલી પ્રમાણે આરંભમાં ઇચ્છુક ઉમેદવારો ક્રમાંક મુજબ સ્ટેજ પર આવીને પોતાનો પરિચય, પોતાની પસંદગી વગેરે વિગત જણાવતા હતા. સ્ટેજ ઉપસ્થિતિથી ઉમેદવારોનો બાહ્ય દેખાવ પણ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની સામાજિક, સાંસ્કૃતિક, તબીબી, શૈક્ષણિક વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિઓથી સદાને માટે કાર્યરત રહે છે.*

*સામાજિક પ્રવૃત્તિના ભાગરૂપે ગત તા. ૫ જૂન, ૨૦૧૧ના "ચતુર્થ લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય સંમેલન"નું આયોજન કરવામાં આવ્યું હતું.*

*લગ્નોત્સુક યુવક-યુવતી સિવાય સમાજના અનેક વયસ્ક અને સખી ગૃહસ્થોને પણ આ કાર્યક્રમમાં પ્રોત્સાહનરૂપે ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવેલ હતા.*

*આ કાર્યક્રમમાં પોતાનો સૂર પુરાવવા અને જરૂરિયાતમંદોને માર્ગદર્શન આપવા જ્યારે એક વયસ્ક સદ્ગૃહસ્થને ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવ્યા ત્યારે આ આમંત્રણ પાછળની સમાજની ભાવનાની ખેવના કર્યા વગર વડીલશ્રીએ જણાવ્યું કે, 'આ ઉંમરે મારે ક્યાં ફરી લગ્ન કરવાના છે કે હું આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહું! ત્યાં મારું શું કામ છે?'*

*અને ખરેખર, એ વડીલશ્રી આ કાર્યક્રમમાં ઉપસ્થિત ના રહ્યા!*

*સ્વાધ્યાય કરનારે પણ નવાનવા અર્થનો ઉઘાડ મેળવવા માટે વારંવાર શાસ્ત્રગ્રંથનો અભ્યાસ કરવો જોઈએ.*

જોઇ શકાય, તે પણ એક ઉદ્દેશ હોય છે. જે પાત્ર પ્રારંભિક રીતે પસંદ પડ્યું હોય, તેનો ક્રમાંક અને નામ દરેક ઉમેદવાર પોતાની સ્લીપમાં લખીને સમિતિને સુપરત કરતા હતા. તેમાં પરસ્પર ''કૉમન'' પસંદગીકર્તાઓને રૂબરૂ બેસીને વાતચીતનો દોર આગળ ચલાવવા માટે સમિતિના કાર્યકરોએ જરૂરી વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ, હૉલમાં દરેક ઉમેદવારો અને તેમના વડીલો વચ્ચે પરસ્પર વાતચીત અને પરિચયના રાઉન્ડ ચાલુ હતા.

યુવતીઓ અને યુવકોનો મેળાપ કરાવીને જીવનની દોરથી બાંધવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદનો આ ચતુર્થ પ્રયાસ હતો. અગાઉના મિલન મેળામાં પરસ્પર મેળાપથી સફળતાપૂર્વક લગ્ન કરનાર બે દંપતીજનોએ આ સંમેલનમાં ખાસ હાજરી આપી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ-સુરતના પ્રમુખશ્રી લહેરચંદભાઇ મહેતા તેમજ ત્યાંના હોદ્દેદાર શ્રી ભરતભાઇ વોરા, શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજ - મધ્ય પ્રદેશના શ્રી સતીશભાઇ ગોસર તેમજ ત્યાંના સ્થાપક પ્રમુખશ્રી શામજીભાઇ દેઢિયા વગેરે મહેમાનો સમિતિના આમંત્રણને માન આપીને આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તે ઉપરાંત, સ્થાનિક શ્રી કચ્છી સમાજનાં હોદ્દેદારો પૈકી શ્રી ધીરજલાલભાઇ સોમપુરા અને શ્રી ભરતભાઇ ઓઝાની હાજરી પણ નોંધનીય હતી. કાર્યક્રમમાં સમાજના ટ્રસ્ટીગણ અને કારોબારી સમિતિના સભ્યશ્રીઓની ખાસ હાજરી હતી.

ચતુર્થ યુવા પરિચય મિલન કાર્યક્રમ માટે શ્રી હરખચંદભાઇ કે. સાવલા - ગાંધીનગર (અમેરિકા), શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રૂપ (પરિવાર) ગાંધીધામ અને શ્રી હરખચંદભાઇ કે. ગડા (વિઝાણ) અંકલેશ્વર (મે.કે.કે. ઇન્ડસ્ટ્રીઝ) તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો.

શ્રી હસમુખભાઇ ખાંડવાલાએ આભારવિધિ કરી હતી.

બહારગામથી આવનાર યુવતીઓ, યુવકો અને તેમનાં વડીલો માટે રહેવાની તેમજ દરેક માટે નાસ્તા અને બન્ને સમય જમવાની વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત ચતુર્થ પરિચય સંમેલન પ્રસંગે યુવતીઓ અને યુવકોની માહિતી સાથે એક પુસ્તિકા પણ બહાર પાડવામાં આવી છે.

સમિતિના સભ્યશ્રીઓ, સ્વયંસેવકો તેમજ ઓફિસ મેનેજરશ્રીએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન પૂરી જહેમતથી કામગીરી કરીને વ્યવસ્થા સંભાળી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રફુલભાઇ શામજીભાઇએ ખૂબ શાનદાર રીતે કર્યું હતું. ઉમેદવારો પોતાના પરિચય માટે સ્ટેજ પર આવતા હતા ત્યારે ટીપ્પણી અને સલાહ સૂચન વડે કાર્યક્રમને માણવા યોગ્ય રાખ્યું હતું.

*દિનેશ આર. મહેતા*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
## રક્ત - ચક્ષુ - અવયવદાન - દેહદાન સમિતિ



ધન્ય છે.... **સ્વ. ખમાવંતીબહેન વર્ધમાનભાઈ દેવજીભાઈ છેડા (સુજાપર - અમદાવાદ)**.... તેઓ તા. ૨૪-૫-૨૦૧૧નાં રોજ સ્વર્ગવાસી થયા છે.

ભવ્ય આત્મા! જેમણે ચક્ષુદાન અને દેહદાન કર્યું છે.

સુવ્યવસ્થિત જીવનશૈલી, ધાર્મિક વૃત્તિ, કુટુંબપ્રેમી અને સાચા કર્મયોગી તેમજ હંમેશાં અન્યનું ભલું થાય તેવું ઈચ્છનારા, અન્ય પ્રત્યે પ્રેમ અને હૃદયની ઉષ્મા સદૈવ જીવંત કરનારા એટલે સ્વ. ખમાવંતીબહેન.

સ્વર્ગસ્થની થોડા સમય અગાઉ તબિયત લથડતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબિયતને નજર સમક્ષ રાખતાં તેમનાં સગાં સંબંધીઓએ તેમની કિડનીનું દાન કરવાની આ સમિતિના સભ્યો સમક્ષ ઈચ્છા પ્રદર્શિત કરી હતી. પરંતુ કોઈ ટેક્નિકલ કારણોસર તેમ થઈ શક્યું ન હતું. તેમ છતાં સ્વર્ગસ્થના અંતરની ભાવના અને પરિવારજનોના ઉચ્ચ ખ્યાલથી સ્વર્ગસ્થનું ચક્ષુદાન અને દેહદાન કરવામાં આવ્યું હતું.

ધન્ય છે... આવી વિરલ વ્યક્તિને.... ધન્ય છે... તેમનાં પરિવારજનોને જેમણે પોતાના દુઃખના સમયે, બીજાનું ભલું થાય... બીજા સુખી થાય તેવા ઉચ્ચ વિચારો પ્રદર્શિત કરીને તેવા કપરા નિર્ણયનું અમલીકરણ કરી બતાવ્યું. તેઓની હિંમત અને ભાવના કાબિલેદાદ છે.

સમાજ અને તેની આ સમિતિ ઉપરોક્ત પરિવારજનોના સત્કર્મ અને ઉચ્ચ ભાવનાને બિરદાવે છે અને સ્વર્ગસ્થનો દિવ્ય આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિને પામે તેવી અભ્યર્થના.

ઉપરોક્ત સત્કર્મનું કાર્ય, શ્રી કમલેશભાઈ બાબુભાઈ શાહ અને શ્રી નવીનભાઈ લાલકાના પ્રયત્નો અને સહયોગથી થતાં, તેઓ અભિનંદનના અધિકારી બન્યા છે.

સ્વર્ગસ્થ, સમાજના સભ્ય શ્રી અનુપચંદભાઈના બહેન થાય. સદ્‌ગતના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ બક્ષે તેવી પ્રાર્થના.

*યું તો જીને કે લીયે, લોગ જીયા કરતે હૈ*
*લાભ જીવનકા નહીં ફિરભી જીયા કરતે હૈ*
*મૃત્યુ સે પહલે મરતે હૈ હજારોં લેકિન*
*જિંદગી ઉનકી હૈ, જો મરકે જીયા કરતે હૈં*

*કન્વીનર, રક્ત - ચક્ષુ - અવયવદાન - દેહદાન સમિતિ*

*જેવા વર્તનની તમે બીજા પાસેથી અપેક્ષા રાખો છો એવું વર્તન તમે એના તરફ પણ કરો.*

## શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા)
## શૈક્ષણિક સહાય યોજના

ચાલુ વર્ષે (૨૦૧૧) અભ્યાસ કરતા પોતાનાં બાળકો માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પાસેથી શિક્ષણ અંગે સહાય લેવા ઈચ્છતા વાલીઓને જણાવવાનું કે, તેઓ (પાલડી) સમાજની ઓફિસેથી અરજી ફોર્મ (૧ વિદ્યાર્થી દીઠ ૧ ફોર્મ) લઈને તા. ૧૫-૭-૨૦૧૧ સુધીમાં માંગેલી તમામ વિગતો ભરી ફોર્મ સમાજની ઓફિસે પહોંચતું કરવા વિનંતી છે.

**આ શૈક્ષણિક સહાય આ સમાજના કાર્યક્ષેત્ર હેઠળ આવરાયેલા વિસ્તારો (અમદાવાદ - ગાંધીનગર)માં વસતા આર્થિક રીતે જરૂરતમંદ પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે જ ઉપલબ્ધ છે.**

વ્યવસ્થિત અને પૂરેપૂરી માંગેલી તમામ વિગતો ભરેલાં ફોર્મ જ સ્વીકાર્ય બનશે. અવ્યવસ્થિત અને અધૂરી વિગતવાળા ફોર્મ અસ્વીકાર્ય બનશે.

ભરેલું ફોર્મ "શૈક્ષણિક સહાય સમિતિ"ને શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ને તા. ૧૫-૭-૨૦૧૧ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવું.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
### સરસ્વતી સન્માન કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પુરસ્કાર સમિતિ, શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ તથા યુવા વિકાસ સમિતિ દ્વારા ધોરણ-૮ અને તેનાથી ઉપરના વિદ્યાર્થીઓ માટે તા. ૨૧-૮-૨૦૧૧ને રવિવારે બપોરે ૩.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે "સરસ્વતી સન્માન"નો કાર્યક્રમ રાખેલ છે.

જેમાં સમાજના ધોરણ-૮ અને તેનાથી ઉપરના દરેક તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમાનુસાર પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે. સમાજમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ ત્રણ આવેલ બાળકોનું અને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ આવેલ વિદ્યાર્થિનીઓને અલગથી પણ સન્માનિત કરાશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને અભ્યાસ ક્ષેત્રે ઉપયોગી થાય એવી માહિતી આપવામાં આવશે.

ફક્ત કાર્યક્રમના દિવસે જ પુરસ્કાર આપવામાં આવશે. પછીથી ક્ષમા.

*કન્વીનર, પુરસ્કાર સમિતિ*

## કચ્છની કેસર કેરી

ચાલુ સીઝન દરમ્યાન કચ્છથી કેસર કેરી અનેક વખત મંગાવવામાં આવેલ હતી. આ કેરી ૫ કિલો તથા ૧૦ કિલો પેકિંગમાં ઉપલબ્ધ રહેલ હતી. મોટાભાગની કેરીની પડતર કિંમત લગભગ રૂા. ૪૦/- પ્રતિ કિલોની રહેવા પામેલ હતી. (એક કિલોમાં અંદાજિત ૩$^{1}/_{2}$ નંગ) ઉચ્ચ કક્ષાની કેરીની કિંમત રૂા. ૬૦/- પ્રતિ કિલોની રહેવા પામેલ હતી. (એક કિલોમાં અંદાજિત ૩ નંગ)

આ કેરી નીચે મુજબના લોકોની વાડીએથી મંગાવવામાં આવેલ હતી.

(૧) શ્રી હીરજીભાઈ - દેવપર, (૨) શ્રી બટુકસિંહજી જાડેજા - મઉ

લગભગ ૧૦૦૦ કિલો જેટલી કેરીનું સમાજના સભ્યો વચ્ચે પડતર કિંમતે વિતરણ કરવામાં આવેલ હતું. જે લોકોને આ કેરીની વિતરણ વ્યવસ્થાનો લાભ મળેલ તેઓએ આ પ્રકારની કેરી દરેક સીઝનમાં મંગાવવામાં આવે તેવી રજૂઆત કરેલ હતી.

*રજનીકાંત ધરમશી પારેખ, કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## કચ્છી ખારેક

શ્રી કચ્છી જૈન ભવન તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ચાલતા ગૃહ ઉદ્યોગ કેન્દ્રો પરથી "કચ્છી ખારેક"નું વિતરણ શરૂ કરવામાં આવેલ છે. મૂળ ઇઝરાયેલ જાતની 'બારઈ ખારેક' એક કિલોના પેકિંગમાં રૂા. ૮૦/-ના ભાવથી મળી શકશે.

જેઓને સિઝનલ કચ્છી માવામાં રસ હોય, તેઓએ વિતરણ કેન્દ્રો પરથી પોતાનો ઓર્ડર મુજબનો માલ મેળવી લેવાનો રહેશે અથવા તો સ્ટોક હશે ત્યાં સુધી વહેલા તે પહેલાના ધોરણે મળી શકશે.

કચ્છી ખારેકના શોખીનોને લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

જરૂરિયાત મુજબના માલની, સમાજના સભ્યો આગોતરું બુકિંગ કરાવશે તેમને પ્રતિ કિલો રૂા. ૧૦/-નું કન્સેશન આપવામાં આવશે.

*પ્રતાપ નારાણજી દંડ, માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*ભણેલો માણસ શાણો પણ બનતો હશે એવું ચોક્કસ નથી.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

**સમિતિના આગામી કાર્યક્રમોની એક ઝલક**

### "ચોરો"

જમાનો ઝડપથી બદલાઇ રહ્યો છે. તેનાં રૂપરંગ અને ગતિ સાથે તાલ મિલાવીને આગળ વધવાનું અતિ આવશ્યક થયું છે. ખાસ કરીને આજના યુવક-યુવતીઓએ.

આ બદલાતી સમાજ વ્યવસ્થામાં બદલાતા મૂલ્યોને સમજવા પડે અને નવા જમાનાની તાસીર ઓળખવી પડે. નવા પ્રવાહની સામે પોતાના વિચારો અને સિદ્ધાંતોની તુલના કરીને યોગ્ય સ્તરે લઇ જવા પડશે. આ પ્રકારનું કઠિન કાર્ય આધુનિક યુવકો-યુવતીઓએ કેવી રીતે કરવું?

શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ આવી સમસ્યાઓના નિરાકરણ માટે હંમેશાં કાર્યરત રહી છે.

ઉપરોક્ત સમસ્યાના ઉકેલ અર્થે તેમજ આધુનિક સમયને અનુરૂપ મંજિલ પર નવા કીર્તિમાન સ્થાપીને પોતાનું જીવન આનંદમય બની શકે. તે માટે એક અત્યંત આધુનિક પ્રકારની વર્કશોપનું આયોજન કરવાનું નક્કી કર્યું છે. વર્કશોપના વિષય-વસ્તુ અનુસાર ધોરણ-૧૨ અને કૉલેજ સ્તરમાં પ્રથમ વર્ષથી ત્રીજા વર્ષ સુધીમાં અભ્યાસ કરનાર યુવક-યુવતીઓનું એક ગ્રૂપ બનાવવામાં આવશે અને તેમાં પ્રત્યેક જણ પોતાના વિચારો-લાગણીઓ વ્યક્ત કરશે - સમજશે. ત્યારબાદ તેની ચર્ચા કરીને કાંઇક નવીન જાણવાનું મળશે, શીખવાનું મળશે. આ રીતે, અન્યને કાંઇક નવું શીખાવાનો આત્મસંતોષ પણ મેળવી શકાશે.

આ વર્કશોપની અવધિ બે માસ જેટલી રહેશે. તૈયાર થયેલ ગ્રૂપ પ્રત્યેક શનિ-રવિવારના માત્ર ત્રણ કલાક એક સાથે મળશે. 'ગામનો ચોરો'ની જેમ ઉપર મુજબ પરસ્પર મળીને એક 'ચોરો'ની રચના કરવામાં આવશે. તે ચર્ચાસભામાં પ્રત્યેક વ્યક્તિએ સક્રિય રીતે ભાગ લેવાનું જરૂરી છે.

- **એક નજર:**

૧. ગ્રૂપની દરેક વ્યક્તિએ વર્કશોપના નક્કી કર્યા મુજબ પ્રત્યેક શનિ-રવિવારના દિવસે આવવું આવશ્યક છે.

૨. અગર ગ્રૂપની કોઇ એક વ્યક્તિ, એક વખત આવવાનું ચૂકશે તો સમગ્ર ગ્રૂપે ફરી વખત મળવાનું થશે.

૩. ગ્રૂપની દરેક વ્યક્તિએ ચર્ચા-વિચારણા-રજૂઆતમાં ભાગ લેવાનું ફરજિયાત છે.

***આ સંબંધિત અન્ય વિગત માટે સંપર્ક...***

શ્રી એચ. કે. શાહ ૯૮૨૫૦ ૧૩૭૧૫
(સવારના ૧૦ થી સાંજે ૮ કલાક સિવાય)

શ્રીમતી હાસ્યલતાબહેન ડી. મહેતા ૯૪૨૭૭ ૧૦૩૬૫

***કન્વીનર - શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

## યુવા વિકાસ સમિતિ

### બુક બેંક યોજના

યુવા વિકાસ સમિતિ દ્વારા આ વર્ષથી બુક બેંક યોજના ચાલુ કરવામાં આવેલ છે. સમાજના સભ્યો પરસ્પર ઉપયોગી થવાના હેતુસર આ યોજના શરૂ કરેલ છે. પ્રથમ વર્ષે લગભગ ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ પોતાના પુસ્તકો જમા કરાવેલ હતા. જમા આવેલ પુસ્તકો ઉપરાંત અન્ય જરૂરી પુસ્તકો ખરીદીને ૧૧ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ છે.

હાલમાં બુક બેંકમાં નીચે મુજબના પુસ્તકો જમા છે.

**અંગ્રેજી માધ્યમ**

| | |
|---|---|
| ધોરણ-૬ | ૨ સેટ |
| ધોરણ-૭ | ૨ સેટ |
| ધોરણ-૧૦ | ૧ સેટ |
| ધોરણ-૧૧ (કોમર્સ) | ૧ સેટ |
| ધોરણ-૧૧ (સાયન્સ) | ૧ સેટ |
| ધોરણ-૧૨ (સાયન્સ) | ૧ સેટ |

**ગુજરાતી માધ્યમ**

| | |
|---|---|
| ધોરણ-૮ | ૧ સેટ |
| ધોરણ-૧૧ (સાયન્સ) | ૧ સેટ |
| ધોરણ-૧૨ (સાયન્સ) | ૧ સેટ |

સમાજજનોને વિનંતી છે કે ધોરણ-૬ કે તેની ઉપરના ધોરણના પુસ્તકો જમા કરાવે. નાના ધોરણના પુસ્તકોના પાના કપાઈ ગયા હશે તો તેવાં પુસ્તકો બિનઉપયોગી છે.

જે વિદ્યાર્થીઓનો કોલેજમાં પ્રવેશ પાછળથી થયેલ હોય તેઓને અગર પુસ્તકોની આવશ્યક્તા હોય તો તેમજ બુક બેંકના પુસ્તકો માટે શ્રી વિમેશ શાહ (૯૮૭૯૧ ૧૦૫૬૭ ● રાત્રે ૮ થી સવારે ૮)નો સંપર્ક કરવો.

આ યોજનામાં સહકાર આપનાર સર્વે સમાજ બંધુઓનો સમિતિ આભાર માને છે.

### નોટબુક-ચોપડા વિતરણનો અહેવાલ

ડૉ. શ્રી ચંદ્રકાંત કાનજી દેઢિયા તથા શ્રીમતી ચંદ્રિકાબહેન ચંદ્રકાંત દેઢિયાના સૌજન્યથી સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨ માટે રાહત દરે નોટબુક - ચોપડાનું વિતરણ કાર્ય માસ મે તથા જૂન, ૨૦૧૧ દરમિયાન કર્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો ઉપરાંત સ્ટાફના સભ્યોને પણ આ યોજનાનો લાભ આપવામાં આવેલ. આ યોજના અંતર્ગત ૨૫૬ ડઝન નોટબુક તથા ૫૨૫ ડઝન ચોપડા ૫૦ ટકાના રાહતદરે વિતરણ કરવામાં આવેલ. આર્થિક સહયોગ દ્વારા આ યોજનાને સાકાર કરવા બદલ ડૉ. શ્રી ચંદ્રકાંતભાઈ અને શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયાનો સમિતિ ખાસ આભાર માને છે.

વિતરણ કાર્યમાં મદદરૂપ થયેલ સ્ટાફ મેમ્બર શ્રી પરાશરભાઈ વ્યાસ, શ્રી હિતેન્દ્ર પરીખ, શ્રી જયસુખ સંઘવી, સમાજના યુવા કાર્યકરો શ્રી સંદીપ નવીનભાઈ મોતા અને કુ. મોક્ષા નવીન લાલકાનો સમિતિ આભાર માને છે.

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

*બીજાનું અનુકરણ કરીને કોઈ મોટો થયો હોય એવું હજુ સુધી જોવા મળ્યું નથી. - સેમ્યુઅલ જ્હોજસન*

## ગૃહ ઉદ્યોગ સમિતિ

પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક રંગેચંગે ઉજવવા ગૃહ ઉદ્યોગ સમિતિ તરફથી શુદ્ધ સાત્ત્વિક ચૂરમાના લાડુ - ફૂલવડી તેમજ ખડખડિયા (વેફર) જૈન ધર્મના રીત રિવાજ અનુસાર બનાવવામાં આવે છે.

હાલમાં ગૃહ ઉદ્યોગમાં આપણા સમાજની જ બહેનો નીચે પ્રમાણેની વસ્તુઓ બનાવે છે જેનું વિતરણ સમાજના બંને ભવન પરથી થાય છે. અગર મોટા પ્રમાણમાં વસ્તુઓ બનાવવી હોય તો, પૂછપરછ માટે સંપર્ક કરશો.

૧. બધા જ પ્રકારના ખાખરા
૨. ફરસી પૂરી અને ઘઉંની પૂરી
૩. પકવાન (કચ્છી)
૪. ચકરી
૫. બધા જ પ્રકારના ગાંઠિયા તેમજ સેવ
૬. કચ્છી પેંડા
૭. વિવિધ જાતના ચેવડા
૮. નરમ થેપલા (મુસાફરી માટે)

દિવાળી નિમિત્તે ઓર્ડર પ્રમાણે નાસ્તા બનાવી આપવામાં આવશે.

**પૂછપરછ માટે :** (૧) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, (૨) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, (૩) ભાવેશ ગડા (૭૬૦૦૮ ૩૨૨૮૧), (૪) મિત્તલબહેન (૯૭૩૭૪ ૮૮૧૩૪), (૫) રજનીભાઈ પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## વયસ્ક સમિતિ

વયસ્ક સમિતિ દ્વારા "આપણો કાર્યક્રમ આપણા દ્વારા" હેઠળ ગુરુવાર, તા. ૨૧-૭-૨૦૧૧ના રોજ સાંજે ૪.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કાવ્ય વાંચન, જોક્સ, રમતગમત વગેરે હશે.

પાસપોર્ટ ધારક વડીલો માટે આગામી શરદપૂનમ બાદ દુબઈ (ચાર રાત્રિ અને પાંચ દિવસ)ની સફરનું આયોજન વિચારી રહ્યા છીએ. જેનો અંદાજિત ખર્ચ રૂા. ૪૦,૦૦૦/- સુધીનો હશે. અન્ય વિગત હવે પછી જાહેર થશે.

તા. ૨૧-૭-૨૦૧૧ના કાર્યક્રમમાં રજૂઆત કરનારે પોતાના નામની જાણ કરવા તેમજ વિદેશ પ્રવાસ સંબંધી નવા પાસપોર્ટ કરાવવા માટે મદદની જરૂર હોય તો રજનીભાઈ પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)નો સંપર્ક કરવા વિનંતી છે.

*કન્વીનર, વયસ્ક સમિતિ*

## શ્રીમતી લીલાબહેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

સમિતિના ઉપક્રમે તા. ૧૯-૬-૨૦૧૧નાં રોજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું.

સ્પર્ધામાં વિજેતાઓના નામ :

**(અ) શ્રીમતી પુષ્પાબહેન કાંતિલાલ રામજી શાહ ગૃહઉદ્યોગ**

પ્રથમ : નયના જય ગોગરી, દ્વિતીય : વર્ષાબહેન પારેખ.

**(બ) શ્રીમતી દમયંતીબહેન નેમચંદ વેલજી લગ્ન ગીત**

પ્રથમ : કંચનબહેન તલક મારુ, દ્વિતીય : જ્યોત્સના અરવિંદ શાહ, તૃતીય : કૈલાસ જ્યોતેન્દ્ર સંઘવી.

**(ક) ગૂર્જર પરિવાર આયોજિત બ્યુટી સ્પર્ધા**

પ્રથમ : અલ્પા મારુ, દ્વિતીય : જ્યોત્સના ગોગરી, તૃતીય : રેવંતીબહેન ગોસર.

ગત બે વર્ષ દરમ્યાન મિષ્ટાન્ન અને ફરસાણ સ્પર્ધાઓ થઈ હતી. તેની રેસિપી બુક "રસથાળ" તૈયાર કરવામાં વસુમતીબહેન હરિયા, દમયંતીબહેન છેડા અને વર્ષાબહેન હરિયાનો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો. શ્રીમતી લીલાબહેન હરિયાના જન્મ દિવસ નિમિત્તે તેમના પરિવાર તરફથી લહાણી તથા રેસિપી બુક દરેક બહેનોને આપવામાં આવ્યા હતા.

*કન્વીનર*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

★ શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સામાન્ય સભા, શનિવાર, તા. ૯-૭-૨૦૧૧ના રોજ સંસ્થાના કાર્યાલય (૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ પાસે, અમદાવાદ) ખાતે સાંજના ૪.૦૦ વાગે નક્કી કર્યા મુજબના એજન્ડાની કામગીરી અર્થે મળશે.

★ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો આગામી નૂતન વર્ષ અષાઢી બીજ નિમિત્તે વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ ટાઉનહોલ ખાતે રવિવાર, તા. ૧૭-૭-૨૦૧૧ના રોજ બપોરે ૨.૦૦ વાગે યોજવામાં આવ્યો છે.

આ સ્નેહ મિલનના પ્રસંગે સરસ્વતી સન્માન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન છે. સર્વે કચ્છી પરિવારજનોને આ સમારંભમાં પધારવા આગ્રહભરી વિનંતી કરવામાં આવી છે. કાર્યક્રમના પાસ માટે શ્રી કચ્છી સમાજ કાર્યાલય (૨૬૫૭૬૧૮૪), શ્રી કરશનભાઈ પટેલ (૨૬૪૬૨૬૫૨), શ્રી કૈલાસભાઈ ગઢવી (૨૬૪૦૭૭૪૪), શ્રી રમેશભાઈ સોની (૨૨૮૨૦૭૪૬)નો સંપર્ક કરવા જણાવાયું છે.

*સ્નેહ અને સુગંધ ક્યાંય છુપાતાં નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## મે / જૂન — ૨૦૧૧

● **રવિવાર, તા. ૨૨-૫-૨૦૧૧**

☆ શ્રી ક.જૈ.સે.સ. અમદાવાદના ટ્રસ્ટ મંડળ, કારોબારી તથા અન્ય મળીને ટોટલ અંદાજિત ૫૦ વ્યક્તિઓની ઉપસ્થિતિમાં સાઈકોલોજિસ્ટ મીસીસ પૂર્ણિમા ગુપ્તા સાથે વાર્તાલાપ યોજવામાં આવેલ હતો. મુખ્યત્વે બાળ ઉછેર અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી. ઉપસ્થિત સભ્યોએ આ વાર્તાલાપમાં ઉત્સાહથી ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમ 'શિક્ષણ તથા ડેવલપમેન્ટ સમિતિ'ના નેજા હેઠળ ગોઠવવામાં આવેલ હતો.

● **સોમવાર, તા. ૨૩-૫-૨૦૧૧**

☆ કચ્છ મ્યુઝિયમ, ભુજ ખાતે ત્યાંના ક્યુરેટર શ્રી સતીશ સદાશિવન સાથે શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા કુ. ચૌલાબહેન કુરુવાએ એક મિટિંગ આજરોજ બપોરના શાહીબાગ ખાતેના કચ્છ મ્યુઝિયમ અંગે ગોઠવવામાં આવેલ હતી. આ સમયે ફોટોગ્રાફર શ્રી સમીર ભટ્ટ પણ ઉપસ્થિત રહેલ હતા. ડિસ્પ્લે બોર્ડ તથા ડિસ્પ્લે કાઉન્ટરમાં મૂકવામાં આવનાર આઈટમો અંગે શ્રી સતીશભાઈ સદાશિવન આજરોજ વિચારણા કરશે તે અંગે આવતીકાલની મિટિંગમાં ફાઈનલ નિર્ણયો લેવા તેવું નક્કી કરવામાં આવેલ હતું.

● **મંગળવાર, તા. ૨૪-૫-૨૦૧૧**

☆ કચ્છ મ્યુઝિયમ, ભુજ ખાતે શાહીબાગ પરના શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર તૈયાર કરવામાં આવનાર કચ્છ મ્યુઝિયમ અંગે ચર્ચા કરવા એક મિટિંગ કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં શ્રી સતીશ સદાશિવન, અગાઉના ક્યુરેટર શ્રી દિલીપભાઈ વૈદ્ય, ફોટોગ્રાફર શ્રી સમીર ભટ્ટ, શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા કુ. ચૌલાબહેન કુરુવા ઉપસ્થિત રહેલ હતા. ૧૩ ડિસ્પ્લે કાઉન્ટરમાં મૂકવામાં આવનાર ફોટોગ્રાફ્સ વગેરેનો કાઉન્ટરવાઈઝ થીમ નક્કી કરવામાં આવેલ હતા. આ બધું જ મટીરિયલ તૈયાર કરવાની જવાબદારી શ્રી સમીર ભટ્ટને સુપરત કરવામાં આવેલ હતી. ૧૭ ડિસ્પ્લે કાઉન્ટરમાંથી ૧૧ ડિસ્પ્લે કાઉન્ટરમાં મૂકવામાં આવનાર વિવિધ આઈટમોની ચર્ચા કરવામાં આવેલ હતી. ૬ ડિસ્પ્લે કાઉન્ટરમાં મૂકવામાં આવનાર આઈટમોની ચર્ચા ભવિષ્યમાં કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **શુક્રવાર, તા. ૨૭-૫-૨૦૧૧**

☆ આજરોજ પરિચય મિલન સમિતિના સભ્યોએ મિટિંગ કરી તા. ૫-૬-૧૧ ના પધારનાર લગભગ ૧૫૦ ઉમેદવારો તથા તેમની સાથે આવનાર તેમના વડીલોને રહેવા માટેના ત્રણેય ભવન પરના રૂમોની ફાળવણી કરવા બાબતે વિગતવાર ચર્ચા કરી રૂમોની ફાળવણી કરવામાં આવેલ હતી.

● **શનિવાર, તા. ૨૮-૫-૧૧**

☆ નવનીત ભવન - આવાસ યોજનાના પ્લાન પાસિંગના અનુસંધાને આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટીશ્રી અશોકભાઈ ગાંધીને શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા રૂબરૂ મળેલ હતા અને અગાઉ તૈયાર કરેલ ફાઈલ તેઓ પાસેથી મેળવી, અમદાવાદ મ્યુ. કોર્પો.માં મોકલવા બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી. પેઢીએ ભરવાના બાકી રહેતા બેટરમેન્ટ ચાર્જિસ અંગે પણ નિર્ણય લેવામાં આવેલ હતો.

☆ પરિચય મિલન સમિતિની આજરોજ મળેલ મિટિંગમાં તા. ૫-૬-૧૧ ના યોજવામાં આવનાર પરિચય મિલન સંમેલનમાં ઉપસ્થિત રહેવા આમંત્રિતોના લિસ્ટને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ હતું.

● **રવિવાર, તા. ૨૯-૫-૨૦૧૧**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી પ્રતાપભાઈ દંડે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ હતી. તૈયાર કરવામાં આવનાર 'કચ્છ મ્યુઝિયમ'ના કામનું નિરીક્ષણ કરી, ત્યાં કામ કરતા કારીગરોને જરૂરી સૂચન આપવામાં આવેલ હતા. કેન્ટીન ચલાવતા મહારાજ (રસોયા) સાથે બેસી 'જલારામ અન્નક્ષેત્ર' સંબંધી ભાવની ચર્ચા કરવામાં આવી હતી.

● **બુધવાર, તા. ૧-૬-૨૦૧૧**

☆ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ તથા શ્રી કચ્છી જૈન ભવન પર બનાવવામાં આવનાર ટેમ્પરરી શેડ બાબત વિવિધ ફેબ્રિકેટર્સ સાથે શ્રી પ્રતાપભાઈ દંડે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી.

☆ શ્રી કચ્છી જૈન ભવન ખાતે શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા ઓફિસ મેનેજરશ્રીએ મેસર્સ સનટેલ એન્જિનિયર્સના શ્રી આસિફભાઈ સાથે વાતચીત કરીને બિનઉપયોગી ચાર એ.સી.ના સ્થાને નવા એ.સી. ખરીદ કરવાનો ઓર્ડર આપ્યો હતો.

☆ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર રિટેઈલ કાઉન્ટર નિયમિતપણે ખોલવામાં આવતું ન હોવાથી તે કાઉન્ટર ચલાવનાર સભ્ય

*માણસ ઊંચામાં ઊંચા ગિરિશિખર પર ચડી શકે છે, પણ ત્યાં લાંબો વખત નિવાસ કરી શકતો નથી. - જ્યોર્જ બર્નાર્ડ શો*

તથા અન્યો સાથે આ બાબતે જરૂરી ચર્ચા કરવામાં આવેલ. જરૂરિયાત જણાય તો કાઉન્ટરનું સંચાલન બદલવા પણ વિચારણા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં આ સમિતિના લગભગ બધા જ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. 'ચોરો' તથા અન્ય કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

● **ગુરુવાર, તા. ૨-૬-૨૦૧૧**

☆ શ્રી કચ્છી વિશ્રામગૃહ તથા શ્રી કચ્છી જૈન ભવન પર બનાવવામાં આવનાર ટેમ્પરરી સ્ટ્રક્ચર માટે અલગ અલગ ૩ એજન્સીઓ સાથે શ્રી પ્રતાપભાઇ દંડ તથા અન્યોએ ચર્ચા કરેલ હતી.

☆ શ્રી કચ્છી વિશ્રામગૃહ ખાતેના બિનઉપયોગી ટેલિવિઝન સેટના સ્થાને નવા ખરીદ કરવા અર્થે આજરોજ શ્રી કે.આર. શાહ તથા ઓફિસ મેનેજરશ્રીએ સ્થાનિકે મેસર્સ એલ.જી. અને સેમસંગના શો-રૂમોની રૂબરૂ મુલાકાત કરીને ટી.વી. સેટના વિવિધ મોડેલ જોયા હતા અને તેના ભાવ વગેરે સંબંધી તપાસ કરી હતી. યોગ્ય ચર્ચા-વિચારણા બાદ નિર્ણય લેવાનું નક્કી કર્યું હતું.

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતના એક ટ્રસ્ટી શ્રી કિરણભાઇ ધરમશી પારેખ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ હતા. તેઓએ શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી પ્રતાપભાઇ દંડ વગેરે સાથે મિટિંગ કરી તેઓશ્રીને તથા શ્રી ક.જૈ.સે. સમાજ - સુરતના અન્ય પદાધિકારીશ્રીઓને રવિવાર તા. ૫-૬-૧૧ ના 'લગ્નોત્સુક' યુવા યુવતી પરિચય સંમેલન'માં ઉપસ્થિત રહેવા આમંત્રિત કરવામાં આવેલ હતા.

☆ આજે રાત્રે વિઝન-૨૦૨૦ સમિતિની એક મિટિંગ મળેલ હતી. ભવિષ્યના કાર્યક્રમોની સૈદ્ધાંતિક ચર્ચા આગળ ચલાવવામાં આવેલ હતી અને અનેક બાબતોએ સહમતિ સધાતા આ બાબતે આગળ ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **શુક્રવાર, તા. ૩-૬-૨૦૧૧**

☆ શ્રી હરખચંદભાઇ સાવલાનો અમેરિકાથી ફોન હતો. તેમના જણાવ્યા અનુસાર તેઓએ બુધવાર તા. ૧-૬-૨૦૧૧ના જ નેટ પર જૂન-૨૦૧૧ નું મંગલ મંદિર વાંચી લીધેલ હતું. અમદાવાદમાં પ્રિન્ટ થઇને તે આજે તા. ૩-૬-૧૧ ના મળ્યું. મંગલ મંદિરના ભારતભરના તથા અન્ય દેશના વાચક વર્ગનું ધ્યાન દોરવામાં આવે છે કે તેઓ નેટ (ઈન્ટરનેટ) પર પણ મંગલ મંદિરના વાચનનો લાભ મેળવી શકે છે.

● **શનિવાર, તા. ૪-૬-૨૦૧૧**

☆ પરિચય મિલન સમિતિની એક મિટિંગ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. રવિવાર તા. ૫-૬-૧૧ 'લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય મિલન સંમેલન' ના કાર્યક્રમના મિનિટ ટુ મિનિટના આયોજનને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ હતું.

☆ આવાસ યોજનાના નવનીત ભવનના પ્લાન પાસિંગ, ચેરિટી કમિશનરશ્રીની પરમિશન વગેરે અંગેની કાર્યવાહી અંગે આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટીશ્રી અશોકભાઇ ગાંધી, તેમના કન્સલ્ટન્ટ શ્રી નવનીત ઠાકરશી તથા ચેરિટી કમિશનરશ્રી નવી ઓફિસ સાથે લાયાઝન કરતા શ્રી પ્રદીપભાઇ સાથે થયેલ કાર્યવાહી અંગેનો રિપોર્ટ આજરોજ શ્રી હસમુખભાઇ ખાંડવાલાએ રૂબરૂમાં આપેલ હતો.

● **રવિવાર, તા. ૫-૬-૨૦૧૧**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર "લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય સંમેલન" યોજવામાં આવેલ હતો. નોંધાયેલ અંદાજિત ૧૫૦ ઉમેદવારોની સામે લગભગ ૧૦૦ ઉમેદવારો ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમ દરમ્યાન ઉમેદવારોના સંબંધિત લગભગ ૫૦૦ની સંખ્યાના સહિતના લોકો ઉપસ્થિત રહેલ હતા. મુખ્ય કાર્યક્રમ બપોરના ૧ વાગે પૂર્ણ થયેલ હતો પરંતુ ત્યારબાદ વન ટુ વન મિટિંગનો દોર સાંજના ૭.૦૦ વાગ્યા લગી ચાલેલ હતો. અતિથિ વિશેષ તરીકે નીચેના મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. (૧) શ્રી લહેરચંદ નેમચંદ મહેતા - પ્રમુખશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરત, (૨) શ્રી ભરતભાઇ વોરા - માનદ્ મંત્રીશ્રી, શ્રી ક.જૈ.સે.સમાજ - સુરત (૩) શ્રી સતીષભાઈ ગોસર - શ્રી કે.વી.ઓ. સમાજ - મધ્યપ્રદેશ, (૪) શ્રી શામજીભાઈ દેઢિયા - સ્થાપક પ્રમુખશ્રી, શ્રી કે.વી.ઓ. સમાજ - મધ્યપ્રદેશ. કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રફુલભાઇ શામજી ધરમશીએ કરેલ હતું. શ્રી હીરજી પાસુ શાહ, શ્રી જશવંતભાઇ કોઠારી, શ્રીમતી પ્રભાબહેન શા. સાવલા, શ્રી પ્રફુલભાઇ ગોગરી, શ્રી પીયૂષભાઇ સાવલા, શ્રી મહેન્દ્રભાઇ વિશનજી શાહ તથા વોલંટીયર ટીમની મહેનતના કારણે કાર્યક્રમ અતિ સફળ રહેલ હતો.

☆ દેવપરના શ્રી હીરજીભાઈની વાડીની કેસર કેરી (૫ કિલોના પેકિંગમાં - ૫૦ બોક્સ) આજરોજ પ્રથમ વખત જ શ્રી કચ્છી જૈન ભવન પર મંગાવવામાં આવેલ હતી અને તેનું વિતરણ પડતર કિંમતે જ કરવામાં આવેલ હતું.

● **સોમવાર, તા. ૬-૬-૨૦૧૧**

☆ રવિવાર તા. ૫-૬-૨૦૧૧ના શ્રી કચ્છી જૈન ભવન પર યોજાયેલ 'લગ્નોત્સુક યુવક-યુવતી પરિચય સંમેલન'ની ફળશ્રુતિ સ્વરૂપે શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ એક કપલની "મનોમન"

*ભલાઈ એ એકમાત્ર એવું ધિરાણ છે જે દગો દેતું નથી. - થોરો*

વિધિ કરવામાં આવેલ હતી. યુવકશ્રી કુર્નુલથી પધારેલ હતા, જ્યારે યુવતી અમદાવાદની હતી.

- **મંગળવાર, તા. ૭-૬-૨૦૧૧**

☆ શ્રી કચ્છી વિશ્રામગૃહ પરના રિટેઇલ કાઉન્ટરની જવાબદારી નવનીત ભવનમાં રહેતા શ્રી ખુશાલભાઈ ગોસરને સુપરત કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. તેઓ સોમવાર તા. ૧૩-૬-૧૧ થી આ વ્યવસ્થા સંભાળી લેશે તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૯-૬-૨૦૧૧**

☆ શ્રી અશ્વિનભાઈ સાવલા અને ઓફિસ મેનેજરશ્રીએ મેડિક્લેઈમના વિવિધ પ્રશ્નો અંગે એજન્ટ શ્રી નૃપેન શાહ સાથે એક બેઠક કરી હતી. જેમાં ક્લેઈમની રકમના ચેક વહેલાસર મેળવવા અર્થે પણ વાતચીત થઈ હતી.

- **શુક્રવાર, તા. ૧૦-૬-૨૦૧૧**

☆ આજરોજ મુંબઇ ખાતેના અતિથિ ભવનના ડેવલપર શ્રી પારસ બાબરિયા સાથે મુંબઈમાં મિટિંગ કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડો. ચંદ્રકાંત દેઢિયા આ મિટિંગમાં ઉપસ્થિત રહેલ હતા. આ પ્રશ્ને ચાલતી કોર્ટ કાર્યવાહી અંગે તેઓએ રિપોર્ટ આપેલ હતો. તેઓ કોર્ટ કાર્યવાહી છોડી SRAના કહેવા પ્રમાણે મીડાઝ ટાવરને રેગ્યુલરાઇઝ કરવા માટે અંદાજિત રૂા. ૩.૦૦ કરોડ ભરવાના થાય છે. જ્યાં લગી ડેવલપર તરફથી આ એમાઉન્ટ SRAમાં જમા કરવવવામાં નહીં આવે ત્યાં લગી મીડાઝ ટાવરને રેગ્યુલરાઇઝ કરવું શક્ય નથી અને જ્યાં લગી મીડાઝ ટાવર રેગ્યુલરાઇઝ નહીં થાય ત્યાં લગી કમ્પોઝાઇટ બિલ્ડિંગ નં. ૩ ને પ્લીન્થ લેવલ ઉપરની સીસી (કન્સ્ટ્રકશન સર્ટિફિકેટ) આપી શકાય નહીં.

☆ ઉપરોક્ત મિટિંગ બાદ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદની ટીમ શ્રી મનોજભાઈ દામજી સાવલાની ઓફિસમાં મીડાઝ ટાવરના એક ફ્લેટ ધારકને મળેલ હતી. તેમના કહેવા પ્રમાણે ઉપરોક્ત રૂા. ૩.૦૦ કરોડમાં અમુક એમાઉન્ટ મીડાઝ ટાવરના ફ્લેટ ધારકો અને સબડેવલપર ભરવા કદાચ તૈયાર થાય. બાકી એમાઉન્ટ ભરવાની તૈયારી જો મુખ્ય ડેવલપર રાખી શકતા હોય તો લાગતા વળગતા બધાની આ સમસ્યાનો ઉકેલ આવી શકે. આ બાબતે વિચારણા કરી ફરી મિટિંગ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **શનિવાર, તા. ૧૧-૬-૨૦૧૧**

☆ શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદની ટીમ આજરોજ મુંબઇ ખાતેના અતિથિ ભવનના ડેવલપર શ્રી પૂનમચંદભાઈ બાબરિયાને વાશી ખાતેના તેમના નિવાસ સ્થાને મળેલ હતી અને કોર્ટ કાર્યવાહી છોડી, લાગતા-વળગતા બધાની સાથે રહી, ભાગે પડતી જે એમાઉન્ટ આવે તે SRA માં ભરવા માટે સમજાવેલ હતા. આ બાબતે પૂનમ ડેવલપર્સ, શ્રી ક.જૈ.સે.સ.-અમદાવાદ તથા વાગડ બે ચોવીસી મિત્ર મંડળની એક સંયુક્ત મિટિંગ ભરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ મઉથી શ્રી બટુકસિંહજી જાડેજાની બાકીની કેસર કેરી ૫ કિલો પેકિંગમાં ૧૦ બોક્સ અને ૧૦ કિલો પેકિંગમાં ૧૦ બોક્સ શ્રી કચ્છી જૈન ભવન-પાલડી પર આવેલ હતી અને તેનું પડતર કિંમતે જ વિતરણ કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૧૨-૬-૨૦૧૧**

☆ આજરોજ શ્રી ક.જૈ.સે.સમાજ-અમદાવાદની ટીમ પૂનમ ડેવલપર્સના શ્રી પારસ બાબરિયાની ઉપસ્થિતિમાં વાગડ બે ચોવીસી સમાજ- મુંબઇના મોવડીઓ શ્રી નાનાલાલભાઇ ખંડોર, શ્રી રમણિકભાઇ તથા શ્રી દિલીપભાઇને મળેલ હતી અને સાયન ખાતેના કોમ્પોઝાઇટ બિલ્ડિંગ નં. ૩ ના પ્રશ્ને ચર્ચા કરેલ હતી. આ બાબતે ભવિષ્યમાં હજુ વધુ મિટિંગ ભરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૧૭-૬-૨૦૧૧**

☆ શ્રી કચ્છી જૈન ભવન પરના ટેમ્પરરી શેડનું કામ આજરોજ મારૂતી ફેબ્રિકેશનના શ્રી મનીષભાઇ સોંદરવાને આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. ■

## બોડી ચેક-અપ (શારીરિક પરીક્ષણ)

શારીરિક સમસ્યાની તરફ દુર્લક્ષ સેવીએ તો આપણે બીજી અનેક સમસ્યાઓને નોતરીએ છીએ એ નિઃશંક બાબત છે. તેનાં પ્રતિકાર રૂપે શરીરને આરોગ્યમય રાખવા માટે તેનું જતન અને જાગૃતિ જરૂરી છે. મોટી ઉંમરે ફિટનેસ અને સશક્ત રહેવા આધુનિક તબીબી વિજ્ઞાનની પ્રગતિનો લાભ ઊઠાવો.

શકરાબાજ જેવી નજર, ચિત્તા જેવી સ્ફૂર્તિ અને સિંહ જેવી શક્તિ કાયમ રાખવા વર્ષમાં એકવાર સંપૂર્ણ શારીરિક પરીક્ષણ (બોડી ચેક-અપ) અચૂક કરાવશો.

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ — વિજ્ઞપ્તિ

સમાજમાં નોંધાયેલા, ૪૦ વર્ષથી ઉપરની વયના તમામ સભ્યો માટે વર્ષ (એપ્રિલથી માર્ચ) દરમિયાન એકવાર સંપૂર્ણ શારીરિક પરીક્ષણ (બોડી ચેક-અપ) સમાજમાં ચાલતા મેડિકલ સેન્ટરમાં વિનામૂલ્યે કરવાની સુવિધા અમલમાં છે. તેનો લાભ લેવા ખાસ વિનંતી છે.

***મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*દુનિયા એક સુંદર કિતાબ છે, પણ જેને વાંચતા ન આવડે એને માટે નકામી. - કાર્લો ગોલ્ડાની*